શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી રાયપસેણીય સૂત્ર

ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

माया पिया न्हुसा भाया भज्जा पुत्ता य ओरसा
नालं ते मम ताणाय लुप्पंतस्स सकम्मुणा ॥

(उत्त- अ- ६ गा- ३)

વિવેકી પુરુષ વિચારે કે માતા, પિતા, ભાઈ, સ્ત્રી- પુત્ર- ઓરસ પુત્ર-
પુત્રવધૂ એ કોઈપણ મારા પોતાના કરાયેલા કર્મોથી
દુઃખ પામતા એવા મને રક્ષા કરવાને સમર્થ નથી-

चिच्चा दुपयं च चउप्पयं च खेत्तं गिहं धणधन्नं च सव्वं
सकम्म बीओ अवसो पयाइ परं भवं सुन्दरं पावगं वा ॥

(उत्त- १३ गा- २४)

દ્વિપદ- એટલે મનુષ્ય, (બેપગવાળાં- ચારપગવાળાં જીવો-) ક્ષેત્ર, ઘર, ધન
ધાન્ય- એ બધાંને છોડીને પરાધીન જીવ કેવળ પોતાના કર્મોને સાથે લઈને
કરેલો સારા અગર માઠા- પરભવમાં જાય છે.



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

# શ્રી રાયપસેણીય સૂત્ર

(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી બિંદુબાઈ મ.તથા
પૂ. શ્રી રૂપલબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ -
**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -
**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -
**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -
**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સ મ ર્પ ણ

**સૌરાષ્ટ્ર કેસરી**
**બા. બ્ર. પૂ. ગુરુદેવ**
**શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..**

# સમર્પણ

જેમનું વાત્સલ્યથી છલકતું હૈયું
સુખદ અનુભૂતિ કરાવે છે,
જેમનું ગુણકીર્તન જિહ્વાને પરમમાધુર્યનું
આસ્વાદન કરાવે છે,
જેમના બ્રહ્મચર્યની સુવાસ
ઘ્રાણેન્દ્રિયને સુગંધથી ભરે છે,
જેમનું અનુપમ આતમ સૌંદર્ય
નયનોમાં પવિત્ર અંજન પૂરે છે,
જેમની જીવનવીણાની દિવ્યધ્વનિ
કર્ણ યુગલને પાવન કરે છે.
એવા ઓ ! દાદા ગુરુદેવ! શું સમર્પણ કરું...?
નથી શક્તિ, નથી મતિ, નથી કુશળતા, નથી કંઈ,
છતાંય આપના કૃપાબળે જે અનુવાદ કર્યો છે,
તેને શ્રદ્ધા ભક્તિ ભાવે વિનયાવનત બની
સમર્પણ કરીનેકહું છું કે –
આપના ગુણરત્નની મંજુષા છે વિશાળ,
જન્મ શતાબ્દી વર્ષની યાદ રહે હર સાલ.
આપના દિવ્ય કરકમલે સમર્પિત કરતાં,
હૈયું બને છે પ્રતિપલ ખુશખુશાલ.

**- સાધ્વી બિન્દુ - સાધ્વી રૂપલ**

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગુંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ હ્રીં

ૐ નમો નાણસ્સ

અત્ર અનુજ્ઞાપ્યતે વર્ધાંપ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય —
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ—
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે—
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે—

આનંદ મંગલમ્

27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...

આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯

અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી અનુવાદિકા મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




**શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્**

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## ગુરુ ભક્ત

गुरुः ब्रह्मा गुरु विष्णुः गुरु देवो महेश्वरः ।

गुरु र्साक्षात् परब्रह्मा तस्मै श्री गुरवे नमः ।।

જીવનની સફળતા માટે ગુરુ તત્ત્વની મહત્તા જૈન અને જૈનેત્તર દર્શનોએ નિર્વિવાદપણે સ્વીકારી છે.

જે વ્યક્તિ ગુરુનું સાંનિધ્ય પામી, ગુરુ આજ્ઞાને જ પોતાનો જીવનમંત્ર બનાવે, તે મંત્રને સિદ્ધ કરે છે, તેના તન-મન અને સમગ્ર જીવનમાં આમૂલ પરિવર્તન થઈ જાય છે. અને ત્યાર પછી જીવનપર્યંત તેને ગુરુકૃપાના અદ્‌ભૂત ચમત્કારનો અનુભવ થયા કરે છે.

મહાન પુણ્યોદયે સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય, અને અનંત પુરુષાર્થે ગુરુ પ્રતિ સમર્પણનો ભાવ ટકી રહે છે. જે શિષ્ય 'ત્રણે યોગ એકત્ત્વથી વર્તે આજ્ઞાધાર' ઉક્તિ અનુસાર ગુરુચરણે સમર્પિત થયા હોય તેના માટે ગુરુ જ સર્વસ્વ હોય છે.

એવા જ એક ગુરુભક્ત, જેના માટે ગુરુ સાક્ષાત્ ભગવાનતુલ્ય છે તેઓ સ્વયં પ્રચ્છન્ન રહીને **પૂ. ગુરુદેવના જન્મદિન** નિમિત્તે ગુરુચરણે શ્રુતભક્તિની અમૂલ્ય ભેટ અર્પણ કરી રહ્યા છે. તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ...

આપની ગુરુભક્તિ આપને ભગવાન બનાવે એવી ભવ્ય ભાવના સહ આપની ગુરુભક્તિ અને શ્રુતભક્તિની વારંવાર અનુમોદના કરીએ છે.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 11 | ભગવાનની ધર્મદેશના | ૩૬ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 13 | સૂર્યાભદેવના સ્વવિષયક પ્રશ્નો | ૩૭ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | નાટ્ય દર્શનનો મનોભાવ | ૩૯ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 17 | નાટ્યવિધિ માટે દેવકુમારાદિની વિકુર્વણા | ૪૦ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | દિવ્ય દેવક્રીડા : દિવ્ય વાદન | ૪૩ |
| અભિગમ | 21 | બત્રીસ પ્રકારના નાટક | ૪૫ |
| साधक हृदय के अंर्तभाव | 24 | ગૌતમસ્વામીની જિજ્ઞાસા | ૫૧ |
| સંપાદકીય | 26 | સૂર્યાભ વિમાનનું સ્થાન : પ્રથમ દેવલોકમાં | ૫૨ |
| સંપાદન અનુભવો | 37 | સૂર્યાભ વિમાનનો કોટ | ૫૩ |
| અનુવાદિકાની કલમે | 40 | વિમાનના દરવાજા | ૫૩ |
| ૩૨ અસ્વાધ્યાય | 44 | દ્વારવર્તી બેઠકો : કળશો : નાગદંતાઓ | ૫૫ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | દ્વારસ્થિત પૂતળીઓ : ઝરુખા : ઘંટાઓ | ૫૬ |
| **વિભાગ–૧ સૂર્યાભદેવ** | | દ્વારવર્તી વનરાજી : ઓટલા : મહેલો | ૫૮ |
| પરિચય | ૧ | દ્વારોના ઉભય પાર્શ્વવર્તી તોરણો | ૫૯ |
| અધ્યયન પ્રારંભ | ૭ | દ્વારસ્થ ધ્વજાઓ | ૬૨ |
| સૂર્યાભદેવ | ૧૦ | દ્વારવર્તી ભૂમિસ્થાનો | ૬૩ |
| સૂર્યાભદેવ દ્વારા ભગવાનની સ્તુતિ | ૧૧ | વિમાનગત વનખંડો | ૬૩ |
| આભિયોગિક દેવોને આજ્ઞા | ૧૩ | વનખંડવર્તી વાપિકાઓ આદિ | ૬૬ |
| આભિયોગિક દેવોનું મનુષ્યલોકમાં ગમન | ૧૫ | જળાશયોમાં સ્થિત પર્વતો | ૬૭ |
| આભિયોગિક દેવો દ્વારા આજ્ઞાપાલન | ૧૬ | વનખંડવર્તી પ્રાસાદાવતંસકો | ૬૯ |
| સૂર્યાભદેવની ઉદ્‌ઘોષણા | ૧૮ | વિમાનગત ઉપકરિકાલયન | ૬૯ |
| સૂર્યાભદેવનું યાન–વિમાન | ૨૧ | વિમાનના પ્રાસાદાવતંસક | ૭૨ |
| સોપાન શ્રેણી | ૨૨ | વિમાનની સુધર્મા સભા | ૭૩ |
| તોરણ | ૨૨ | સ્તૂપ : ચૈત્યવૃક્ષ | ૭૫ |
| સમતલ ભૂમિભાગ | ૨૩ | માહેન્દ્ર ધ્વજ | ૭૭ |
| પ્રેક્ષાગૃહ મંડપ | ૨૮ | ગોમાનસિકાઓ | ૭૮ |
| સિંહાસન | ૨૯ | માણવક ચૈત્ય સ્તંભ | ૭૮ |
| સિંહાસનની ચારે દિશામાં ભદ્રાસન | ૩૦ | દેવ શય્યા | ૭૯ |
| યાન-વિમાનમાં દેવોનો આરોહણ ક્રમ | ૩૨ | સુધર્મા સભાનું શસ્ત્રાગાર | ૮૦ |
| અષ્ટમંગલાદિની ગોઠવણી | ૩૨ | સિદ્ધાયતન | ૮૧ |
| સૂર્યાભદેવના વિમાનનું દર્શનાર્થે પ્રસ્થાન | ૩૪ | ઉપપાત સભા | ૮૩ |
| સૂર્યાભદેવનું સમવસરણમાં આગમન | ૩૫ | અભિષેક સભા | ૮૪ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| અલંકાર સભા | ૮૪ | તપાવેલા લોખંડના દષ્ટાંતે જવાબ | ૧૪૬ |
| વ્યવસાય સભા | ૮૪ | બાણ છોડવાના સામર્થ્યની ભિન્નતાનો **પાંચમો તર્ક** | ૧૪૭ |
| સૂર્યાભદેવની દેવરૂપે ઉત્પત્તિ | ૮૫ | અપર્યાપ્ત ઉપકરણના દષ્ટાંતે જવાબ | ૧૪૮ |
| કૃત્ય વિચાર : કૃત્ય સંકેત | ૮૬ | ભારવાહકના સામર્થ્યની ભિન્નતાનો **છટ્ઠો તર્ક** | ૧૪૮ |
| ઈન્દ્રાભિષેક : જન્માભિષેક | ૮૭ | જીર્ણ ઉપકરણના દષ્ટાંતે જવાબ | ૧૪૯ |
| અભિષેક સમયનો દેવોલ્લાસ | ૯૨ | મૃત અને જીવિત ચોરના વજનનો **સાતમો તર્ક** | ૧૫૦ |
| સૂર્યાભ દેવનો દેવો દ્વારા જય જયકાર | ૯૫ | ધમણના દષ્ટાંતે જવાબ | ૧૫૧ |
| વ્યવસાય સભામાં કાર્ય નિશ્ચય | ૯૬ | શરીરમાં જીવ ન દેખાવાનો **આઠમો તર્ક** | ૧૫૧ |
| સિદ્ધાયતન સંબંધી કાર્યવિધિ | ૯૮ | કઠિયારાના દષ્ટાંતે જવાબ | ૧૫૨ |
| સૂર્યાભદેવની સ્થિતિ | ૧૦૬ | પરસ્પર ઉપાલંભપૂર્વકનો વાર્તાલાપ | ૧૫૪ |
| **વિભાગ – ૨ પ્રદેશી રાજા** | | જીવને કાઢી બતાવવાનો **નવમો તર્ક** | ૧૫૭ |
| પ્રદેશી રાજાનો પરિચય | ૧૦૮ | હવાના દષ્ટાંતે જવાબ | ૧૫૭ |
| સૂર્યકંતા રાણી : યુવરાજ સૂર્યકંત | ૧૦૯ | હાથી–કંથવાની અસમાનતાનો **દસમો તર્ક** | ૧૫૯ |
| શ્રાવસ્તી નગરી : જિતશત્રુ રાજા | ૧૧૧ | દીપ–પ્રકાશના દષ્ટાંતે જવાબ | ૧૫૯ |
| શ્રાવસ્તીમાં ચિત્ત સારથિનું આગમન | ૧૧૧ | પરંપરાગત માન્યતા નહીં છોડવાનો આગ્રહ | ૧૬૧ |
| શ્રાવસ્તીમાં કેશીશ્રમણનું પદાર્પણ | ૧૧૪ | લોહવણિકના દષ્ટાંતે પ્રદેશીને બોધ | ૧૬૧ |
| ચિત્ત સારથિ દ્વારા વ્રત ગ્રહણ | ૧૧૫ | ધર્મોપદેશ શ્રવણ અને વ્રત ગ્રહણ | ૧૬૪ |
| ચિત્ત સારથિની ધર્મશ્રદ્ધા અને આચાર શુદ્ધિ | ૧૨૦ | વિનય ધર્મ માટે પ્રેરણા | ૧૬૪ |
| કેશી શ્રમણને પ્રાર્થના | ૧૨૧ | પ્રદેશીનું વંદનાર્થ આગમન | ૧૬૫ |
| ઉદ્યાન પાલકોને ચિત્ત સારથિની આજ્ઞા | ૧૨૪ | પ્રદેશીને ધર્મમાં સ્થિર રહેવાનો ઉપદેશ | ૧૬૬ |
| કેશી શ્રમણનું શ્વેતાંબિકામાં પદાર્પણ | ૧૨૫ | શ્રમણોપાસક પ્રદેશી દ્વારા દાનશાળા | ૧૬૮ |
| ચિત્ત સારથિનું દર્શનાર્થે ગમન | ૧૨૭ | સૂર્યકંતા રાણીનું ષડયંત્ર | ૧૬૯ |
| રાજાને ધર્મોપદેશ આપવા વિનંતી | ૧૨૮ | પ્રદેશીની અનશન આરાધના | ૧૭૦ |
| ધર્મ શ્રવણ પ્રાપ્તિ-અપ્રાપ્તિના ચાર કારણ | ૧૨૮ | સૂર્યાભદેવરૂપે ઉત્પત્તિ અને આયુષ્ય | ૧૭૧ |
| કેશી શ્રમણ અને પ્રદેશીરાજાનું મિલન | ૧૩૦ | સૂર્યાભદેવનો ભાવિ ભવ : દઢ પ્રતિજ્ઞ | ૧૭૧ |
| કેશી શ્રમણ અને પ્રદેશીરાજાનો સંવાદ | ૧૩૬ | દઢ પ્રતિજ્ઞનો જન્મ અને નામકરણ | ૧૭૨ |
| દાદાનો નરકમાંથી ન આવવાનો **પહેલો તર્ક** | ૧૩૭ | દઢ પ્રતિજ્ઞનું કલા શિક્ષણ | ૧૭૪ |
| અપરાધી પુરુષના દષ્ટાંતે જવાબ | ૧૩૮ | કલાચાર્યનું સન્માન | ૧૭૪ |
| નૈરયિકોના મનુષ્યલોકમાં ન આવવાના કારણો | ૧૩૯ | સંયમ ગ્રહણ | ૧૭૫ |
| દાદીમાનો દેવલોકમાંથી ન આવવાનો **બીજો તર્ક** | ૧૪૦ | કેવળજ્ઞાન અને મુક્તિ | ૧૭૬ |
| શૌચાલયના દષ્ટાંતે જવાબ | ૧૪૧ | ઉપસંહાર | ૧૭૭ |
| દેવોના મનુષ્યલોકમાં ન આવવાના કારણો | ૧૪૨ | **પરિશિષ્ટ–૧** | |
| લોહકુંભીમાં છિદ્રાદિ ન પડવાનો **ત્રીજો તર્ક** | ૧૪૩ | વિવેચિત વિષયની અકારાદિન અનુક્રમણિકા | ૧૭૮ |
| કૂટાગાર શાળાના દષ્ટાંતે જવાબ | ૧૪૫ | | |
| લોહકુંભીમાં કૃમિ આગમનનો **ચોથો તર્ક** | ૧૪૬ | | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## રાજપ્રશ્નીય સૂત્રની ઐતિહાસિક ઝાંખી :–

રાજપ્રશ્નીય સૂત્ર આજથી બે હજાર વર્ષ પૂર્વના ઈતિહાસ ઉપર પ્રકાશ નાંખે છે. આ શાસ્ત્રના ભાવો, તે સમયના સામાજીક જીવનના પાસાઓને ઉજાગર કરે છે, તે એક હકીકત છે. આખું શાસ્ત્ર એક પ્રકારની ઈતિહાસની કથા જેવું છે. તેમાં રાજાનો સમગ્ર વ્યવહાર સભ્ય દેશોની સભ્યતાને, અસભ્ય વ્યક્તિના જીવનમાં લઈ જવાનો એક ભગીરથ પ્રયાસ છે. સભ્ય તરીકે ભારત અને ખાસ કરીને "મગધ" અર્થાત્ 'બિહાર"ને મહત્ત્વ મળ્યું છે. ઈતિહાસમાં ભૌતિક ઈતિહાસ છોડી આધ્યાત્મિક અથવા આંતરિક વિચારો કે સંસ્કારોનો ઈતિહાસ ઘણો જ મહત્ત્વપૂર્ણ છે.

આંતરિક ઈતિહાસ એટલે મનુષ્યની વૃત્તિ અને અવક્રાંતિ કે ઉત્ક્રાંતિનો જનતા ઉપરનો અને તે કાળની સભ્યતા ઉપરનો પ્રભાવ. પછી તે પ્રભાવ દુષ્પ્રભાવ અને વિનાશકારી હોય કે સુપ્રભાવ અને સર્જનાત્મક હોય. આ બધા પ્રભાવોનું મૂળ માનવીય આંતરિક ભાવનાઓ ઉપર આધારિત છે. અત્યાર સુધી ઈતિહાસકારો લગભગ ભૌતિક ઈતિહાસનો સ્પર્શ કરીને સમયે સમયે થતાં દેશ કાળનાં પરિવર્તનો પ્રગટ કરે છે. પરંતુ આદિકાળથી ચાલી આવતી મનુષ્યની સ્વાર્થપરાયણતા, ક્રોધ, અહંકાર, માયા, કપટ, કામવાસના ઈત્યાદિનો જે પ્રવાહ જગતમાં જળવાઈ રહ્યો છે અને જેનો ઈતિહાસ બહુ જૂનો પ્રકૃતિ તથા વિશ્વ સાથે જડાયેલો છે અને જેના કારણે ઈતિહાસના ભૌતિક વિનાશકારી યુદ્ધથી ભરેલા જે પ્રકરણો સર્જાયા છે તેવા આંતરિક પ્રવાહોનો ઈતિહાસ સંકલિત કરવો આવશ્યક થઈ જાય છે.

આપણા બધા કથા શાસ્ત્રોમાં જગતના આ વિકૃત ભાવો અને ઉચ્ચકોટિના સાધનામય ભક્તિભાવો ડગલેને પગલે ભરેલાં પડ્યા છે અર્થાત્ શબ્દે શબ્દે તે ભાવો શાસ્ત્રોમાં ગુંથાયા છે. પ્રકૃતિનો તાંડવકારી ઈતિહાસ એક ધારો વિશ્વ ફલક પર જાણે નાટકના ખેલ કરી રહ્યો છે. આખા સળંગ ઈતિહાસને તપાસતાં સ્વાર્થ અને ત્યાગ, તે બે ભાવ મુખ્યરૂપે પ્રસ્ફુટિત થાય છે. સ્વાર્થ અને ત્યાગના મૂળમાં મનુષ્યની સમજણ અને શ્રદ્ધા કે નાસ્તિકતા અર્થાત્ અશ્રદ્ધા એ લક્ષણો મોટો ભાગ ભજવે છે.

શ્રી રાજપ્રશ્નીયસૂત્ર નાસ્તિકતા, સ્વાર્થ અને ઉચ્ચકોટિના ત્યાગનું જાણે એક

સાહિત્યરત્ન ન હોય, તેવું નાટક સૂત્ર છે. સૂત્રના કે કથાના મુખ્ય પાત્રો સળંગ એક સજીવ ભૂમિકા ભજવે છે અને દરેક પાત્ર પોતપોતાની રીતે ખૂબ જ સુંદર રીતે મૂર્તિમંત બની નિર્માણ થયા છે, જેમ કોઈ કલાકાર આરસપહાણની પ્રતિમાઓ ખંતથી ઘડે છે, તેમ સાહિત્યકાર અથવા શાસ્ત્રકાર પાત્રોનું સજીવ નિર્માણ કરે છે અને દરેક પાત્રનો આપણાં મન ઉપર સચોટ પ્રભાવ પડે છે. શાસ્ત્રકાર પાત્રો દ્વારા પોતાની કથાવસ્તુ કે તત્ત્વ નિરૂપણને હુબહુ આલેખિત કરે છે. કથાશાસ્ત્રો દ્વારા શાશ્વત તત્ત્વો હીરા-મોતીની જેમ ચમકી રહ્યા છે.

અહીં રાજપ્રશ્નીયસૂત્રમાં આર્યભૂમિ તથા અનાર્યભૂમિનો મુખ્ય ઉલ્લેખ છે. આર્યભૂમિ તો સમજાય છે કે ગંગાના નિકટવર્તી પ્રદેશો લગભગ આર્યભૂમિમાં સમાવિષ્ટ થયા છે. જ્યારે અનાર્યભૂમિ તરીકે કયો 'ભૂ ભાગ' લેવામાં આવ્યો છે તે ભૌગોલિક દૃષ્ટિએ સમજવું કઠિન પડે તેમ છે.

આર્યભૂમિ તરીકે આ પ્રકરણમાં જે દેશનો ઉલ્લેખ છે, ત્યાંનો રાજા ઘણો જ બુદ્ધિશાળી, વિચક્ષણ અને શક્તિશાળી છે. સત્તાનાં બધા સૂત્રો તેણે પોતાના હાથમાં રાખ્યા છે. આમ રાજા હોશિયાર હોવા છતાં નાસ્તિકતાની લપેટમાં આવી ગયો અને અગોચર ભાવો પ્રત્યે ખૂબ જ પ્રબળ અશ્રદ્ધા ધરાવવા લાગ્યો. જેના પરિણામે જન જીવન ઉપર અને તેના પોતાના દૈનિક જીવન ઉપર પણ આ અશ્રદ્ધાનો પ્રભાવ જોઈ શકાય છે. ધાર્મિક વૃત્તિ કે અધાર્મિક વૃત્તિ પરલોકમાં ફળ આપતી હશે પરંતુ વર્તમાન જીવનમાં પણ ધાર્મિક ભાવનાના ખૂબ જ સારા અને અધાર્મિક ભાવના કે નાસ્તિકતાના દુષ્પ્રભાવો પ્રતિબિંબિત થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં જે રાજાની વાત ચાલે છે તેનું નામ પરદેશી રાજા રાખવામાં આવ્યું છે. તે નાસ્તિકતાના કારણે ખૂબ જ હિંસક પગલાં ભરે છે. વળી રાજ્યમાં નીતિ-ન્યાયને પણ સ્થાન આપી શક્યો નથી. પાપનાં ફળ બૂરાં હોય તેવું ન માનનારો, તે પાપાચાર પ્રવૃત્તિઓને વેગ આપે છે. જેના પરિણામે પ્રજાને તથા રાજકર્મચારીઓને ઘણો જ અન્યાય થાય છે અને હિંસક બળોને પ્રોત્સાહન મળે છે. અપરાધી તત્ત્વોમાં વૃદ્ધિ થવા લાગે છે. આ શાસ્ત્રમાં સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે કે તે રાજ્યમાં પાપ પ્રવૃત્તિઓનું કેટલું ઊંડુ સ્થાન હતું. સૌભાગ્યથી રાજાનો મંત્રી ખૂબ જ આસ્તિક, ધાર્મિક વૃત્તિનો, વિચક્ષણ અને બુદ્ધિમાન છે. રાજાની આવા પ્રકારની નાસ્તિકતાના કુફળ પ્રજાને કેટલા ભોગવવા પડે છે ? તે બધું જાણતો હોવા છતાં બાજી બગડી જવાના ભયથી સાક્ષાત્ રાજાનો પ્રતિકાર નથી કરતો. તેમજ પરદેશી રાજાની અનૈતિક ભાવનાઓને ચેલેન્જ પણ કરતો નથી. હા માં હા મિલાવી કામ ચલાવે છે. પરંતુ આ મંત્રી એવા કોઈ પ્રબળ, પરાક્રમી મહાત્માની

શોધમાં છે જે રાજાને પડકારી શકે અને તેમની નાસ્તિકતાને નાથી શકે. મંત્રી ખૂબ જ ચતુર અને રાજનીતિનાં સૂત્રોનો જાણકાર છે. મંત્રી બેવડો પાઠ અદા કરી રહ્યો છે.

પ્રધાનમંત્રી ચિત્ત જ્યારે શ્રાવસ્તી આવ્યો અને કેશીકુમાર શ્રમણના તેમને દર્શન થયા ત્યારે સત્વર બુદ્ધિમાન પ્રધાને પોતાના રાજાને સુધારવા માટે કેશીકુમાર શ્રમણને પોતાના દેશમાં લઈ જવાનો સંકલ્પ કર્યો.

આટલી વાર્તા રાજપ્રશ્નીય સૂત્રની પૃષ્ઠભૂમિ છે. ત્યારબાદ કેશીકુમાર શ્રમણ ત્યાં પહોંચ્યા, ચિત્ત મંત્રીએ ભક્તિ અને ચાલાકીપૂર્વક રાજાની સાથે મેળાપ કરાવ્યો, કેશીકુમાર શ્રમણ અને પરદેશી રાજા વચ્ચે સફળ વાર્તાલાપ થયો. તેમાં રાજાનો માનસિક પરાજય થયા પછી તેના મનમાં આસ્તિકતાનો ઉદય થયો, સંપૂર્ણ રાજ્યમાં નીતિની સ્થાપના થઈ, રાજાનું જીવન પરિવર્તન તો થયું જ પણ તેની સાથે સંપૂર્ણ રાષ્ટ્રનું પણ પરિવર્તન થયું. ખજાનાનો સદુપયોગ થયો. છેવટે રાજા મહાન તપની સાધના કરી પરલોકવાસી થયા, ત્યાં સુધીની અતિ રોચક ધર્મકથા ઘણી જ પ્રેરણા આપી જાય છે. રાજાની રાણી ''સૂરીકંતા'' તેને આ રીતે રાજાનું થયેલું પરિવર્તન અયોગ્ય લાગતાં આડે રસ્તે ફંટાય છે, ને પોતાનું જીવન હિંસાથી કલંકિત કરી દુર્ગતિને પામે છે.

''જેવા કર્મ તેવું ફળ'' તેનો ઉલ્લેખ આ શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે. નર હોય કે નારી, રાજા હોય કે રાણી, કર્મનો સિદ્ધાંત તો બધા માટે સમાન જ હોય છે. તે બાબતનો પણ ઉલ્લેખ આ શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે.

**જયંતિમુનિ**
**પેટરબાર**

# साधक हृदय के अंतर्भाव

ध्यानयोगी बा. ब्र. पू. हसमुख मुनि म. सा.

जैनदर्शन मान्य आगम या शास्त्र धर्म की बहुमूल्य पूंजी है । निगोद से निर्वाण तक की यात्रा में प्रत्येक भव में जीवको उसकी उपलब्धि नहीं होती, परंतु जहाँ जहाँ होती है वहाँ वह चिनगारी बनकर अंत:करण के दीपक को प्रकटाने में सहायक बनती है । आगम हमें ध्रुवसंकेत देता है और इससे हमारे जीवन की राह खुलती है ।

'महापुढषों का योगबल जगत का कल्याण करे ।' यह भावनात्मक वाक्य हमें उन महापुढषों की ओर श्रद्धान्वित करता है जिन्होंने अपने योगबल से जगत के लिये ज्ञान प्रेषित किया है, जो ग्रंथ और शास्त्र के रूपमें हमारे सामने है । आगम तीर्थंकरो द्वारा प्रेषित है । तीर्थंकरो के योग, उपयोग और ज्ञान तीनों जब मिलते हैं तब आगम की स्फूरणा होती है । हम आगम से हमारे क्षयोपशमानुसार अर्थ निकालते हैं, लेकिन वह अर्थ तो सिन्धु में बिन्दु समान होता है ।

आगम के सूत्रों को, गाथाओं को देखें, पढ़ें, सोचें, जिज्ञासापूर्वक प्रतीक्षा, अनुप्रेक्षा करे, तो आगम स्वयं हमें अर्थ देंगे । आगम कामधेनु है, वह हमें दूध न दे तबतक हम उनकी सेवा करे, भक्तिपूर्वक प्रतीक्षा करते रहे, हमारी यह प्रतीक्षा धीरे धीरे जिज्ञासा बन जाय और वह हमें समाधान तक ले जाये । शास्त्र माता तुल्य है । जैसे माँ के हृदयरस का संतान द्वारा शोषण नहीं होता, माँ स्वयं वात्सल्य से देती है, वैसे शास्त्र के अर्थ हम करने जाय तो बहुत सीमित होगा परंतु शास्त्र में तो अनेको रहस्य भरे पडे हैं, उन रहस्यों को हम शास्त्र की भक्ति से, विनय से, जिज्ञासा से पाये तो ये शास्त्र जीवंत बनकर भगवत् दशा की हमें अनुभूति करायेंगे ।

प्रस्तुत आगम 'रायप्पसेणीय' सूत्र में राजा प्रदेशी की आत्मखोज का बयान है । यद्यपि उनकी आसनस्थ भूमिका राजा की होते हुए भी आत्मा के संबंध में जानने की जिज्ञासा प्रशंसनीय है, लेकिन उनमें

व्यावहारिक विवेकका अभाव होने के कारण जो जो प्रयोग किये उसमें क्रूरता आयी, प्रयोग करने का कारण(इरादा) ठीक होने पर भी क्रिया ठीक नहीं थी । क्रियाप्रधान कारण से जो फलश्रुति मिले इससे ज्यादा कारणप्रधान क्रिया से अधिक फलश्रुति मिलती है ।

श्री उत्तराध्ययन सूत्र में 'केशी-गौतम' संवाद के द्वारा उज्जुपन्ना और वंकजडा प्रकृति की दो भिन्न भिन्न परंपरा के आंशिक बदलाव का सामंजस्य या समन्वय बताया है । उसी सूत्र के एक अध्ययन में श्री नमिराजर्षि और इन्द्रका संवाद भी आता है । सामान्यतया प्रश्नोत्तर वादविवाद के लिये होते हैं... उसे संवाद तक ले जाकर आसन्न स्थितिओं का तालमेल बिठाया जाता है । ये अध्ययन में इस बात का स्पष्टीकरण इन्द्र के साथ हुए संवाद से हमें मिलता है ।

प्रस्तुत आगम में राजा प्रदेशी और केशीस्वामी का संवाद है । राजा प्रदेशी ने भिन्न भिन्न प्रयोग करके आत्मा को खोजा, लेकिन उसको समाधान उलटा ही मिला अंत में **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी** इस सूक्ति अनुसार राजा प्रदेशी को केशीस्वामी का सम्मिलन हुआ । राजा प्रदेशी के आत्मा विषयक प्रश्न और केशीस्वामी के प्रत्युत्तर- हमारी सब की दौलत बन गयी ।

राजा प्रदेशी का समाधान हुआ, सम्यक मार्ग पर आये । इस प्रेरणादायी आगम श्री राजप्रश्नीय सूत्र का भावानुवाद और भाषानुवाद करने का सौभाग्य प्राण परिवार की साध्वीरत्ना बिन्दुजी एवं रुपलजी को प्राप्त हुआ यह आनन्द की बात है । उस साध्वीद्वय का प्रयास प्रशंसनीय है । मैं अंतरके भाव से आशीर्वाद देता हूँ । पूर्वाचार्यों द्वारा विवेचित एवं प्रेरित आगम दोहन का अपने क्षयोपशमानुसार सेवा करते हुए उन्होंने जो भाषानुवाद किया है, वह आज की पेढी के लिये और आने वाली पीढ़ियों के लिये आत्म साधना और आराधना के लिये प्रेरणास्रोत रूप सुसेव्य होगा ।

सौराष्ट्र केशरी पूज्यपाद गुरुदेव श्री 'प्राणगुरु' की मंगलमय स्मृति को चिरस्थायी बनाने के लिये श्री गुरुप्राण फाउण्डेशन और प्राणगुरुकुल की सभी विदुषी साध्वी रत्नाओं की आगम सेवा स्तुत्य है । मैं उन सभी को धन्यवाद के साथ सद्भावना प्रेषित करता हूँ ।

**- साधक**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**સ્વરૂપ સંશોધકને પ્રબોધિત કરનાર તારક સદ્ગુરુદેવ મળી ગયા,**
**પથદર્શક કેશીસ્વામી સાથે સંવાદ કરતા પ્રદેશી આસ્તિક બની ગયા,**
**પર માટે કરેલા પુરુષાર્થને સ્વમાં વાળી સંથારે સમભાવી બની ગયા,**
**સત્સંગનો મહિમા અપાર છે એમ જાણી નિજ સ્વરૂપમાં સમાઈ ગયા.**

આગમ પિપાસુ જિજ્ઞાસુ મુમુક્ષુ સજ્જન વર્ગ !

આપની સમક્ષ બાર ઉપાંગ પૈકીનું આ બીજું ઉપાંગ – રાજપ્રશ્નીય સૂત્ર પ્રગટ કરી રહ્યા છીએ. ઉપાંગ સૂત્રોની રચના અંગ સૂત્રોના આધારે થાય છે. અંગની રક્ષા કરે તે ઉપાંગ, અંગ માટે ઉપયોગી બને તે ઉપાંગ, ઉપકરણનું કાર્ય કરે તે ઉપાંગ, યોગને ઉપયોગમાં જોડાવે તે ઉપાંગ. અંગ અને ઉપાંગ બન્ને જુદા છે છતાં એ પરસ્પર ઉપયોગી બનતા હોવાથી અંગોપાંગ કહેવાય છે. આ ઉપાંગમાં રાજા પ્રદેશીનું વર્ણન આવે છે. તે દેહ અને આત્મા એક છે તેમ માનતો હતો. રોમાંચ ભરેલું આ કથાનક છે. પ્રદેશી રાજાનું અધર્મી જીવન કેશીસ્વામીના સત્સંગે ભવ્ય, દિવ્ય, રમ્ય બનીને પરિવર્તનનો ઈતિહાસ સર્જી જાય છે.

પ્રસ્તુતસૂત્રમાં પ્રદેશી રાજાની પ્રાચીન ઘટના હોવા છતાં અર્વાચીન લોકોના નાસ્તિકપણાને, સ્વાર્થને, સ્વજન-પરિજન સાથેના રાગ-દ્વેષને, હિંસાદિ ક્રૂર પરિણામોને ઈત્યાદિ ભાવોને નાશ કરવાનો પુરવઠો પૂરો પાડે છે. પાપી પણ પુણ્યશાળી બને છે. દુષ્ટાત્મા સુષ્ઠુ બની દિવ્ય સુખોપભોગમાં ઉત્પન્ન થાય છે. પાપના પલટાથી પ્રાપ્ત થતાં પુણ્યના પુંજના પુંજ, દેવલોકમાં જ્યાં શાશ્વત દિવ્ય સામગ્રી નકશીદાર શિલ્પથી સ્વાભાવિક, શરીરના દરેક અંગોપાંગ માટે સુખાવહ સુવા, રહેવા, બેસવા, પહેરવા, ઓઢવા આદિ આદિ આકારે આકારિત થયેલી છે, ત્યાં લઈ જાય છે અને ત્યાંથી પણ તે પુણ્યરૂપી સખા, સહયોગ આપીને પરમધામમાં પહોંચાડે છે. આવી સંજીવની ભરેલી જડીબુટ્ટી સમું આ સૂત્ર છે. આવો મિત્રો, આપણે તેના એક-એક પ્રસંગને જાણીએ અને આગળ વધીએ.

ભરતક્ષેત્રમાં આમલકપ્પા નામની સમૃદ્ધ નગરી છે ત્યાં– ન મળે કોઈ લાંચિયો કે ન મળે કોઈ ખૂની કે ગઠિયો. પ્રજા સુખપૂર્વક ન્યાયનીતિથી જીવી રહી હતી. ત્યાંના શ્વેત રાજા અને ધારિણી દેવી શુભ લક્ષણવંતા અને વિશુદ્ધ વંશના હતા.

તે નગરીના અંબસાલ વનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ

વિહરતા-વિહરતા પરિવાર સહિત પધાર્યા. અશોકવૃક્ષની નીચે નિર્દોષ જગ્યામાં અવગ્રહ ધારણ કરીને ઉતર્યા. ત્યાં રહેલી શુદ્ધ કાળી શિલાપાટ ઉપર પર્યંકાસને રહી સંયમતપથી આત્માને ભાવિત કરતાં રહેવા લાગ્યા.

આ અવસરે, અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન દૂર, ઉપર ઊર્ધ્વલોકમાં સૌધર્મ નામના દેવલોકરૂપ દેશના બત્રીસ લાખ વિમાનરૂપ નગરના માલિક શક્રેન્દ્ર મહારાજ રાજ્યાસન ઉપર બિરાજમાન હતા. તે દેવલોક નગર અર્ધ ચંદ્રમાના આકારે હતું, વચ્ચોવચ પંચાવતંસક વિમાન(નગર) શોભતા હતા. પાંચમા વિમાનની પૂર્વ દિશામાં અસંખ્યાત યોજન દૂર તિરછું સૂર્યાભ નામનું વિમાન સાડાબાર લાખ યોજન લંબાઈ-પહોળાઈ- વાળું, ચાર હજાર રત્નમય દરવાજાથી શોભતું; કુદરતી પૌદ્‌ગલિક પૃથ્વીમય ઝરૂખા, ઝુમર, ગોખ, ગવાક્ષિકા, પદ્મવર વેદિકા, જાળીયા ઈત્યાદિથી શોભતું; તેજ પુંજથી ઝળહળી રહ્યું હતું. તેમાં પાંચ સભા હતી. પ્રથમ ઉપપાત સભા. તે દેવોને ઉત્પન્ન થવાની જનની સમ હતી. તેમાં કુદરતી રીતે પૌદ્‌ગલિક સંયોગ થતા પુણ્યશાળી આત્મા ઇહલોકના દેહને છોડી પરલોક રૂપ આ શય્યામાં ઉત્પન્ન થતા. તે પૌદ્‌ગલિક શય્યાનો આહાર લઈને અંતર્મુહૂર્ત સુધી વૃદ્ધિ પામતા તેમાંજ તદ્‌ભવરૂપ વૈક્રિય શરીર ધારણ કરી લેતાં, જેટલી ઊંચાઈ પહોળાઈ પ્રાપ્ત થવાની હોય તેટલું શરીર આહાર દ્વારા બાંધતા. શરીર રચ્યા પછી ઈન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ તથા ભાષા અને મન એક સાથે તૈયાર કરી લેતા. જાણે કે કોઈ નવયુવાન નિદ્રામાંથી ઊઠ્યા હોય તેમ ત્યાં ઉત્પન્ન થતાં. હવે હું શું કરું ? આ ક્ષેત્ર હું ક્યાંથી પામ્યો ? તેમ વિચારે ત્યાં તો પરિષદના દેવો હાજર થતાં. આ રીતે સૂર્યાભદેવ પણ ત્યાં ઉત્પન્ન થયા. જે નામનું વિમાન હોય તે નામના દેવ કહેવાય છે. આભિયોગિક દેવો સેવામાં હાજર થઈ બીજી અભિષેકસભામાં સૂર્યાભદેવનો અભિષેક કરી, ત્રીજી અલંકાર સભામાં લઈ જઈને અંગ લૂછી, આભૂષણાદિ ધારણ કરાવવાથી દિવ્યતાથી શોભતા આ સૂર્યાભદેવને ચોથી વ્યવસાય સભામાં લઈ જઈ, ત્યાં રહેલા દરેક પદાર્થનો પરિચય કરાવી, રત્નમય પુસ્તકને કરકમલમાં ધરીને, ત્યાંની રીતરસમની જાણકારી વાંચવાથી પ્રાપ્ત થશે, તેમ હાથ જોડી દર્શાવ્યું. ત્યાંનો ખ્યાલ લઈને પોતાને મળેલા આ દિવ્ય ખોળિયામાં સાથે રહેલા પુણ્યસખાના સહારે ક્ષયોપશમ ભાવથી શીઘ્ર ચતુરાઈ દક્ષતા પ્રાપ્ત કરી લેતાં, ત્રીજું જ્ઞાન અવધિજ્ઞાન મળેલ હતું, તેનો પણ જરૂર પડે ત્યાં ઉપયોગ કરતાં, ત્યાંના માહિતગાર બન્યા પછી ત્યાંની સર્વ રિદ્ધિ, સિદ્ધિઓ અને અનેક રૂપ વિકુર્વણા કરવાની શક્તિથી જાણકાર બની; દરેક વસ્તુ પોતાની છે તેમ જાણી અગ્રમહિષી, દેવ, દેવી, અનીકાદિ સર્વ પરીષદના દેવોની માલિકી હાંસલ કરી તેના મય બની જઈને મારે રહેવાનુ છે, એમ વિચારીને સૂર્યાભદેવે તે વ્યવસાય સભામાંથી બહાર નીકળી પાંચમી સુધર્માસભામાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને સિંહાસન પર બિરાજમાન થયા. ત્યાર પછી તે સભામાં નૈસર્ગિક ગોઠવાયેલા આસન ઉપર ચાર હજાર સામાનિક દેવો; ચાર અગ્રમહિષી દેવીઓ, પરિવાર સહિત ત્રણ સભાના દેવદેવીઓ, સાત સેનાના દેવો, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો, તેમજ સૂર્યાભવિમાનમાં રહેલા અન્ય દેવ દેવીઓ બિરાજમાન થયા.

સૂર્યાભદેવનું સ્વાગત કરવા માટે આનંદ પ્રમોદ મનાવવા માટે નાટ્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ, તાલ, બીજા વિવિધ વાજાઓને વાદ્યકળામાં દક્ષ દેવો વગાડે છે. આવા પ્રકારની રિદ્ધિ અને પાંચે ય ઈન્દ્રિયના સુખોપભોગમાં લીન નહીં બનતાં સૂર્યાભદેવનું દિલ ઉદાસીન વૃત્તિથી કંઈક ઝંખી રહ્યું છે, તેથી સુખભોગના દિવ્ય ભોગોમાંથી તૃપ્ત ન થતી વૃત્તિને ઉપાડીને તેમણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૃત્યુલોકમાં મૂક્યો. ત્યાં તેમણે પ્રભુ મહાવીરને આમલકપ્પા નગરીના ઉદ્યાનમાં શિલાપટ્ટક પર બિરાજમાન જોયા અને દર્શનની ઝંખના સતેજ બની દીલચસ્પી જાગી, જોતું હતું તે મળી ગયું. આનંદ વિભોર બનતા જલદીથી ઊભા થયા, સિંહાસન અને પાદપીઠથી નીચે ઉતર્યા, ઈશાનખૂણામાં પ્રભુની દિશામાં થનગનતા શરીરને વીરાસન મુદ્રામાં ગોઠવીને માથું ધરતી પર પ્રણિપાત કરતું રાખીને **ણમોત્થુણં**થી સ્તુતિ કરી ઊઠ્યાં.

ઉપાસનાને ઝંખતી વૃત્તિએ પ્રભુ સાથે અસંખ્યાત યોજન દૂરથી જોડાણ કર્યું. સિંહાસન ઉપર આવ્યા. આભિયોગિક દેવોને બોલાવ્યા, પ્રભુના દર્શને જવું છે, વિમાન તૈયાર કરો, તેવી આજ્ઞા આપી. સુઘોષા ઘંટા રણકી ઊઠી. તમામે તમામ દેવદેવીઓના દિલમાં દર્શન કરવાની ભાવના જાગૃત કરી. અષ્ટમંગલાદિ સંપૂર્ણ રસાલો કેવી રીતે ગોઠવાયો ? તે વાચકવર્ગ પ્રસ્તુત સૂત્ર વાંચીને જાણી લે. ભગવાનની ભક્તિ કરવાની ભાવનાથી ભાવિત સૂર્યાભદેવ સહિત સર્વ દેવ-દેવીઓ વિમાનમાં ગોઠવાઈને નીચે આવ્યા. ભોગના ભોગી યોગીના યોગમાં ઉપયોગી બનીને રહ્યાં. પ્રદક્ષિણા કરીને પર્યુપાસના કરતાં પ્રવચન સભામાં ગોઠવાઈ ગયા. નિર્ગ્રંથ પ્રવચનમાં નીકળતી પ્રભુની શ્રુત ગંગામાં સૂર્યાભદેવ સ્નાન કરવા લાગ્યા. તેમને તેમાં સંતુષ્ટી પ્રાપ્ત થતી હતી.

હું સર્વજ્ઞ ક્યારે બનું ? તે ભાવના ઊભરાતી હતી. પ્રવચન પૂર્ણ થતાં લોકો ગયા પછી સૂર્યાભદેવ ઊભા થયા. પ્રભુને વિનીતભાવે પ્રશ્ન કરી ઊઠ્યા– હે પ્રભો ! હું ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક ? હે પ્રભો! હું સમ્યગ્દષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ ? હે પ્રભો હું પરિત્ત સંસારી કે અપરિત્ત સંસારી ? હું સુલભબોધિ છું કે દુર્લભબોધિ ? હું આરાધક છું કે વિરાધક ? હું ચરમ છું કે અચરમ ? ભગવાને જવાબ આપ્યો– હે દેવાણુપિયા! તમે ભવી, સમ્યગ્દષ્ટિ, પરિત્તસંસારી, સુલભબોધિ, આરાધક અને ચરમ જીવ છો.

અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનથી પોતાનું પરિણામ પત્ર લેવા આવેલા સૂર્યાભદેવ પોતાનું પરિણામ પત્ર સાંભળીને અત્યાનંદિત થયા. જાણે કે ભૂખ્યાને ઘેવર મળ્યા. તૃષિતને ક્ષીર સમુદ્રનું પાણી મળ્યું. તેનો આનંદ એવો ઊભરાયો કે ભીતરમાં સમાવી ન શક્યો. તેથી તેમણે પ્રભુ પાસે પોતાના આનંદને સંગીત અને નાટક દ્વારા વ્યક્ત કરવાની આજ્ઞા માગી. વીતરાગી પ્રભુ મૌન રહ્યા; તેમાં જરાએ અનુમોદના ન કરી.

સૂર્યાભદેવ બોલ્યા– હે પ્રભો ! આપ તો મારા ભાવ જાણો છો હું ગૌતમ આદિ શ્રમણોની સામે મારી શ્રુત ભક્તિ પ્રદર્શિત કરીશ, તેમણે શતશત ધારાએ ભક્તિને વરસાવવા

આકાશમાં રંગમંચ બનાવ્યો. પોતાની જમણી ભુજામાંથી આભૂષણોથી યુક્ત ૧૦૮ દેવકુમારો બહાર કાઢ્યા, ડાબી ભુજામાંથી અલંકારોથી યુક્ત ૧૦૮ દેવકુમારીઓ બહાર કાઢી. ૨૧૬ રૂપો દ્વારા પ્રભુને વંદનાભિષેક કરાવ્યો અને સોળ સ્વરથી યુક્ત ઓગણપચાસ વાજિંત્રો વિકુર્વિત કરીને ૧૦૮ વાજિંત્ર વાદકોને બનાવ્યા. આ રીતે સપ્ત સ્વરી ભક્તિગીત સંગીત રેલાવી દીધું. વાતાવરણને ગુંજાયમાન બનાવ્યું. ત્યાર પછી ૨૧૬ આત્માઓ દ્વારા કતાર બદ્ધ એકસાથે વંદના, સત્કાર, સન્માન ગુરુભગવંતોનો કરીને અષ્ટમંગલના પ્રથમ નાટકથી લઈને આ વિશ્વમાં જેટલા પ્રમાણમાં વિશ્રસા, મિશ્રસા અને પ્રયોગસા પુદ્ગલોના આકાર થાય છે, તે બધા જ આકારરૂપમાં ગોઠવાઈને નાટક દર્શાવ્યા. ત્યાર પછી બ્રાહ્મીલિપિના કકારથી માંડી મકાર સુધીના નાટકો બતાવ્યા જાણે કે દેવબાળક ખુદલિપી બની ગયા હોય તેવું દશ્ય આબેહૂબ દર્શાવ્યું. આ રીતે એકત્રીસ નાટક ઉપસ્થિત કર્યા અને બત્રીસમું નાટક ભગવાન મહાવીર સ્વામીના ભવોનું હતું. તેમાં ભગવાન મહાવીરના જન્મથી નિર્વાણ સુધીના વર્તમાન ભવના પ્રસંગોના નાટક દેખાડ્યા. છેલ્લે વંદના કરી પોતાની ભક્તિના સાધનો બનાવવા માટે અસંખ્યાત આત્મપ્રદેશો બહાર કાઢ્યા હતા તે સંહરી લીધા અને જેવા પોતે એકાકી હતા તેવા પ્રસન્નચિત્તવાળા સૂર્યાભદેવ બની ગયા.

આ બધાનો પરમાર્થ એજ છે કે તેમની ભીતરી ભાવના મોક્ષ જવાની છે. પોતાની યોગ્યતારૂપ પરિણામ સાંભળીને પારિણામિક ભાવ દ્વારા આ પ્રમાણેના મળેલા સિદ્ધિના સાધનો સર્વજ્ઞની સામે મામૂલી માત્ર છે. અમને બંધનરૂપ લાગે છે. બંધનમુક્ત તો મોક્ષગામી આત્મા છે. કેવળજ્ઞાની પરમાત્મા છે. તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવનાર કર્મધારી આત્મા પાસે શ્રુતજ્ઞાનનું માધ્યમ છે. તેનાજ આલંબને પાર પમાય છે. માટે શ્રમણ નિર્ગ્રંથો તમે જે કરી રહ્યા છો તે અમે કરી શકતા નથી. તેનું દુઃખ વ્યક્ત કરવા અષ્ટમંગલ દ્વારા આઠકર્મથી બંધાયેલા અમે મમ્ = મમતા, ગલ્ = ગાળી નાંખી, નિર્વાણ પામીએ, તેવી ભાવના ભાવીએ છીએ. પ્રભુ મહાવીરના નિર્વાણનું નાટક એટલા જ માટે પ્રસ્તુત કર્યું હોય ! તેમ કરી સૂર્યાભદેવ જ્યાંથી આવ્યા હતા ત્યાંજ પાછા ચાલ્યા ગયા. કારણ કે તે ભવબંધનથી બંધાયેલા હતા. વાચકવર્ગ આ બધા દશ્યો જોઈને ગૌતમ સ્વામીએ સર્વ નિર્ગ્રંથોની સમસ્યા દૂર કરવા પ્રશ્ન પૂછ્યા, પ્રભુ ! આ કોણ હતા ? તેની રિદ્ધિ સિદ્ધિ ક્યાં ચાલી ગઈ ? પ્રભુએ તેમનો જવાબ ખૂબ વિસ્તારથી આપ્યો છે. તેમના બાંધેલા પુણ્ય પુંજના કારણે સૂર્યાભ વિમાન–નગરના આકાર પ્રકારના ભાવોને ચાર પલ્યોપમ સુધી એકધારો ભોગવશે ત્યાર પછી મહાવિદેહક્ષેત્રમાં મહાન સુખ- સમૃદ્ધ માતાપિતાને ત્યાં દઢ પ્રતિજ્ઞકુમારરૂપે ઉત્પન્ન થશે. દીક્ષા લેશે, કર્મક્ષય કરી સર્વજ્ઞ બની અઘાતિ કર્મ નાશ કરી મોક્ષ જશે. આ વર્ણન તમે વાંચતા થાકશો નહીં. તે વર્ણનનું મ્યુઝિયમ એવું તો ભાવવાહી છે કે તમે વાંચી ચિત્તને તેનું દર્શન કરાવશો. તમારા અહીંના કારીગરો, શિલ્પીઓ ઝાંખા લાગશે.

પૌદ્ગલિક દ્રવ્યની દુનિયા અનંતજીવોના અનેક આકારના સંસ્થાને સંસ્થિત થઈ

હોય છે. તે કર્માધીન હોય છે. તેના આભામંડળના પડછાયા જે આકારે હોય તે આકારે આકારિત થઈને ભોગાયતન બને છે. તે બધા આકારો શ્રૃંગારાદિ રસાધીન હોય છે. ફક્ત શાંત રસાધીન કાર્યોત્સર્ગની મુદ્રા છે. તેમાં પણ આકારની આભાના પડછાયા તે રીતે આકારિત થયા હોય છે અને તે મુદ્રા સર્વ જીવોને અભય દેનારી હોય છે તેમજ બધાને પ્રિયકારી, આનંદકારી, આહ્લાદકારી લાગે છે. તેવી જિન મુદ્રાઓ ત્યાં છે, પણ દેવો તેને પૌદ્‌ગલિક માને છે અને વાસ્તવિક આત્મા જિનેશ્વર ભગવંત તિરછાલોકમાં જ્યાં બિરાજતા હોય, ત્યાં દર્શન સેવાભક્તિ કરવા આવે છે. તેથી નિર્ણય થાય છે કે આત્મા-આત્માને નમસ્કાર કરે છે, નહીં કે જડને. તેમને જડ થવું નથી, જીવ છે તો જીવ જ રહેવું છે શુદ્ધ-બુદ્ધ થઈને મોક્ષે જવું છે. માટે કોઈ દેવોની નકલના નકશા દોરીને, નકલ બનાવીને, હિંસક ભાવો વધારીને, કોઈ એકેન્દ્રિય અગ્નિ પાણી વનસ્તપિના પ્રાણ હરીને પૂજા ન કરતાં, ભાવ પૂજા કરી પોતાને મળેલા પંચાંગથી પ્રણિપાત કરશો તો આ વાંચન વૈરાગ્યની વૃદ્ધિ કરાવી વીતરાગ બનાવશે. અસ્તુ.

ગૌતમ ગણધરે ભગવાનને પૂછ્યું– ભગવાન્ ! સૂર્યાભદેવે આગલા ભવમાં એવું શું કાર્ય કર્યું જેથી આ રિદ્ધિ-સિદ્ધિ મળી ?

પરમાત્મા જવાબ આપતા કહે છે– અહો આયુષ્માન શ્રમણો ! તદાકાળે કેકયાર્ધ દેશ તેની શ્વેતામ્બિકા નગરી અને મૃગવન ઉદ્યાન હતું. તે નગરીનો રાજા પ્રદેશી હતો. હતો. તે જિજ્ઞાસુ જીવ ખોજ ખુદની કરતો હતો પરંતુ સ્વદેશથી ભૂલો પડી પરદેશમાં અર્થાત્ પુદ્‌ગલોમાં પોતાના દેશને મેળવવા મથતો હતો અને જીવોના જીવન ઉપર ક્રૂર, હિંસક પ્રયોગ કરતો હોવાથી તે અધર્મી, પ્રચંડ, ચાંડાલ, હિંસક, રૌદ્ર, પાપી વગેરે-વગેરે વિશેષણ પામ્યો હતો. મારો, કાપો, છેદો તેવા શબ્દનો પ્રલાપ કરતો થઈ ગયો હતો. તેમના પુણ્યના યોગે સ્વદેશ શોધવામાં સહાયક બને તેવો કલ્યાણમિત્ર, તેના મનોરથના ચિત્તને ચિદાનંદી બનાવે તેવો ચિત્ત નામનો સારથિ મળ્યો હતો. તે રોજ કામના કરતો મારા મિત્ર રાજાનો રથ વહન કરી ક્યારે સ્વદેશમાં પહોંચાડું. બન્યું પણ એવું કે એકદા શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજાની પાસે રાજાની આજ્ઞા પ્રમાણે જવાનું થયું. ચિત્ત સારથિ ત્યાં પહોંચ્યો અને થોડો સમય ત્યાંજ રહ્યો. એકદા તેમણે સાંભળ્યું પાર્શ્વ પ્રભુના સંતાન પરંપરાના કેશીસ્વામી શ્રમણ પધાર્યા છે.(કે = પાણી, શી = શીતલ) શીતલ પાણી જેવી વાણીની ઝરણી વહાવી રહ્યા છે. તે દેશના સાંભળવા ત્યાં પહોંચી ગયો. દેશના સાંભળી, બાર વ્રતધારી શ્રાવક બન્યો. કેશી શ્રમણને વિનંતી કરી, પોતાના નગરમાં પદાર્પણ કરાવ્યું. તે જ ઉદ્યાનમાં મિત્રરાજા પ્રદેશીને ઘોડા ખેલાવતાં ખેલાવતાં તે જ સદ્‌ગુરુદેવની સમીપે લઈ આવ્યો. ગુરુ-શિષ્યનું મિલન કરાવી માધ્યમ બની કલ્યાણમિત્રે પ્રદેશી રાજાના ચિત્તનો સાચો સારથિ બની ગુરુદેવને કહ્યું– નિડરતાપૂર્વક આ ભૂલા પડેલા રાજાને પોતાના સ્વદેશમાં પહોંચાડો. મેં આપના સુધી પહોંચાડ્યા છે. પ્રદેશી નાસ્તિકવાદી હોવાથી કેશી સ્વામીને જડ, મુંડ, અજ્ઞાની વગેરે વગેરે માનતો હતો. તો પણ તેનું દિલ સંતના પ્રસન્નવદન અને નિર્દોષ જયણાવાળી દેહલતા પર

મોહી પડ્યું હતું. તેથી તેમણે નિખાલસપણે આત્મા નથી, તેવી ચર્ચા આરંભી અને દેહ તથા આત્મા જુદાજ છે, તેવા ઉત્તર ગુરુવર્ય કેશી સ્વામીએ આપ્યા. આ બંનેનો રસપ્રદ સંવાદ દાદા-દાદીથી શરૂ થાય છે અને વહેતા પવનના ઉદાહરણથી પૂર્ણાહુતિ પામે છે.

**પ્રશ્ન–** ભંતે ! મારા દાદા પાપી હતા, નરકમાં ગયા હશે. તેનો હું વ્હાલો પુત્ર હતો તો તે મને ચેતવવા કેમ નથી આવતા ? **ઉત્તર–** પ્રદેશી ! કોઈ પર પુરુષ તારી પ્રિય પત્ની સૂરિયકંતા સાથે મનોવાંછિત ભોગ ભોગવે તો તું તેને શું દંડ આપે ? ભંતે ! તેને મારી નાંખુ, શૂળીએ ચઢાવી દઉં.

પ્રદેશી ! તે પુરુષ એમ કહે કે રાજન્ ! મને મારી નાંખો તેની પહેલાં મારા સંબંધીને હું કહી આવું, આવું પાપ ન કરતા તો તું તેને જવા દે ખરો ? ના– પ્રભુ ના. બસ, પ્રદેશી! તારા દાદા આવવા ઈચ્છે છે પણ ત્યાંના નરકપાળ આવવા દેતા નથી. તદુપરાંત નરકમાંથી ન આવવાના ચાર કારણો દર્શાવ્યા, સમજાવ્યા.

ભંતે ! મારી દાદીમા ધર્મિષ્ઠ હતાં. તે દેવલોકમાં ગયા હોય, ત્યાંથી તે મને એમ કહેવા કેમ આવતા નથી પ્રદેશી તું પાપ ન કર. **ઉત્તર–** હે પ્રદેશી ! તું નાહી ધોઈ, સાફ સુથરો થઈને, દેવ મંદિરે જતો હોય ત્યારે કોઈ સંડાસમાં ઊભો રહેલો માનવ બોલાવે, રાજન્ ! અહીં પધારો, બેસો, ઊભા રહો, શયન કરો; તો તું શું કરે ? ભંતે ! હું તે ગંદકીમાં એકક્ષણ પણ ન જાઉં; પાયખાનું તો ભારે ગંદુ હોય. એવી જગ્યામાં હું શી રીતે જઈ શકું ? પ્રદેશી ! દેવોને મૃત્યુલોક તેવો ગંદો લાગે છે. તેની દુર્ગંધ ચારસો, પાંચસો યોજન સુધી ઉછળે છે, તેથી દેવ અહીં આવતા નથી. તદુપરાંત ચાર કારણે દેવ પણ અહીં આવતા નથી. જો પ્રમુખ કારણે દેવો અહીં આવે ત્યારે પ્રથમ અભિયોગિક દેવો પાસે ભૂમિ સાફ અને સુગંધિત કરાવે છે પછી નીચે આવે છે.

**પ્રશ્ન–** ભંતે ! મેં આત્માને શોધવા માટે એક ચોરને કુંભીમાં પૂર્યો, ઉપર મજબૂત ઢાંકણું દીધું, તેના ઉપર ચોકી પહેરો રાખ્યો. બે ત્રણ દિવસ પછી જોયું તો તે ચોર મરી ગયો હતો પણ કોઈએ જીવ નીકળતા જોયો નથી. તેથી દેહ અને આત્મા એક છે.

**ઉત્તર–** પ્રદેશી ! શિખરવાળી એક કૂટિર, બારી-બારણા સજ્જડ દઈને છિદ્ર વિનાની ઊંડી બનાવી હોય અને તેમાં બેસી કોઈ ભેરી વગાડે. તેનો અવાજ પ્રદેશી બહાર નીકળે ખરો ? હા, પ્રભુ ! બહાર નીકળે. તેવી જ રીતે જીવ પણ બહાર નીકળી જાય. માટે માની જા. આત્મા અને દેહ જુદા છે.

**પ્રશ્ન–** ભંતે ! એકવાર મારી સભામાં કોટવાળ ચોરને પકડી લાવ્યો. તેને મેં મારી નાંખી કુંભીમાં ભરી, ઢાંકણું બંધ કર્યું. ત્યાર પછી કેટલાક દિવસ જતાં તેમાં જોયું તો અનેક કીડા ખદબદતા હતાં. પ્રભો ! તેમાં તે જીવ કેવી રીતે આવી ગયા ? તેને આવતા કોઈએ જોયા જ નથી, તેથી દેહ અને આત્મા એક છે. **ઉત્તર–** પ્રદેશી ! તેં લોખંડને ક્યારેય ધમેલું જોયું છે.

હા પ્રભુ ! જોયું છે. તે કેવું હોય ? લાલઘૂમ અગ્નિયુક્ત. તે લોખંડમાં છિદ્ર હોય છે ? ના. તોપણ તેમાં અગ્નિ પ્રવેશી જાય છે. એવી જ રીતે અપ્રતિરુદ્ધ જીવ પણ ગમે ત્યાં પ્રવેશી શકે છે. પ્રદેશીરાજાના દિલમાં ગુરુદેવ પ્રતિ વિશ્વાસ બેસતો ગયો. તે પોતાના પાપની વાત સાફ-સાફ કરતો ગયો.

**પ્રશ્ન–** જિજ્ઞાસુ દિલ પ્રદેશી કહે છે, પ્રભો ! કોઈ એક તરુણ બાણાવળી એક સાથે પાંચ બાણ ફેંકી શકે છે તે તેમાં કુશળ છે અને મંદબુદ્ધિ બાળક તે કેમ ફેંકી શકતો નથી ? આત્મા હોય તો તાકાત સરખી જ હોવી જોઈએ ને ? **ઉત્તર–** પ્રદેશી! વાત તો તારી બરાબર છે. પરંતુ શું તે સમર્થ તરુણ પુરુષ ખવાઈ ગયેલા, જૂના થઈ ગયેલા ધનુષ્ય દ્વારા જીર્ણ બાણ ફેંકવા સમર્થ થઈ શકે? ના, તે વચ્ચેજ તૂટી પડે. બસ પ્રદેશી ! તે તો સાધનની ક્ષમતા ઉપર કાર્ય થાય છે. તરુણ પુરુષ અને બાળકની સક્ષમતાનો તફાવત છે. તે પણ તરુણ થાય ત્યારે તેટલી જ તાકાત ધરાવે છે. માટે આત્મા શરીરથી જુદો છે.

**પ્રશ્ન–** ભંતે ! કોઈ તરુણ ઘણો બોજ ઉપાડી શકે અને તે વૃદ્ધ બને પછી કેમ ઉપાડી શકતો નથી ? **ઉત્તર–** પ્રદેશી ! એવું એકાંત નથી. હટ્ટા-કટ્ટા માનવ પાસે પ્રદેશી! ભાર ઉપાડવાની કાવડ હોય પણ તે બિલકુલ જીર્ણ સડેલી થઈ ગઈ હોય, તો તેમાં ભાર ભરીને લઈ જઈ શકે ખરો ? ના, પ્રભુ! તે ત્યાં જ તૂટી જાય. તો પ્રદેશી ! ત્યાં સાધનની મજબૂતાઈની ખામી છે. સાધન મજબૂત હોય તો પેલો વૃદ્ધ પુરુષ પણ ઉપાડી શકે છે માટે તું માન કે જીવ અને શરીર જુદા છે.

**પ્રશ્ન–** ભંતે ! મેં જીવતા માનવને જોખ્યો અને પછી તેને મારી નાંખીને જોખ્યો, તો બંનેનું વજન સરખું જ થયું. જો જીવ અને શરીર બંને જુદા હોય તો વજનમાં તફાવત થવો જોઈએ માટે બંને એક છે. **ઉત્તર–** પ્રદેશી ! કોઈવાર તેં મશક જોઈ છે. તે ખાલી હોય ત્યારે જોખી છે ? હા પ્રભુ, જોખી છે, પછી હવા ભરીને જોખી છે. હા પ્રભુ, બંને વખતે તે વજન સરખું જ રહ્યું છે. પ્રદેશી ! આત્માનો અગુરુ લઘુગુણ છે તેથી તે હળવો-ભારે થતો નથી. જેમ હવા અને મશક જુદા છે. તેમ આત્મા અને દેહ જુદા છે એમ માન.

**પ્રશ્ન–** ભંતે ! મેં એક ચોરને મારી ટુકડા કરી-કરીને જોયું પણ તેમાં જીવ દેખાયો નહીં. **ઉત્તર–** કેશી સ્વામીને હસવું આવી ગયું તે બોલી ઊઠ્યા, તું તો પેલા કઠીયારા કરતાં પણ મૂઢ લાગે છે. **પ્રશ્ન–** હે ભંતે ! તે કઠીયારો વળી કોણ હતો ? **ઉત્તર–** કેશીસ્વામી બોલ્યા, તેનું ઉદાહરણ આ પ્રમાણે છે–

એકદા કેટલાક વનજીવી આત્માઓ લાકડા લેવા ગયા. તેઓ સાથે અગ્નિ પણ લીધી હતી. બધા કાર્ય કરવા આગળ ગયા. એક પુરુષને કહેતા ગયા કે તું અહીં રસોઈ પકાવી રાખજે. અગ્નિ ઓલવાઈ જાય ત્યારે અરણીના લાકડામાંથી અગ્નિ પ્રગટાવી લેજે. પેલો કઠીયારો અગ્નિ પ્રગટાવવાની રીત જાણતો ન હોવાથી અગ્નિ ઓલવાઈ ગઈ ત્યારે તેણે

અરણીના કાષ્ઠ ભેગા કર્યા અને પછી ટુકડે ટુકડા કરી નાંખ્યા પણ અગ્નિ મળ્યો નહીં, રસોઈ બની નહીં, પેલા લોકો આવ્યા, વીલેમોઢે બેઠેલા, નિરાશ થયેલા તે પુરુષને પૂછવામાં આવ્યું, કેમ છે ભાઈ? તેણે કહ્યું– અગ્નિ કોઈ જગ્યાએથી જડ્યો નથી, રસોઈ બની નથી. ત્યારે એક દક્ષ વનજીવીએ અરણી લીધી બીજા કાષ્ઠમાંથી શર બનાવ્યું તે શરને અરણી સાથે ઘસ્યું, અગ્નિ પ્રગટ્યો રસોઈ બની ગઈ, સૌ જમીને સંતુષ્ટ થયા. હે પ્રદેશી ! તેં પણ પેલા માનવની જેમ કર્યું, તેથી તું વધારે મૂઢ છો. પ્રદેશી થોડો નમ્ર બનીને બોલ્યો પ્રભુ! આવડી મોટી સભા વચ્ચે મારા પર આક્રોશ કરો, ખીજાઈ જાઓ, નિર્ભર્ત્સના કરો તે ઠીક કહેવાય ? કેશી શ્રમણ બોલ્યા પ્રદેશી ! પર્ષદા કેટલા પ્રકારની હોય છે, તે તું જાણે છે ? હા જાણું છું. ઋષિની, બ્રાહ્મણની, ક્ષત્રિયની, ગૃહપતિની એમ પર્ષદા ચાર હોય. તે અપરાધ કરે તો તેને શું શું દંડ દેવાય? ભંતે ! ક્ષત્રિય પરિષદનો અપરાધ કરે તો હાથ પગ કાપી મારી નંખાય. બ્રાહ્મણ પરિષદનો અપરાધ કરે તો ઉપાલંભપૂર્વક શુનક(પાપી-અપરાધી)ના નિશાનથી અંકિત કરીને નિર્વાસિત કરાય. ઋષિ પરિષદનો અપરાધ કરે તો અતિ અનિષ્ટ નહીં એવી વાણી વડે ઉપાલંભ દેવાય. ગૃહપતિ અપરાધ કરે તો ઘાસના પૂળામાં બાંધી સળગાવી દેવાય. કેશી સ્વામી વાત્સલ્યથી બોલ્યા– પ્રદેશી! તું દંડનીતિથી પરિચિત છો છતાંએ મારી સામે પ્રતિકૂળ વર્તન કરે છે. જેથી હળવી આક્રોશવાણી મૂઢ બનીને સાંભળવી પડે છે. પ્રદેશી ખુશ થયો નમ્ર બનીને બોલ્યો– પ્રભુ ! હું જેમ-જેમ વિરુદ્ધમાં બોલું તેમ તેમ મને ઊંડી સમજ આવે તે અપેક્ષા રાખીને હું બોલું છું. કેશી શ્રમણ બોલ્યા વ્યવહારકોના ચાર પ્રકાર છે. એક મીઠી વાણી બોલે છે પણ કંઈ આપતા નથી. એક મીઠી વાણી બોલતા નથી પણ આપે છે અને એક મીઠીવાણી બોલે છે અને આપે પણ છે, આ ત્રણ વ્યવહારી છે તથા જે દેતા નથી અને મીઠા વચન પણ બોલતા નથી તે તદન અવ્યવહારી છે. આ રીતે રાજન્ ! તું વ્યવહારી છો. રાજાએ રજુ કરેલી સાફસાફ વાતો દ્વારા દયાળુ કેશી શ્રમણે તેમની માનસ સ્થિતિ જાણી લીધી. વસ્તુ તત્ત્વને શોધનારો છે, એમ પણ માન્યું. જે પ્રયોગો કર્યા હતા તે પણ સાંભળ્યા. તે પ્રયોગ પાછળ રાજાની પ્રખર તર્ક શક્તિને પણ પીછાણી તેણે ક્યાં-ક્યાં દોષ કર્યો હતો તે પણ દર્શાવ્યું. ઉપરાંત કહ્યું– પ્રદેશી ! તેં શ્રમ ઘણો કર્યો પણ બીજા ઉપર. જો તારા ઉપર કર્યો હોત તો તું પામી જાત.

પ્રદેશી બોલ્યો– પ્રભો ! તમે દક્ષ, કુશળ, ચતુર છો. મને હથેળીમાં આમળાની માફક આત્મા દેખાડોને ! તેટલીવારમાં હવા આવી, વૃક્ષ વેલી ડોલવા લાગી. મુનિરાજ બોલી ઊઠ્યા, પ્રદેશી ! આ શું ડોલી રહ્યું છે ? વૃક્ષ વેલડીઓ. તેને કોણ ડોલાવી રહ્યું છે? પ્રભુ ! હવા. તે હવા તને દેખાય છે ? ના પ્રભુ. પ્રદેશી તે તો શરીરધારી હવા છે તો પણ દેખી શકાતી નથી પણ તે સ્પર્શથી, કાર્યથી અનુભવાય છે. તેમ આત્મા અમૂર્ત હોવાથી દેખી શકાતો નથી પણ અનુભવાય છે.

આ રીતે કેશી શ્રમણ અને પ્રદેશી રાજાના સંવાદનો વાર્તાલાપ ક્યારેક કોમળ

ભાષામાં તો ક્યારેક કઠોર ભાષામાં થયો. હાથી કુંથવા વિષે, પ્રકાશની વ્યાપકતાનાં ઉદાહરણો આપી આપીને સમજાવ્યો તો પણ ન સમજ્યો. ત્યારે છેલ્લું જોરદાર દૃષ્ટાંત લોખંડના ભારાને વહન કરનાર કદાગ્રહી પુરુષનું આપ્યું, ચોટ લાગી અને પ્રદેશી રાજા સમજી ગયો. તેમણે કહ્યું– હે પ્રભો ! મને ઉપદેશ આપો, મને ધર્મ સમજાવો, તેવી માંગણી કરી. ચિત્ત સારથિ અને રાજા સહિત મોટી પરીષદમાં કેશી સ્વામીએ ઉપદેશ આપ્યો. તે પ્રદેશીએ સાંભળ્યો અને દિલમાં ઉતાર્યો અને બાર વ્રતધારી શ્રમણોપાસક બની ગયો. તે વિનય કર્યા વિના રવાના થવા લાગ્યો. કેશી સ્વામી ગુરુદેવે ટકોર કરી. તેમણે નમ્રતાથી કહ્યું અંતઃપુર સહિત આવતી કાલે આવું છું. આવ્યો, વંદણા કરી, ક્ષમાપના પ્રાર્થી, ઉપદેશ સાંભળ્યો. છેલ્લે ઋષિરાજે શિખામણ આપી– પ્રદેશી ! રમણીય થઈને જાય છે પછી વનખંડ સમાન, નૃત્યમંડપ સમાન, તેલની ઘાણી સમાન, શેરડીના વાઢ સમાન અરમણીય બની જતો નહીં.

**પ્રશ્ન–** પ્રભુ ! તેનો આશય શું છે ? **ઉત્તર–** પ્રદેશી ! વનખંડ પહેલાં પત્ર-પુષ્પથી દીપે છે પણ પાનખર ઋતુમાં તે અરણ્ય બની જાય છે. નાટ્યગૃહ, નૃત્ય થતું હોય ત્યારે પ્રેક્ષકોથી શોભે છે. પછી ખાલી થઈ જાય છે. ઘાણીમાં પીલાઈને તલનું તેલ નીકળતું હોય ત્યારે ઘણા સાની ખાનારા લોકોથી ભૂમિ દીપે છે પછી ખાલી થઈ જાય છે. શેરડીનો વાઢ પીલાતો હોય, રસ પીવાતા હોય ત્યારે ખેતર સારું દેખાય છે અને પછી ઉજ્જડ થઈ જાય છે. તેમ અત્યારે તું ધર્મવ્રતથી ભર્યો-ભર્યો દેખાય છે પછી ખાલી નહીં થઈ જતો. ના પ્રભુ ના, હું તેવો નહીં થાઉં. મારા સાત હજાર ગામ છે, તેના ચાર વિભાગ પાડી દઈશ; એક ભાગ રાજ્ય માટે, બીજો કોઠાર માટે, ત્રીજો અંતઃપુર માટે અને ચોથો ભાગ દાનશાળા માટે. દાનાશાળમાં અનાથ, ભિક્ષુ, ગરીબ લોકોને નિઃશુલ્ક ભોજન કરાવવામાં આવશે. હું તો શીલવ્રત, ગુણવ્રતથી મારું જીવન યાપન કરીશ. આત્માનું ભાવન કરતો વિચરીશ. આ રીતે આત્મ સંશોધક પ્રદેશી ગુરુચરણના દાસ બની પાછા ફર્યા. ગુરુદેવ વિહાર કરી ગયા.

પ્રદેશી સ્વદેશી બની સર્વભાવથી ઉદાસીન બનવા લાગ્યા. તે તેમની પટ્ટરાણી સૂરિયકંતાથી સહન ન થયું. તેની મનોદશા બગડી. પતિને મારવાનો પેંતરો રચ્યો. કુમાર સૂરિયકંતને વાતથી વાકેફ કર્યો. પુત્ર તેમાં સહમત ન થયો. આખરમાં જીદંગીભર અર્ધાંગિની બનેલી પત્ની વાસનાથી વાસિત બની પતિદેવ પર વિફરી ગઈ અને લાગ જોઈને ભોજનમાં, વસ્ત્રમાં, અલંકાર આભૂષણોમાં, સૂંઘવાના પદાર્થોમાં ઝેર ભેળવી દીધું. રાજા જમવા બેઠા, ભોજન કર્યું, વસ્ત્રાદિનો ઉપયોગ કર્યો અને કાતિલ ઝેરે તેનો ભાવ ભજવ્યો. પરંતુ રાજા પ્રદેશી સ્વદેશી બની ગયા હતા. તેને પોતાના દેશમાં વસવાનો માર્ગ મળી ગયો હતો. સમતાનો રસ્તો સીધો જતો હતો. તે પ્રદેશી રાજા પોતાના શીલાંગ વ્રતરૂપ રથમાં આરુઢ થઈ, મનરૂપી ચિત્ત સારથિને કહેતા હતા, ભાઈ રસ્તો કપરો છે; જાળવીને ચલાવજે. હવે કાતિલ ઝેર આંતરડામાં પહોંચી વસમી, દારુણ, દુસહ્ય વેદના ઊભી કરી. ઉગ્ર અશાતા વેદના, ખાડા, ખડિયા વચ્ચે મોહરાજા તેને પાડી દેવા માંગતા હતા. પણ સમતાભાવી ચિત્ત સારથિ ચાલાક

હોવાથી તેના રથને હળવે-હળવે દોરીને પૌષધશાળામાં લઈ ગયો. દર્ભાસન પોંજીને તેના ઉપર બેસાડ્યા. પ્રસન્નચિત્ત રૂપી મિત્રના સહારે રાણીના કાવતરાને જાણવા છતાં રોષ રાખ્યા વિના ક્ષમાભાવમાં ઝૂલવા લાગ્યા. અરિહંત ભગવંત અને ગુરુભગવંતને વંદન કરી ખમાવ્યા અતિચાર આલોવી, બારવ્રત પાછા ઉચ્ચાર્યા. આલોચના કરી પોતાના અઢારે-અઢાર પાપસ્થાનના અંતઃકરણ પૂર્વક શાંતચિત્તે પ્રત્યાખ્યાન કર્યા. અણસણવ્રત આદર્યું (ચારે ય આહારના પચ્ચખાણ કર્યા) છેલ્લી કાયાની માયા પણ છોડી છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધીનો સંથારો કરી લીધો. સર્વજીવો પ્રત્યે દયાભાવ રાખી, કાળના અવસરે કાળધર્મ પામી, હે ગૌતમાદિ શ્રમણો ! તે સૌધર્મ, પ્રથમ દેવલોકમાં સૂર્યાભવિમાનની ઉપપાત શય્યામાં સૂર્યાભદેવ તરીકે ઉત્પન્ન થયા. જે હમણા આપની સમક્ષ આવીને ગયા. આ છે સૂર્યાભદેવનો ઈતિહાસ.

ધન્ય હો મુનિરાજ કેશી શ્રમણને અને ધન્ય હો રાજા પ્રદેશીને. આખરમાં જે જેને શોધતા હતા, તેને પ્રાપ્ત કરીને રહ્યા. આવી છે રસભરી રોમાંચ ભરી વાર્તાનો ઈતિહાસ. આપણને અનેક પ્રકારનો બોધ આપીને જાય છે. નાનકડું આગમ ઘણું-ઘણું કહીને જાય છે. તેને તીવ્રબુદ્ધિથી તુલનાત્મક ભાવથી વાંચશો તો કલ્યાણ થઈ જશે. અસ્તુ....

**આભાર–ધન્યવાદ–સાધુવાદ :**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલો અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતિલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, ઉત્સાહધરા, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી અનુવાદ સંસ્કરણના ઉદ્ભવિકા, નિપુણા, કાર્ય નિષ્ઠા, કૃતજ્ઞા, ઉગ્રતપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** ધન્યવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી, હસુમતી, વીરમતી સહિત સેવારત રેણુકા–રૂપા આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન

જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહ સંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

પ્રસ્તુત આગમના અનુવાદિકા છે અમારા વિદુષી પ્રશિષ્યા બિન્દુબાઈ મ. એવં રૂપલબાઈ મ. જેમણે સત્યપુરુષાર્થ કરી અનુમોદનીય સ્વાધ્યાય કર્યો છે. તેઓ પણ સતત સંયમ-તપથી આતમભાવના ભાવી કર્મક્ષય કરવાનો સતત પુરુષાર્થ કરતા રહે અને બિંદુમાંથી જ્ઞાનના સિંધુ બને, તેમજ રૂપલમાંથી ચારિત્રની કૂંપળ ખીલાવે, તેવી કામના સહિત મંગલભાવનાએ તેમના પુરુષાર્થને બિરદાવું છું, ધન્યવાદ અર્પુ છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં જયવંતભાઈ શાહ, કુમારી ભાનુબહેન પારેખને ધન્યવાદ.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિ સભર હૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી મહેન્દ્રભાઈ આદિ સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી કાર્યકરો, આગમના શ્રુતાધાર અને અન્ય દાનદાતા મહાનુભાવો વગેરેને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના

**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

માણસ ખટમીઠી પીપરને મમળાવવામાં અનેરી લિજ્જત અને આનંદ અનુભવે છે. કથાઓ ખટમીઠી પીપર જેવી છે. તેને જેમ-જેમ ચગળવામાં આવે તેમ-તેમ, તે મનને તાજગી તથા પ્રસન્નતાથી અને જીવનને રસ, ઉત્સાહ અને જીવંતતાથી ભરી દે છે. તેનું આસ્વાદન રસાળ છે. ધર્મકથાઓ તત્ત્વજ્ઞાનને અને બોધને રસાળ જ નહીં સુપાચ્ય બનાવે છે.

શ્રી રાજપ્રશ્નીયસૂત્ર કથાસૂત્રોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અન્ય કથાસૂત્રો નવલિકા સંગ્રહ જેવા છે, જ્યારે પ્રસ્તુત સૂત્ર નવલકથા જેવું છે. તેમાં એક રાજાની સળંગ ભવકથા છે.

વાચકો માટે કથાસૂત્રો વાંચવા અને સમજવા સરળ છે તે જ રીતે કથાસૂત્રોનું અનુવાદ કાર્ય પણ દ્રવ્યાનુયોગ નિરૂપક સૂત્રો કરતાં સરળ રહે છે, પરંતુ આ કથાસૂત્રમાં આવતા કેટલાક વિવાદાસ્પદ સૂત્ર પાઠોના કારણે તેનું સંપાદન કાર્ય થોડું જટિલ બની જાય છે. પ્રસ્તુત આગમના સંપાદનમાં આચાર્ય મલયગિરિસૂરિજીની સંસ્કૃત ટીકાનો આધાર મુખ્ય રહ્યો છે.

સૂર્યાભવિમાનના વર્ણનમાં ચૈત્ય સ્તૂપોની ચારે દિશામાં ચાર-ચાર એક સમાન જિનપ્રતિમા હોવાનો ઉલ્લેખ છે. તેના નામ અને અવગાહનામાં વિસંગતિ જણાય છે. દેવલોકની પ્રતિમાઓ શાશ્વતી હોય, ત્યાં ભરત-ઐરવત ક્ષેત્રના પ્રથમ અને અંતિમ તીર્થંકરોની પ્રતિમા હોય તે કેમ સંભવે ? ભરત-ઐરવત ક્ષેત્રના તીર્થંકરો તો અશાશ્વતા છે. તદુપરાંત પ્રથમ તીર્થંકર શ્રી ૠષભજિન ૫૦૦ ધનુષ્ય અને ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરજિન સાત હાથ ઊંચા હતા, તો એક સરખી ચારે ય પ્રતિમાની ઊંચાઈ કયા જિન તુલ્ય સમજવી ? આ રીતે તેના નામ અને અવગાહનામાં સુસંગતિ જણાતી નથી. તેમજ પ્રતિમાને દાંત, તાળવું ખોપરી જેવા શરીરના અંદરના અવયવો હોય નહીં, આ પ્રતિમાના વર્ણનમાં દાંત, તાળવું, ખોપરી વગેરેનું વર્ણન છે. વૃત્તિ આ બાબતમાં મૌન છે આ રીતે ઉપરોક્ત વર્ણનમાં કંઈક અસંગતતા પ્રતીત થવાથી અમોને (પૂ. તિલોકમુનિ મ.સા., પૂ. લીલમબાઈ મ. તથા બંને સહસપંદિકાઓ) આ સૂત્ર પાઠ પ્રક્ષિપ્ત હોય તેમ જણાતા, તેને કૌંસમાં ઇટાલિયન ટાઈપથી મૂક્યો છે.

નવા ઉત્પન્ન થયેલા સૂર્યાભદેવ જિનપ્રતિમા સામે **ણમોત્થુણં**ની મુદ્રામાં બેસીને સ્તુતિ કરે છે, તેવો પાઠ પ્રતોમાં મળે છે પરંતુ વૃત્તિકાર પોતે આ સૂત્રપાઠને વાચનાંતર –પુસ્તકાંતર કહે છે અને તત્ત્વ કેવળીગમ્ય કહીને, તે વિશે પોતાનો સંદેહ ભાવ દર્શાવ્યો છે. તેથી તે પાઠને કૌંસમાં રાખ્યો છે.

સૂર્યાભવિમાનની પુષ્કરિણી(જળાશયો)ના વર્ણનમાં કમળો, ભ્રમરો વગેરેનું વર્ણન છે. પ્રજ્ઞાપનાદિ સૂત્ર પ્રમાણે દેવલોકમાં બાર દેવલોક પર્યંત અપ્કાયના જીવો હોય છે પણ ત્યાં પ્રત્યેક વનસ્પતિકાય, વિકલેન્દ્રિય આદિ જીવો હોતા નથી. તે બાબતમાં વિચારતાં જણાયું કે તે કમળો અને ભ્રમરો વગેરે પૃથ્વીકાયમય છે. જેમ વિશિષ્ટ આકારવાળું લોખંડ પાણી(જહાજરૂપે)માં તરે છે, આકાશ(વિમાનરૂપે)માં ઊડે છે, તેમ તે પૃથ્વીકાયમય કમળ તરે છે અને ભ્રમર ઉડે છે.

આ રીતે સૂત્રગત પ્રત્યેક વિષયોમાં વાચકોની જિજ્ઞાસાવૃત્તિ સંપૂર્ણપણે સંતુષ્ટ થાય તે રીતે સંપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે.

સંપાદન કરતા પ્રસ્તુત સૂત્રના બે વિભાગ કર્યા છે. પ્રથમ વિભાગમાં કાર્યરૂપ સૂર્યાભદેવ ભવનું અને બીજા વિભાગમાં તેના કારણરૂપ પ્રદેશી રાજાના ભવનું વર્ણન છે. બંને વિભાગ કાર્ય–કારણ ભાવથી સંકળાયેલા છે.

સંતના સમાગમે પ્રદેશી રાજાની પરિવર્તન પામેલી જીવનચર્યા જ સૂત્રનું એકમાત્ર તેજસ્વી કિરણ છે. પ્રદેશીરાજા ગતાનુગતિક ન હતો, પ્રયોગ દ્વારા વસ્તુતત્ત્વને શોધનારો શોધક હતો. આત્માને શોધવા તેણે ઘણો શ્રમ કર્યો પણ તે શ્રમ વિપરીત હતો તેથી તે નિષ્ફળ ગયો. આત્મશોધની તાલાવેલીના કારણે જ તેણે કેશીશ્રમણ સાથે પ્રશ્નચર્ચા કરી અને કેશીશ્રમણના સત્સંગે સત્યને સમજી, આત્મતત્ત્વને અનુભવી, વ્રત–નિયમોને ધારણ કરી, ક્ષમાના ઉત્તમ પરિણામો સાથે આરાધકભાવે મૃત્યુ પામી સૂર્યાભ દેવની સૂર્ય જેવી તેજસ્વી સ્થિતિને પામ્યો.

અહીં મુખ્ય વાત એ છે કે પ્રદેશીરાજાએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો, તેના શ્રાવક જીવનમાં પ્રદેશી રાજાએ જિનપ્રતિમાની પૂજા કરી હોય, તેવો કોઈ ઉલ્લેખ નથી પરંતુ સૂર્યાભદેવ ભવમાં જિનપ્રતિમાની પૂજાનો ઉલ્લેખ છે. તેથી તે વાત સ્પષ્ટ થઈ જાય છે કે તે જિનપૂજા, તે દેવોનો જીતવ્યવહાર છે. શ્રાવકો કે સાધુ માટે પૂજાનું વિધાન ક્યાંય પ્રાપ્ત થતું નથી.

પ્રસ્તુત સૂત્રના સંપાદન કાર્યમાં પૂ. મલયગિરિસૂરિજીની વૃત્તિ, લાડનૂંથી પ્રકાશિત મૂળપાઠ, પૂ. ઘાસીલાલજી મ.સા.નું સટીક રાજપ્રશ્નીયસૂત્ર તથા પંડિત શ્રી

બેચરદાસજી દોશીનું રાજપ્રશ્નીયસૂત્ર ઉપયોગી થયા છે. તે સર્વના અમો આભારી છીએ.

આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા., પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ.ના માર્ગદર્શન નીચે સંપાદન કાર્યવાહી આગળ વધી રહી છે, તેમાં ગુરુણીમૈયા પૂ. વીરમતી બાઈ મ.નો સાથ સહકાર અને પ્રેરણા અમારું બળ અને ટોનિક બની રહે છે. અમારા ગુરુકુળવાસી નાના-મોટા સર્વની શુભભાવના સાથેનો સહયોગ અમારું પાથેય છે. તેઓ સહુની ઉપકારિતા સામે નતમસ્તક બની જવાય છે. આ સાથે અમારા માતા-પિતાની ઉપકારિતા પણ સ્મરણપટ પર તાદશ થાય છે.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી બિન્દુબાઈ મ. અને સાધ્વી શ્રી રૂપલબાઈ મ.

પ્રસ્તુત શ્રી રાજપ્રશ્રીયસૂત્ર આગમ શ્રીનંદીસૂત્રના વર્ણન પ્રમાણે અંગબાહ્ય સૂત્ર છે. ઉપલબ્ધ વિભાજન પ્રમાણે તે બીજું ઉપાંગ સૂત્ર મનાય છે. તેમાં તજ્જીવ તચ્છરીરવાદની માન્યતા ધરાવતા પ્રદેશી રાજાનું કથાનક રજૂ થયું છે.

**પ્રસ્તુત આગમ નામ હેતુ :** શ્રી નંદીસૂત્રમાં અંગબાહ્ય ઉત્કાલિકશ્રુતની પરિગણનામાં પ્રસ્તુત આગમનું નામ'રાયપ્પસેણીય' જોવા મળે છે. તેનું સંસ્કૃત રૂપાંતરણ રાજપ્રશ્નીય છે. આ આગમ એક જિજ્ઞાસુ રાજાના પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે, તેથી તેનું નામ રાજપ્રશ્નીય રાખવામાં આવ્યું છે. પ્રદેશી રાજા અને કેશી શ્રમણ વચ્ચે થયેલી આ પ્રશ્નચર્ચા, આ આગમનું મહત્ત્વપૂર્ણ અંગ છે. કેશીકુમાર શ્રમણની યુક્તિઓ આત્મસ્વરૂપને સમજવા માટે સર્ચલાઈટની જેમ ઉપયોગી છે. આ પ્રશ્નોત્તરથી જ પ્રદેશી રાજા અરમણીયમાંથી રમણીય, અધાર્મિકમાંથી ધાર્મિક, નાસ્તિકમાંથી આસ્તિક, વિપથગામીમાંથી સત્પથગામી બન્યા. તેના જીવનનું આમૂલ–ચૂલ પરિવર્તન કરાવનાર, આ સંવાદ જ આ આગમનું હાર્દ છે. તેથી જ આ પ્રશ્નચર્ચાને, રાજાના પ્રશ્નોને આધારભૂત બનાવતું 'રાજપ્રશ્નીય' નામ સાર્થક છે.

**મુખ્યપાત્ર પરિચય :** સૂત્રકારે ચિત્ત સારથિ, પ્રદેશી રાજા અને કેશીકુમાર શ્રમણ, આ મુખ્ય ત્રણ પાત્રની આસપાસ જ આગમકથાની રચના થઈ છે. આ ત્રણે ય પાત્ર પોત-પોતાના સ્થાને મુખ્ય સ્થાન ધરાવે છે.

પ્રદેશી રાજા અને કેશી શ્રમણના મિલનમાં મુખ્ય ભૂમિકા ચિત્ત સારથિની છે. ચિત્ત, પ્રદેશી રાજાનો સારથિ, અમાત્ય અને કલ્યાણમિત્ર તેમજ વડીલબંધુ સમ હતો.

**પ્રદેશી રાજા :** પ્રસ્તુત આગમકથાનકનું મુખ્યપાત્ર પ્રદેશી રાજા છે. સૂત્રકારે પ્રદેશી રાજાના માધ્યમે જ વિપરીત માન્યતા, તેના પરિણામે સર્જાતા વૃત્તિઓના તાંડવો અને સત્ય સમજાઈ ગયા પછી તે વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, સાધના-આરાધનાના અંતે જીવનનું ઊર્ધ્વગમન, કેવી રીતે કરી શકાય છે, તેનું નિરૂપણ કર્યું છે.

**કેશીકુમાર શ્રમણ :** કેશીકુમાર શ્રમણ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પાટ પરંપરાના આચાર્ય હતા. તેઓ શ્રી પાર્શ્વપ્રભુના **ચતુર્થ પટ્ટધર** હતાં. પ્રથમ પટ્ટધર આચાર્ય **શુભદત્ત.** તેઓ શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રથમ **ગણધર** હતા. તેમનો જન્મ ક્ષેમપુરી નગરીમાં થયો હતો. તેઓએ બાવીસમા તીર્થંકરના શાસનવર્તી શ્રી સંભૂતમુનિ પાસે શ્રાવકવ્રત અંગીકાર કર્યા હતા અને માતા-પિતાના મૃત્યુથી વૈરાગ્યવાસિત બન્યા. ત્યાર પછી શ્રી પાર્શ્વપ્રભુના પ્રથમ ઉપદેશ શ્રવણપછી દીક્ષા અંગીકાર કરી પ્રથમ ગણધર બન્યા.

તેમના ઉત્તરાધિકારી આચાર્ય **હરિદત્તસૂરિ** થયા. તેઓએ વેદાન્તાચાર્ય લોહિયને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી, પ્રતિબોધિત કરી, તેમના ૫૦૦ શિષ્યોની સાથે દીક્ષિત કર્યા હતા.

**તૃતીય** પટ્ટધર આચાર્ય **સમુદ્રસૂરિ** થયા. તેમના સમયમાં વિદેશી નામના આચાર્યે ઉજ્જયિની નગરીના અધિપતિ જયસેન રાજા, અનંગસુંદરી મહારાણી અને કેશી નામના રાજકુમારને દીક્ષિત કર્યા હતા. રાજકુમારે કૌમાર્યાવસ્થામાં દીક્ષા લીધી હોવાથી તે કેશીકુમાર શ્રમણના નામે પ્રખ્યાતી પામ્યા હતા. તેઓ **ચોથા પટ્ટધરરૂપે** આચાર્યપદે બિરાજમાન થયા અને તેમણે પ્રદેશી રાજાનું જીવન પરિવર્તન કરાવ્યું હતું.

**केशिनामा तद्विनेयः यः प्रदेशीनरेक्तरम् ।**
**प्रबोध्य नास्तिकाद् धर्माद् जैनधर्मेऽध्यरोपयत् ॥**

– નાભિનન્દોદ્ધાર પ્રબન્ધ.

**અર્થ :–** કેશી શ્રમણ નામના તેમના(સમુદ્રસૂરિના) શિષ્ય હતા. જેઓએ પ્રદેશી રાજાને નાસ્તિક ધર્મમાંથી પ્રતિબોધિત કરી, જૈનધર્મમાં સ્થાપિત કર્યા હતા.

**બે કેશી શ્રમણ :–** આગમ સાહિત્યમાં શ્રી રાજપશ્રીય સૂત્ર અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, આ બે આગમોમાં કેશીકુમાર શ્રમણના નામનો ઉલ્લેખ જોવા મળે છે. બંનેના નામમાં સામ્યતા છે પણ તે બંને એક નથી. પ્રદેશી રાજા પ્રતિબોધક કેશીકુમાર શ્રમણ ચૌદપૂર્વી અને ચાર જ્ઞાનના ધારક હતા અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કથિત ગૌતમસ્વામી સાથે ચર્ચા કરનાર કેશીકુમાર શ્રમણ ત્રણ જ્ઞાનના ધારક હતા.

**રાજપ્રશ્નીય સૂત્ર આધારિત વ્યાખ્યા સાહિત્ય :** રાજપ્રશ્નીયસૂત્ર કથાસૂત્ર હોવાથી તેના ઉપર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિની રચના કરવામાં આવી નથી. સહુ પ્રથમ આચાર્ય મલયગિરિજીએ તેના ઉપર સંસ્કૃત ટીકા નિર્માણ કરી. શ્રી મલયગિરિજીએ પોતાની ટીકા(વૃત્તિ)માં મૂળસૂત્ર અને તેના શબ્દાર્થની વ્યાખ્યા કરીને તેના ભાવાર્થનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

શ્રી રાયપસેણીય સૂત્ર ઈ.સ. ૧૮૮૦માં બાબુ ધનપતિસિંહજીએ મલયગિરિજીની વૃત્તિ સહિત પ્રકાશિત કરાવ્યું. ઈ.સ. ૧૯૨૫માં આગમોદય સમિતિ મુંબઈ દ્વારા અને વિ.સં. ૧૯૯૪માં ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ દ્વારા આ સૂત્ર સટીક પ્રકાશિત થયું. વિ.સ. ૨૪૪૫માં પૂ. અમોલકઋષિજી મ. દ્વારા સંપાદિત હિન્દી અનુવાદ અને ઈ.સ. ૧૯૬૫માં પૂજ્ય શ્રી ઘાસીલાલજી મ.સા. દ્વારા રચિત સંસ્કૃત વ્યાખ્યા અને હિન્દી-ગુજરાતી અનુવાદ સાથે જૈનશાસ્ત્રોધાર સમિતિ, રાજકોટ દ્વારા આ સૂત્ર પ્રકાશિત થયું. ઈ.સ. ૧૯૩૫માં પંડિત બેચરદાસ જીવરાજ દોશીનો ગુજરાતી અનુવાદ લાધાજીસ્વામી પુસ્તકાલય–લીંબડીથી અને વિ.સં. ૧૯૯૪માં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદથી પ્રકાશિત થયો. ઈ.સ. ૧૯૯૧માં પૂજ્ય શ્રી મિશ્રીમલજી મ.(મધુકર)નો હિન્દી અનુવાદ વિવેચન સાથે આગમ પ્રકાશન સમિતિ–બ્યાવરથી પ્રકાશિત થયો. ઈ.સ ૧૯૯૨માં વિશ્વ ભારતી લાડનુંથી મૂળપાઠનું સંસ્કરણ થયું છે. આ સિવાય અજ્ઞાત કેટલાય સ્થાનોમાંથી આ સૂત્રનું પ્રકાશન થયું છે. તેમાં એક નવી કડી ઉમેરતા શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન

દ્વારા શ્રી રાજપ્રશ્નીયસૂત્ર ગુજરાતી અનુવાદ, ભાવાર્થ-વિવેચન સાથે પ્રકાશિત થઈ રહ્યો છે.

**આભાર દર્શન :–**

સંયમ જીવનની ગાડીને જ્ઞાન–દર્શનના પાટા ઉપર સરિયામ દોડાવવી હોય તો જરૂર છે ગુરુકૃપાના ઈંધનની. **ગુરુકૃપા હિ કેવલં,** આ સૂત્રબળે જ જાણે કે અણમોલા અવસરને અમ જીવનમાં અમે વધાવી શક્યા.

પ્રાણ પરિવારમાં સાધક જીવન પામવાનું અમે સૌભાગ્ય સાંપડ્યું અને સૌરાષ્ટ્ર કેસરી પૂજ્યપાદ શ્રી પ્રાણ ગુરુદેવની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ગુજરાતી આગમ બત્રીસીના અનુવાદ કાર્યમાં અમને આંશિક પણ લાભ મળ્યો, એ લાભને પ્રાપ્ત કરતાં આજે પણ હૃદય ગદ્‌ગદિત બની જાય છે. પૂ. પ્રાણ ગુરુદેવ વિષે વારંવાર મન વિચારે ચઢે છે–

**નથી નિહાળી મૂર્તિ જેની, નથી કર્યા જેના દર્શન,**
**શું ગાઉં ગુરુ ગુણ, બહુધા વિચારીને કરું હૃદયમાં સ્પર્શન.**

ગુર્વાદિકો પાસે એ ઉપકારી ગુરુવર્યના જીવન-કવનને સાંભળ્યું છે. એ સાંભળતાં સાંભળતાં પણ નત મસ્તકે એ પાવન ચરણોમાં ઝૂકી જવાય છે.

આજે ગુરુપ્રાણ આગમ બત્રીશીનું ચોવીસમું આગમરત્ન પ્રકાશિત થાય છે, એ સમયે સ્મરણ પટે આવે છે ઉપકારીઓના અનંત ઉપકારો...

**અજ્ઞાની જીવોની આંખડી ખોલી, બારે પર્ષદા દેશનાથી ડોલી,**
**વચનો ઉચ્ચારે છે તોળી તોળી, એવા પ્રભુની વાણી અણમોલી.**

એ અણમોલી વાણીને આત્માગમથી અવધારનાર શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામી, અનંતરાગમથી અવધારનાર ગણધર ભગવંતો અને પરંપરાગમથી આપણા સુધી પહોંચાડવા માટે અનેક સ્થવિર આચાર્ય ભગવંતોએ શાસ્ત્રોને પ્રવાહિત કર્યા છે, તેવા આચાર્ય ભગવંતો તથા અમ શ્રદ્ધામૂર્તિ સાધક બેલડી પૂ. જય–માણેક ગુરુદેવ તથા પ્રાણ ગુરુદેવના ચરણે ભાવવંદન.

જેમણે અમ જીવનમાં અનંત ઉપકાર કર્યો છે, અણઘડ પથ્થરને વાંચણીના ટાંકણાં વડે કંડારીને સંયમ સોપાને ચડાવ્યા છે, એવા તપસમ્રાટ પૂજ્ય તપસ્વી ગુરુદેવ **શ્રી રતિલાલજી મ.સા.** સમયે-સમયે સ્મૃતિપટે બિરાજમાન થાય છે. જેમના આશીર્વાદથી અલ્પમતિ એવા અમે આ શ્રુતસેવામાં આંશિક પણ સફળતાને પામ્યા છીએ; એ ગુરુ ચરણોમાં ભાવવંદન.

તદનંતર અમ ગુરુકુળના શિરોમણિ પૂ. શ્રી જયંત–ગિરીશ–જનક–જગદીશ ગુરુ ભગવંતોને નત મસ્તકે વંદન કરીને યાદ કરું છું. વર્તમાને અંકાઈ મુકામે બિરાજીત તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીના સુશિષ્ય ધ્યાની યોગીરાજ ગુરુદેવ પૂ. શ્રી હસમુખમુનિજી મ. સા.ના ચરણોમાં પણ અહોભાવે મસ્તક ઝુકી જાય છે. આ સાથે ગુરુબંધુ શ્રી ગજેન્દ્રમુનિ, શ્રી નમ્રમુનિને વંદના કરીએ છીએ.

નિઃસ્વાર્થભાવે અમારા કાર્યમાં સંપૂર્ણ રીતે સહયોગી બનનાર આગમમનીષી પૂ.

ત્રિલોકમુનિ મ.સા.ના પણ અમે ઋણી છીએ.

હવે દૃષ્ટિ જાય છે અમ ગુરુકુળવાસી સાધ્વી સમુદાયના શિરોમણિ સર્વ ગુરુણી ભગવંતો– પૂજ્યવરા **પૂ. મોટા સ્વામીશ્રી પૂ. મુક્તાબાઈ મ.,** પ્રધાન સંપાદિકા, ભાવયોગિની પૂ. બા. બ્ર. **સાહેબજીશ્રી પૂ. લીલમબાઈ મ.** જેઓએ આગમના અનુવાદમાં ભાવપ્રાણ પૂર્યા છે, અમને હળવા બનાવ્યા છે. આ મહદ્‌કાર્યના ઉદ્‌ભાવિકા સ્વ. પૂ. ઉષાબાઈ મ., પૂ. ભારતીબાઈ મ., પૂ. વીરમતીબાઈ મ., પૂ. પ્રિયદર્શનાબાઈ મ., પૂ. સુધાબાઈ મ., પૂ. વિદુબાઈ મ. તથા સહ સંપાદિકા ડૉ. સાધ્વી આરતી અને સાધ્વી સુબોધિકા, આ સર્વ અમ સંયમ યાત્રાના સાથી-સહકારીના સહિયારા પુરુષાર્થ, આશીર્વાદ અને પ્રેરણાએ અમારા કાર્યને વેગ સાંપડ્યો છે. બા. બ્ર. પૂ. વીરમતીબાઈ મ.ના સુભાશીષ તરંગોમાં પ્લાવિત બની, તેમના મંગલ સાંનિધ્યમાં અમે અનુવાદ કાર્ય સંપન્ન કર્યું છે. આ અવસરે અમો તેમના ઉપકાર સ્મૃતિને હૃદયસ્થ કરીએ છીએ. અમ ઉપકારીઓમાં કેટલાક દૂધમાં સાકરની જેમ ભળી ગયા, તો કેટલાક દૂધમાં કેસરની જેમ છવાઈ ગયા. સહુના સાથ અને સહકારથી અમે શ્રુતગંગામાંથી ચુલ્લુભર વારિનું આચમન કરવા-કરાવવા સમર્થ બન્યા છીએ. તે સર્વના ચરણોમાં નત મસ્તકે ભાવવંદન. આ તકે પરોક્ષ પ્રેરણાદાતા સ્વ. પૂ. હર્ષિદાબાઈ મ.ને પણ શ્રદ્ધાભાવે યાદ કરી ભાવ વંદન.

આ આગમના અનુવાદ માટે અમે મુખ્યતાએ શ્રમણસંઘીય પૂ. શ્રી મધુકરમુનિજી મ. સા. લિખિત હિંદી આગમનો આધાર લીધો છે. શ્રમણી વિદ્યાપીઠમાં અભ્યાસ કરાવતાં પંડિતજી શોભાચંદ્ર ભારિલ્લજી, શ્રી નરેન્દ્ર ઝા કે જેમણે આપેલું જ્ઞાન, આ અવસરે ઉપયોગી થયું છે તેથી તે પંડિતજીઓને પણ કૃતજ્ઞભાવે યાદ કરીએ છીએ. આ આગમને પ્રકાશમાં લાવનાર શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન પ્રકાશન સમિતિના માનદ્ સભ્યોશ્રી તથા સર્વ પ્રકાશન કાર્યનો ભાર પ્રમુખરૂપે વહન કરનાર શ્રીયુત્ ચંદ્રકાંતભાઈ શેઠનો પણ આભાર માનીએ છીએ. પ્રુફ સંશોધનમાં સહયોગી મુકુંદભાઈ તથા મુદ્રણ કરનાર નેહલભાઈને પણ આ તકે યાદ કરીએ છીએ.

શ્રી અશોકભાઈ તથા મુકેશભાઈએ અમારા(બિંદુબાઈ મ.ના) સંયમ રજત જયંતિના શુભ નિમિત્તે માતા સવિતાબેન કાંતિલાલ ઠોસાણીને અગ્રસર કરીને આ આગમના શ્રુતાધાર બનીને જિનવાણીનું બહુમાન કર્યું છે. તેમની શ્રદ્ધા-ભક્તિને ધન્યવાદ... ઋણ સ્વીકારની આ ઉજળી તકે સર્વ નામી-અનામી ઉપકારીઓનું હાર્દિક અભિનંદન.

પ્રમાદ, અજ્ઞાનતા કે છદ્મસ્થ બુદ્ધિને કારણે અમારાથી અજાણતાં પણ શ્રુતજ્ઞાન અને શ્રુતધરોની અશાતના થઈ હોય તો ત્રિવિધ-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

**ગુરુચરણોપાસિકા**
**સાધ્વી બિન્દુ–સાધ્વી રૂપલ..**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી રાયપસેણીય સૂત્ર

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

પૂ. શ્રી બિંદુબાઈ મ. તથા

પૂ. શ્રી રૂપલબાઈ મ.

આ ઉત્કાલિક સૂત્ર છે. તેના મૂળ પાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે થઈ શકે છે.

# રાયપસેણીય સૂત્ર

## કથા સાર

પ્રસ્તુત આગમમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં થયેલા પ્રદેશી રાજાના વર્ણનની અંતર્ગત ભૂતકાલીન પ્રદેશી રાજાના ભવનું, વર્તમાન કાલીન સૂર્યાભદેવના ભવનું અને ભવિષ્યકાલીન દઢપ્રતિજ્ઞના ભવનું વર્ણન છે.

આ આગમ એક શ્રુતસ્કંધ રૂપે વર્ણિત છે. તેમાં અધ્યયનાદિ રૂપ વિભાજન નથી. તેમાં સળંગ કથાનક છે, તેમ છતાં તેમાં વર્ણિત બે ભવોના આધારે પ્રસ્તુતમાં તેના બે વિભાગ કર્યા છે.

પ્રથમ વિભાગમાં સૂર્યાભવિમાન અને સૂર્યાભદેવનું વર્ણન છે. બીજા વિભાગમાં પ્રદેશી રાજાનું વિસ્તૃત અને દઢપ્રતિજ્ઞનું સંક્ષિપ્ત વર્ણન છે.

**પ્રથમ વિભાગ : સૂર્યાભદેવ ભવ :–**

સૌધર્મ નામના પ્રથમ દેવલોકના સૂર્યાભવિમાનના અધિપતિ સૂર્યાભદેવે અવધિજ્ઞાન અને અવધિ દર્શન દ્વારા આમલકલ્પા નગરના ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામીને જોયા. ભગવાનના દર્શન થતાં જ, તેઓ સિંહાસન ઉપરથી ઊભા થઈ ગયા અને ભગવાન જે દિશામાં હતા, તે દિશામાં પ્રભુને વંદન કર્યા.

પ્રભુના પ્રત્યક્ષ દર્શન કરવાનો વિચાર કરીને, સૌ પ્રથમ આભિયોગિક(સેવક) દેવોને પ્રભુની આસપાસની ભૂમિને સ્વચ્છ અને સુગંધિત કરવા મોકલ્યા. ત્યાર પછી સેનાપતિ દેવ દ્વારા સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓને પ્રભુ દર્શનાર્થે આવવા ઉદ્‌ઘોષણા કરાવી. સૂર્યાભદેવની આજ્ઞાથી સેવક દેવોએ એક લાખ યોજનના અપૂર્વ અને અદ્‌ભુત યાન-વિમાનની વિકુર્વણા–રચના કરી.

**યાન–વિમાન :–** તે યાન-વિમાનની ત્રણ બાજુએ ત્રણ પગથિયાવાળી સોપાન શ્રેણી બનાવી. તે સોપાન શ્રેણીની આગળ અષ્ટમંગલ સ્થાપિત હોય તેવા તોરણો બનાવ્યા. તે યાન-વિમાનને પંચરંગી ધ્વજા, છત્ર, ઘંટ, કમળોના ગુચ્છથી સુશોભિત બનાવ્યું. યાન-વિમાનની અંદરના ભૂમિતલમાં સુગંધિત, કોમળ સ્પર્શ-વાળા પંચવર્ણી મણિઓ જડ્યા. તે યાનની મધ્યમાં અનેક સ્તંભો ઉપર એક પ્રેક્ષાગૃહ મંડપ ઊભો કર્યો. તે પ્રેક્ષાગૃહ મંડપની મધ્યમાં મણિમય ઓટલા ઉપર સૂર્યાભદેવનું સિંહાસન ગોઠવ્યું. તેની ઉપર શ્વેત દેવદૂષ્ય ચંદરવારૂપે બાંધી તેમાં મોતી અને મણિનિર્મિત ઝુમ્મર લટકાવ્યું. સૂર્યાભદેવના સિંહાસનની આજુબાજુ તેની દેવીઓ, સામાનિક દેવો, ત્રણે પરિષદના દેવોના, સેનાપતિઓના અને અંગરક્ષક દેવોના ભદ્રાસનો ગોઠવ્યા.

સૂર્યાભદેવ તથા અન્ય દેવો પોત-પોતાના આસન ઉપર બેસી ગયા પછી યાનમાં સૌથી આગળ અષ્ટ મંગલ, ત્યાર પછી પૂર્ણકળશ, ઝારી, દિવ્યછત્ર, ચામરો, વૈજયંતી પતાકા, દાસ દેવોના ખંભા ઉપર સ્થાપિત સિંહાસન, આકાશને સ્પર્શતો મહેન્દ્ર ધ્વજ, આ સર્વે યથાસ્થાને ગોઠવાઈ ગયા પછી તે યાન-વિમાને તીવ્ર વેગવાળી ગતિથી પ્રયાણ કર્યું અને સૌધર્મ કલ્પના ઉત્તરી નિર્યાણ માર્ગથી નીચે ઉતરતું અસંખ્યાત દ્વીપ સમુદ્રને પસાર કરી, ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા, ત્યાં ઉતર્યું.

પોતાના પરિવાર સાથે સૂર્યાભદેવે ભગવાનની સમક્ષ આવીને ભગવાનને વંદન-નમસ્કાર કર્યા,

પ્રભુની દેશના (ઉપદેશ) સાંભળીને પછી પોતે પૂછેલા અને ભગવાને આપેલા ઉત્તર દ્વારા પોતે ભવ્ય, સમ્યગ્દષ્ટિ, પરિત્ત સંસારી, સુલભબોધિ, આરાધક અને ચરમ છે, તેવું જાણીને અત્યંત આનંદિત થયા.

ભક્તિવશાત્ ગૌતમાદિ અણગારોને પોતાની દિવ્યઋદ્ધિ બતાવવા સૂર્યાભદેવે પોતાની બંને ભુજામાંથી ૧૦૮ દેવકુમારો અને ૧૦૮ દેવકુમારિકાઓ બહાર કાઢી અને વાજિંત્રોના નાદ, તાલ સાથે ૩૨ પ્રકારના નાટક બતાવ્યા. તેમાં અષ્ટમંગલ, ક, ખ વગેરે નાટકોમાં તે દેવકુમારો અને દેવકુમારીકાઓએ તે-તે આકારે ગોઠવાઈને અભિનયો કર્યા અને સૂર્યોદય-ચંદ્રોદય વગેરે નાટકોમાં તે-તે દશ્યો પ્રગટ કર્યા. બત્રીસમા નાટકમાં ભગવાન મહાવીર સ્વામીના પૂર્વભવો અને અંતિમ ભવના જન્મથી નિર્વાણ પર્યંતની જીવન ઘટના તાદશ કરી બતાવી. ત્યાર પછી સૂર્યાભદેવે પોતાની આ ઋદ્ધિને સંકેલી લીધી અને પોતાના પરિવાર સાથે પ્રભુને વંદન કરી, દિવ્ય યાન-વિમાનમાં બેસી પાછા ફર્યા.

સૂર્યાભદેવ અને સૂર્યાભવિમાન વિશે ગૌતમસ્વામીની જિજ્ઞાસા પૂર્ણ કરવા ભગવાને સૂર્યાભ વિમાનનું વર્ણન કર્યું.

**સૂર્યાભવિમાનનું સ્થાન :–** ઊર્ધ્વલોકમાં સૌધર્મકલ્પ નામના પ્રથમ દેવલોકના ૩૨ લાખ વિમાનોની મધ્યમાં પાંચ શ્રેષ્ઠ વિમાનો છે. ચાર દિશામાં અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, આમ્રાવતંસક અને તે ચારની મધ્યમાં સૌધર્માવતંસક વિમાન છે. તે સૌધર્માવતંસક વિમાનની પૂર્વદિશામાં તિરછા અસંખ્યાત યોજન દૂર સાડાબાર લાખ યોજન લાંબુ-પહોળું સૂર્યાભવિમાન સ્થિત છે.

**દરવાજાઓ :–** તે સૂર્યાભવિમાનની ચારે બાજુ ૩૦૦ યોજન ઊંચો કોટ છે. તે સૂર્યાભવિમાનની ચારેબાજુ હજાર-હજાર શ્વેતવર્ણી દરવાજાઓ છે. તે ચાર હજાર દરવાજાઓમાં પ્રત્યેક દરવાજાની બંને બાજુએ ૧૬-૧૬ બેઠકો અને તે બેઠકો ઉપર ૧૬-૧૬ની સંખ્યામાં હારબંધ ચંદન કળશો, ખીંટીઓ પર લટકતી લાંબી માળાઓ, ધૂપપાત્ર મૂકેલા શીકાઓ, પૂતળીઓ, ઝરુખાઓ, ઘંટાઓ, વનરાજીઓ, મહેલો અને તોરણો છે.

તે તોરણોની આગળ બે-બેની સંખ્યામાં અશ્વાદિ યુગલો, પદ્માદિ લતાઓ, દિશાસ્વસ્તિકો, ઝારીઓ, અરીસાઓ, ચોખા ભરેલા હોય તેવા દેખાતા વજનાભ થાળો; ફળાદિ ભરેલા હોય તેવા દેખાતા પાત્રો, ઔષધિ ભરેલી હોય તેવા દેખાતા શકોરાઓ, જેમાં કોરા ઘડા મૂકેલા છે તેવા લટકતા શીકાઓ, રત્નકરંડિયાઓ, અશ્વકંઠો, પુષ્પાદિની છાબડીઓ, તેના ઢાંકણાઓ, સિંહાસનો, છત્રો, ચામરો, તેલાદિના પાત્રો મૂકેલા છે.

સૂર્યાભવિમાનના તે ચાર હજાર દરવાજાઓ પર ચક્ર-ધ્વજાદિ ૧૦૮૦ ધ્વજાઓ લહેરાતી રહે છે. તે દરવાજાઓ ઉપર પાંસઠ-પાંસઠ ભવનો છે.

**વનખંડો :–** સૂર્યાભવિમાનની ચારે દિશામાં ૫૦૦ યોજનના વિસ્તારવાળા ચાર વનખંડો છે. તે વનખંડોમાં અનેક વાવડીઓ, પુષ્કરિણીઓ, નદીઓ, સરોવરો છે. તેમાં ઉત્પાત પર્વત, નિયતિ પર્વત, જગતી પર્વત, દારુપર્વતાદિ છે. તે જળાશયોમાં જળમંડપ, જળમહેલાદિ છે. તે પર્વતો ઉપર હંસાસનાદિથી યુક્ત હિંડોળાઓ છે. તે વનખંડોમાં આલીગૃહો, કદલીગૃહો વગેરે અનેક પ્રકારના ગૃહો અને અનેક પ્રકારના લતામંડપો છે. તે ગૃહો અને મંડપોમાં વિવિધ આકારવાળી, કોમળ સ્પર્શવાળી શિલાઓ છે. સૂર્યાભ-વિમાનવાસી દેવ-દેવીઓ ત્યાં ફરે છે, રમણ કરે છે, વિશ્રામ કરે છે. તે ચારે ય વનખંડમાં તેના અધિપતિ દેવોના શ્રેષ્ઠ મહેલ છે. વનખંડમાં વર્ણિત વનસ્પતિ સૂચક સર્વે ય પદાર્થો રત્નાદિમય પૃથ્વીકાયના છે.

**સુધર્માદિ પાંચ સભા :–** સૂર્યાભવિમાનની બરોબર મધ્યમાં સૂર્યાભદેવનો મુખ્ય અને ઉત્તમ મહેલ છે.

મુખ્ય મહેલની ચારેય દિશામાં ચાર મહેલો અને તેના ફરતે અન્ય ચાર મહેલો છે. તે ચારે મહેલોની ફરતે ચાર મહેલો અને તેના ફરતે અન્ય ચાર મહેલો છે. આ રીતે મુખ્ય મહેલની ચોમેર કુલ ૨૫૬ મહેલો પથરાયેલા છે.

મુખ્ય મહેલની ઈશાનવિદિશામાં સુધર્માસભા છે. તે સુધર્માસભામાં પૂર્વ, દક્ષિણ અને ઉત્તર, આ ત્રણ દિશામાં ત્રણ દ્વાર છે. તે ત્રણે પ્રવેશદ્વાર સામે મુખમંડપ-પ્રવેશમંડપ છે. તે મુખમંડપમાં પણ ત્રણ દિશામાં ત્રણ દ્વાર છે. પ્રત્યેક મુખમંડપની આગળ પ્રેક્ષાગૃહ મંડપ છે અને તેની મધ્યમાં સિંહાસન છે. પ્રત્યેક પ્રેક્ષાગૃહ મંડપ સામે એક-એક સ્તૂપ છે, સ્તૂપ આગળ ચૈત્યવૃક્ષ, તેની આગળ માહેન્દ્રધ્વજ અને તેની આગળ નંદાપુષ્કરિણી છે.

તે સુધર્મસભાની અંદર પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં કુલ મળીને ૪૮૦૦૦ બેસવાના ઓટલા અને તેટલી જ સૂવાની શય્યાઓ છે.

સુધર્મા સભાની મધ્યમાં માણવકસ્તંભ છે. તે સ્તંભ ઉપર અનેક શીકાઓ લટકે છે અને તે શીકાઓમાં જિનઅસ્થિ રાખેલા દાબડાઓ છે.

આ માણવક સ્તંભની પશ્ચિમમાં દેવશય્યા છે. દેવશય્યાના ઈશાન કોણમાં માહેન્દ્રધ્વજ અને તેની પશ્ચિમમાં સૂર્યાભદેવનો શસ્ત્ર ભંડાર છે.

સુધર્મા સભાની ઈશાન વિદિશામાં સિદ્ધાયતન, તેની ઈશાન વિદિશામાં ઉપપાત સભા છે. તે ઉપપાત સભાની મધ્યમાં સૂર્યાભદેવની ઉત્પન્ન થવાની શ્વેત દેવદૂષ્યથી ઢંકાયેલી દેવશય્યા છે. ઉપપાત સભાની ઈશાન વિદિશામાં એક જળાશય છે. તે જળાશયની ઈશાન વિદિશામાં અભિષેક સભા છે, તેમાં અભિષેક સામગ્રીઓ છે. અભિષેક સભાની ઈશાન વિદિશામાં અલંકાર સભા છે. તેમાં સૂર્યાભદેવના અલંકાર-આભૂષણો છે. અલંકાર સભાની વિદિશામાં વ્યવસાય સભા છે. તેમાં સૂર્યાભદેવના ધર્મ-ફરજ(કર્તવ્યો)ને સૂચવતું પુસ્તક રત્ન છે.

ચોથા આરાના અંતિમ ભાગમાં સૂર્યાભદેવ ઉપપાત સભાની દેવશય્યામાં ઉત્પન્ન થયા. નવા ઉત્પન્ન થયેલા સૂર્યાભદેવે જળાશયમાં સ્નાન કર્યું, અભિષેક સભામાં સામાનિક વગેરે દેવોએ તેમનો સૂર્યાભવિમાનના અધિપતિપણાનો અભિષેક કર્યો. અભિષિક્ત સૂર્યાભદેવ અલંકારસભામાં અલંકૃત થયા અને વ્યવસાય સભામાં પુસ્તકરત્ન વાંચી પોતાના કાર્યોથી માહિતગાર થયા અને સુધર્મા સભામાં આવીને સિંહાસનારૂઢ થયા અને યથાવસરે પ્રભુ મહાવીરસ્વામીના દર્શન કરવા આવી, દિવ્ય નાટકો બતાવ્યા.

સૂર્યાભદેવની સ્થિતિ ચાર પલ્યોપમની છે. તેના ચાર હજાર સામાનિક દેવો છે. ચાર અગ્રમહિષીઓ ત્રણ પરિષદ, સાતસેના અને સાત તેના સેનાપતિ છે, સોળહજાર આત્મ રક્ષક દેવો છે. પૂર્વભવમાં આચરેલા તપ, વ્રત, સમતાદિ અનુષ્ઠાનોના ફળ સ્વરૂપે સૂર્યાભદેવને આ મહાન ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે. આચરિત ધર્મારાધનાઓનું વર્ણન કરતાં ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ પ્રભુ સમક્ષ પ્રદેશી રાજાનું જીવન વર્ણવ્યું છે.

## દ્વિતીય વિભાગ : પ્રદેશી રાજાનો ભવ :–

કેકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશી નામનો રાજા હતો. તે અધાર્મિક, ચંડ, રૌદ્ર, સાહસિક અને ઘાતક હતો. તે શરીરથી ભિન્ન આત્માના અસ્તિત્વને સ્વીકારતો ન હતો. મરણ પછી પુનર્જન્મ અને પુણ્ય-પાપજનક પ્રવૃત્તિ દ્વારા સુખ-દુઃખનું નિર્માણ થાય છે વગેરે કર્મ સિદ્ધાંતોમાં તે શ્રદ્ધા ધરાવતો ન હતો.

તે શ્રમણ-બ્રાહ્મણ, ગુરુજનોનો વિનય સાચવતો નહીં, એટલું જ નહીં તે પોતાના દેશનો કારભાર પણ બરાબર ચલાવતો નહીં.

તેનો મિત્ર કહો, અમાત્ય કહો કે સારથિ કહો કે વડીલ ભ્રાતા કહો, તેવો એક ચિત્ત નામનો સારથિ હતો. તે ચિત્ત, પ્રદેશી રાજાની આવી નાસ્તિકવાદી વિચારસરણી પ્રત્યે બહારથી ઉદાસીન લાગતો હતો પણ અંદરથી તે રાજાને સમજાવવાનો અવસર શોધ્યા કરતો હતો.

એકવાર તે રાજકીય કાર્ય માટે કુણાલદેશની શ્રાવસ્તી નગરીમાં ગયો. ત્યાં પાર્શ્વનાથની પરંપરાના કેશી નામના શ્રમણ પધાર્યા. તેમના ધર્મોપદેશથી ચિત્તે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો, બારવ્રતોને ધારણ કર્યા.

કેશી શ્રમણના સંપર્કથી ચિત્તને એમ લાગ્યું કે આ અણગાર પ્રદેશી રાજાને સમજાવવામાં, સુધારવામાં સમર્થ છે. જો રાજાનું હૃદય પરિવર્તન થાય, વૃત્તિમાં કોમળતા આવે, તો આખા દેશનું કલ્યાણ થાય અને દેશની સમસ્ત જનતા સુખનો શ્વાસ લઈ શકે; આવા વિચાર સાથે તેને કેશી શ્રમણને પ્રદેશી રાજાની અધાર્મિકતા અને તેના કારણે થતી દેશની દુર્દશાની કથની કહી અને શ્વેતાંબિકા પધારવાની વિનંતી કરી. તેની વારંવારની આગ્રહપૂર્ણ વિનંતીને લક્ષ્યમાં રાખી કેશીશ્રમણ શિષ્ય મંડળ સાથે યથાવસરે શ્વેતાંબિકા પધાર્યા.

ચિત્તે કેશી શ્રમણને વંદન-નમસ્કાર કરી આદરપૂર્વક કહ્યું કે હું ગમે તે બહાને પ્રદેશી રાજાને આપની પાસે લઈ આવીશ. આપ અમારા રાજાને ધર્મ-અધર્મની સમજણ આપજો. જે સમજાવવું હોય તે નીડરપણે, અચકાયા વિના, ગ્લાન બન્યા વિના સમજાવજો.

એક દિવસ ચિત્તે તક જોઈને રાજાને અશ્વ પરીક્ષા માટે કહ્યું અને બંને ય જણા રથમાં બેસી નગરીથી બહાર નીકળ્યા. ચિત્તે રથને પૂરપાટ દોડાવ્યો અને રાજાને બહુ દૂર લઈ ગયો. રાજા ગરમી અને ધૂળથી એકદમ થાકી ગયા ત્યારે ચતુર અને સમયજ્ઞ ચિત્તે વિશ્રાંતિ માટે જ્યાં કેશી શ્રમણ બિરાજમાન હતા, તે જ ઉદ્યાન પસંદ કર્યું.

ઉદ્યાનમાં બંને વિશ્રામ કરતા હતા. ત્યાં રાજાના કાને કેશી શ્રમણનો અવાજ અથડાયો. વિશ્રાંતિમાં ખલેલ પહોંચતા પ્રદેશીએ ચિત્તને પૂછ્યું– આટલા મોટે-મોટેથી આ કોણ અને શા માટે બરાડા પાડે છે ? ત્યારે ચિત્તે ઘણી જ નમ્રતાથી કેશી શ્રમણનો પરિચય આપ્યો અને તેમની વિદ્વત્તાની પ્રશંસા કરી. તે સાંભળી સરળ સ્વભાવી રાજા કેશી શ્રમણને મળવા ઉત્સુક થયા અને બંને કેશી શ્રમણ પાસે ગયા.

રાજાએ કેશીશ્રમણને કહ્યું કે આત્માને જાણવા, જોવા, શોધવા, પ્રાપ્ત કરવા મેં ઘણા પ્રયોગો કરી જોયા છે, પણ તે પ્રયોગોમાં મને નિષ્ફળતા મળી છે. હું આત્માને જોઈ શક્યો નથી. મારા તે પ્રયોગોના અંતે હું એ નિર્ણય પર આવ્યો છું કે શરીરથી જુદો કોઈ આત્મા નથી. આત્મા કહેવો જ હોય તો શરીરને જ આત્મા કહેવો પડશે. જે શરીર છે, તે જ આત્મા છે અને જે આત્મા છે તે જ શરીર છે. અનેક તર્કો દ્વારા પણ શરીર અને આત્મા એક છે, તે જ વાત સિદ્ધ થાય છે. આત્મા નથી તેથી પુણ્ય-પાપ, પુનર્જન્મ પણ નથી. પ્રદેશીએ કેશી શ્રમણ સમક્ષ દસ તર્કો–પ્રયોગો રજૂ કર્યા અને કેશી શ્રમણે દષ્ટાંત દ્વારા તે તર્ક–પ્રયોગોમાં જે-જે ભૂલ હતી, તેનો નિર્દેશ કરીને શરીરથી આત્મા ભિન્ન છે, તેવું સિદ્ધ કર્યું.

**(૧) પ્રદેશી–** નરકે ગયેલા મારા દાદા મને અધર્મ ન આચરવાનું કહેવા આવતા નથી, માટે હું શરીર અને આત્માને એક માનું છું.

**કેશીશ્રમણ–** રાણી સાથે કામસેવન કરતાં પકડાયેલો પુરુષ સ્વજનો પાસે જઈ શકતો નથી, તેમ ભયંકર વેદનાદિની પરતંત્રતાના કારણે નારકીઓ અહીં આવી શકતા નથી.

**(૨) પ્રદેશી–** દેવલોકમાં ગયેલા મારા દાદી મને(તેના વહાલા પૌત્રને) ધર્મ આચરવાનું કહેવા આવતા નથી માટે હું શરીર અને આત્માને એક માનું છું.

**કેશી શ્રમણ–** સ્નાનાદિ કરી મંદિરમાં જતો પુરુષ સંડાસમાં જતો નથી, તેમ મનુષ્ય લોકની દુર્ગંધ અને દેવલોકના દિવ્ય કામભોગાદિ કારણોથી દેવો અહીં આવી શકતા નથી.

**(૩) પ્રદેશી–** લોઢાની કોઠીમાં પૂરેલો પુરુષ મરી જાય ત્યારે આત્મા તેમાંથી નીકળે તો કોઠીમાં છિદ્ર કે તડ પડે; પણ તેમ થતું નથી, તે મારી માન્યતાને પુષ્ટ કરે છે.

**કેશી શ્રમણ–** સજ્જડ બંધ ઓરડામાંથી અવાજ બહાર નીકળી જાય છે, તેમ સજ્જડ બંધ કોઠીમાંથી જીવ નીકળી શકે છે. જીવમાં પર્વતાદિ ભેદીને જવાનું સામર્થ્ય છે.

**(૪) પ્રદેશી–** લોઢાની કોઠીમાં પૂરેલા પુરુષના મૃત શરીરમાં કીડા પડે છે. તે કીડાના જીવો કોઠીમાં પ્રવેશે તો કોઠીમાં છિદ્રાદિ પડવા જોઈએ પણ તેમ થતું નથી. આ પ્રયોગ પણ મારી માન્યતાને પુષ્ટ કરે છે.

**કેશી શ્રમણ–** નિશ્છિદ્ર લોઢાને તપાવવામાં આવે ત્યારે તે લોઢામાં અગ્નિ પ્રવેશી જાય છે, તેમ કીડાના જીવો કોઠીમાં પ્રવેશે છે. જીવ પૃથ્વી આદિને ભેદીને જવાનું સામર્થ્ય ધરાવે છે.

**(૫) પ્રદેશી–** યુવાન એક સાથે પાંચ બાણ ફેંકી શકે છે. બાળક એક સાથે પાંચ બાણ ફેંકી શકતો નથી. યુવાવસ્થા અને બાલ્યાવસ્થામાં આત્મા એક જ હોય, તો બંને અવસ્થામાં એકસરખું સામર્થ્ય રહેવું જોઈએ, પણ તેમ થતું નથી.

**કેશી શ્રમણ–** યુવાન પુરુષ જૂના, ખવાઈ ગયેલા બાણથી(ખામીવાળા ઉપકરણથી) પાંચ તીર છોડી શકતા નથી. તેમ બાળકમાં આવડતરૂપી ઉપકરણ ખામીવાળું છે તેથી તે એક સાથે પાંચ બાણ છોડી શકતો નથી.

**(૬) પ્રદેશી–** તરુણ પુરુષની જેમ વૃદ્ધ પુરુષ લોખંડ વગેરે ભારને ઉપાડી શકતા નથી. તરુણાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં એક જ આત્મા હોય તો બંને સમયે સમાન સામર્થ્ય રહેવું જોઈએ પણ તેમ થતું નથી.

**કેશી શ્રમણ–** તરુણ પુરુષ પણ જૂના, ખવાઈ ગયેલા ટોપલાથી (ખામીવાળા સાધનથી) લોખંડાદિ ભારને વહન કરી શકતા નથી તેમ વૃદ્ધ પાસે શક્તિરૂપી સાધનની ખામી છે. તેથી તે ભાર ઉપાડવા સમર્થ થતા નથી.

**(૭) પ્રદેશી–** જીવંત પુરુષને અને તેના મૃત શરીરને વજન કરતાં, બંનેના વજનમાં અંશમાત્ર ફેર પડતો નથી. જીવ ચાલ્યો જાય તો મૃત શરીરનું વજન ઓછું થવું જોઈએ પણ તેમ થતું નથી.

**કેશી શ્રમણ–** ખાલી અને હવા ભરેલી મશકના વજનમાં ફરક પડતો નથી, તેમ જીવ ચાલ્યા ગયા પછી મૃત શરીરના વજનમાં ફરક ન પડે. જીવ અરૂપી છે, અગુરુલઘુ છે, તેથી જીવને વજન જ નથી.

**(૮) પ્રદેશી–** જીવતા પુરુષમાં અને તેના ટુકડે-ટુકડા કરી તે ટુકડાનું નિરીક્ષણ કરતાં એક પણ ટુકડામાં જીવ દેખાતો નથી.

**કેશી શ્રમણ–** અરણીના લાકડામાં કે તેના ટુકડામાં અગ્નિ દેખાતો નથી (તેને ઘસવાથી અગ્નિ પ્રગટ

થાય) તેમ શરીરમાં કે તેના ટુકડામાં જીવ દેખાતો નથી. જીવ અરૂપી છે, તે ચક્ષુગ્રાહ્ય નથી.

**(૯) પ્રદેશી–** હથેળીમાં રહેલા આમળાની જેમ જીવ દેખાય, તો જીવ અને શરીરને ભિન્ન માનું.

**કેશી શ્રમણ–** વાયુથી ઝાડ-પાન હલે છે. હલતા ઝાડપાન દેખાય છે, વાયુ દેખાતો નથી પણ અનુભવાય છે. તેમ અરૂપી આત્મા દેખાતો નથી પણ અનુભવાય છે.

**(૧૦) પ્રદેશી–** શરીરથી ભિન્ન આત્મા હોય, તો એક જ આત્મા કંથવા અને હાથીના નાના–મોટા શરીરમાં કેમ સમાય શકે ?

**કેશી શ્રમણ–** દીવા ઉપર નાનું-મોટું જેવડું પાત્ર ઢાંકીએ તેટલામાં તે પ્રકાશ સમાય છે. તેમ આત્મપ્રદેશોમાં સંકોચ-વિસ્તાર થવાથી તે નાના-મોટું જેવું શરીર મળે તેમાં સમાય જાય છે.

કેશીશ્રમણના યુક્તિ સંગત દષ્ટાંતોથી પ્રદેશી રાજા જીવાદિ તત્ત્વ પ્રત્યે શ્રદ્ધાવાન બન્યા, તેમના સદુપદેશથી શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યા અને પોતાના અવિનય માટે ક્ષમા યાચના કરી.

હવે પ્રદેશી રાજાની વૃત્તિઓનું પરિવર્તન થઈ જતાં, ધર્મને આચરણમાં મૂકી, પોતાની સર્વ સંપત્તિના ચાર ભાગ કરી, ચોથો ભાગ દાનધર્મ માટે ફાળવ્યો. આ રીતે નવ પુણ્યોમાં પ્રથમ પુણ્ય એવા અન્નદાન માટે દાનશાળા ખોલાવીને ગૃહસ્થધર્મના કર્તવ્યનું પાલન કર્યું. સાથે જ તેઓ પૌષધ આદિની સાધનામાં લયલીન બની ગયા. જેથી તેમની વિષય વાસના કે એશઆરામની વૃત્તિઓ સર્વથા સમાપ્ત થઈ ગઈ. પ્રદેશી રાજા તરફથી ભોગપૂર્તિ ન થતાં રાણી અકળાવા લાગી. તેના ફળ સ્વરૂપે તેણીએ રાજાને ભોજનમાં વિષ આપી દીધું.

રાજાના શરીરમાં વેદના થતાં તેને રાણીના કાવતરાનો ખ્યાલ આવી ગયો પણ સમતાની સાધનામાં પુષ્ટ બની ગયેલા રાજાને રાણી પ્રત્યે લેશમાત્ર દ્વેષ ભાવ જન્મ્યો નહીં. જીવનનો અંત સમય સમીપ આવેલો જાણી રાજાએ અનશનવ્રત ગ્રહણ કરી લીધું. આત્મભાવમાં સ્થિત બની, સમાધિભાવે દેહ ત્યાગ કરી, પ્રદેશી રાજા સૂર્યાભદેવ રૂપે ઉત્પન્ન થયા.

સૂર્યાભદેવ ચાર પલ્યોપમનું દેવાયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં દઢપ્રતિજ્ઞ નામે મનુષ્ય રૂપે જન્મ લઈ, સંયમ સ્વીકારી, સમાધિ મરણે આયુષ્ય પૂર્ણ કરી સિદ્ધ, બુદ્ધ મુક્ત થશે.

❖❖❖❖❖

# પ્રથમ વિભાગ

## સૂર્યાભદેવ

**અધ્યયન પ્રારંભ :–**

**૧ तेणं कालेणं तेणं समएणं आमलकप्पा णामं णयरी होत्था । रिद्धि-त्थिमिय-समिद्धा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે એટલે કે વર્તમાન અવસર્પિણીકાળના ચોથા આરાના ઉત્તરવર્તી સમયમાં આમલકલ્પા નામની નગરી હતી. તે નગરી ભવનાદિ ઋદ્ધિ, સ્વચક્ર-પરચક્રના ભયથી રહિત અને ધન-ધાન્યાદિથી સમૃદ્ધ હતી ***યાવત્*** અતિ મનોહર હતી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ***યાવત્*** શબ્દથી સૂચિત નગરીનું વર્ણન આ પ્રમાણે છે– તે નગરીમાં તે દેશના રહેવાસી લોકો અને અન્ય દેશમાંથી આવીને વસેલા લોકો, આ બન્ને પ્રકારના લોકો આનંદથી રહેતા હતા. તે નગરીમાં વિશાળ જનસમુદાય નિવાસ કરતો હતો.

ત્યાંના ખેતરોની માટી સેંકડો હજારો અને લાખો હળથી વારંવાર ખેડાવાના કારણે પોચી અને ફળદ્રુપ હતી. તેમાં કૃષીવિદ્યામાં નિપુણ વ્યક્તિઓએ પાણી સિંચન માટે નહેરો, ક્યારીઓ અને સીમા બાંધવા માટે વાડો બનાવી હતી

તે નગરીની ચારેબાજુ અનેક ગામો વસેલા હતા. તે એટલા નજીક હતા કે કૂકડા અને સાંઢના અવાજો એક-બીજા ગામમાં સંભળાતા હતા. ત્યાંના ખેતરોના ખળામાં શેરડીઓ અને જવ વગેરે ધાન્યના ઢગલે-ઢગલા પડ્યા રહેતા હતા. તે નગરમાં વિપુલ પ્રમાણમાં ગાય, ભેંસ અને ઘેટાંઓ હતાં તથા તેઓના તે પશુધનનું સારી રીતે પાલન પોષણ થતું હતું. આકર્ષક ઉદ્યાનો અને યુવાન નર્તકીઓના સુંદર ભવનોથી તે નગરી શોભાયમાન હતી.

તે નગરી લાંચ લેનારા, ઘાત કરનારા, ગુંડા, ખિસ્સા કાતરુ, ડાકુ, ચોર, બળજબરીથી જકાત વસુલ કરનાર લોકોના ઉપદ્રવથી રહિત હતી અર્થાત્ તે નગરીમાં તેવી વ્યક્તિઓ ન હતી. ભિક્ષુકોને સરળતાપૂર્વક ભિક્ષા પ્રાપ્ત થઈ જતી હતી. લોકો વિશ્વાસપૂર્વક, સરળતાથી જીવનવ્યવહાર ચલાવતા હતા. વિવિધ વ્યવસાયવાળા અનેક કુટુંબો વસતા હોવાથી તે નગરી શાતાકારી હતી.

તે નગરી નાટક કરનારા નટો, નૃત્ય કરનારા નર્તકો, દોરડાં પર ચઢીને ખેલ કરનારા જલ્લો, મલ્લો, પહેલવાનો, મુષ્ટિથી પ્રહાર કરનારા મૌષ્ટિકો, વિદૂષકો, બહુરૂપીઓ, કથા-વાર્તા કહેનારા કથકો, પાણીમાં તરનારા પ્લવકો, કૂદનારાઓ, રાસ લેનારા રાસકો, વિવિધ વેષ ધારણ કરનારાઓ, શુભાશુભ શકુન બતાવનારા આખ્યાયિકો, વાંસ પર ચઢીને ખેલ કરનારા લંખો, ચિત્ર બતાવીને આજીવિકા ચલાવનારા મંખો, શરણાઈ, તંબૂરા, કરતાલ વગાડનારાઓ વગેરે બધા પ્રકારના લોકોથી વ્યાપ્ત હતી. લતાકુંજો, ઉદ્યાનો, કૂવાઓ,

લાંબી વાવો અને સામાન્ય વાવો આદિ વિભિન્ન જળાશયોથી યુક્ત હોવાથી તે નગરી રમણીય લાગતી હતી.

તેની ચારેબાજુ સુરક્ષા માટે ગોળાકારે ખાઈ હતી. તે વિસ્તૃત, ઊંડી, ઉપરથી પહોળી અને નીચેથી સાંકડી હતી. ખાઈની બહાર ઉપર-નીચે સમાનરૂપથી ખોદેલી બીજી ખાઈ હતી. ખાઈની ચારેબાજુ ધનુષ્ય જેવો વક્રાકાર કોટ હતો. તે કોટ ચક્ર, ગદા, મુસુંઢિ, શતઘ્ની વગેરે શસ્ત્રોથી યુક્ત, મજબૂત તથા એક સરખા બે બારણાવાળા દરવાજા સહિત હતો. તે કોટથી તે નગરી સુરક્ષિત હતી. તેમાં શત્રુઓનો પ્રવેશ મુશ્કેલ હતો. કોટનો ઉપરનો ભાગ ગોળ કાંગરાઓથી શોભાયમાન હતો, ત્યાં ચોકીદારો માટે ઊંચી-ઊંચી અટાલિકાઓ બનાવેલી હતી. કિલ્લા અને નગરીની વચ્ચે ચારે બાજુ ફરતો આઠ હાથ પહોળો માર્ગ હતો. પ્રવેશ દ્વાર પર તોરણ બાંધ્યા હતા.

નગરીના રાજમાર્ગો સુંદર અને આકર્ષક હતા. દ્વારો બંધ કરવા માટે નિપુણ શિલ્પીઓ દ્વારા બનાવેલા આગળિયા અને ભોગળવાળા દરવાજાઓ(બારણાઓ) હતા. નગરીની બજારો વિવિધ પ્રકારની ક્રય-વિક્રય યોગ્ય વસ્તુઓથી ભરપૂર અને વ્યાપારીઓથી વ્યાપ્ત હતી. તે નગરી વ્યાપારના કેન્દ્રરૂપ હતી. ત્યાં વ્યાપાર- વાણિજ્ય દ્વારા લોકોનો સુખપૂર્વક નિર્વાહ થતો હતો. નગરીના કેટલાક માર્ગો શૃંગાટક–સિંગોડા જેવા ત્રિકોણ, કેટલાક ત્રણ, ચાર કે ચારથી વધુ રસ્તા ભેગા થતાં હોય તેવા હતા. નગરીના રાજમાર્ગો દેશ-વિદેશના રાજા-મહારાજાઓના આવાગમનથી અને સાધારણ માર્ગો અનેક સુંદર અશ્વો, મદોન્મત્ત હાથીઓ, રથો, પાલખીઓ વગેરે વાહનોથી વ્યાપ્ત રહેતા હતા.

તે નગરીના જળાશયો વિકસિત કમળોથી સુશોભિત હતા. મકાનો, ભવનો આદિ ચૂનો લગાડેલા હોવાથી અત્યંત સુંદર લાગતા હતા. તે નગરીની શોભા મનને પ્રસન્ન કરનારી, અનિમેષ દષ્ટિથી જોવાલાયક, સૌંદર્યવાળી અને મનોહર હતી.

**૨ तीसे ण आमलकप्पाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए अंबसालवणे णामं चेइए, असोगवर पायवे, पुढवी सिलापट्टए, एवं सव्वा वत्तव्वया उववाइयगमेणं णेया ।**

**ભાવાર્થ :–** તે આમલકલ્પા નગરીની બહાર ઉત્તર-પૂર્વદિશામાં(ઈશાનકોણમાં) આમ્ર અને શાલવૃક્ષોની પ્રધાનતાવાળું આમ્રશાલવન નામનું ચૈત્ય એટલે ઉદ્યાન યુક્ત યક્ષાયતન હતું. તે ઉદ્યાનમાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ અને તે વૃક્ષ નીચે એક પૃથ્વી શિલા હતી. તે ઉદ્યાનયુક્ત યક્ષાયતન, અશોકવૃક્ષ અને પૃથ્વીશિલાનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર દર્શિત ઔપપાતિક સૂત્રગત વર્ણનનો સાર આ પ્રમાણે છે– તે યક્ષાયતન ઘણું પ્રાચીન હતું. તે ઘણું પુરાણું છે, તેમ ઘણા વૃદ્ધ પુરુષો તેની પ્રશંસા કરતા હતા. દીર્ઘકાલથી તેની પ્રસિદ્ધિ ફેલાયેલી હતી. જાત-જાતની દંતકથા તેની સાથે જોડાયેલી હતી અને તેના દ્વારા તે કીર્તિત-પ્રખ્યાત હતું. કોઈ તેનાથી અપરિચિત ન હોવાથી તે સર્વત્ર ખ્યાતિ પામેલું હતું. તે છત્રો, ધ્વજાઓ, ઘંટાઓ, પતાકાઓ, નાની-નાની પતાકાઓથી શોભાયમાન દેખાતું હતું. મોરપીંછથી તેની સફાઈ થતી હોવાથી અનેક મોરપીંછો ત્યાં પડ્યા રહેતા. તેમાં એક વેદિકા બનાવેલી હતી. તેના આંગણાની ભૂમિ છાણથી લીંપેલી હતી. તેની ભીંત સફેદ ચમકતા ચુનાથી રંગેલી હતી. તેની દિવાલો ઉપર ગોરોચન અને સરસ રક્તચંદનના થાપા લગાવેલા

હતા. તે યક્ષાયતનમાં મંગલરૂપે ચંદન લગાડેલા કળશો સ્થાપિત કરેલા હતા. તેના દ્વાર પર ચંદનના નાના-નાના કળશોના તોરણોની રચના કરવામાં આવી હતી. ઉપરથી નીચે સુધી લટકતી ગોળાકારે ગૂંથેલી ઘણી પુષ્પમાળાઓથી તેની દિવાલો શોભતી હતી.

ત્યાં અનેક સ્થાને પંચવરણી સરસ અને સુગંધિત પુષ્પોના ગુચ્છોથી અનેક પ્રકારની રચના કરવામાં આવી હતી. ત્યાં કાલાગુરુ, કુંદરુષ્ક, તુરુષ્ક– લોબાન વગેરે સુગંધિત દ્રવ્યોનો ધૂપ કરવાથી ત્યાંનું વાતાવરણ હંમેશાં મઘમઘાયમાન રહેતું હતું. ચારેબાજુ શ્રેષ્ઠ સુગંધ ફેલાવાથી તે સુગંધની ગુટિકા જેવું લાગતું હતું.

તે યક્ષાયતન નટો, નૃત્યકારો, દોરડા પર ખેલ બતાવનારા જલ્લો, મલ્લો, મુષ્ટિ પ્રહાર કરનારાઓ, વિદૂષકો, બહુરૂપીઓ, કથા-વાર્તા કરનારા કથકો, પ્લવકો, લાસકો, આખ્યાયિકો, લંખો, મંખો, શરણાઈ અને તંબૂરા વગેરે વાજિંત્રો વગાડનારાઓ, સ્તુતિપાઠકો વગેરેથી સદા ભરચક રહેતું હતું.

તે યક્ષાયતનની પ્રસિદ્ધિ-કીર્તિ અનેક નગરવાસીઓ અને દૂર દેશાંતર સુધી ફેલાયેલી હોવાથી ઘણા લોકો ત્યાં આહૂતિ-દાન આપવા આવતા હતા. લોકો તે સ્થાનને દાનદેવા યોગ્ય, વંદનીય, નમસ્કરણીય, અર્ચનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ સ્વરૂપ, મંગલ સ્વરૂપ, દેવસ્વરૂપ તેમજ વિનયપૂર્વક પર્યુપાસના યોગ્ય, દિવ્ય, સત્ય અને સફળ સેવાવાળું માનતા હતા.

તેના નામે હજારો માણસો દાન દેતા હતા. ઘણા લોકો પોતાના મનોરથની પૂર્ણતા માટે તેની પૂજા-અર્ચના કરતા હતા. તે **યક્ષાયતન**ની ચારે બાજુ **વનખંડ-ઉદ્યાન** હતું. તે વનખંડની બરાબર મધ્યમાં એક વિશાળ ઊંચું, દર્શનીય **અશોક વૃક્ષ** હતું. તે અશોકવૃક્ષની નીચે, તેના થડથી થોડે દૂર પાટ જેવી એક વિશાળ પૃથ્વીશિલા હતી. તે **પૃથ્વીશિલા** લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈમાં સપ્રમાણ હતી. તે ઉજ્જવળ શ્યામ વર્ણની હતી. તે આંજણ, મેઘ, તલવાર, નીલકમલ, બલદેવના વસ્ત્ર, આકાશ, કેશ, કાજળની ડબ્બી, ખંજન ઈત્યાદિ વસ્તુઓના પ્રકાશ જેવી પ્રકાશિત હતી અર્થાત્ તે પૃથ્વીશિલા અંજનાદિની જેમ શ્યામ પ્રભાવાળી હતી.

તે જ રીતે તેનો વર્ણ પન્ના, પથ્થરને ચિકણો કરવા માટેનો પથ્થર અથવા કસોટીનો પથ્થર, કલિત્ર– કાળો કંદોરો અને આંખની કીકી વગેરે વસ્તુઓના પુંજ જેવો હતો. તે શિલા સજલમેઘ જેવી શ્યામ હતી. તેને આઠ ખૂણા હતા. તેનો તલભાગ અરીસા જેવો ચમકતો અને રમણીય હતો. તે પૃથ્વીશિલા ઈહામૃગ–વરુ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, વ્યંતરદેવ, રુરુમૃગ, અષ્ટાપદ, ચમરી ગાય, હાથી, વનલતા તેમજ પદ્મલતા વગેરે ચિત્રોથી ચિત્રિત હતી. તે આજિનક–ચર્મમય વસ્ત્ર, રૂ, બૂર, માખણ, અર્કતૂલ–આંકડાના રૂ જેવા અત્યંત મુલાયમ અને કોમળ સ્પર્શવાળી હતી. તે સિંહાસન જેવા આકારવાળી હતી. તે આહ્લાદજનક, દર્શનીય, સુંદર અને સુંદર આકૃતિસંપન્ન હોવાથી અપૂર્વ શોભાયુક્ત હતી.

**૩ सेयो राया, धारिणी देवी, सामी समोसढे, परिसा णिग्गया** *जाव* **राया पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** તે આમલકપ્પા નગરીમાં શ્રેય નામના રાજા રાજ્ય કરતા હતા. તે શ્રેયરાજાને ધારિણી નામની દેવી-પટરાણી હતી. આમલકલ્પાના આમ્રશાલવન ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ વંદન કરવા નીકળી ***યાવત્*** રાજા પ્રભુની ઉપાસના કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આમલકલ્પા નગરીના શ્વેત નામના રાજા અને ધારિણી નામની તેની પટ્ટરાણીનું

કથન છે. તેનું વિસ્તૃત વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવાનું સૂચન છે.

**सेयो राया :–** શ્વેત રાજા. આમલકલ્પા નગરીમાં શ્વેત રાજા રાજ્ય કરતા હતા. તેઓ ભગવાન મહાવીર પાસે દીક્ષિત થયા હતા. શ્રી ઠાણાંગ સૂત્રના આઠમા સ્થાનમાં ભગવાન પાસે દીક્ષિત થયેલા આઠ રાજાઓમાં શ્વેત રાજાનું નામ છે અને ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૧૮માં પણ શ્વેત રાજા મોક્ષે ગયા, તેવું સંક્ષિપ્ત કથન છે. રાજા અને રાણીના લક્ષણો યુક્ત વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું જોઈએ તેમજ પ્રભુના પદાર્પણનું અને લોકોના દર્શનાર્થ ગમનનું વર્ણન પણ ઔપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

**સૂર્યાભદેવ :–**

**૪ तेणं कालेणं तेणं समएणं सूरियाभे देवे, सोहम्मे कप्पे, सूरियाभे विमाणे, सभाए सुहम्माए, सूरियाभंसि सिंहासणंसि, चउहिं सामाणियसाहस्सीहिं, चउहिं अग्गमहिसीहिं सपरिवाराहिं, तिहिं परिसाहिं, सत्तहिं अणिएहिं, सत्तहिं अणियाहिवईहिं, सोलसहिं आयरक्ख-देवसाहस्सीहिं, अण्णेहिं बहूहिं सूरियाभविमाणवासीहिं वेमाणिएहिं देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे महयाहय णट्ट-गीय-वाइय-तंती-तल-ताल- तुडिय- घण- मुइंग- पडुप्प- वाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ । इमं च णं केवलकप्पं जंबुद्दीवं दीवं विउलेणं ओहिणा आभोएमाणे-आभोएमाणे पासइ।**

**ભાવાર્થ :–** તે કાળે– ભગવાન મહાવીર સ્વામીના વિચરણ કાળમાં, તે સમયે– ભગવાન આમલકલ્પા નગરીમાં બિરાજમાન હતા તે સમયે; સૌધર્મકલ્પ નામના દેવલોકમાં સૂર્યાભ નામના દેવ, સૂર્યાભવિમાનની સુધર્માસભામાં, સૂર્યાભ નામના સિંહાસન ઉપર બેસીને, પોતાના ચાર હજાર સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદાઓ, સાત અનીકો-સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળહજાર આત્મરક્ષક દેવો તથા અન્ય અનેક સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓ સાથે, નિપુણ પુરુષો દ્વારા વગડાવાતાં-બતાવાતાં નાટક, ગીત, વાદ્ય, વીણાદિ તારવાળા વાજિંત્રો, તાળીઓના તાલ, તૂરી નામના વાદ્ય વિશેષ તથા મૃદંગાદિ વાજિંત્રોના મધુર સૂરોને સાંભળતાં દિવ્ય ભોગ ભોગવતાં રહેતા હતા. એકદા તેઓએ પોતાના વિપુલ અવધિજ્ઞાનના પ્રયોગ દ્વારા(ઉપયોગપૂર્વક) સંપૂર્ણ જંબૂદ્વીપને જોયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના સમયના પ્રથમ દેવલોકવાસી સૂર્યાભદેવ અને તેના પરિવારનું વર્ણન છે.

**चउहिं सामाणिय साहस्सीहिं :–** ચાર હજાર સામાનિક દેવ. સૂર્યાભદેવને ૪૦૦૦ સામાનિક દેવો છે. પ્રથમ દેવલોકના ૩૨ લાખ વિમાનના અધિપતિ(ઈન્દ્ર) શક્રેન્દ્રને ૧૬,૦૦૦ સામાનિક દેવો છે અને ૩૨ લાખ વિમાનમાં પ્રત્યેક વિમાનના અધિપતિ દેવોને ૪૦૦૦–૪૦૦૦ સામાનિક દેવો હોય છે.

જે દેવો ઈન્દ્ર કે અધિપતિ માટે ભાઈની જેમ આદરણીય કે સન્માનીય હોય, તે દેવો તેઓના સામાનિક દેવ કહેવાય છે. સામાનિક દેવોની ઋદ્ધિ(વૈક્રિય ક્ષમતા) પોત-પોતાના અધિપતિદેવની તુલ્ય હોય છે. શ્રુતિ પરંપરામાં સામાનિક દેવોની સ્થિતિ ઈન્દ્ર કે અધિપતિ દેવોની સમાન કહેવાય છે. વિમાનના અધિપતિ દેવોમાંથી કોઈ કોઈ દેવ ઈન્દ્રના સામાનિક પણ હોય છે.

**અગ્રમહિષી :–** **कृताभिषेका देवी महिषीत्युच्यते, सा च स्वपरिवारभूतानां सर्वासामपि देवीनामग्रे इत्यग्राः, अग्राश्च ता महिष्यश्च अग्रमहिष्यः ।** દેવની અભિષેક કરાયેલી દેવી મહિષી કહેવાય છે. પોતાના પરિવારરૂપ સર્વદેવીઓમાં તે અગ્ર–મુખ્ય હોય છે તેથી તે અગ્રમહિષી દેવી કહેવાય છે. સૂર્યાભદેવને ચાર અગ્રમહિષીઓ હતી અને તે ચારે ય દેવીઓ પોત-પોતાના હજાર-હજાર દેવીઓના પરિવારમાં મુખ્ય હતી.

**ત્રણ પરિષદા :–** બધાં વિમાનના અધિપતિદેવોની (૧) આભ્યંતર, (૨) મધ્યમ અને, (૩) બાહ્ય, આ ત્રણ પ્રકારની પરિષદો હોય છે. (૧) જેની સાથે પોતાના અંતરંગ, ગુપ્ત, ગૂઢ રહસ્યોનો વિચાર કરવામાં આવે છે તેવા પરમ વિશ્વસનીય સમવયસ્ક મિત્રસમુદાયને આભ્યંતર પરિષદ કહેવામાં આવે છે. (૨) આભ્યંતર પરિષદમાં ચર્ચાયેલા તથા નિર્ણિત કાર્યો માટે જેની સંમતિ લેવામાં આવે છે, તે મધ્યમ પરિષદ કહેવાય છે અને (૩) આભ્યંતર તથા મધ્યમ પરિષદ દ્વારા વિચારેલા, નિર્ણિત તથા સંમત કાર્ય કરવાનું જેને સોંપવામાં આવે, તે બાહ્ય પરિષદ કહેવાય છે.

**સાત સેનાઓ અને સેનાપતિઓ :–** (૧) અશ્વસેના (૨) ગજસેના (૩) રથસેના (૪) વૃષભસેના (૫) પાયદળ (૬) ગંધર્વસેના અને (૭) નાટયસેના; આ સાત સેનાઓના પ્રકાર છે. તેમાંથી પ્રથમ પાંચ સેનાનો યુદ્ધ અર્થે અને અંતિમ બે સેનાનો આમોદ-પ્રમોદ માટે ઉપયોગ થાય છે. **પ્રથમની ચાર સેનામાં અશ્વ આદિ તિર્યંચો નથી પણ દેવો તેવા રૂપ બનાવે છે.** પોત-પોતાની સેનાનું નેતૃત્વ સંભાળતા સાત સેનાધિપતિ દેવો છે. દેવોની આ સેનાઓ 'અનીક' નામે ઓળખાય છે.

**આત્મરક્ષક દેવ :–** આત્મરક્ષક દેવો એટલે અંગરક્ષક દેવો, બોડીગાર્ડ. તે દેવો શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જિત થઈને પોતાના અધિપતિદેવની રક્ષા કરવામાં તત્પર રહેતા હોવાથી આત્મરક્ષક કહેવાય છે. જો કે ઈન્દ્ર આદિ દેવોને કોઈનો ભય હોતો નથી. તોપણ તે સર્વ ઈન્દ્રોને તેમજ મહર્દ્ધિક દેવોને પોતાના વૈભવ રૂપ આત્મરક્ષક દેવો હોય છે.

**સૂર્યાભદેવ દ્વારા ભગવાનની સ્તુતિ :–**

**૫** **तत्थ णं समणं भगवं महावीरं जंबुद्दीवे दीवे भारहे वासे आमलकप्पाए णयरीए बहिया अंबसालवणे चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजेमेणं तवसा अप्पाणं भावेमाणं पासइ, पासित्ता हट्ठतुट्ठ चित्तमाणंदिए पीइमणे परमसोमणस्सिए हरिसवस-विसप्प-माणहियए वियसिय-वरकमल-णयणे पयलिय-वरकडग-तुडिय-केऊर-मउड-कुंडल-हार-विरायंतरइयवच्छे, पालंब-पलंबमाण-घोलंत-भूसणधरे ससंभमं तुरियं चवलं सुरवरे सीहासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता पायपीढाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता पाउयाओ ओमुयइ, ओमुयइत्ता एगसाडियं उत्तरासंगं करेइ, करित्ता तित्थयराभिमुहे सत्तट्ठपयाइं अणुगच्छइ, अणुगच्छित्ता वामं जाणुं अंचेइ, अंचित्ता दाहिणं जाणुं धरणितलंसि णिहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि णिवेसेइ, णिवेसित्ता ईसिं पच्चुण्णमइ पच्चुण्णमित्ता कडय-तुडिय- थंभियाओ भुयाओ साहरइ साहरित्ता करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–**

**ભાવાર્થ :–** તે સમયે– (અવધિજ્ઞાન દ્વારા જંબૂદ્વીપને જોતાં-જોતાં સૂર્યાભદેવે) ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને અર્થાત્ સાધુને ઉચિત સ્થાનમાં

રહેવાની વનપાલની આજ્ઞા લઈને ત્યાં રહેલા, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જોયા. ભગવાનનું દર્શન થતાં સૂર્યાભદેવ હર્ષિત, સંતુષ્ટિત અને આનંદિત ચિત્તવાળા થયા, ભગવાન તરફ મનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ, અતિ પ્રસન્નતાથી તેમનું મન ખીલી ઊઠ્યું, હર્ષના આવેગથી હૃદય ધબકવા લાગ્યું. તેના કમળ જેવા ઉત્તમ નેત્રો ખીલી ઊઠ્યા, આનંદના વેગથી તેના ઉત્તમ કડાં, બાજુબંધ, કેયૂર, મુગટ, બંને કુંડલો ચલાયમાન થઈ ગયા, હલવા લાગ્યા. તેનું વક્ષઃસ્થલ હારથી શોભાયમાન લાગતું હતું. નીચે સુધી લટકતા કંપાયમાન અને પરસ્પર અથડાતા આભૂષણ વિશેષ ધારણ કરેલા તે સૂર્યાભદેવ (ભગવાનને જોતાં જ) સંભ્રમ–ઉત્સુકતા સાથે ત્વરા અને ચપળતાપૂર્વક સિંહાસન ઉપરથી ઊભા થઈ ગયા અને પાદપીઠ–પગ રાખવાના બાજોઠ દ્વારા નીચે ઊતરીને, પાદુકાઓ-મોજડી કાઢીને, એક શાટિક– ઉત્તરીય વસ્ત્રનું ઉત્તરાસંગ કરીને, તીર્થંકર પ્રભુની સન્મુખ(તે દિશામાં) સાત-આઠ પગલાં જઈને, ડાબા ઘૂંટણને ઊંચો રાખીને, જમણા ઘૂંટણને જમીન પર ઢાળીને, મસ્તકને ત્રણવાર જમીન સુધી નમાવીને પછી કડા અને બાજુબંધથી સ્તંભિત બંને ભુજાઓને ભેગી કરીને, દસે નખ એક-બીજાને સ્પર્શે તે રીતે હાથ જોડીને આવર્તનપૂર્વક મસ્તક ઉપર અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યા–

**૬ णमोत्थुणं अरिहंताणं भगवंताणं** *जाव* **सिद्धिगइणामधेयं ठाणं संपत्ताणं। णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स** *जाव* **सिद्धिगइणामधेयं ठाणं संपाविउकामस्स । वंदामि णं भगवंतं तत्थगयं इहगए, पासइ मे भगवं तत्थगए इहगयं ति कट्टु वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता सीहासणवरगए पुव्वाभिमुहं सण्णिसण्णे।**

**ભાવાર્થ :–** સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા અરિહંત–સિદ્ધ ભગવંતોને મારા નમસ્કાર હોજો ***યાવત્*** સિદ્ધગતિ નામના સ્થાનને મેળવવાની કામના-ઈચ્છાવાળા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને મારા નમસ્કાર હોજો. "ત્યાં રહેલા ભગવાનને હું અહીં દેવલોકમાંથી વંદન કરું છું. ત્યાં રહેલા ભગવાન અહીં રહેલા મને જુએ," આ પ્રમાણે બોલીને પ્રભુને વંદન-નમસ્કાર કરી, સૂર્યાભદેવ પુનઃ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસી ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂર્યાભદેવનું અવધિજ્ઞાનથી પ્રભુદર્શન અને પ્રભુ દર્શનથી પ્રાપ્ત થયેલી તેની પ્રસન્નતા તથા પરોક્ષ પ્રભુવંદનનું વર્ણન છે.

**अहापडिरूवं उग्गहं :–** યથાપ્રતિરૂપ = સાધ્વાચારને યોગ્ય, અવગ્રહ = સ્થાન. સાધુ-સાધ્વી સ્થાનના માલિકની અનુમતિ મેળવીને ત્યાર પછી, રહેવા-ઊતરવા માટે તે સ્થાન ગ્રહણ કરે છે.

**पासइ मे भगवं तत्थगए इहगयं :–** ત્યાં રહેલા ભગવાન અહીં રહેલા મને જુએ છે. દેવલોકમાં સ્થિત સૂર્યાભદેવે દેવલોકમાંથી જ અવધિજ્ઞાન અને અવધિદર્શન દ્વારા પ્રભુના દર્શન કર્યા, પ્રભુ જે દિશામાં બિરાજમાન હતા તે દિશામાં ૭-૮ પગલા આગળ જઈ સ્તવ-સ્તુતિપૂર્વક વંદન કર્યા છે; તેમણે આ રીતે મનોભાવ પ્રગટ કર્યા કે સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન દેવલોકમાં રહેલા મને પોતાના કેવળજ્ઞાનથી જુએ અને મારા વંદનને સ્વીકારે.

**પરોક્ષવંદન વિધિ :–** આ સૂત્ર પાઠમાં તીર્થંકર ભગવંત પરોક્ષ હોય ત્યારે તેમને વંદન કરવાની વિધિનો નિર્દેશ છે. તીર્થંકર પરમાત્મા સન્મુખ બિરાજમાન ન હોય, ત્યારે દેવ મનુષ્ય વગેરે તેમને **तिक्खुत्तो**ના

પાઠથી વંદના ન કરતાં **णमोत्थुणं**ના પાઠથી સ્તુતિયુક્ત વંદન કરે છે; આ વિધિમાં વ્યક્તિ સર્વ પ્રથમ આસન-શય્યા છોડીને તીર્થંકર જે દિશામાં બિરાજમાન હોય તે દિશામાં સાત-આઠ પગલાં ચાલીને, ડાબો ઘૂંટણ ઊંચો રાખીને અને જમણો ઘૂંટણ જમીન ઉપર સ્થાપીને, વિનયપૂર્વક બેસીને, પછી ત્રણ વાર મસ્તક ભૂમિ સુધી નમાવીને આવર્તનપૂર્વક મસ્તક પર અંજલી કરીને **णमोत्थुणं**ના પાઠ વડે બે વાર સ્તુતિ કરે છે.

**આભિયોગિક દેવોને આજ્ઞા :–**

**૭ तए णं तस्स सूरियाभस्स इमे एयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगय-संकप्पे समुपज्जित्था– एवं खलु मे समणे भगवं महावीरे जंबुद्दीवे दीवे भारहे वासे आमलकप्पाए णयरीए बहिया अंबसालवणे चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**तं महाफलं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं णामगोयस्स वि सवणयाए किमंग पुण अभिगमण-वंदण-णमंसण-पडिपुच्छण-पज्जुवासणयाए ! एगस्सवि आरियस्स धम्मियस्स सुवयणस्स सवणयाए किमंग पुण विउलस्स अट्ठस्स गहणयाए !!**

**तं गच्छामि णं समणं भगवं महावीरं वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि । एयं मे पेच्चा हियाए सुहाए खमाए णिस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ त्ति कट्टु; एवं संपेहेइ, संपेहित्ता आभिओगिए देवे सद्दावेइ सद्दावित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સૂર્યાભદેવના મનમાં આ પ્રકારનો આધ્યાત્મિક અર્થાત્ આંતરિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત– માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી યથાપ્રતિરૂપ– સાધુને યોગ્ય સ્થાનની આજ્ઞા લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં બિરાજમાન છે.

તથાસ્વરૂપવાળા અર્થાત્ ભગવાને સાધુઓનું જેવું સ્વરૂપ અને જેવા ગુણો બતાવ્યા છે, તેવા જ ગુણોથી યુક્ત સાધુ ભગવંતોના નામ અને ગોત્રનું શ્રવણ માત્ર મહાફળદાયક છે, તો પછી તેમની સન્મુખ જવું, વંદન-નમસ્કાર કરવા, પ્રશ્ન પૂછવા, તેમની પર્યુપાસના કરવી વગેરે ક્રિયાનું મહાફળ હોય, તેમાં તો કહેવું જ શું ! આર્યપુરુષના માત્ર એક ધાર્મિક સુવચનનું શ્રવણ પણ મહાફળદાયી છે, તો વિપુલ અર્થ-ઉપદેશ શ્રવણની તો વાત જ શું કરવી !! અર્થાત્ તે અવશ્ય મહાન ફળદાયી જ હોય છે.

તો હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરું, નમસ્કાર કરું, તેમનો સત્કાર-સન્માન કરું, કલ્યાણસ્વરૂપી, અનિષ્ટોનું ઉપશમન કરતા હોવાથી મંગલસ્વરૂપી, ત્રણે લોકના અધિપતિ હોવાથી દેવસ્વરૂપી અને સુપ્રશસ્તજ્ઞાન–કેવળજ્ઞાન સહિત હોવાથી ચૈતન્યસ્વરૂપી તે ભગવાનની પર્યુપાસના કરું. શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના મારા માટે જન્મજન્માંતરમાં હિતકર, સુખકર, ક્ષેમકર, શાંતિકર, નિઃશ્રેયસ્કર–કલ્યાણકર, મોક્ષ પ્રાપ્ત કરાવનારી થશે. તેવો વિચાર કરીને સૂર્યાભદેવે પોતાના આભિયોગિક દેવોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું–

**૮ एवं खलु देवाणुप्पिया ! समणे भगवं महावीरे जंबुद्दीवे दीवे भारहे वासे**

**आमलकप्पाए णगरीए बहिया अंबसालवणे चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**तं गच्छह णं तुम्हे देवाणुप्पिया ! जंबुद्दीवं दीवं भारहं वासं आमलकप्पं णयरिं अंबसालवणं चेइयं समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेह, करेत्ता वंदह णमंसह, वंदित्ता णमंसित्ता साइं साइं णामगोयाइं साहेह, साहित्ता समणस्स भगवओ महावीरस्स सव्वओ समंता जोयणपरिमंडलं जं किंचि तणं वा पत्तं वा कट्ठं वा सक्करं वा असुइं वा अचोक्खं वा पूइयं वा दुब्भिगंधं वा तं सव्वं आहुणिय-आहुणिय एगंते एडेह, एडित्ता णच्चोदगं णाइमट्टियं पविरलफुसियं रयरेणुविणासणं दिव्वं सुरभिगंधोदयवासं वासह, वासित्ता णिहयरयं णट्ठरयं भट्ठरयं उवसंतरयं पसंतरयं करेह, करित्ता जलयथलय भासुरप्प-भूयस्स बिंटट्ठाइस्स दसद्धवण्णस्स कुसुमस्स जाणुस्सेहपमाणमेत्तं ओहिं वासं वासह, वासित्ता कालागुरु-पवरकुंदुरुक्क-तुरुक्क- धूव- मघमघंत- गंधुद्धुयाभिरामं सुगंध-वरगंधियं गंधवट्टिभूयं दिव्वं सुरवराभिगमणजोग्गं करेह, कारवेह, करित्ता य कारवेत्ता य खिप्पामेव एयमाणत्तियं पच्चप्पिणह।**

**ભાવાર્થ :–** હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રવર્તી આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં બિરાજે છે.

તો હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને જંબૂદ્વીપ નામક દ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ઉદ્યાનમાં બિરાજમાન શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણવાર પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને, તમારા નામ-ગોત્ર કહીને અર્થાત્ તમારો પરિચય આપીને પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ચારેબાજુની યોજન પ્રમાણ ગોળાકાર ભૂમિમાં ઘાસ, પાંદડાં, લાકડાં, અશુચિ, મલિન, સડેલા દુર્ગંધી પદાર્થો વગેરે જે કાંઈ પડ્યું હોય તેને ત્યાંથી ઉઠાવી, દૂર એકાંત સ્થાનમાં નાંખીને તે ભૂમિને એકદમ સ્વચ્છ કરો; પછી સુગંધી પાણીની એવી રીતે ઝરમર વર્ષા કરો કે જેથી ત્યાંની ઉડતી બધી ધૂળ બેસી જાય પણ જમીન બહુપાણીવાળી, કીચડવાળી ન થાય. આ પ્રકારની જલવૃષ્ટિ દ્વારા તે ભૂમિને નિહત રજ, નષ્ટ રજ, ભ્રષ્ટ રજ, ઉપશાંત રજ અને પ્રશાંત રજ બનાવો અર્થાત્ તે ભૂમિ પર જરામાત્ર રજ ન ઉડે તેવી બનાવો; પછી તે ભૂમિ પર જલના-સ્થળના વિકસિત, વૃંત સહિતના પાંચ વર્ણવાળા પુષ્પોની, ઘૂંટણ સુધીના પ્રમાણવાળી, પુષ્પના ડીંટીયા નીચે રહે તે રીતે વૃષ્ટિ કરો અને ત્યાર પછી કાલાગુરુ, ઉત્તમ કુંદરુષ્ક, તુરુષ્ક-લોબાનની સુગંધથી તેને સુગંધિત બનાવો; જાણે તે ભૂમિ સુગંધની અગરબત્તી હોય તેવી મઘમઘતી અને રમણીય બનાવીને, દેવોના આગમન-અવતરણ યોગ્ય કરો, કરાવો અને કાર્ય પૂર્ણ થઈ જાય, ત્યારે તેની મને જાણ કરો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રભુદર્શન અને ધર્મશ્રવણનું મહાન ફળ, સૂર્યાભદેવનો પ્રભુદર્શન માટેનો વિચાર અને તેની પૂર્વ તૈયારીરૂપે આભિયોગિક દેવોને કરેલા આદેશનું વિધાન છે.

**આભિયોગિક દેવ :–** સેવકદેવ. દેવલોકના અધિપતિ–ઈન્દ્ર, સામાનિક દેવો વગેરે મહર્દ્ધિક દેવોની આજ્ઞા પ્રમાણે કાર્ય કરતા, નોકરસ્થાનીય દેવોને આભિયોગિક દેવ કહેવામાં આવે છે. મહર્દ્ધિક દેવો જ્યારે પ્રભુદર્શનાર્થે કે અન્ય કોઈ પણ કારણસર તિરછાલોકમાં આવે છે, ત્યારે તેમના આગમન પૂર્વે તેમની આજ્ઞાથી આભિયોગિક દેવો ત્યાં જઈને તે ભૂમિને સ્વચ્છ અને સુગંધિત બનાવે છે.

**बिंटट्ठाइस्स :–** વૃંત ઉપર સ્થિત પુષ્પો. **वृन्तेन–अधोवर्तिना तिष्ठतीत्येवंशीलं वृन्तस्थायि, वृन्तमधोभागे उपरि पत्राणीत्येवंस्थानशीलस्येत्यर्थः** । પુષ્પનું વૃન્ત-ડીંટ નીચે અને તેની પાંખડીઓ ઉપર હોય તેમ. દેવો જ્યારે પુષ્પની વૃષ્ટિ કરે છે ત્યારે તે પુષ્પોના ડીંટીયા નીચે અને પુષ્પ ઉપર તરફ રહે તે રીતે પડે છે અર્થાત્ બધા પુષ્પો ચતા જ પડે, તે રીતે દેવો વૃષ્ટિ કરે છે.

**આભિયોગિક દેવોનું મનુષ્યલોકમાં ગમન :–**

**९ तए णं ते आभियोगिया देवा सूरियाभेणं देवेणं एवं वुत्ता समाणा हट्ठतुट्ठा** *जाव* **हियया करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु 'एवं देवो' तहत्ति आणाए विणएणं वयणं पडिसुणंति, पडिसुणेत्ता उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमंति, अवक्कमित्ता वेउव्वियसमुग्घाएणं समोहण्णंति, समोहणित्ता** *जाव* **उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति विउव्वित्ता ताए उक्किट्ठाए** *जाव* **जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेंति, करित्ता वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी– अम्हे णं भंते ! सूरियाभस्स देवस्स आभियोगा देवा देवाणुप्पियाणं वंदामो णमंसामो** *जाव* **पज्जुवासामो।**

**ભાવાર્થ :–** સૂર્યાભદેવે આ પ્રમાણે કહ્યું ત્યારે આભિયોગિક દેવોએ હર્ષિત-સંતુષ્ટિત થયા ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયે દસ નખો સાથે હાથ જોડી શિરસાવર્તપૂર્વક મસ્તક પર અંજલિ કરી વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો. હે દેવ ! તમે કહો છો તેમજ કરશું, તેમ કહીને તે દેવો ઈશાનકોણમાં ગયા, ત્યાં જઈને તેઓએ વૈક્રિય સમુદ્‍ઘાત કરીને ***યાવત્* [*જ્ઞાતા સૂત્ર પ્રમાણે– સંખ્યાત યોજન લાંબા દંડાકારે આત્મપ્રદેશોને બહાર કાઢયા અને તે સ્થાનમાં રહેલા કર્કેતનરત્ન, વજરત્ન, વૈડુર્યરત્ન વગેરે સોળ જાતના રત્નોમાંથી સ્થૂલ પુદ્‍ગલોને છોડીને અર્થાત્ તેને ગ્રહણ ન કરતાં સારભૂત સૂક્ષ્મ–વૈક્રિય શરીર બનાવવા યોગ્ય પુદ્‍ગલોને ગ્રહણ કરીને બીજીવાર વૈક્રિય સમુદ્‍ઘાત કરીને*]** ઉત્તરવૈક્રિય શરીર બનાવ્યા.

ત્યાર પછી વૈક્રિય શરીર પ્રમાણે ઉત્કૃષ્ટ દિવ્યદેવ ગતિથી ***યાવત્* [*જ્ઞાતા સૂત્ર પ્રમાણે– ઉત્તમ, પ્રશસ્ત, ત્વરિત, ચપળ, ચંડ, અતિવેગવાળી, શીઘ્રતાવાળી, તીવ્ર વેગવાળી, પવનથી ઉડતી રજની ગતિ જેવી દિવ્ય દેવગતિથી તિરછીદિશામાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રને પાર કરતાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રની આમલકલ્પા નગરીના આમ્રશાલ ઉદ્યાનમાં*]** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવ્યા, ત્યાં આવીને તેઓએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણવાર પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! અમે સૂર્યાભદેવના આભિયોગિક દેવો આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર કરીએ છીએ ***યાવત્*** આપની પર્યુપાસના કરીએ છીએ.

**१० देवा ! त्ति समणे भगवं महावीरे ते देवे एवं वयासी– पोराणमेयं देवा !**

**जीयमेयं देवा ! किच्चमेयं देवा ! करणिज्जमेयं देवा ! आइण्णमेयं देवा! अब्भणुण्णायमेयं देवा! जं णं भवणवइ-वाणमंतर-जोइसिय-वेमाणिया देवा अरहंते भगवंते वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता तओ साइं साइं णामगोयाइं साहिंति, तं पोराणमेयं देवा** *जाव* **अब्भणुण्णायमेयं देवा !**

**ભાવાર્થ :–** હે દેવો ! આ પ્રમાણે સંબોધન કરતા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તે દેવોને આ પ્રમાણે કહ્યું– હે દેવો ! આ વ્યવહાર પુરાતન છે અર્થાત્ દેવો દ્વારા આચરિત પ્રાચીન પદ્ધતિ છે; હે દેવો ! આ જીતકલ્પ છે– દેવોનો પરંપરાગત આચાર છે; હે દેવો ! આ કૃત્યરૂપ છે– દેવોનું કર્તવ્ય છે; હે દેવો ! આ દેવોને કરવા યોગ્ય છે, હે દેવો ! આ આચીર્ણ છે– ભૂતકાલમાં દેવોએ તેનું આચરણ કર્યું છે; હે દેવો ! આ અનુજ્ઞાત છે– પૂર્વના સર્વ દેવોને આ વાત સંમત છે કે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અરિહંત ભગવાનને વંદન-નમસ્કાર કરે છે અને વંદન-નમસ્કાર કર્યા પછી ભગવાન સમક્ષ પોતપોતાના નામ-ગોત્રનું કથન કરે છે. આ નામગોત્રને પ્રગટ કરવાની પદ્ધતિ, તે દેવોની પુરાતન પદ્ધતિ છે ***યાવત્*** દેવોની સંમત થયેલી રીત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મધ્યલોકમાં તીર્થંકર પરમાત્મા પાસે દેવોનું આગમન થાય તે સમયના તેમના જીત વ્યવહારનું કથન છે.

મહર્દ્ધિક દેવો તીર્થંકર પ્રભુના દર્શન કરવા આવે કે તેમના આગમનપૂર્વે તેમના આભિયોગિક દેવો ક્ષેત્ર શુદ્ધિ માટે આવે, ત્યારે તે દેવો પ્રભુને વંદન-નમસ્કાર કરીને પોતાની ઓળખાણ આપે છે. દેવોનો આ પરંપરાગત વ્યવહાર છે. પ્રસ્તુત સૂત્રમાં સૂર્યાભદેવના આભિયોગિક દેવોએ તે જીતવ્યવહારનું પાલન કર્યું અને પ્રભુએ તેમના આગમનની પ્રશંસા કે અનુમોદના ન કરતાં દેવોના તે કર્તવ્યનું ઉચ્ચારણ કર્યું છે.

**આભિયોગિક દેવો દ્વારા આજ્ઞા પાલન :–**

**११ तए णं ते आभिओगिया देवा समणेणं भगवया महावीरेणं एवं वुत्ता समाणा हट्ठ-तुट्ठा** *जाव* **हियया समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमंति, अवक्कमित्ता वेउव्वियसमुग्घाएणं समोहण्णंति, समोहणित्ता** *जाव* **संवट्टयवाए विउव्वंति । से जहाणामए भइयदारए सिया तरुणे बलवं जुगवं जुवाणे अप्पायंके थिर संघयणे थिरग्गहत्थे दढपाणि- पायपिट्ठंत्तरोरुपरिणए, घण-णिचिय- वट्टवलिय-खंधे, चम्मेट्ठगदुघण- मुट्ठिय- समाहयणिचियगत्ते उरस्स बलसमण्णागए, तलजमलजुयल-फलिहनिभ-बाहू लंघण- पवण-जइण-पमद्दणसमत्थे छेए दक्खे पट्ठे कुसले मेधावी णिउण- सिप्पोवगए एगं महं सलागाहत्थगं वा दंडसंपुच्छणिं वा वेणुसलाइयं वा गहाय रायंगणं वा रायंतेउरं वा आरामं वा उज्जाणं वा देवकुलं वा सभं वा पवं वा अतुरियं अचवलं असंभंतं णिरंतरं सुणिउणं सव्वओ समंता संपमज्जेज्जा, एवामेव तेवि सूरियाभस्स देवस्स आभिओगिया देवा संवट्टयवाए विउव्वंति, विउव्वित्ता**

समणस्स भगवओ महावीरस्स सव्वओ समंता जोयणपरिमंडलं जं किंचि तणं वा पत्तं वा तहेव सव्वं आहुणिय-आहुणिय एगंते एडेंति, एडित्ता खिप्पामेव उवसमंति, उवसमित्ता–

दोच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहण्णंति, समोहणित्ता अब्भवद्दलए विउव्वंति, से जहाणामए भइयदारगे सिया तरुणे *जाव* णिउण सिप्पोवगए एगं महं दगवारगं वा, दगकुंभगं वा, दगथालगं वा, दगकलसगं वा गहाय रायंगणं वा *जाव* सभं वा पवं वा अतुरियं *जाव* सव्वओ समंता आवरिसेज्जा, एवामेव तेवि सूरियाभस्स देवस्स आभियोगिया देवा अब्भवद्दलए विउव्वंति, विउव्वित्ता खिप्पामेव पतणतणायंति, पतणतणाइत्ता खिप्पामेव विज्जुयायंति, विज्जुयाइत्ता समणस्स भगवओ महावीरस्स सव्वओ समंता जोयणपरिमंडलं णच्चोदगं णातिमट्टियं तं पविरल फुसियं रयरेणुविणासणं दिव्वं सुरभिगंधोदगं वासं वासंति, वासेत्ता णिहयरयं, णट्ठरयं, भट्ठरयं, उवसंतरयं, पसंतरयं, करेंति, करित्ता खिप्पामेव उवसामंति, उवसामित्ता–

तच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहण्णंति, समोहणित्ता पुप्फवद्दलए विउव्वंति, से जहाणामए– मालागारदारए सिया तरुणे *जाव* सिप्पोवगए एगं पुप्फछज्जियं वा पुप्फपडलगं वा पुप्फचंगेरियं वा गहाय रायंगणं वा *जाव* सव्वओ समंता कयग्गहगहियकरयलपब्भट्ठ-विप्पमुक्केणं दसद्धवण्णेणं कुसुमेणं पुप्फपुंजोवयारकलियं करेज्जा, एवामेव ते सूरियाभस्स देवस्स आभिओगिया देवा पुप्फवद्दलए विउव्वंति, विउव्वित्ता खिप्पामेव पतणतणायंति *जाव* जोयणपरिमंडलं जलयथलयभासुरप्प– भूयस्स बिंटट्ठाइस्स दसद्धवण्णकुसुमस्स जाणुस्सेहपमाणमेत्तिं ओहिंवासं वासंति, वासित्ता कालागुरुपवर-कुदुरुक्क-तुरुक्क-धूव-मघमघंत-गंधुद्धुयाभिरामं सुगंधवरगंधियं गंधवट्टिभूयं दिव्वं सुरवराभिगमणजोग्गं करेंति य कारवेंति य, करेत्ता य कारवेत्ता य खिप्पामेव उवसामंति, उवसामित्ता–

जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो *जाव* वंदित्ता णमंसित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ अंबसालवणाओ चेइयाओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता ताए उक्किट्ठाए *जाव* वीइवयमाणा–वीइवयमाणा जेणेव सोहम्मे कप्पे जेणेव सूरियाभे विमाणे जेणेव सभा सुहम्मा जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति, वद्धावेत्ता तमाणत्तियं पच्चप्पिणंति ।

**भावार्थ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું ત્યારે તે આભિયોગિક દેવોએ હર્ષિત, સંતુષ્ટિત ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયવાળા થઈને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને ઈશાન-

કોણમાં જઈને વૈક્રિય સમુદ્દ્ઘાત કર્યો, વૈક્રિય સમુદ્દ્ઘાત કરીને ***યાવત્*** સંવર્તક વાયુની વિકુર્વણા–રચના કરી.

જેમ કોઈ ભૃત્યદારક– ઝાડું કાઢવાવાળાનો પુત્ર તરુણ, બળવાન, યુગવાન– કાળપ્રભાવથી રહિત યુવાન, રોગરહિત, સ્થિર અગ્રહાથવાળો(હાથ કે આંગળા ધ્રૂજતા ન હોય); પુષ્ટ તથા વૃદ્ધિને પ્રાપ્ત હાથ-પગ, પૃષ્ઠાંતર અને ઉરુવાળો; મજબૂત, વર્તુળાકાર અને માંસલ ખંભાવાળો; ચામડાના ચાબખા, દ્રુઘણ– મુદ્ગર વિશેષ અને મુઠ્ઠીના વારંવારના પ્રહારથી મજબૂત બની ગયેલા શરીરવાળો; વિશેષ બળથી યુક્ત છાતીવાળો; એક સાથે ઉત્પન્ન થયેલા બે તાલવૃક્ષની જેમ સીધા, લાંબા અને પુષ્ટ બાહુવાળો; ઓળંગવા, કૂદવા, શીઘ્રગમન અને કઠણ વસ્તુને ભાંગવા–ભૂકો કરવામાં સમર્થ; છેક–કળાનો જાણકાર, દક્ષ, પટુ, કુશળ, બુદ્ધિમાન, કાર્યમાં નિપુણ ભૃત્યપુત્ર ઘાસની સળીનો સાવરણો, દંડવાળો સાવરણો, વાંસની સળીવાળો સાવરણો લઈ રાજપ્રાંગણ, અંતઃપુર, દેવકુળ, સભા, પરબ, ક્રીડાસ્થાન, ઉદ્યાનાદિ સ્થાનોને ત્વરારહિત, ચપળતા રહિત, ભ્રાંતિ વિના, ઉતાવળ વિના, નિપુણતાપૂર્વક ચારેબાજુથી સાફ કરે છે, તેવી જ રીતે સૂર્યાભદેવના તે આભિયોગિક દેવોએ સંવર્તક વાયુની વિકુર્વણા કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ચારેબાજુના એક યોજન પ્રમાણ વર્તુળાકાર ભૂમિભાગમાં ઘાસ, પાંદડાં, વગેરે જે કાંઈ કચરો હતો, તેને વાયુ દ્વારા ઉડાડી એકાંત સ્થાનમાં ફેંકી (તે ભૂમિ ભાગને સાફ કરી) શીઘ્ર પોતાના કાર્યથી નિવૃત્ત થયા.

તે આભિયોગિક દેવોએ બીજીવાર વૈક્રિય સમુદ્દ્ઘાત કરીને પાણીથી યુક્ત વાદળાઓની રચના કરી. જેમ કે કોઈ તરુણ ***યાવત્*** પોતાના કાર્યમાં નિપુણ ભૃત્યદારક–પાણી સીંચનારનો પુત્ર પાણીથી ભરેલા માટીનાં પાત્ર વિશેષને, માટીના કુંભને, કાંસાદિ ધાતુના પાત્ર વિશેષને ધાતુના કળશને ગ્રહણ કરીને રાજપ્રાંગણ, ક્રીડાસ્થાન, પરબ વગેરે સ્થાનોમાં ત્વરાદિરહિતપણે પાણીનો છંટકાવ કરે છે, તે જ રીતે સૂર્યાભદેવના આભિયોગિક દેવોએ ગર્જના કરતા, વીજળીના ચમકારા કરતા પાણીથી ભરેલા વાદળાઓની રચના કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ચારેબાજુની એક યોજન પ્રમાણ વર્તુળાકાર ભૂમિમાં, વધુ પાણી કે કીચડ ન થાય, તેવી રીતે દિવ્ય, સુગંધિત અને રજરેણુ બેસી જાય તેવી ઝરમર વર્ષા કરી. આ વર્ષા દ્વારા તેઓએ તે ભૂમિને નિહતરજ ***યાવત્*** પ્રશાંત રજવાળી બનાવીને, શીઘ્ર પોતાના કાર્યથી નિવૃત્ત થયા.

તે આભિયોગિક દેવોએ ત્રીજીવાર વૈક્રિય સમુદ્દ્ઘાત કરીને પુષ્પ ભરેલા વાદળાની રચના કરી. જેમ કે કોઈ તરુણ ***યાવત્*** પોતાના કાર્યમાં નિપુણ માળીપુત્ર પુષ્પની છાબ, પુષ્પટોપલી કે પુષ્પચંગેરી ગ્રહણ કરી, કચગ્રહની જેમ કોમળ હાથથી પકડેલા અને પછી હાથથી છોડેલા પંચવર્ણી પુષ્પપુંજથી રાજપ્રાંગણાદિ સ્થાનોને સુશોભિત બનાવે છે, તેમ સૂર્યાભદેવના આભિયોગિક દેવોએ ગર્જના કરતા, વીજળીના ચમકારા કરતા પુષ્પમેઘોની રચના કરીને એક યોજન પ્રમાણવાળી તે ભૂમિમાં જલસ્થાનીય, સ્થળસ્થાનીય ખીલેલા પંચવર્ણી પુષ્પોની ડીંટીયા નીચે અને પુષ્પ ઉપર રહે તેવી રીતે જાનુ પ્રમાણ પુષ્પોની વૃષ્ટિ કરી અને પછી કાલાગુરુ, શ્રેષ્ઠ કુંદુરુષ્ક, તુરુષ્ક ધૂપથી તે ભૂમિને સુગંધથી મઘમઘાયમાન બનાવી દીધી. જાણે તે ભૂમિ સુગંધની અગરબત્તી હોય તેવી, દેવો આવી શકે તેવી આકર્ષક બનાવી, બનાવરાવી અને પોતાના કાર્યથી નિવૃત્ત થયા.

પોતાનું કાર્ય પૂર્ણ કરીને તે આભિયોગિક દેવો શ્રમણ ભગવાન મહાવીર સમીપે આવ્યા અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણવાર વંદન-નમસ્કાર કરીને આમ્રશાલવન ઉદ્યાનમાંથી બહાર જઈને પોતાની ઉત્કૃષ્ટ દિવ્ય દેવગતિથી સૌધર્મ દેવલોકના સૂર્યાભવિમાનની સુધર્માસભામાં સૂર્યાભદેવ પાસે આવીને, બંને હાથ જોડી, મસ્તક નમાવી જય-વિજયના શબ્દોથી સૂર્યાભદેવને વધાવી આજ્ઞાનુસાર

કાર્ય પૂર્ણ કર્યાની સૂચના આપી.

**સૂર્યાભદેવની ઉદ્‌ઘોષણા :–**

**૧૨ तए णं से सूरियाभे देवे तेसिं आभियोगियाणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **हियए पायत्ताणियाहिवइं देवं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! सूरियाभे विमाणे सुहम्माए सभाए मेघोघरसियगंभीर-महुरसद्दं जोयणपरिमंडलं सूसर घंटं तिक्खुत्तो उल्लालेमाणे-उल्लालेमाणे महया-महया सद्देणं उग्घोसेमाणे-उग्घोसेमाणे एवं वयाहि–**

**आणवेइ णं भो ! सूरियाभे देवे, गच्छइ णं भो ! सूरियाभे देवे जंबुद्दीवे दीवे भारहे वासे आमलकप्पाए णयरीए अंबसालवणे चेइए समणं भगवं महावीरं अभिवंदए, तं तुब्भे विणं भो देवाणुप्पिया ! सव्वड्ढीए** *जाव* **णियगपरिवालसद्धिं संपरिवुडा साइंसाइं जाणविमाणाइं दुरूढा समाणा अकालपरिहीणं चेव सूरियाभस्स देवस्स अंतिए पाउब्भवह।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સૂર્યાભદેવે આભિયોગિક દેવો પાસેથી આ વાત સાંભળીને હર્ષિત, સંતુષ્ટિત ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયવાળા થઈને પાયદળ સેનાના અધિપતિને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય! તમે જલદીથી સૂર્યાભવિમાનની સુધર્માસભામાં રહેલી મેઘસમૂહ જેવા ગંભીર-મધુર રણકાર-વાળી, એક યોજનની ગોળાઈવાળી સુસ્વર ઘંટાને ત્રણવાર વગાડીને ઊંચે સ્વરે ઘોષણા કરો કે–

સૂર્યાભ વિમાનવાસી હે દેવ-દેવીઓ ! સૂર્યાભદેવ, જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીના આમ્રશાલવન ઉદ્યાનમાં બિરાજમાન શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા માટે જઈ રહ્યા છે. સૂર્યાભદેવ આજ્ઞા કરે છે– હે દેવાનુપ્રિયો ! તમે પણ સમસ્ત ઋદ્ધિ ***યાવત્*** પોતપોતાના પરિવાર સહિત, પોત-પોતાનાં યાન-વિમાનોમાં બેસીને વિલંબ કર્યા વિના તત્કાલ સૂર્યાભદેવ સમક્ષ ઉપસ્થિત થાઓ.

**૧૩ तए णं से पायत्ताणियाहिवई देवे सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठ** *जाव* **हियए एवं देवो ! तहत्ति आणाए विणएणं वयणं पडिसुणेइ, पडिसुणित्ता जेणेव सूरियाभे विमाणे जेणेव सुहम्मा सभा जेणेव मेघोघरसिय-गंभीर-महुर-सद्दा जोयण-परिमंडला सुस्सरा घंटा तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं मेघोघरसिय-गंभीर-महुर-सद्दं जोयणपरिमंडलं सुस्सरं घंटं तिक्खुत्तो उल्लालेइ ।**

**तए णं तीसे मेघोघरसियगंभीरमहुरसद्दाए जोयणपरिमंडलाए सुस्सराए घंटाए तिक्खुत्तो उल्लालियाए समाणीए से सूरियाभे विमाणे पासाय-विमाण-णिक्खुडावडियसद्द- समुट्ठियं-घंटापडिसुया-सयसहस्स-संकुले जाए यावि होत्था।**

**ભાવાર્થ :–** સૂર્યાભદેવે આ પ્રમાણે કહ્યું ત્યારે પાયદળ સેનાના અધિપતિદેવ હર્ષિત અને સંતુષ્ટિત થયા ***યાવત્*** પ્રસન્ન હૃદયે બોલ્યા– હે દેવ ! તમે કહો છો તેમ જ કરીશ, તેમ કહીને આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કરીને સૂર્યાભવિમાનની સુધર્માસભાના મેઘસમૂહની ગર્જના જેવા ગંભીર શબ્દ કરનારી તથા

મધુર રણકારવાળી, એક યોજનની ગોળાઈવાળી સુસ્વરા નામની ઘંટા પાસે જઈને, તે ઘંટા ત્રણવાર વગાડી.

જ્યારે મેઘસમૂહની ગર્જના જેવા ગંભીર શબ્દ કરનારી તથા મધુર રણકારવાળી, એક યોજનની ગોળાઈવાળી સુસ્વર ઘંટાને સેનાપતિએ ત્રણવાર વગાડી ત્યારે તેનાથી ઉત્પન્ન થયેલી લાખો પ્રતિધ્વનિઓથી સૂર્યાભવિમાનના પ્રાસાદો, વિમાનો અને વિમાનોના ખૂણા સુધીના સ્થાનો રણકી ઊઠ્યા.

**१४ तए णं तेसिं सूरियाभ-विमाण-वासिणं बहूणं वेमाणियाणं देवाण य देवीण य एगंत–रइपसत्त-णिच्चप्पमत्त-विसय-सुहमुच्छियाणं सूसरघंटारव-विउलबोल-तुरिय-चवल-पडिबोहणे कए समाणे घोसण-कोउहल-दिण्णकण्ण-एगग्गचित्त-उवउत्त-माणसाणं ।**

**ભાવાર્થ :–** સુસ્વર ઘંટાના વિપુલ રણકારથી રતિક્રીડામાં તલ્લીન, નિત્યપ્રમાદી, વિષય સુખમાં મૂર્ચ્છિત સૂર્યાભવિમાનવાસી ઘણા વૈમાનિક દેવ-દેવીઓ સફાળા જાગૃત થઈ ગયા અને હવે થનારી ઘોષણા સાંભળવા દત્તકર્ણ તથા દત્તચિત્ત બની ગયા અર્થાત્ કાન અને ચિત્તને એકાગ્ર બનાવી, ઘોષણા સાંભળવા ઉત્સુક બની ગયા.

**१५ से पायत्ताणीयाहिवई देवे तंसि घंटारवंसि णिसंत-पसंतंसि महया-महया सद्देणं उग्घोसेमाणे उग्घोसेमाणे एवं वयासी– हंद ! सुणंतु भवंतो सूरियाभ-विमाणवासिणो बहवे वेमाणिया देवा य देवीओ य ! सूरियाभ-विमाणपइणो वयणं हियसुहत्थं । आणवेइ णं भो! सूरियाभे देवे, गच्छइ णं भो ! सूरियाभे देवे जंबुद्दीवं दीवं भारहं वासं आमलकप्पं णयरिं अंबसालवणं चेइयं समणं भगवं महावीरं अभिवंदए; तं तुब्भेवि णं देवाणुप्पिया ! सव्विड्ढीए** *जाव* **अकालपरिहीणा चेव सूरियाभस्स देवस्स अंतियं पाउब्भवह ।**

**ભાવાર્થ :–** ઘંટાનો અવાજ સંપૂર્ણ શાંત થઈ ગયો ત્યારે સૂર્યાભદેવની પાયદળ સેનાના અધિપતિ દેવે મોટે મોટેથી ઉદ્‌ઘોષણા કરતા આ પ્રમાણે કહ્યું– હે સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો ! દેવીઓ ! તમે સૂર્યાભ વિમાનાધિપતિના હિતપ્રદ અને સુખકર વચનો સાંભળો– સૂર્યાભદેવની આજ્ઞા છે કે તેઓ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની આમલકલ્પા નગરીના આમ્રશાલવન ઉદ્યાનમાં બિરાજમાન શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન કરવા જઈ રહ્યા છે, તેથી હે દેવાનુપ્રિયો ! તમે બધાં સમસ્ત ઋદ્ધિ સહિત ***યાવત્*** તત્કાલ સૂર્યાભદેવ સમક્ષ ઉપસ્થિત થાઓ.

**१६ तए णं ते सूरियाभ-विमाण-वासिणो बहवे वेमाणिया देवा य देवीओ य पायत्ताणिया- हिवइस्स देवस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **हियया अप्पेगइया वंदण-वत्तियाए, अप्पेगइया पूयणवत्तियाए, अप्पेगइया सक्कार-वत्तियाए, अप्पेगइया सम्माण- वत्तियाए, अप्पेगइया कोऊहलवत्तियाए, अप्पेगइया सूरियाभस्स देवस्स वयणमणुयत्तेमाणा, अप्पेगइया अस्सुयाइं सुणेस्सामो, अप्पेगइया सुयाइं णिस्संकियाइं करिस्सामो, अप्पेगइया अण्णमण्णमणुयत्तमाणा, अप्पेगइया जिणभत्तिरागेणं, अप्पेगइया जीयमेय ति कट्टु सव्विड्ढीए** *जाव* **सूरियाभस्स देवस्स अंतियं पाउब्भवंति ।**

**ભાવાર્થ :–** પાયદળ સેનાના સેનાધિપતિ દ્વારા આ પ્રકારની ઘોષણા સાંભળીને સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓ હર્ષિત, સંતુષ્ટિત અને પ્રસન્ન હૃદયવાળા થયા; તેમાંથી કેટલાક વંદન કરવાની વૃત્તિથી, કેટલાક પૂજા કરવાની ઉત્સુકતાથી, કેટલાક સત્કારના ભાવથી, કેટલાક સન્માન કરવાના ભાવથી, કેટલાક કુતૂહલ-વૃત્તિથી, કેટલાક સૂર્યાભદેવની આજ્ઞાનું પાલન કરવાની ભાવનાથી, કેટલાક પૂર્વે સાંભળ્યું નથી તેવું સાંભળવા મળશે, તેવી ઈચ્છાથી, કેટલાક શ્રુતજ્ઞાનને શંકારહિત બનાવવાના ભાવથી, કેટલાક પરસ્પર એકબીજાના કહેવાથી, કેટલાક જિનેન્દ્ર ભગવાનના ભક્તિ-અનુરાગથી, કેટલાક પરંપરાગત આચાર–જીત વ્યવહાર સમજીને ભગવાન પાસે જવા તૈયાર થયા અને પોતાની ઋદ્ધિ આદિથી સહિત સૂર્યાભદેવ સમક્ષ ઉપસ્થિત થયા.

**સૂર્યાભદેવનું યાન વિમાન :–**

**१७ तए णं से सूरियाभे देवे ते सूरियाभविमाणवासिणो बहवे वेमाणिया देवा य देवीओ य अकालपरिहीणा चेव अंतियं पाउब्भवमाणे पासइ, पासित्ता हट्ठतुट्ठ** *जाव* **हियए आभिओगियं देवं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–**

**खिप्पामेव भो ! देवाणुप्पिया । अणेगखम्भसयसण्णिविट्ठं लीलट्ठियसालभंजियागं, ईहामिय-उसभ-तुरग-णर-मगर-विहग-वालग-किंणर-रुरु- सरभ- चमर-कुंजर-वणलय-पउमलय-भत्तिचित्तं खंभुग्गय-वइरवेइया-परिगयाभिरामं विज्जाहर-जमलजुयल-जंतजुत्तं पिव अच्चीसहस्स मालणीयं रूवगसहस्सकलियं भिसमाणं भिब्भिसमाणं चक्खुल्लोयण-लेसं सुहफासं सस्सिरीयरूवं घंटावलि- चलिय-महुर-मणहरसरं सुहं कंत दरिसणिज्जं णिउणोचिय-मिसिमिसिंतमणिरयण- घंटियाजाल-परिक्खित्तं जोयणसयसहस्सवित्थिण्णं दिव्वं गमणसज्जं सिग्घगमणं णामं जाणविमाणं विउव्वाहि विउव्वित्ता खिप्पामेव एयमाणत्तियं पच्चप्पिणाहि।**

**ભાવાર્થ :–** સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓને તત્કાલ પોતાની પાસે આવેલા જોઈને સૂર્યાભદેવ પ્રસન્નચિત્ત અને પ્રફુલ્લિત હૃદયવાળા થઈ ગયા. તેણે પોતાના આભિયોગિક દેવને બોલાવીને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય ! સેંકડો સ્તંભો(થાંભલાઓ)થી યુક્ત; જાત-જાતની વિલાસમય હાવભાવવાળી પૂતળીઓવાળા; વરુ, બળદ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, મૃગવિશેષ(કસ્તુરીમૃગ) અષ્ટાપદ, ચમરીગાય, હાથી, વનલતા, પદ્મલતા વગેરેના ચિત્રોથી ચિત્રિત; સ્તંભગત વજરત્નમય વેદિકાથી રમણીય; યંત્રથી સંચાલિત સમ શ્રેણીએ સ્થિત વિદ્યાધર-વિદ્યાધરી યુગલોના ફરતા પૂતળાઓથી યુક્ત, રત્નોના હજારો કિરણોથી સૂર્યની જેમ ઝગારા મારતાં; હજારો રૂપકો–ચિત્રોથી ઉપશોભિત; દેદીપ્યમાન-અતિ દેદીપ્યમાન; ઉડીને આંખે વળગે તેવાં તેજવાળા; અનુકૂળ સ્પર્શ અને મનોહર રૂપથી સુશોભિત, કમનીય, દર્શનીય, નિપુણ શિલ્પી દ્વારા નિર્મિત, પાણીદાર મણિ અને રત્નમય ઘૂઘરીઓથી વ્યાપ્ત, દિવ્ય પ્રભાવ-વાળા, શીઘ્રગામી એવા એક લાખ યોજનના વિસ્તારવાળું એક મોટું યાન-વિમાનની રચના કરો અને યાન-વિમાનની રચના કરીને તરત તેની મને સૂચના આપો.

**१८ तए णं से आभिओगिए देवे सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठ** *जाव*

**हियए करयलपरिग्गहियं** *जाव* **पडिसुणेइ, पडिसुणेत्ता उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ, अवक्कमित्ता वेउव्विय-समुग्घाएणं समोहणइ समोहणित्ता** *जाव* **अणेगखंभसयसण्णिविट्ठं दिव्वं जाणविमाणं विउव्विउं पवत्ते यावि होत्था ।**

**ભાવાર્થ :–** સૂર્યાભદેવે આ પ્રમાણે કહ્યું ત્યારે તે સાંભળીને આભિયોગિકદેવોએ ખુશ થઈને, હાથ જોડીને તે આજ્ઞા માથે ચડાવી. આજ્ઞાનો સ્વીકાર કરીને, તે દેવો ઈશાનખૂણામાં જઈને, વૈક્રિય સમુદ્‌ઘાત કરીને અનેક સ્તંભોથી યુક્ત દિવ્ય યાન-વિમાનની રચના કરવામાં પ્રવૃત્ત થયા.

**વિવેચન :–**

**जाणविमाण :–** યાનવિમાન. વૈમાનિક દેવોના રહેવાના સ્થાન 'વિમાન'નામે પ્રખ્યાત છે. સૂર્યાભદેવના રહેવાના સ્થાનનું નામ સૂર્યાભવિમાન છે, આ વિમાન શાશ્વત છે. પોતાના સ્થાનથી જંબૂદ્વીપાદિ અન્ય સ્થાને જવા માટે, પોતાના વિશાળ પરિવારને સાથે લઈને જવા માટે વાહનરૂપે જે વિમાન બનાવવામાં આવે છે, તે યાનવિમાન કહેવાય છે. યાનવિમાન વૈક્રિય શક્તિથી બનાવવામાં આવે છે.

**યાન–વિમાનની સોપાન શ્રેણી :–**

**१९ तए णं से आभिओगिए देवे तस्स दिव्वस्स जाणविमाणस्स तिदिसिं तिसोवाण-पडिरूवए विउव्वइ, तंजहा– पुरत्थिमेणं दाहिणेणं उत्तरेणं । तेसिं तिसोवाण-पडिरूवगाणं इमे एयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– वइरामया णिम्मा, रिट्ठामया पइट्ठाणा वेरुलियामया खंभा, सुवण्ण-रुप्पमया फलगा लोहियक्खमइयाओ सूईओ, वइरामया संधी, णाणामणिमया अवलंबणा अवलंबणबाहाओ य, पासादीया** *जाव* **पडिरूवा।**

**ભાવાર્થ :–** આભિયોગિક દેવોએ તે દિવ્ય યાન-વિમાનની પૂર્વ, દક્ષિણ અને ઉત્તરદિશા આ ત્રણે બાજુએ ત્રણ-ત્રણ પગથિયાવાળી સુંદર સોપાન શ્રેણી(સીડી-દાદર)ની રચના કરી. તે સોપાન શ્રેણીના ભૂમિભાગથી લઈને ઉપર સુધીના બહાર નીકળેલા પ્રદેશ રૂપ નેમ ભાગો વજરત્નના, તે સોપાન શ્રેણીના પ્રતિષ્ઠાન-મૂલપ્રદેશ રિષ્ટ રત્નના, થાંભલાઓ વૈડૂર્યમણિના, પાટીયા સોના-ચાંદીના, પાટીયાને જોડનારી ખીલીઓ લોહિતાક્ષ રત્નની પાટીયાઓની વચ્ચેનો સંધિભાગ વજરત્નથી પૂરિત કર્યો હતો. તે સોપાન શ્રેણીના અવલંબન–સીડી ચડતા ટેકો લેવા માટેનો કઠોડો અને અવલંબન બાહા–કઠોડાની દિવાલ મણિઓથી બનાવવામાં આવી હતી. આ ત્રણે સોપાન શ્રેણીઓ ચિત્તને પ્રસન્ન કરનારી અને મનોહર હતી.

**યાન–વિમાનના તોરણ :–**

**२० तेसि णं तिसोवाणपडिरूवगाणं पुरओ पत्तेयं–पत्तेयं तोरणा पण्णत्ता । तेसि णं तोरणाणं इमे एयारूवे वण्णावासे पण्णत्ते, तंजहा– तोरणा णाणामणिमया णाणामणिमए सु थंभेसु उवणिविट्ठसण्णिविट्ठा, विविहमुत्तंतरारूवोवचिया विविहतारारूवोवचिया ईहामिय-उसभ-तुरग-णर-मगर-विहग-वालग- किंणर-रुरु- सरभ-चमर-कुंजर- वणलय-पउमलय-भत्तिचित्तं खंभुग्गय-वइरवेइया-परिगयाभिरामं विज्जाहर-जमलजुयल-जंतजुत्तं**

**पिव अच्चीसहस्स-मालणीयं रूवगसहस्सकलियं भिसमाणं भिब्भिसमाणं चक्खुल्लोयणलेसं सुहफासं सस्सिरीयरूवं** *जाव* **पडिरूवा।**

**ભાવાર્થ :–** તે ત્રણે સુંદર ત્રિસોપાન શ્રેણીઓની આગળ તોરણો બાંધ્યાં હતા. તે તોરણોનું વર્ણન આ પ્રમાણે છે– તે તોરણો વિવિધ પ્રકારના મણિઓથી બનાવેલા હતા, મણિમય સ્તંભો ઉપર ગોઠવેલા હોવાથી નિશ્ચલ હતા, તેમાં વિવિધ પ્રકારના મોતીઓ મૂકીને અનેક પ્રકારની ભાતો પાડી હતી, તે અનેક પ્રકારના તારાઓના આકારથી સુશોભિત હતા. તે તોરણોમાં વરુ, બળદ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, કસ્તુરીમૃગ, અષ્ટાપદ, ચમરીગાય, હાથી, વનલતા, પદ્મલતા વગેરેના ચિત્રો કોતરેલા હતા. સ્તંભગત વજ્રરત્નમય વેદિકાથી તે રમણીય લાગતા હતા; તે તોરણોમાં યંત્રથી સંચાલિત સમશ્રેણીએ સ્થિત વિદ્યાધર-વિદ્યાધરી યુગલોના પૂતળાઓ ફરતા દેખાતા હતા. તે તોરણો રત્નોના હજારો કિરણોથી સૂર્યની જેમ ઝગારા મારતા હતા. હજારો ચિત્રોથી ઉપશોભિત હતા, દેદીપ્યમાન, અતિદેદીપ્યમાન, ઉડીને આંખે વળગે તેવા તેજવાળા, અનુકૂળ સ્પર્શ અને મનોહર રૂપથી પ્રાસાદીય, દર્શનીય, સુંદર અને મનોહર રૂપાકૃતિવાળા હતા.

**२१ तेसि णं तोरणाणं उप्पिं अट्ठट्ठ मङ्गलगा पण्णत्ता, तंजहा– सोत्थिय-सिरिवच्छ-णंदियावत्त-वद्धमाणग-भद्दासण-कलस-मच्छ-दप्पणा सव्वरयणमया अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, णीरया, णिम्मला, णिप्पंका, णिक्कंकडच्छाया सप्पभा समिरीइया सउज्जोया पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**ભાવાર્થ :–** આભિયોગિક દેવોએ તે તોરણોની ઉપરના ભાગમાં આઠ-આઠ મંગલો ગોઠવ્યા હતા. તે આઠ મંગલોના નામ આ પ્રમાણે છે– (૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ (૩) નંદાવર્ત્ત (૪) વર્ધમાનક (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મત્સ્ય (૮) દર્પણ. તે મંગલો સર્વરત્નમય, સ્વચ્છ, સુકોમળ, મુલાયમ, ઘસેલા-માંજેલા હોય તેવા સુંવાળા, રજરહિત, મેલરહિત, ગંદકીરહિત, આવરણ રહિત દીપ્તિવાળા, અનુપમ પ્રભાયુક્ત, ચોતરફ પ્રસરતા કિરણોવાળા, ઉદ્યોતયુક્ત, પ્રાસાદીય, દર્શનીય, રમણીય અને ઘાટીલા હતા.

**२२ तेसिं च णं तोरणाणं उप्पिं बहवे किण्हचामरज्झया, नीलचामरज्झया, लोहिय-चामरज्झया, हालिद्दचामरज्झया सुक्किल्लचामरज्झया अच्छा सण्हा रुप्पपट्टा वइरदंडा जलयामलगंधिया सुरम्मा पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरूवा विउव्वइ।**

**ભાવાર્થ :–** આભિયોગિક દેવોએ તે તોરણોની ઉપરના ભાગમાં વજ્રના દંડવાળી કાળા ચામરોની ધ્વજાઓ, નીલ ચામરોની ધ્વજાઓ, લાલ ચામરોની ધ્વજાઓ, પીળા ચામરોની ધ્વજાઓ અને શ્વેત ચામરોની ધ્વજાઓની રચના કરેલી હતી. તે ધ્વજાઓ સ્વચ્છ, મુલાયમ, રુપ્યમય પટ્ટથી સુશોભિત, કમળ જેવી સુગંધથી સુગંધિત, સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, રમણીય અને ઘાટીલી હતી.

**२३ तेसिं णं तोरणाणं उप्पिं बहवे छत्ताइछत्ते, पडागाइपडागे घंटाजुयले, चामरजुयले उप्पलहत्थएकुमुद-णलिण-सुभग-सोगंधिय-पोंडरीय-महापोंडरीय-सतपत्त-सहस्सपत्त-हत्थए, सव्वरयणामए अच्छे** *जाव* **पडिरूवे विउव्वइ ।**

**ભાવાર્થ :–** તે તોરણોની ઉપર છત્રાતિછત્ર– ઉપરાઉપર છત્ર હોય તેવા અનેક છત્રો; પતાકાતિપતાકાઓ

અર્થાત્ પતાકાની ઉપર પતાકા હોય, તેવી અનેક પતાકાઓ; ઘંટ યુગલ, ચામર યુગલ, અનેક પ્રકારના કમળોના સમૂહ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર સમૂહની રચના કરેલી હતી. તે છત્રાદિ સ્વચ્છ ***યાવત્*** ઘાટીલા હતા.

**યાન–વિમાનનો સમતલ ભૂમિ ભાગ :–**

**૨૪ तए णं से आभिओगिए देवे तस्स जाणविमाणस्स अंतो बहुसमरमणिज्जं भूमिभागं विउव्वइ । से जहाणामए आलिंगपुक्खरेइ वा, मुइंगपुक्खरेइ वा, परिपुण्णे सरतलेइ वा, करतलेइ वा, चंदमंडलेइ वा, सूरमंडलेइ वा, आयंसमंडलेइ वा, उरब्भचम्मेइ वा, वसहचम्मेइ वा, वराहचम्मेइ वा सीहचम्मेइ वा वग्घचम्मेइ वा, छगलचम्मेइ वा, दीवियचम्मेइ वा, अणेगसंकुकीलग-सहस्सवितते, णाणाविहपंचवण्णेहिं मणीहिं उवसोभिए ।**

**आवड-पच्चावड-सेढी-पसेढी-सोत्थिय-सोवत्थिय-पूसमाणव-वद्धमाणग-मच्छंडग- मगरंडग-जार-मार-फुल्लावलि- पउमपत्त-सागरतरंग-वसंतलय- पउमलय–भत्तिचित्तेहिं सच्छाएहिं सप्पभेहिं समरीइएहिं सउज्जोएहिं णाणाविह- पंचवण्णेहिं मणीहिं उवसोभिए, तं जहा– किण्हेहिं णीलेहिं लोहिएहिं हालिद्देहिं सुक्किल्लेहिं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે આભિયોગિક દેવોએ તે યાન-વિમાનની અંદર સમતલ ભૂમિ ભાગની રચના કરી. તે ભૂમિભાગ ઢોલના ઉપરના ભાગ, મૃદંગના ઉપરના ભાગ, પરિપૂર્ણ સરોવરના ઉપરના ભાગ, હાથની હથેળી, ચંદ્રમંડલ, સૂર્યમંડલ અરીસાના ઉપરિતલ જેવો સમતલ હતો. ઘેટાના, બળદના, વરાહ (ભૂંડ)ના, સિંહના, વાઘના, હરણના, બકરાના અને દીપડાના ચામડાને ખેંચીને ચારેબાજુથી અનેક ખીલાઓ ભરાવવાથી તે એકસરખું થઈ જાય છે, તે સમતલ ચામડાની જેમ વિમાનની અંદરનો ભૂભાગ સમ બનાવ્યો હતો. તે ભૂમિભાગ તેમાં જડેલા અનેક પ્રકારના પંચવરણી મણિઓથી ઉપશોભિત હતો.

તે મણિયુક્ત ભૂમિ ભાગ આવર્ત, પ્રત્યાવર્ત, શ્રેણી, પ્રશ્રેણી સ્વસ્તિક પુષ્પમાણવ, વર્ધમાનક– કોડીયાનું સંપુટ, મત્સ્યના ઈંડાં, મગરના ઈંડાં, જારામારા– એક પ્રકારનું જલચર પ્રાણી, ખીલેલા પુષ્પની પંક્તિ, કમળપત્ર, સમુદ્રતરંગ, વાસંતી લતા, કમળવેલ વગેરેના ચિત્રોથી સુંદર લાગતો હતો. કાંતિવાળા, ઉત્કટપ્રભાવાળા, તેજસ્વી કિરણોવાળા અને તેજના અંબારથી ભરેલા; કાળા, નીલા, લાલ, પીળા અને ધોળા, તેમ પંચવરણી મણિઓથી તે ભૂમિભાગ શોભતો હતો.

**૨૫ तत्थ णं जे ते किण्हा मणी, तेसिं णं मणीणं इमे एयारूवे वण्णावासे पण्णत्ते– से जहाणामए जीमूतएइ वा, अंजणेइ वा, खंजणेइ वा, कज्जलेइ वा, मसीइ वा, मसीगुलियाइ वा, गवलेइ वा, गवलगुलियाइ वा, भमरेइ वा, भमरावलियाइ वा, भमरपतंगसारेइ वा, जंबूफलेइ वा, अद्दारिट्ठेइ वा, परपुट्ठेइ वा, गएइ वा, गयकलभेइ वा, किण्हसप्पेइ वा, किण्हकेसरेइ वा, आगासथिग्गलेइ वा, किण्हासोएइ वा, किण्हकणवीरेइ वा, किण्हबंधुजीवेइ वा, एयारूवे सिया ?**

**णो इणट्ठे समट्ठे, ओवम्मं समणाउसो ! ते णं किण्हा मणी इत्तो इट्ठतराए चेव**

**कंततराए चेव, पियतराए चेव, मणुण्णतराए चेव, मणामतराए चेव वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિઓમાં જે કાળા મણિઓ હતા, તેનો રંગ શું પાણી ભરેલા વાદળાઓ, અંજન–કાળો સુરમો, ખંજન– ગાડાનાં પૈડાનું કીલ અથવા દીપશીખાના ઉપરના ભાગની મેશ, કાજળ, મશ, મશગુટિકા, ગવલ– પાડાનાં શીંગડા, પાડાનાં શીંગડાની ગોળી, ભમરા, ભમરાની હાર, ભમરાની પાંખનો સાર ભાગ અર્થાત્ ભમરાની પાંખની અંદરનો ઘેરી કાળાશવાળો ભાગ, જાંબૂડા, કાચા અરીઠાના બીજ અથવા કાગડાના નાના બચ્ચા, કોયલ, હાથી, મદનીયું, કાળોસર્પ, કૃષ્ણ કેસર– કાળા પુષ્પના તંતુ, શરદકાલીન આકાશ ખંડ, કાળું અશોકવૃક્ષ, કાળી કણેર, કાળા બપોરીયા જેવો કાળો હતો ?

હે આયુષ્યમાન શ્રમણો ! તેનો વર્ણ તેવા પ્રકારનો ન હતો. આ તો માત્ર ઉપમાઓ છે, તે કાળા મણિઓનો વર્ણ, તો આ બધી ઉપમાઓ કરતાં પણ અનેક ગુણો અધિક ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ કાળો હતો.

**૨૬ तत्थ णं जे ते नीलामणी, तेसि णं मणीणं इमे एयारूवे वण्णावासे पण्णत्ते– से जहाणामए भिंगेइ वा, भिंगपत्तेइ वा, सुएइ वा, सुयपिच्छेइ वा, चासेइ वा, चासपिच्छेइ वा, णीलीइ वा, णीलीभेदेइ वा, णीलीगुलियाइ वा, सामाएइ वा, उच्चंतगेइ वा, वणरातीइ वा, हलधरवसणेइ वा, मोरग्गीवाइ वा, पारेवयग्गीवाइ वा, अयसिकुसुमेइ वा, बाणकुसुमेइ वा, अंजणकेसियाकुसुमेइ वा, नीलुप्पलेइ वा, णीलासोगेइ वा, णीलकणवीरेइ वा, णीलबंधुजीवेइ वा, भवे एयारूवे सिया ?**

**णो इणट्ठे समट्ठे, ते णं णीला मणी इत्तो इट्ठतराए चेव** *जाव* **वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિઓમાં જે નીલ મણિઓ હતા, તેનો રંગ શું ભૃંગકીટ(નીલા રંગનો ભ્રમર), ભૃંગની પાંખ, પોપટ(નીલપોપટ), પોપટની પાંખ, ચાસ પક્ષી-ચાતક, ચાસની પાંખ, નીલ-ગળી, નીલની અંદરનો ભાગ, નીલગુટિકા, સાંવા નામનું ધાન્ય, ઉચ્ચન્તક(દાંતોને રંગવાનું નીલા રંગનું ચૂર્ણ), વનરાજી, બળદેવને પહેરવાનાં વસ્ત્ર, મોરની ડોક, કબૂતરની ડોક, અળસીનાં ફૂલ, બાણ પુષ્પ, અંજનકેશીનાં ફૂલ, નીલકમળ, નીલ અશોક, નીલીકણેર અને નીલા બંધુજીવક જેવો નીલો હતો ?

તેનો વર્ણ તેવા પ્રકારનો ન હતો. તે નીલમણિઓ તો આ ઉપમાથી પણ વધુ ઈષ્ટતર ***યાવત્*** સરસ, મનોહર, મનોજ્ઞ નીલવર્ણવાળા હતા.

**૨૭ तत्थ णं जे ते लोहियगा मणी, तेसि णं मणीणं इमेयारूवे वण्णावासे पण्णत्ते– से जहाणामए ससरुहिरेइ वा, उरब्भरुहिरेइ वा, वराहरुहिरेइ वा, मणुस्सरुहिरेइ वा, महिसरुहिरेइ वा, बालिंदगोवेइ वा, बालदिवाकरेइ वा, संझब्भरागेइ वा, गुंजद्धरागेइ वा, जासुमणकुसुमेइ वा, किंसुयकुसुमेइ वा, पालियायकुसुमेइ वा, जाइहिंगुलएइ वा, सिलप्पवालेइ वा, पवालअंकुरेइ वा, लोहियक्खमणीइ वा, लक्खारसगेइ वा, किमिरागकंबलेइ वा, चीणपिट्ठरासीइ वा, रत्तुप्पलेइ वा, रत्तासोगेइ वा, रत्तकणवीरेइ वा, रत्तबंधुजीवेइ वा, भवे एयारूवे सिया ?**

**णो इणट्ठे समट्ठे, ते णं लोहिया मणी इत्तो इट्ठतराए चेव** *जाव* **वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિઓમાં જે લોહિત(લાલ) રંગના મણિઓ હતા, તેનો રંગ શું સસલાનાં લોહી, ઘેટાનાં લોહી, વરાહના લોહી, મનુષ્યના લોહી, ભેંસના લોહી, બાલ ઈન્દ્રગોપ, ઉગતા સૂર્ય, સંધ્યાકાલીન રંગ, ગુંજાફળ– ચણોઠીના અર્ધભાગ, જપાકુસુમ, કિંશુકપુષ્પ–કેસૂડાના ફૂલ, પારિજાતકુસુમ, શુદ્ધ હિંગળોક, પ્રવાલ(મૂંગા), પ્રવાલના અંકુર, લોહિતાક્ષ મણિ, લાખના રસ, કૃમિરાગ–લાલ કૃમિમાંથી બનાવેલા અત્યંત ઘેરા લાલરંગથી રંગેલા કંબલ, સિંદુર વિશેષના ચૂર્ણ, લાલ કમળ, લાલ અશોક, લાલકણેર અથવા લાલ બંધુજીવક જેવો લાલ હતો ?

તેનો વર્ણ તેવા પ્રકારનો ન હતો. તે લાલ મણિઓ તો તેનાથી પણ અધિક ઈષ્ટતર સરસ, મનોહર, અને મનોજ્ઞ રક્ત(લાલ) વર્ણના હતા.

**૨૮ तत्थ णं जे ते हालिद्दा मणी, तेसि णं मणीणं इमेयारूवे वण्णावासे पण्णत्ते–से जहाणामए चंपएइ वा, चंपछल्लीइ वा, चंपगभेएइ वा, हलिद्दाइ वा, हलिद्दाभेदेइ वा, हलिद्दागुलियाइ वा, हरियालियाइ वा, हरियालभेदेइ वा, हरियालगुलियाइ वा, चिउरेइ वा, चिउरंग-रातेइ वा, वरकणग-णिघसेइ वा, वरपुरिस-वसणेइ वा, अल्लकी-कुसुमेइ वा, चंपाकुसुमेइ वा, कुहंडिया-कुसुमेइ वा, कोरंटकमल्लदामेइ वा, तडवडाकुसुमेइ वा, घोसेडियाकुसुमेइ वा, सुवण्णजूहियाकुसुमेइ वा, सुहिरण्णकुसुमेइ वा, बीययकुसुमेइ वा, पीयासोगेइ वा, पीयकणवीरेइ वा, पीयबंधुजीवेइ वा, भवे एयारूवे सिया ?**

**णो इणट्ठे समट्ठे, ते णं हालिद्दा मणी इत्तो इट्ठतराए चेव** *जाव* **वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિઓમાં જે પીળા રંગના મણિઓ હતા, તેનો રંગ શું સુવર્ણ ચંપા, સુવર્ણચંપાની છાલ, સુવર્ણચંપાના અંદરના ભાગ, હળદર(જેવો), હળદરના અંદરના ભાગ, હળદરની ગોળી, હરતાલ (ખનિજ-વિશેષ), હરતાલના અંદરના ભાગ, હરતાલની ગોળી, ચિકુર(ગંધ દ્રવ્ય-વિશેષ), ચિકુરનાં રંગથી રંગેલાં વસ્ત્ર, શુદ્ધ સુવર્ણની કસોટી પરની રેખા, વાસુદેવનાં વસ્ત્રો, આદ્રકલતાનાં ફૂલ, ચંપાકુસુમ, કૂષ્માંડ (કોળા)ના ફૂલ, કોરંટક પુષ્પની માળા, તડવડા(આંબળા)નાં ફૂલ, ઘોષાતિકી–તુરીયાના પુષ્પ, સુવર્ણયૂથિકા– સોના જૂહીનાં ફૂલ, સુહિરણ્યનાં ફૂલ, બીજકનાં ફૂલ, પીળા અશોક, પીળા કણેર કે પીળા બંધુજીવક જેવો પીળો હતો ?

તેનો વર્ણ તેવા પ્રકારનો ન હતો. તે પીળા મણિઓ તો તેનાથી પણ વધુ ઈષ્ટતર ***યાવત્*** મનોહર પીળા વર્ણવાળા હતા.

**૨૯ तत्थ णं जे ते सुक्किल्ला मणी तेसिं णं मणीणं इमेयारूवे वण्णावासे पण्णत्ते– से जहाणामए अंकेइ वा, संखेइ वा, चंदेइ वा, कुमुद-उदक-दयरय-दहिघण-गोखीर-खीरपूरेइ वा, कोंचावलीइ वा, हारावलीइ वा, हंसावलीइ वा, बलागावलीइ वा, चंदावलीइ वा, सारतियबलाहएइ वा, धंतधोयरुप्पपट्टेइ वा, सालिपिट्ठरासीइ वा, कुंदपुप्फरासीइ वा, कुमुदरासीइ वा, सुक्कच्छिवाडीइ वा, पिहुणमिंजियाइ वा,**

**भिसेइ वा, मुणालियाइ वा, गयदंतेइ वा, लवंग-दलएइ वा, पोंडरियदलएइ वा, सेयासोगेइ वा, सेयकणवीरेइ वा, सेयबंधुजीवेइ वा, भवे एयारूवे सिया ?**

**णो इणट्ठे समट्ठे, ते णं सुक्किला मणी एत्तो इट्ठतराए चेव** *जाव* **वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિઓમાં જે શ્વેત વર્ણના મણિઓ હતા, તેનો રંગ શું અંકરત્ન, શંખ, ચંદ્ર, કુમુદ, શુદ્ધપાણી, ઓસબિંદુ, જામી ગયેલું દહીં, દૂધ, દૂધનાં ફીણ, ક્રૌંચ પક્ષીની પંક્તિ, મોતીઓના હારની પંક્તિ, હંસોની પંક્તિ, બગલાની પંક્તિ, ચંદ્રોની પંક્તિ, શરદઋતુના મેઘ, અગ્નિમાં તપાવેલા અને પાણીમાં ધોયેલા ચાંદીના પતરા, ચોખાના લોટના ઢગલા, કુન્દપુષ્પ સમૂહ, કુમુદ પુષ્પના સમૂહ, વાલની સૂકી શિંગો, મોરપીંછની વચ્ચેનો ચંદ્રક, બીસતંતુ, મૃણાલિકા, હાથીદાંત, લવિંગનાં ફૂલ, પુંડરીક કમળ, શ્વેત અશોક, શ્વેત કણેર અને શ્વેત બંધુજીવક જેવો શ્વેત હતો ?

તેનો વર્ણ તેવા પ્રકારનો ન હતો. તે શ્વેતમણિઓ તો તેનાથી પણ અધિક ઈષ્ટતર ***યાવત્*** મનોહર શ્વેતવર્ણવાળા હતા.

**૩૦ तेसि णं मणीणं इमेयारूवे गंधे पण्णत्ते– से जहाणामए कोट्ठपुडाण वा, तगरपुडाण वा, एलापुडाण वा, चोयपुडाण वा, चंपापुडाण वा, दमणापुडाण वा, कुंकुमपुडाण वा, चंदणपुडाण वा, उसीरपुडाण वा, मरुआपुडाण वा, जाइपुडाण वा, जूहियापुडाण वा, मल्लियापुडाण वा, ण्हाणमल्लियापुडाण वा, केतगिपुडाण वा, पाडलिपुडाण वा, णोमालियापुडाण वा, अगुरुपुडाण वा, लवंगपुडाण वा, वासपुडाण वा, कप्पूरपुडाण वा, अणुवायंसि वा, ओभिज्जमाणाण वा, कोट्टिज्जमाणाण वा, भंजिज्जमाणाण वा, उक्किरिज्जमाणाण वा, विक्किरिज्जमाणाण वा, परिभुज्जमाणाण वा, परिभाइज्जमाणाण वा, भंडाओ वा भंडं साहरिज्जमाणाण वा, ओराला मणुण्णा मणहरा घाणमणणिव्वुइकरा सव्वओ समंता गंधा अभिणिस्सरंति, भवे एयारूवे सिया ?**

**णो इणट्ठे समट्ठे, ते णं मणी एत्तो इट्ठतराए चेव** *जाव* **गंधेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિઓની(યાન-વિમાનના સમભૂમિ ભાગમાં જડેલા મણિઓની) સુગંધ કોષ્ઠના પડા, તગરના પડા, એલચી, ચોય, ચંપા, દમનક–વનસ્પતિ વિશેષ, કુંકુમ, કેસર, ચંદન, ઉસીર–ખસખસ, મરવો, જાઈ નામનું પુષ્પ, જુહી, મલ્લિકા–મોગરો, સ્નાનમલ્લિકા– સ્નાન કરવા યોગ્ય મલ્લિકા, કેતકી–કેવડો, પાટલ–ગુલાબ, નવમલ્લિકા, અગર, લવિંગ, વાંસકપૂરના પડાને ખુલ્લા રાખવામાં આવે અને અનુકૂળ હવા દ્વારા સુગંધ ફેલાય અથવા તે સુગંધી દ્રવ્યોને ખાંડવામાં આવે, ટુકડા કરવામાં આવે, વિખેરવામાં આવે, ચારેબાજુ ઉડાડવામાં આવે, ઉપયોગ કરવામાં આવે, એક વાસણથી બીજા વાસણમાં નાંખવામાં આવે ત્યારે તેમાંથી ઉદાર, મનોજ્ઞ, મનોહર, નાક અને મનને આનંદ આપતી સુગંધ ચારેબાજુ પ્રસરે છે(તે મણિઓની સુગંધ) શું તેવી હતી ?

ના, તેની સુગંધ તેવી ન હતી. તે મણિઓ તો, તે સુગંધી દ્રવ્યોથી અનેક ગુણા અધિક ઈષ્ટતર, સરસ, મનોહર, મનોજ્ઞ સુરભિગંધવાળા હતા.

**૩૧ तेसि णं मणीणं इमेयारूवे फासे पण्णत्ते– से जहाणामए आइणेइ वा, रूएइ वा बूरेइ वा णवणीएइ वा हंसगब्भतूलियाइ वा सिरीसकुसुमणिचयेइ वा बालकुमुदपत्तरासीइ वा भवे एयारूवे सिया ? णो इणट्ठे समट्ठे, तेणं मणी एत्तो इट्ठतराए चेव** *जाव* **फासेणं पण्णत्ता।**

**ભાવાર્થ :–** તે મણિઓનો સ્પર્શ શું અજિનક– મૃગચર્મ, રૂ, બૂર(વનસ્પતિ વિશેષ), માખણ, હંસગર્ભ નામના રૂની ભરેલી તળાઈઓ, શિરીષપુષ્પોનો સમૂહ, નવજાત કમળપત્રોનાં ઢગલા જેવો કોમળ હતો ?

તેનો સ્પર્શ તેવા પ્રકારનો ન હતો, તે મણિઓ તો તેનાથી પણ અધિક ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ સ્પર્શવાળા હતા.(આભિયોગિક દેવોએ આવા સુગંધિત મણિઓની વિકુર્વણા કરી તે ભૂમિમાં જડ્યા હતા.)

**યાન–વિમાનનું પ્રેક્ષાગૃહ–મંડપ :–**

**૩૨ तए णं से आभियोगिए देवे तस्स दिव्वस्स जाणविमाणस्स बहुमज्झदेसभागे, एत्थ णं महं पेच्छाघरमंडवं विउव्वइ–अणेगखंभसयसण्णिविट्ठं अब्भुग्गय–सुकय–वरवेइयाकणग–तोरणवररइय–सालभंजियागं, सुसिलिट्ठ–विसिट्ठ–लट्ठ–संठियं, पसत्थ–वेरुलिय–विमलखंभं णाणामणिकणग–खचिय–उज्जलबहुसमसुविभत्तभूमिभागं, ईहामिय–उसभ–तुरग–णर–मगर–विहग–वालग–किंणर–रुरु–सरभ–चमर–कुंजर–वणलय–पउमलय–भत्तिचित्तं, खंभुग्गय–वइरवेइया–परिगयाभिरामं विज्जाहरजमलजुयलजंतजुत्तं पिव अच्चीसहस्स–मालणीयं, रूवगसहस्स–कलियं भिसमाणं भिब्भिसमाणं चक्खुल्लोयणलेसं सुहफासं सस्सिरीयरूवं**

**कंचणमणिरयणथूभियागं णाणाविहपंचवण्ण घंटापडागपरिमंडियग्गसिहरं चवलं मरीइकवयं विणिम्मुयंतं लाउल्लोइयमहियं, गोसीस–सरस–रत्तचंदण–दद्दर–दिण्णपंचंगुलितलं, उवचियचंदणकलसं, चंदणघड–सुकय–तोरणपडिदुवारदेसभागं, आसत्तोसत्तविउल–वट्ट–वग्घारियमल्लदामकलावं पंचवण्णसरससुरभिमुक्क–पुप्फपुंजोवयार–कलियं, कालागुरु–पवरकुंदुरुक्क–तुरुक्क–धूव–मघमघंत–गंधुद्धुयाभिरामं सुगंधवरगंधियं गंधवट्टिभूयं अच्छर–गण–संघ–संविकिण्णं दिव्वतुडिय–सद्दसंपणाइयं अच्छं** *जाव* **पडिरूवं ।**

**तस्स णं पिच्छाघरमंडवस्स अंतो बहुसमरमणिज्जभूमिभागं विउव्वइ** *जाव* **मणीणं फासो। तस्स णं पेच्छाघरमंडवस्स उल्लोयं विउव्वइ पउमलयभत्तिचित्तं अच्छं** *जाव* **पडिरूवं।**

**ભાવાર્થ :–** ત્યાર પછી આભિયોગિક દેવોએ તે દિવ્ય યાન-વિમાનની બરાબર વચ્ચેના ભાગમાં એક વિશાળ પ્રેક્ષાગૃહ મંડપની રચના કરી. તે પ્રેક્ષાગૃહ મંડપ– અનેક થાંભલાઓ ઉપર સ્થિત હતો. તે ઊંચી વેદિકાઓ, તોરણો અને સુંદર પૂતળીઓથી સુશોભિત હતો, તે મંડપ સુવ્યવસ્થિત, વિલક્ષણ, ઘાટીલા, વૈડુર્યમણિથી નિર્મિત અને નિર્મળ સ્તંભોથી શોભાયમાન હતો; તે મંડપના સમભૂમિભાગમાં વિવિધ મણિઓ જડી, તેને ચમકતો બનાવ્યો

હતો; ઈહામૃગ-વરુ, બળદ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, કસ્તૂરી મૃગ, અષ્ટાપદ, ચમરીગાય, હાથી, વનલતા અને પદ્મલતાના ચિત્રોથી તે અદ્‌ભૂત લાગતો હતો; સ્તંભગત વજ્રરત્નમયી વેદિકાઓથી તે મનોહર દેખાતો હતો. તે મંડપમાં યંત્ર સંચાલિત સમશ્રેણીમાં સ્થિત વિદ્યાધર-વિદ્યાધરી યુગલના પૂતળા ફરતા દેખાતા હતા; રત્નોના હજારો કિરણોથી તે સૂર્યની જેમ ઝગારા મારતો હતો, હજારો ચિત્રોથી તે ઉપશોભિત હતો; દેદીપ્યમાન, અતિદેદીપ્યમાન, ઉડીને આંખે વળગે તેવો તેજ- વાળો હતો; અનુકૂળ સ્પર્શ અને મનોહર રૂપથી સુશોભિત હતો;

તેમાં સુવર્ણમય, રત્નમય અનેક સ્તૂપો ઊભા કર્યા હતા અને તેના શિખરોને અનેક પ્રકારની પંચરંગી ઘંટડીઓ તથા પતાકાઓથી શણગાર્યા હતા; તે મંડપ પોતાના ચળકાટ અને ચારે તરફ ફેલાતા કિરણોના કારણે કંપાયમાન હોય તેવો ચંચળ અને આંખોને અંજાવીદે તેવો ચકચકાટ લાગતો હતો. મંડપની અંદર-બહાર ગોશીર્ષચંદન, હરિચંદન અને રક્તચંદન વગેરે સુગંધી દ્રવ્યોના થાપા માર્યા હતા; તે મંડપમાં ચંદનના કળશો ગોઠવ્યા હતા; બારણાના ટોડલાઓ, તોરણો ચંદનકળશોથી શોભાયમાન હતા; તે મંડપમાં ઉપરથી લઈ નીચેની ભૂમિ સુધીની લાંબી-લાંબી સુગંધી ગોળ માળાઓ લટકાવેલી હતી; તે મંડપમાં પંચવરણી તાજા સુગંધી પુષ્પો પાથરવામાં આવ્યા હતા; કાલાગુરુ, શ્રેષ્ઠ કુંદુરુષ્ક, તુરુષ્ક વગેરે દ્રવ્યોના ધૂપની પ્રસરેલી ઉત્તમ સુગંધથી તે મહેકી રહ્યો હતો; શ્રેષ્ઠ સુગંધથી યુક્ત હતો, સુગંધથી મઘમઘતો હોવાથી તે સુગંધની ગુટિકા કે અગરબત્તી જેવો લાગતો હતો; દિવ્ય વાજિંત્રો(વાદ્યો)ના ધ્વનિથી તે ગુંજી રહ્યો હતો; અપ્સરાઓના સમૂહથી વ્યાપ્ત હતો; તે પ્રેક્ષાગૃહ મંડપ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો.

આભિયોગિક દેવોએ તે પ્રેક્ષાગૃહ-મંડપની અંદર સમતલ રમણીય ભૂમિભાગની રચના કરી. તે ભૂમિભાગમાં વિવિધરંગના મણિઓ જડેલા હતા વગેરે ભૂમિભાગ સંબંધી સંપૂર્ણ વર્ણન પૂર્વવત્(યાન-વિમાનની ભૂમિ જેવું) સમજવું. આભિયોગિક દેવોએ તે પ્રેક્ષાગૃહ મંડપની ઉપર ચંદરવો બાંધ્યો. તે પદ્મલતાદિ ચિત્રોથી ચિત્રિત ***યાવત્*** અતિમનોહર હતો.

**૩૩ तस्सं णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए, एत्थ णं एगं महं वइरामयं अक्खाडगं विउव्वइ । तस्स णं अक्खाडयस्स बहुमज्झदेसभागे एत्थ णं महेगं मणिपेढियं विउव्वइ– अट्ठ जोयणाइं आयामविक्खम्भेणं, चत्तारि जोयणाइं बाहल्लेणं सव्वमणिमयं अच्छं *जाव* पडिरूवं।**

**ભાવાર્થ :–** તે દેવોએ પ્રેક્ષામંડપના તે સમરમણીય ભૂમિભાગની વચ્ચોવચ્ચ, વજ્રરત્નોથી નિર્મિત એક વિશાળ **અખાડા**(વિમાનમાં દેવોને બેસવાના ક્ષેત્ર)ની રચના કરી. તે ક્રીડામંચની બરાબર વચ્ચે આઠ યોજન લાંબી-પહોળી અને ચાર યોજન જાડી વજ્રરત્નોથી બનેલી નિર્મળ, ઘાટીલી, એક વિશાળ **મણિપીઠિકા** બનાવી.

**યાન–વિમાનમાં સિંહાસન :–**

**૩૪ तीसे णं मणिपेढियाए उवरि, एत्थ णं महेगं सीहासणं विउव्वइ । तस्स णं सीहासणस्स इमेयारूवे वण्णावासे पण्णत्ते–तवणिज्जमया चक्कला, रययामया सीहा, सोवण्णिया पाया, णाणामणिमयाइं पायसीसगाइं, जंबूणयमयाइं गत्ताइं, वइरामया संधी, णाणामणिमए वेच्चे। से णं सीहासणे ईहामिय-उसभ-तुरग-णर-मगर-विहग-वालग-किण्णर-रुरु-सरभ-चमर- कुंजर-वणलय-पउमलय-भत्तिचित्ते, ससार-सारोवचिय-**

**मणिरयण-पायपीढे, अत्थरग-मिउ-मसूरग- णवतयकुसंत- लिंब- केसर-पच्चत्थुयाभिरामे, आईणग-रुय-बूर-णवणीय-तूलफास सुविरइय- रयत्ताणे, उवचिय-खोम-दुगुल्ल- पट्ट-पडिच्छायणे रत्तंसुय-संवुडे सुरम्मे पासाइए दरिसणिज्जे अभिरूवे पडिरूवे ।**

**ભાવાર્થ :–** આભિયોગિક દેવોએ તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન બનાવ્યું. તે સિંહાસનનું વર્ણન આ પ્રમાણે છે– તે સિંહાસનમાં સોનાના ચાકળા; રત્નોના સિંહાકૃતિવાળાભાગ(હાથા વગેરે); સોનાના પાયા; વિવિધ પ્રકારના મણિઓથી નિર્મિત પાયાની ઉપરનો ભાગ, જાંબૂનદ સુવર્ણના ગાત્ર– પાર્શ્વવર્તી ભાગ, વજ્રનો સંધિભાગ અને વિવિધ મણિઓથી સિંહાસનનો મધ્યભાગ બનાવ્યો હતો. તે સિંહાસન ઈહામૃગ, બળદ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, કસ્તૂરી મૃગ, અષ્ટાપદ, ચમરીગાય, હાથી, વનલતા અને પદ્મલતા આદિ વિવિધ ચિત્રોથી ચિત્રિત હતું. સિંહાસનની આગળ મૂકેલું પાદપીઠ મૂલ્યવાન મણિઓ અને રત્નોથી સુશોભિત લાગતું હતું. તે સિંહાસન ઉપર નવતૃણ કુશાગ્ર–નવા ઉગેલા કુશ નામના ઘાસના અગ્રભાગ અને કેસર તંતુઓ જેવા અત્યંત સુકોમળ, સુંદર વસ્ત્રથી આચ્છાદિત મસુરિયું (ગોળ ઓશિકું) મૂકવામાં આવ્યું હતું અને તેના દ્વારા સિંહાસન મનોહર લાગતું હતું. તેનો સ્પર્શ આજનિક (મૃગચર્મ) રૂ, બૂર–વનસ્પતિ વિશેષ, માખણ અને આકડાના રૂ જેવો કોમળ હતો. સિંહાસન ઉપર રજ ન પડે તે માટે તેને સુંદર, સુરચિત રજસ્ત્રાણથી ઢાંક્યું હતું; તે રજસ્ત્રાણ ઉપર જરી ભરેલું સુતરાઉ વસ્ત્ર પાથર્યું હતું અને તેના ઉપર લાલ વસ્ત્ર આચ્છાદિત કર્યું હતું. આ રીતે તે સિંહાસનને પ્રાસાદીય, દર્શનીય, રમ્ય અને ઘાટીલું બનાવ્યું હતું.

**૩૫ तस्स णं सीहासणस्स उवरिं, एत्थ णं महेगं विजयदूसं विउव्वइ, संख- कुंद-दगरय-अमय-महिय-फेणपुंज-सण्णिगासं सव्वरयणामयं अच्छं सण्हं** *जाव* **पासादीयं दरिसणिज्जं अभिरूवं पडिरूवं । तस्स णं सीहासणस्स उवरिं विजयदूसस्स य बहुमज्झदेसभागे, एत्थ णं महं एगं वयरामयं अंकुसं विउव्वइ ।**

**ભાવાર્થ :–** તે સિંહાસનના ઉપરના ભાગમાં શંખ, કુંદપુષ્પ, જલબિંદુ, મથેલા ક્ષીરસમુદ્રના ફીણના સમૂહ જેવું શ્વેત, રત્નોથી ઝગમગતું, સ્વચ્છ, નિર્મળ, સ્નિગ્ધ–પ્રાસાદીય, દર્શનીય અભિરૂપ અને પ્રતિરૂપ એક વિજયદૂષ્ય(વસ્ત્ર વિશેષ, છત્રાકાર જેવો ચંદરવો) બાંધ્યું હતું. તે સિંહાસનના ઉપરના ભાગમાં બાંધેલા વિજયદૂષ્યની વચ્ચોવચ વજ્રરત્નમય એક અંકુશ (આંકડો) લગાવ્યો હતો.

**૩૬ तस्सिं च णं वयरामयंसि अंकुसंसि कुंभिक्कं मुत्तादामं विउव्वइ । ते णं कुंभिक्के मुत्तादामे अण्णेहिं चउहिं अद्धकुंभिक्केहिं मुत्तादामेहिं तदद्धुच्चत्तपमाणेहिं सव्वओ समंता संपरिक्खित्ते। ते णं दामा तवणिज्जलंबूसगा सुवण्णपयर मंडियागा-णाणामणिरयण-विविह-हारद्धहार-उवसोभिय-समुदाया ईसिं अण्णमण्णसंपत्ता वाएहिं पुव्वावर-दाहिणुत्तरा- गएहिं मंदायं-मंदायं एज्जमाणाणि-एज्जमाणाणि पलंबमाणाणि- पलंबमाणाणणि वदमाणाणि-वदमाणाणि उरालेणं मणुण्णेणं मणहरेणं कण्ण-मण- णिव्वुइकरेणं सद्देणं ते पएसे सव्वओ समंता आपूरेमाणा आपूरेमाणा सिरीए अईव-अईव उवसोभेमाणा-उवसोभेमाणा चिट्ठंति।**

**ભાવાર્થ :–** તે વજ્રમય અંકુશ-આંકડામાં મોતીઓનું એક મોટું ઝુમ્મર લટકાવવામાં આવ્યું હતું. તેમાં વચ્ચે કુંભ પરિમાણવાળો એક મોટો મોતીનો ઝુમખો હતો; તેની ચારેબાજુ ગોળાકારે અર્ધકુંભ પરિમાણ- વાળા અને

પહેલાના ઝૂમખાથી અર્ધી ઊંચાઈવાળા મોતીઓના ચાર ઝુમખા હતા; તે ઝુમ્મરો(મોતીઓ) સોનાની પાંદડીઓથી, અન્ય અનેક લંબૂસગો = ગોળ દડાના આકારવાળા ગોળાઓથી, અગ્રભાગ પર લગાડેલા સુવર્ણપત્રો અને અનેક પ્રકારના મણિરત્નોના હાર-અર્ધહારથી ઉપશોભિત હતા; પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશાના વાયુથી તે મોતીઓ ધીરે-ધીરે હલતા હતા; હલતાં-હલતાં એકબીજા સાથે અથડાતા હતા અને તેમાંથી ઉદાર-વિશિષ્ટ, મનોજ્ઞ, મનોહર, કાનને મધુર લાગે અને મનને પરમશાંતિ આપે તેવું ગુંજન થતું હતું; સુંદર દિવ્ય ગુંજનથી તે પ્રદેશ ગુંજાયમાન થઈ રહ્યો હતો અને આ મોતીની માળાઓ પોતાની શોભાથી અતિ-અતિ શોભિત હતી.

**સિંહાસનની ચારે દિશામાં ભદ્રાસન :–**

**૩૭ तए णं से आभिओगिए देवे तस्स सीहासणस्स अवरुत्तरेणं, उत्तरेणं, उत्तरपुरत्थिमेणं, एत्थ णं सूरियाभस्स देवस्स चउण्हं सामाणियसाहस्सीणं चत्तारि भद्दासण–साहस्सीओ विउव्वइ । तस्स णं सीहासणस्स पुरत्थिमेणं, एत्थ णं सूरियाभस्स देवस्स चउण्हं अग्ग–महिसीणं सपरिवाराणं चत्तारि भद्दासणसाहस्सीओ विउव्वइ । तस्स णं सीहासणस्स दाहिण– पुरत्थिमेणं, एत्थ णं सूरियाभस्स देवस्स अब्भिंत–रपरिसाए अट्ठण्हं देवसाहस्सीणं अट्ठ भद्दासणसाहस्सीओ विउव्वइ ।**

**एवं– दाहिणेणं मज्झिमपरिसाए दसण्हं देवसाहस्सीणं दस भद्दासणसाहस्सीओ विउव्वइ । दाहिणपच्चत्थिमेणं बाहिरपरिसाए बारसण्हं देवसाहस्सीणं बारस भद्दासण–साहस्सीओ विउव्वइ । पच्चत्थिमेणं सत्तण्हं अणियाहिवईणं सत्त भद्दासणे विउव्वइ। तस्सं णं सीहासणस्स चउदिसिं, एत्थ णं सूरियाभस्स देवस्स सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं सोलस भद्दासणसाहस्सीओ विउव्वति । तं जहा– पुरत्थिमेणं चत्तारि साहस्सीओ, दाहिणेणं चत्तारि साहस्सीओ, पच्चत्थिमेणं चत्तारि साहस्सीओ, उत्तरेणं चत्तारि साहस्सीओ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી આભિયોગિક દેવોએ તે સિંહાસનની (૧) વાયવ્યકોણમાં, (૨) ઉત્તરદિશામાં અને (૩) ઈશાનકોણમાં સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો માટે ચાર હજાર ભદ્રાસનોની રચના કરી. (૪) પૂર્વદિશામાં સૂર્યાભદેવની પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ માટે ચાર હજાર ભદ્રાસનોની રચના કરી. (૫) અગ્નિકોણમાં સૂર્યાભદેવની આભ્યંતર પરિષદના આઠ હજાર દેવો માટે આઠ હજાર ભદ્રાસનોની રચના કરી.

તે જ રીતે સિંહાસનથી (૬) દક્ષિણ દિશામાં મધ્યમ પરિષદના દેવો માટે દશ હજાર ભદ્રાસનોની, (૭) નૈઋત્ય કોણમાં બાહ્ય પરિષદના દેવો માટે બાર હજાર ભદ્રાસનોની અને (૮) પશ્ચિમ દિશામાં સાત અનીકાધિપતિઓ-સેનાપતિઓ માટે સાત ભદ્રાસનોની રચના કરી. ત્યાર પછી તે સિંહાસનની ચારેબાજુ(તે સર્વ ભદ્રાસનોને ઘેરીને) સૂર્યાભદેવના સોળ હજાર આત્મરક્ષક દેવો માટે સોળ હજાર ભદ્રાસનોની રચના કરી. તેમાં ક્રમશઃ પૂર્વ દિશામાં ચાર હજાર, દક્ષિણ દિશામાં ચાર હજાર, પશ્ચિમ દિશામાં ચાર હજાર અને ઉત્તર દિશામાં ચાર હજાર, આ રીતે કુલ સોળ હજાર ભદ્રાસનોની રચના કરી.

**૩૮ तस्स दिव्वस्स जाणविमाणस्स इमेयारूवे वण्णावासे पण्णत्ते– से जहाणामाए अइरुग्गयस्स वा हेमंतियबालियसूरियस्स वा, खयरिंगालाण वा रत्तिं पज्जलियाणं**

**जवाकुसुम वणस्स वा, किंसुयवणस्स वा, पारियायवणस्स वा सव्वओ समंता संकुसुमियस्स; भवे एयारूवे सिया ? णो इणट्ठे समट्ठे । तस्स णं दिव्वस्स जाणविमाणस्स एत्तो इट्ठत्तराए चेव** *जाव* **वण्णेणं पण्णत्ते । गंधो य फासो य जहा मणीणं ।**

**ભાવાર્થ :–** તે દિવ્યયાન-વિમાનનો વર્ણ શું તત્કાલ ઉદિત હેમંત ઋતુના બાલસૂર્ય, રાત્રિમાં પ્રજ્વલિત ખદિર-ખેરના લાકડાંના અંગારા, ખીલેલા જપાકુસુમના વન, પલાશના વન, ચારે દિશા અને વિદિશાઓમાં સારી રીતે પુષ્પિત થયેલા પારિજાતના વન જેવો લાલ હતો ?

તેનો વર્ણ તેવા પ્રકારનો ન હતો. તે યાન-વિમાન તો આ બધી ઉપમાઓથી પણ અધિક ઈષ્ટતર સરસ, મનોજ્ઞ અને અતિમનોહર રક્તવર્ણવાળું હતું. તે જ રીતે તેની ગંધ અને સ્પર્શ પણ પૂર્વકથિત મણિઓના વર્ણન સમાન સમજવા.

**૩૯ तए णं से आभियोगिए देवे दिव्वं जाणविमाणं विउव्वइ, विउव्वित्ता जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं** *जाव* **पच्चप्पिणइ ।**

**ભાવાર્થ :–** આ રીતે દિવ્ય યાન-વિમાનની રચના કર્યા પછી તે આભિયોગિક દેવોએ સૂર્યાભદેવ પાસે આવીને બે હાથ જોડીને યાન-વિમાન તૈયાર થઈ ગયાની સૂચના આપી.

**યાન–વિમાનમાં દેવોનો આરોહણ ક્રમ :–**

**૪૦ तए णं से सूरियाभे देवे आभियोगस्स देवस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **हियए दिव्वं जिणिंदाभिगमणजोग्गं उत्तरवेउव्वियरूवं विउव्वइ, विउव्वित्ता चउहिं अग्गमहिसीहिं सपरिवाराहिं, दोहिं अणीएहिं, तं जहा– गंधव्वाणीएण य णट्टाणीएण य सद्धिं संपरिवुडे तं दिव्वं जाणविमाणं अणुपयाहिणी करेमाणे पुरत्थिमिल्लेणं तिसोपाणपडिरूवएणं दुरुहइ दुरुहित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे ।**

**ભાવાર્થ :–** આભિયોગિક દેવ પાસેથી દિવ્ય યાન-વિમાન નિર્માણ થઈ ગયાના સમાચાર સાંભળીને સૂર્યાભદેવે હર્ષિત, સંતુષ્ટિત થઈને પ્રસન્ન હૃદયે જિનેન્દ્ર ભગવાન પાસે જવા યોગ્ય પોતાના ઉત્તરવૈક્રિય રૂપની વિકુર્વણા કરી અને સપરિવાર ચાર અગ્રમહિષીઓ સાથે તથા ગંધર્વ સેના અને નાટ્યસેના, આ બે પ્રકારની સેના સાથે દિવ્ય યાન-વિમાનની પ્રદક્ષિણા કરતાં પૂર્વદિશાવર્તી અતિ મનોહર ત્રિસોપાન શ્રેણી દ્વારા દિવ્ય યાન-વિમાન પર ચઢીને, જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યા, આવીને તે સિંહાસન ઉપર પૂર્વ તરફ મુખ રાખીને બેઠા.

**૪૧ तए णं तस्स सूरियाभस्स देवस्स चत्तारि सामाणियसाहस्सीओ तं दिव्वं जाणविमाणं अणुपयाहिणीकरेमाणा उत्तरिल्लेणं तिसोवाणपडिरूवएणं दुरुहंति दुरुहित्ता पत्तेयं पत्तेयं पुव्वणत्थेहिं भद्दासणेहिं णीसीयंति । अवसेसा देवा य देवीओ य तं दिव्वं जाणविमाणं अणुपयाहिणी करेमाणा दाहिणिल्लेणं तिसोवाणपडिरूवएणं दुरुहंति,**

**दुरुहित्ता पत्तेयं पत्तेयं पुव्वण्णत्थेहिं भद्दासणेहिं णिसीयंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો તે યાન-વિમાનની પ્રદક્ષિણા કરીને ઉત્તર દિશાના ત્રિસોપાન શ્રેણી(પગથિયાઓ) દ્વારા વિમાન ઉપર ચઢયા અને પોતાના માટે પહેલેથી જ સ્થાપિત કરેલા ભદ્રાસનો પર બેઠા. શેષ દેવ-દેવીઓ પણ યાન-વિમાનની પ્રદક્ષિણા કરતાં દક્ષિણ દિશાનાં પગથિયાઓ દ્વારા તે દિવ્ય યાન-વિમાન પર ચઢીને પોતા માટે પહેલેથી નિશ્ચિત થયેલા ભદ્રાસનો ઉપર બેઠા.

**યાન–વિમાનમાં અષ્ટમંગલ આદિની ગોઠવણી :–**

**૪૨ तए णं तस्स सूरियाभस्स देवस्स तं दिव्वं जाणविमाणं दुरूढस्स समाणस्स अट्ठमंगलगा पुरओ अहाणुपुव्वीए संपत्थिया, तं जहा– सोत्थिय-सिरिवच्छ *जाव* दप्पणा।**

**तयाणंतरं च णं पुण्णकलसभिंगार दिव्वा य छत्तपडागा सचामरा दंसणरइया-आलोयदरिसणिज्जा वाउद्धुयविजयवेजयंतीपडागा ऊसिया गगणतलमणुलिहंती पुरओ अहाणुपुव्वीए संपत्थिया ।**

**तयाणंतरं च णं वेरुलियभिसंतविमलदंडं पलंबकोरंटमल्लदामोवसोभियं चंदमंडलणिभं समुस्सियं विमलमायवत्तं, पवरसीहासणं च मणिरयणभत्तिचित्तं सपायपीढं सपाउयाजोयसमाउत्तं बहुकिंकरामरपरिग्गहियं पुरतो अहाणुपुव्वीए संपत्थियं ।**

**तयाणंतरं च णं वइरामय-वट्ट-लट्ठ-संठिय-सुसिलिट्ठ-परिघट्ठ-मट्ठ-सुपइट्ठिए विसिट्ठे अणेगवरपंच-वण्ण-कुडभी-सहस्स-परिमंडियाभिरामे वाउद्धुयविजय-वेजयंती पडागच्छत्ता-त्तिच्छत्तकलिए तुंगे गगणतलमणुलिहंतसिहरे जोयणसहस्समूसिए महइमहालए महिंदज्झए पुरओ अहाणुपुव्वीए संपत्थिए ।**

**तयाणंतरं च णं सुरूव-णेवत्थ-परिकच्छिया सुसज्जा सव्वालंकारभूसिया महया भड-चडगर-पहकरेणं पंच अणीयाहिवईणो पुरओ अहाणुपुव्वीए संपत्थिया ।**

**तयाणंतरं च णं बहवे आभियोगिया देवा देवीओ य सएहिं-सएहिं रूवेहिं, सएहिं- सएहिं विसेसेहिं, सएहिं-सएहिं विहवेहिं सएहिं-सएहिं णेज्जोएहिं, सएहिं सए हिं णेवत्थेहिं पुरओ अहाणुपुव्वीए संपत्थिया ।**

**तयाणंतरं च णं सूरियाभविमाणवासिणो बहवे वेमाणिया देवा य देवीओ य सव्वड्ढीए *जाव* णाइयरवेणं सूरियाभं देवं पुरओ पासओ य मग्गओ य समणुगच्छंति ।**

**ભાવાર્થ :–** તે દિવ્ય યાન-વિમાન પર સૂર્યાભદેવ આદિ દેવ-દેવીઓ આરૂઢ થઈ ગયા ત્યારે તે યાન-વિમાનમાં અનુક્રમે સહુથી આગળ સ્વસ્તિક, શ્રીવત્સ ***યાવત્*** દર્પણ, આ આઠ મંગલો ગોઠવાયા અર્થાત્ તેને ધારણ કરનારા દેવો ત્યાં પોતાના નિયત સ્થાને સ્થિત થયા.

ત્યાર પછી પૂર્ણકળશ, ઝારી, દિવ્ય છત્ર, દિવ્ય ચામર, પતાકાઓ તથા અતિશય સુંદર ચામરયુક્ત તેમજ જોનારાઓને પ્રીતિજનક, પવનથી લહેરાતી, ઘણી ઊંચી, આકાશને સ્પર્શતી વિજય-વૈજયંતિ ધ્વજાને

ધારણ કરનારા દેવો આગળ યથાસ્થાને સ્થિત થયા.

ત્યાર પછી વૈડૂર્યરત્નથી ચમકતા દંડવાળું, કોરંટ પુષ્પની લટકતી માળાઓથી સુશોભિત, ચંદ્ર જેવું ઉજ્જવલ-સફેદ ઉન્નત છત્ર; તથા જેના ઉપર સુંદર પાદુકાઓની જોડી મૂકી હતી તેવા પાદપીઠ સહિત, મણિરત્નોની કારીગરીથી આશ્ચર્ય પમાડનાર અનેક સેવક દેવો ઉપાડે તેવું ઉત્તમ સિંહાસન આગળ યથાસ્થાને ગોઠવાયું અર્થાત્ તેને ધારણ કરનારા દેવો આગળ યથાસ્થાને સ્થિત થયા.

ત્યાર પછી વજ્રમાંથી બનાવેલા, મનોજ્ઞ, ગોળ આકારવાળા, ઘસીને સુંવાળા કરેલા, માંજીને સ્વચ્છ કરેલા, સુપ્રતિષ્ઠિત-સમ્યક રીતે સ્થિત, ઉન્નત હોવાથી વિશિષ્ટ, પંચરંગી, નાની-નાની હજારો ધ્વજાઓથી શોભતા, છત્રાકારે(છત્ર ઉપર છત્ર હોય તેમ) ગોઠવાયેલી વિજય-વૈજયંતિ પતાકાઓથી યુક્ત, એક હજાર યોજન ઊંચો હોવાથી જાણે આકાશને સ્પર્શતો હોય, તેવા મહેન્દ્ર ધ્વજને ધારણ કરનારા દેવો આગળ યથાસ્થાને સ્થિત થયા.

ત્યાર પછી સુંદર વેશભૂષાવાળા, સજ્જ થયેલા, સર્વ પ્રકારના અલંકારોથી વિશેષ દેખાવડા લાગતા પાંચ સેનાધિપતિ દેવો, તેમના મોટા સુભટ સમુદાય સાથે આગળ યથાસ્થાને સ્થિત થયા.

ત્યાર પછી અનુક્રમથી ઘણા આભિયોગિક દેવ-દેવીઓ પોતપોતાના રૂપ-વેશથી યુક્ત, પોતપોતાની વિશેષતા–ચિહ્નથી સજ્જ થઈને, પોતપોતાના પરિવાર સાથે, પોતપોતાના કાર્યોપયોગી ઉપકરણોને સાથે લઈને ગોઠવાઈ ગયા અર્થાત્ સૂર્યાભદેવની આગળ યથાસ્થાને સ્થિત થયા.

ત્યાર પછી સૂર્યાભવિમાનવાસી અનેક દેવ-દેવીઓ સર્વ પ્રકારની સમૃદ્ધિ સાથે, વાજિંત્રો વગાડતા સૂર્યાભદેવની આગળ-પાછળ અને આજુ-બાજુ યથાસ્થાને સ્થિત થયા.

**વિવેચન :–**

**संपत्थिया :–** સંપ્રસ્થિત. તે તે પદાર્થોના ધારકદેવો વિમાનમાં સમ્યક પ્રકારે સૂર્યાભદેવની આગળ સ્થિત થયા, ગોઠવાઈ ગયા. ઈન્દ્ર કે મહર્દ્ધિક દેવ મધ્યલોકમાં તીર્થંકર પ્રભુના દર્શનાદિ અર્થે આવે ત્યારે યાન- વિમાનમાં સિંહાસનારૂઢ થઈ જાય, ત્યાર પછી અષ્ટ મંગલ, કળશ, ધ્વજ વગેરે અનુક્રમથી વિમાનના આગળના ભાગમાં ગોઠવાઈ જાય છે, સ્થિત થાય છે.

ચક્રવર્તીની વિજયયાત્રાના સમયે અને તેના નગર પ્રવેશાદિ સમયે પણ અષ્ટ મંગલાદિની ગોઠવણી આગળ જ કરવામાં આવે છે. કોઈ પણ શોભાયાત્રાના પ્રસંગે આ રીતે જ ગોઠવણી કરીને તે યાત્રાનો પ્રારંભ થાય છે.

પ્રસ્તુત યાન-વિમાનમાં ઉપરોકત તે સર્વ વસ્તુઓ ગોઠવાઈ ગયા પછી તે બધાને એક સાથે લઈને એક લાખ યોજનનું તે યાન-વિમાન દેવલોકથી પ્રસ્થાન કરે છે. સૂર્યાભદેવની આગળ-પાછળ કે આજુબાજુની ગોઠવણી સંબંધી સંપૂર્ણ સૂત્રોક્ત કથનને વિમાનની અંદરની અપેક્ષાએ જ સમજવું.

**સૂર્યાભદેવનું દર્શનાર્થે પ્રસ્થાન :–**

**૪૩ तए णं से सूरियाभे देवे तेणं पंचाणीयपरिक्खित्तेणं वइरामयवट्ट-लट्ठ-संठिय** *जाव* **जोयणसहस्समूसिएणं महतिमहालएणं महिंदज्झएणं पुरओ कड्ढिज्जमाणेणं चउहिं सामाणिय-सहस्सेहिं** *जाव* **सोलसहिं आयरक्खदेवसाहस्सीहिं अण्णेहि य बहूहिं सूरियाभ विमाणवासीहिं वेमाणिएहिं देवेहिं देवीहि य सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **रवेणं सोहम्मस्स कप्पस्स मज्झंमज्झेणं तं दिव्वं देविड्ढिं दिव्वं**

**देवजुइं देवाणुभावं उवलालेमाणे उवलालेमाणे-उवदंसेमाणे-उवदंसेमाणे पडिजागरेमाणे-पडिजागरेमाणे जेणेव सोहम्मस्स कप्पस्स उत्तरिल्ले णिज्जाणमग्गे तेणेव उवागच्छइ, जोयणसयसाहस्सिएहिं विग्गहेहिं ओवयमाणे वीईवयमाणे ताए उक्किट्ठाए** *जाव* **तिरियं असंखिज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं वीइवयमाणे वीइवयमाणे जेणेव णंदीसरवरे दीवे, जेणेव दाहिणपुरत्थिमिल्ले रतिकरपव्वए, तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं दिव्वं देविड्ढिं** *जाव* **दिव्वं देवाणुभावं पडिसाहरेमाणे- पडिसाहरेमाणे पडिसंखेवेमाणे-पडिसंखेवेमाणे जेणेव जंबुद्दीवे दीवे जेणेव भारहे वासे जेणेव आमलकप्पा णयरी जेणेव अंबसालवणे चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तेणं दिव्वेणं जाणविमाणेणं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता समणस्स भगवओ महावीरस्स उत्तरपुरित्थिमे दिसिभागे तं दिव्वं जाणविमाणं ईसिं चउरंगुल-मसंपत्तं धरणितलंसि ठवेइ, ठवित्ता–**

**चउहिं अग्गमहिसीहिं सपरिवाराहिं, दोहिं अणीयाहिं– गंधव्वाणिएण य णट्टाणिएण य सद्धिं संपरिवुडे ताओ दिव्वाओ जाणविमाणाओ पुरत्थिमिल्लेणं तिसोवाणपडिरूवएणं पच्चोरुहइ।**

**तए णं तस्स सूरियाभस्स देवस्स चत्तारि सामाणियसाहस्सीओ ताओ दिव्वाओ जाणविमाणाओ उत्तरिल्लेणं तिसोवाणपडिरूवएणं पच्चोरुहंति । अवसेसा देवा य देवीओ य ताओ दिव्वाओ जाणविमाणाओ दाहिणिल्लेणं तिसोवाणपडिरूवए णं पच्चोरुहंति ।**

**ભાવાર્થ :–** પાંચ સેનાપતિઓ દ્વારા ઘેરાયેલા; વજ્રરત્નમય, મનોજ્ઞ ગોળ આકારવાળો, એક હજાર યોજન લાંબો, અતિ ઊંચો મહેન્દ્ર ધ્વજ જેની આગળ પ્રસ્થાપિત હતો તેવા; ચાર હજાર સામાનિક દેવો, ***યાવત્*** સોળહજાર આત્મરક્ષક દેવો અને સૂર્યાભવિમાનવાસી અનેક દેવ-દેવીઓથી વીંટળાયેલા તે સૂર્યાભદેવ પોતાની સમસ્ત ઋદ્ધિ સાથે, વાદ્યોના નાદ સાથે, પોતાની દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાવ–દેવપ્રભાવને વારંવાર પ્રદર્શિત કરતા, બતાવતા સૌધર્મકલ્પમાંથી પસાર થતાં, સૌધર્મકલ્પના ઉત્તરી નિર્યાણમાર્ગ (દેવલોકમાંથી બહાર નીકળવાના આકાશમાર્ગ) સમીપે આવીને, લાખ યોજનના વિસ્તારવાળા તે માર્ગથી નીચે ઉતરતાં-ઉતરતાં તેને પાર કરીને પોતાની ઉત્કૃષ્ટ ***યાવત્*** દેવગતિથી આગળ વધતાં તિરછા લોકના અસંખ્યાતા દ્વીપ-સમુદ્રોની વચ્ચેથી પસાર થઈને, નંદીશ્વરદ્વીપના અગ્નિકોણમાં સ્થિત રતિકર પર્વત ઉપર આવીને દિવ્ય દેવઋદ્ધિ તથા દિવ્ય યાન-વિમાનને ધીરે ધીરે નાનું બનાવીને, જંબૂદ્વીપના ભરતક્ષેત્રની આમલકલ્પા નગરીના આમ્રશાલવન ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર પાસે આવીને, તે યાનવિમાનથી શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા ફરીને, શ્રમણ ભગવાન મહાવીરની ઈશાન વિદિશામાં યાનવિમાનને જમીનથી ચાર અંગુલ અદ્ધર ઊભું રાખ્યું.

તે દિવ્ય યાનવિમાનને ઊભું રાખીને સૂર્યાભદેવ સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ગાંધર્વસેના

તથા નાટ્યસેના સાથે પૂર્વ દિશાવર્તી ત્રિસોપાન શ્રેણીદ્વારા યાનવિમાનમાંથી નીચે ઉતર્યા. ત્યાર પછી સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો ઉત્તરદિશાવર્તી ત્રિસોપાન શ્રેણી દ્વારા અને અન્ય સર્વ દેવ-દેવીઓ દક્ષિણ દિશાવર્તી ત્રિસોપાન શ્રેણી દ્વારા યાનવિમાનમાંથી નીચે ઉતર્યા.

**સૂર્યાભદેવનું સમવસરણમાં આગમન :–**

**૪૪** **तए णं से सूरियाभे देवे चउहिं अग्गमहिसीहिं** *जाव* **सोलसहिं आयरक्खदेव-साहस्सीहिं अण्णेहि य बहूहिं सूरियाभविमाणवासीहिं वेमाणिएहिं देवेहिं देवीहि य सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **णाइयरवेणं जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– अहं णं भंते ! सूरियाभे देवे देवाणुप्पियाणं वंदामि णमंसामि** *जाव* **पज्जुवासामि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સૂર્યાભદેવ ચાર અગ્રમહિષીઓ, ચાર હજાર સામાનિક દેવો, સોળ હજાર આત્મરક્ષક દેવો તથા અન્ય ઘણા સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓની સાથે સમસ્ત ઋદ્ધિ સાથે વાદ્ય વગાડતા શ્રમણ ભગવાન મહાવીરની પાસે આવ્યા અને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરીને, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન ! હું સૂર્યાભદેવ આપ દેવાનુપ્રિયને વંદન કરું છું, નમન કરું છું, તથા આપની પર્યુપાસના કરું છું.

**૪૫** **सूरियाभाइ ! समणे भगवं महावीरे सूरियाभं देवं एवं वयासी– पोराणमेयं सूरियाभा ! जीयमेयं सूरियाभा ! किच्चमेयं सूरियाभा ! करणिज्जमेयं सूरियाभा ! आइण्णमेयं सूरियाभा ! अब्भणुण्णामेयं सूरियाभा ! जं णं भवणवइ-वाणमंतर-जोइस-वेमाणिया देवा अरहंते भगवंते वंदंति णमंसंति, वंदित्ता, णमंसित्ता तओ पच्छा साइं-साइं णाम-गोत्ताइं साहिंति । तं पोराणमेयं सूरियाभा** *जाव* **अब्भणुण्णायमेयं सूरियाभा !**

**ભાવાર્થ :–** હે સૂર્યાભ ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યું– હે સૂર્યાભ ! આ પુરાતન છે અર્થાત્ દેવો દ્વારા આચરિત પ્રાચીન પદ્ધતિ છે; હે સૂર્યાભ ! આ જીતકલ્પ છે અર્થાત્ દેવોનો પરંપરાગત આચાર છે; હે સૂર્યાભ ! આ કૃત્યરૂપ છે અર્થાત્ દેવોની કર્તવ્ય કોટિનું કાર્ય છે; હે સૂર્યાભ ! આ આચીર્ણ છે એટલે પૂર્વદેવોએ તેનું આચરણ કર્યું છે; હે સૂર્યાભ ! આ અનુજ્ઞાત છે એટલે પૂર્વના સર્વ દેવોને આ વાત સંમત છે કે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અરિહંત ભગવાનને વંદન-નમસ્કાર કરે છે, વંદન-નમસ્કાર કર્યા પછી ભગવાન સમક્ષ પોત-પોતાના નામગોત્રનું કથન કરે છે. આ નામગોત્રને પ્રગટ કરવાની પદ્ધતિ તમારી પુરાતન પદ્ધતિ છે ***યાવત્*** તમને સંમત થયેલી રીત છે.

**૪૬** **तए णं से सूरियाभे देवे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ** *जाव* **विसप्पमाण-हियये समणं भगवं महावीरं वंदइ णमसंइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहे विणएणं पंजलिउडे पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું ત્યારે તે સાંભળીને સૂર્યાભદેવ અતિ હર્ષિત થયા

***યાવત્*** પ્રફુલ્લિત હૃદયવાળા થઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા અને ન અતિ નજીક, ન અતિ દૂર તેવા યથોચિત સ્થાન પર સ્થિત થઈને શુશ્રૂષા કરતાં, નમસ્કાર કરતાં, વિનયપૂર્વક બંને હાથને અંજલિબદ્ધ કરીને પર્યુપાસના કરવા લાગ્યા.

**ભગવાનની ધર્મદેશના :–**

**૪૭ तए णं समणे भगवं महावीरे सूरियाभस्स देवस्स तीसे य महइमहालियाए इसिपरिसाए मुणिपरिसाए जइपरिसाए विदुपरिसाए देवपरिसाए खत्तियपरिसाए इक्खागपरिसाए कोरव्व-परिसाए अणेगसयाए अणेगसयवंदाए अणेगसयवंदपरिवाराए धम्मं परिकहेइ *जाव* परिसा जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવને અને ત્યાં ઉપસ્થિત (૧) ઋષિઓની પરિષદ-સભાને (૨) મુનિઓની (૩) યતિઓની (૪) વિદ્વાનોની (૫) દેવોની (૬) ક્ષત્રિયોની (૭) ઈક્ષ્વાકુઓની (૮) કૌરવોની પરિષદ-સભાને અનેક સો અર્થાત્ સેંકડો વ્યક્તિવાળી, અનેક સો સમૂહવાળી, અનેક સો પરિવાર સમૂહવાળી પરિષદને ધર્મદેશના સંભળાવી. તે દેશના સાંભળીને પરિષદ જે દિશામાંથી આવી હતી, તે દિશા તરફ પાછી ચાલી ગઈ.

**સૂર્યાભદેવના સ્વવિષયક પ્રશ્નોત્તર :–**

**૪૮ तए णं सूरियाभे देवे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठ *जाव* विसप्पमाणहियए उट्ठाए उट्ठेइ, उट्ठित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी– अहं णं भंते ! सूरियाभे देवे किं भवसिद्धिए -अभवसिद्धिए ? सम्मदिट्ठीए मिच्छादिट्ठीए? परित्तसंसारिए-अणंतसंसारिए ? सुलभबोहिए-दुल्लभबोहिए ? आराहए-विराहए ? चरिमे- अचरिमे ?**

**सूरियाभाइ ! समणे भगवं महावीरे सूरियाभं देवं एवं वयासी– सूरियाभा ! तुमं णं भवसिद्धिए णो अभवसिद्धिए *जाव* चरिमे णो अचरिमे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સૂર્યાભદેવ, શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસેથી ધર્મશ્રવણ કરીને અને હૃદયમાં અવધારિત કરી હર્ષિત, સંતુષ્ટિત ***યાવત્*** આહ્લાદિત હૃદયવાળા થયા. પોતાના આસન ઉપરથી ઊભા થઈને તેમણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને પ્રશ્ન કર્યો કે– હે ભગવન્ ! હું સૂર્યાભદેવ શું ભવી છું કે અભવી છું ? સમ્યગ્દષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ છું ? પરિત્ત સંસારી છું કે અનંત સંસારી છું ? સુલભબોધિ છું કે દુર્લભબોધિ છું ? આરાધક છું કે વિરાધક છું ? ચરમ છું કે અચરમ છું ?

''સૂર્યાભ'' આ પ્રમાણે સૂર્યાભદેવના નામોચ્ચારણ સાથે, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સૂયાર્ભદેવને ઉત્તર આપ્યો કે– હે સૂર્યાભ ! તમે ભવસિદ્ધિક છો, અભવસિદ્ધિક નથી ***યાવત્*** તમે ચરમ છો અચરમ નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂર્યાભદેવે સ્વવિષયક છ પ્રશ્નો પ્રભુને પૂછ્યા છે. દેવો અવધિજ્ઞાનના ધારક હોવા

છતાં ત્રણ કારણે પ્રભુને પ્રશ્ન પૂછે છે– (૧) અવધિજ્ઞાનનો વિષય, રૂપી પદાર્થ છે. ભવ્યત્વાદિ ભાવ અરૂપી હોવાથી અવધિજ્ઞાન દ્વારા જાણી શકાતા નથી (૨) અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકે ત્યારે જ તે જ્ઞાન સ્વવિષયને જાણી શકે છે (૩) ભગવાન બિરાજમાન હોય ત્યારે હળુકર્મી જીવો વિનય આચરી, તેઓને પ્રશ્ન પૂછી નિર્ણય કરે છે.

**भवसिद्धिए–अभवसिद्धिए :–** ભવસિદ્ધિક અભવસિદ્ધિક. **भवैः सिद्धिर्यस्यासौ भवसिद्धिको– भव्यः ।** ભવોથી જેમની સિદ્ધિ–મુક્તિ થવાની હોય અર્થાત્ મોક્ષે જવાની યોગ્યતા જે જીવોમાં હોય, તે ભવસિદ્ધિક કે ભવીજીવ કહેવાય છે. તેનાથી વિપરીત જે જીવોમાં મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા જ ન હોય તે અભવસિદ્ધિક કે અભવી જીવ કહેવાય છે.

ભવીપણું અને અભવીપણું ભાવસાપેક્ષ છે, તે જીવનો પારિણામિક ભાવ છે. પારિણામિક ભાવનું પરિવર્તન થતું નથી. ભવી જીવ અભવી અને અભવી જીવ ભવી બની શકતા નથી. ભવી જીવોમાં શુક્લપાક્ષિક અને કૃષ્ણપાક્ષિક બંને પ્રકારના જીવો હોય છે. અભવી જીવોમાં તેવો ભેદ હોતો નથી.

**શુક્લપાક્ષિક–કૃષ્ણપાક્ષિક :–** ભવભ્રમણ કરતાં-કરતાં જે જીવોનો અર્ધપુદ્ગલ પરાવર્તન જેટલો સંસાર કાળ શેષ રહે અર્થાત્ જે જીવો અર્ધપુદ્ગલ પરાવર્તન જેટલા કાળ પછી મોક્ષે જવાના હોય, તે જીવો શુક્લપાક્ષિક કહેવાય છે અને જેનો અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધુ સંસારકાળ શેષ હોય તે જીવો કૃષ્ણપાક્ષિક કહેવાય છે. આ બંને ભાવો કાલ સાપેક્ષ છે. તેથી શુક્લપાક્ષિક બન્યા પછી તે જીવ ક્યારે ય કૃષ્ણ પાક્ષિક બનતા નથી. શુક્લપાક્ષિકમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બંને પ્રકારના જીવો હોય છે.

**सम्मदिट्ठीए–मिच्छादिट्ठीए :–** સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ. મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય તથા અનંતાનુબંધી કષાયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી જે જીવોને નવ તત્ત્વો ઉપર યથાર્થ શ્રદ્ધા થાય તે જીવ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાત્વ મોહનીયના ઉદયે જે જીવોને નવતત્ત્વો ઉપર શ્રદ્ધાભાવ ન હોય તે મિથ્યાદષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દષ્ટિપણું ક્ષયોપશમ આદિ ભાવસાપેક્ષ છે. તે ભાવ કર્મજન્ય છે. તેથી સમ્યગ્દષ્ટિપણું એક જીવને અનેકવાર આવે છે. સમ્યગ્દષ્ટિ શુક્લપાક્ષિક અને ભવીમાં પરિત્તસંસારી અને અનંતસંસારી બંને પ્રકારના જીવો હોય છે.

**परित्तसंसारिए–अणंतसंसारिए :–** પરિત્તસંસારી-અનંતસંસારી. **परितः परिमितः स चासौ संसारश्च परित्तसंसारः।** જે જીવોનો સંસારકાળ પરિમિત થઈ ગયો હોય અર્થાત્ જે જીવોને હવે સંસારમાં સંખ્યાત કે અસંખ્યાત કાળ જ રહેવાનું હોય, તે પરિત્ત સંસારી કહેવાય છે અને જે જીવોને હજુ અનંતકાળ ભવભ્રમણ કરવાનું હોય તે અનંત સંસારી કહેવાય છે. અગિયારમાં ગુણસ્થાનેથી પડિવાઈ થઈને જે જીવો નિગોદાદિમાં અનંતકાળ પસાર કરવાના હોય તે જીવો અનંત સંસારી છે. પરિત્તસંસારીપણું કાળ સાપેક્ષ છે. પરિત્તસંસારી બન્યા પછી જીવ ક્યારેય અનંત સંસારી બનતા નથી. પરિત્તસંસારી અને અનંત સંસારી બંનેમાં સુલભબોધિ– દુર્લભબોધિ બંને પ્રકારના જીવો હોય છે.

**सुलभबोहिए–दुल्लभबोहिए :–** સુલભબોધિ-દુર્લભબોધિ. **भवांतरे जिनधर्म प्राप्तिर्यस्यासौ सुलभबोधिकः ।** દેવની અપેક્ષાએ ભવાંતરમાં અને મનુષ્યની અપેક્ષાએ તદ્ભવે જે જીવોને જિનધર્મ કે જિનધર્મની રુચિ પ્રાપ્ત ન થાય કે બહુ પ્રયત્ને થાય તે જીવો દુર્લભ બોધિ કહેવાય છે. વૃત્તિકારે ભવાંતર શબ્દ દેવોનો પ્રસંગ હોવાથી કહ્યો છે. દેવો વર્તમાનભવમાં આગારધર્મ કે અણગાર ધર્મને પ્રાપ્ત કરી શકતા

નથી. તેથી ભવાંતરમાં જૈનધર્મ પ્રાપ્ત થાય, તેવા દેવો સુલભ બોધિ કહેવાય છે.

સુલભ બોધિપણું ભાવ સાપેક્ષ છે. જિનધર્મની રુચિ એક જીવને અનેકવાર પ્રાપ્ત થાય છે. સુલભબોધિ જીવો આરાધક અને વિરાધક બંને પ્રકારના હોય છે.

**आराहए–विराहए :–** આરાધક-વિરાધક. **आराधयति सम्यक् पालयति बोधिमित्याराधकः ।** જે જીવો બોધિ અર્થાત્ આગાર-અણગાર ધર્મની કે સમ્યક્ત્વની સમ્યક આરાધના કરે તો તે આરાધક અને સમ્યક્ આરાધના ન કરે તો તે વિરાધક કહેવાય છે.

આરાધકપણું ભાવસાપેક્ષ છે. તે જીવને અનેકવાર પ્રાપ્ત થાય છે. આરાધક-વિરાધકમાં ચરમ- અચરમ બંને પ્રકારના જીવો હોય છે. જ્ઞાતાસૂત્રોક્ત ૨૦૪ દેવીઓ વિરાધક હોવા છતાં તેઓનો તે દેવભવ ચરમ છે.

**चरिम–अचरिम :–** ચરમ-અચરમ. **चरिमो(अंतिम) अनन्तर भावी भवो यस्यासौ चरमः ।** જે જીવોને વર્તમાનભવ અંતિમ ભવરૂપ હોય, તે જીવ ચરમ કહેવાય છે અને વર્તમાનભવ અંતિમ ન હોય, હજુ વધુ ભવ કરવાના શેષ હોય, તો તે જીવ અચરમ કહેવાય છે.

વૃત્તિકારે દેવોની અપેક્ષાએ અનન્તર ભાવી ભવ કહેલ છે. દેવો વર્તમાન ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ જે દેવોને તે દેવભવ અંતિમ હોય તો તેને ચરમ કહી શકાય છે અર્થાત્ જે દેવ, દેવભવ પછી મોક્ષ પ્રાપ્ત કરવાના હોય તે ચરમ કહેવાય છે. સૂર્યાભદેવને પ્રભુએ ભવસિદ્ધિક, સમ્યગ્દષ્ટિ, પરિત્ત સંસારી, સુલભબોધિ, આરાધક અને ચરમ કહ્યા છે. તે દેવ એક ભવ મનુષ્યનો કરીને તે ભવથી મોક્ષ પ્રાપ્ત કરશે.

**નાટ્યદર્શનના મનોભાવ :–**

**૪૧ तए णं से सूरियाभे देवे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठ** *जाव* **समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता, एवं वयासी– तुब्भे णं भंते ! सव्वं जाणह, सव्वं पासह, सव्वं कालं जाणह सव्वं कालं पासह, सव्वे भावे जाणह सव्वे भावे पासह।**

**जाणंति णं देवाणुप्पिया ! मम पुव्विं वा पच्छा वा मम एयारूवं दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं लद्धं पत्तं अभिसमण्णागयं ति, तं इच्छामि णं देवाणुप्पियाणं भत्तिपुव्वगं गोयमाइयाणं समणाणं णिग्गंथाणं दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं दिव्वं बत्तीसइबद्धं णट्टविहिं उवदंसित्तए ।**

**तए णं समणे भगवं महावीरे सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे सूरियाभस्स देवस्स एयमट्ठं णो आढाइ, णो परियाणइ, तुसिणीए संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે આપેલા ઉત્તરને સાંભળીને તે સૂર્યાભદેવ હર્ષિત, આનંદિત અને પરમ પ્રસન્ન થયા. તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરીને, આ પ્રમાણે નિવેદન કર્યુ– હે ભગવાન ! આપ બધું જાણો છો અને બધું જુઓ છો. સર્વકાળના પ્રસંગોને જાણો છો અને જુઓ છો. સર્વભાવોને આપ જાણો છો અને જુઓ છો.

હે દેવાનુપ્રિય ! આપ બધુ જ જાણો છો તેથી હું જે ૩૨ પ્રકારના નાટક બતાવવા ઇચ્છું છું, તે નાટ્ય વિધિની પહેલા અને પછીની મારી દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દિવ્ય દેવ પ્રભાવ કે જે મેં લબ્ધ-ઉપાર્જિત

કર્યા છે, પ્રાપ્ત-સ્વાધીન બનાવ્યા છે અને જે મારે અભિસમન્વાગત-ઉપભોગમાં છે, તેને આપ જાણો જ છો. તેથી આપને માટે નહીં પરંતુ આપ પ્રત્યેની ભક્તિને વશ થઈ હું ગૌતમાદિ શ્રમણ-નિર્ગ્રંથો સમક્ષ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવ પ્રભાવ અને બત્રીસ પ્રકારની દિવ્ય નાટ્યકળા બતાવવા ઇચ્છું છું.

સૂર્યાભદેવે આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સૂર્યાભદેવના કથનનો આદર ન કર્યો, તેનો સ્વીકાર ન કર્યો પરંતુ તેઓ મૌનભાવે રહ્યા.

**વિવેચન :–**

**भत्तिपुव्वगं :–** ભક્તિને વશ, ભક્તિપૂર્વક. સૂર્યાભદેવે ભગવાન પ્રત્યેની ભક્તિના કારણે દેવોની દિવ્ય ઋદ્ધિનું પ્રદર્શન કરવા, શ્રમણો સમક્ષ ૩૨ પ્રકારના નાટક બતાવવાની પોતાની ઇચ્છા ભગવાન સમક્ષ પ્રગટ કરી.

ભગવાનના શ્રેષ્ઠ ગુણોનું અનુસરણ કરવું, તે તે ગુણોના પ્રગટીકરણ માટે પુરુષાર્થશીલ બનવું તે જ શ્રેષ્ઠ ભક્તિ છે, પરંતુ કેટલાક જીવો ભગવાનના ગુણોનું અનુસરણ કરી શકતા નથી. તેવા જીવો પોતાના ભક્તિભાવ અને પોતાના ચિત્તની પ્રસન્નતા વિવિધ રીતે પ્રગટ કરે છે. દેવો અવિરત હોય છે. તેઓ ભગવાનના ગુણોનું અનુસરણ કરી શકતા નથી, આગાર કે અણગાર ધર્મ સ્વીકારી શકતા નથી; તેઓ પોતાના ભક્તિભાવને પ્રદર્શિત કરવા નાચ-ગાન આદિ મનોરંજન કરે છે.

તીર્થંકરના જન્મ, દીક્ષા આદિ કલ્યાણકારી પ્રસંગે પણ દેવો પોતાનો આનંદ-ઉત્સાહ, નાચ-ગાન આદિ ક્રિયાઓ દ્વારા પ્રદર્શિત કરે છે.

**णो आढाइ, णो परियाणइ :–** સૂર્યાભ દેવે પોતાની દિવ્યઋદ્ધિ બતાવવા, ૩૨ પ્રકારના નાટક બતાવવા ભગવાનને નિવેદન કર્યું ત્યારે ભગવાને તેની તે વાતનો આદર ન કર્યો, અનુમોદન ન કર્યું, અનુમતિ પણ ન આપી. ભગવાન પોતે વીતરાગ હતા તેથી આવા નાટક પ્રત્યે કોઈ અનુરાગ ન હોય, તે સ્વાભાવિક છે. તે ઉપરાંત શ્રમણોના સ્વાધ્યાયાદિ કાર્યોમાં તે નાટક વિઘ્નરૂપ હોવાથી ભગવાને તેનો આદર ન કર્યો.

**નાટ્યવિધિ માટે દેવકુમારાદિની વિકુર્વણા :–**

**૫૦ तए णं से सूरियाभे देवे समणं भगवं महावीरं दोच्चं पि तच्चं पि एवं वयासी– तुब्भे णं भंते ! सव्वं जाणह** *जाव* **उवदंसित्तए त्ति कट्टु समणं भगवं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ, अवक्कमित्ता वेउव्वियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता** *जाव* **बहुसरमरमणिज्जं भूमिभागं विउव्वइ, से जहाणामए आलिंगपुक्खरेइ वा** *जाव* **मणीणं फासो ।**

**तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभागे पेच्छाघरमंडवं विउव्वइ अणेगखंभसयसण्णिविट्ठं वण्णओ, अंतो बहुसमरमणिज्जं भूमिभागं उल्लोयं, अक्खाडगं च मणिपेढियं च विउव्वइ । तीसे णं मणिपेढियाए उवरिं सीहासणं सपरिवारं** *जाव* **दामा चिट्ठंति।**

**ભાવાર્થ :–** ત્યારપછી સૂર્યાભદેવે હે ભગવાન ! આપ બધું જ જાણો છો ***યાવત્*** હું નાટક બતાવવા ઇચ્છું છું, આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરને બે-ત્રણ વાર કહીને(તે સમયે ભગવાન મહાવીર મૌન જ રહ્યા,

તેની વાતનો આદર ન કર્યો અનુમતિ પણ આપી નહીં, તેમ છતાં) શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને, ઈશાન ખૂણામાં જઈને, વૈક્રિય સમુદ્ઘાત કરીને ***યાવત્*** ઢોલના ચર્મમઢિત ભાગ જેવા સમતલ મણિમય રમણીય ભૂમિભાગની રચના કરી.

તે સમતલ ભૂમિની વચ્ચોવચ્ચ અનેક સો(સેંકડો) સ્તંભો ઉપર સંનિવિષ્ટ એવા એક પ્રેક્ષાગૃહ-મંડપની રચના કરી. તેનું વર્ણન પૂર્વવત્ જાણવું.

તે નાટ્ય શાળામાં અતિસમતલ, રમણીય ભૂમિભાગ, ચંદરવો, રંગમંચ અને મણિપીઠિકાની રચના કરી. મણિપીઠિકા ઉપર પાદપીઠ, છત્ર વગેરેથી યુક્ત, મોતીઓની માળાઓથી સુશોભિત સિંહાસન ગોઠવ્યું.

**૫૧ तए णं से सूरियाभे देवे समणस्स भगवओ महावीरस्स आलोए पणामं करेइ, करित्ता अणुजाणउ मे भगवं ति कट्टु सीहासणवरगए तित्थयराभिमुहे सण्णिसण्णे ।**

**तए णं से सूरियाभे देवे तप्पढमयाए णाणामणिकणगरयणविमल-महरिहणिउण-ओविय-मिसि-मिसिंतविरइयमहाभरण-कडग-तुडियवरभूसणुज्जलं पीवरं पलंबं दाहिणं भुयं पसारेइ ।**

**तओ णं सरिसयाणं सरित्तयाणं सरिव्वयाणं सरिसलावण्ण-रूव-जोव्वण-गुणोववेयाणं, एगाभरण वसणगहिय णिज्जोयाणं, दुहओ संवेल्लियग्ग णियत्थाणं, आविद्धतिलया मेलाणे, पिणद्धगेविज्ज कंचुयाणं उप्पीलिय-चित्तपट्ट-परियर-सफेणकावत्तरइय-संगय-पलंब- वत्थंत-चित्त- चिल्ललग-णियंसणाणं एगावलि-कंठरइय-सोभंत-वच्छ-परिहत्थ- भूसणाणं अट्ठसयं णट्टसज्जाणं देवकुमाराणं णिग्गच्छइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી સૂર્યાભદેવે શ્રમણ ભગવાન મહાવીર તરફ જોઈને વંદન કર્યા અને ત્યારપછી 'હે ભગવાન! મને આજ્ઞા આપો,' તેમ કહીને તીર્થંકર ભગવાનની સામે પોતાની નાટ્યશાળાના સિંહાસન ઉપર બેઠા.

સિંહાસન ઉપર બેસીને સૌપ્રથમ તેણે નિપુણ શિલ્પીઓ દ્વારા બનાવેલા, અનેક પ્રકારના મણિઓ, સુવર્ણ અને રત્નોથી નિર્મિત, મહા મૂલ્યવાન, ચમકતા કડા-બાજુબંધ વગેરે આભૂષણોથી દીપતો પોતાનો ઉજળો, પુષ્ટ અને લાંબો જમણો હાથ ફેલાવ્યો.

ફેલાવેલા જમણા હાથમાંથી તેણે સમાન શરીરવાળા, સમાન ત્વચા, સમાન ઉંમર, સમાન લાવણ્ય; સમાન રૂપ; સમાન યૌવન, સમાન ગુણોવાળા; સમાન નાટકીય ઉપકરણો અને વસ્ત્રાભૂષણોથી સજ્જ; બંને ખંભાથી લટકતા છેડાવાળા ઉત્તરીય વસ્ત્ર-દુપટ્ટાને ધારણ કરેલા; ભાલ ઉપર તિલક અને મસ્તક ઉપર મુકુટ ધારણ કરેલા; ગળામાં ગ્રૈવેયક(ગળાનું આભરણ) અને કંચુક-અંગરક્ષક અંગરખું પહેરેલા; ટીકા અને છોગા લગાડેલા, ચિત્ર-વિચિત્ર પટ્ટાવાળા, ફૂદરડી ફરતા જેના છેડા ફેણની જેમ ઊંચા થાય(હવામાં ઉડે) તેવી કોર(ઝાલર) મૂકેલા, રંગબેરંગી નાટક-નૃત્યને યોગ્ય કમ્મરપટ્ટો બાંધેલા; એકાવલી હાર આદિથી શોભતા વક્ષઃસ્થળવાળા અને નૃત્ય માટે તત્પર એવા ૧૦૮ દેવકુમારો બહાર કાઢ્યા.

**૫૨ तयणंतरं च ण णाणामणि** *जाव* **पीवरं पलंबं वामं भुयं पसारेइ । तओ णं सरिसियाणं सरिसत्तयाणं, सरिसव्वयाणं, सरिसलावण्ण-रूव-जोव्वण-गुणोववेयाणं, एगाभरण-वसण- गहिय णिज्जोयाणं दुहओ संवेल्लियग्गणियत्थीणं आविद्धतिलयामेलाणं**

**पिणद्धगेवेज्जकंचुईणं णाणामणि-रयणभूसण विराइयंगमंगाणं चंदाणणाणं चंदद्धसमणिडालाणं चंदाहियसोमदंसणाणं उक्का इव उज्जोवेमाणीणं सिंगारागार- चारुवेसाणं संगयागय-हसिय-भणिय-चिट्ठिय विलास- ललिय-संलाव- णिउण-जुत्तोवयार- कुसलाणं गहियाउज्जाणं अट्ठसयं णट्टसज्जाणं देवकुमारीणं णिग्गच्छइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી સૂર્યાભદેવે મણિમય આભૂષણોથી દીપતો ***યાવત્*** પોતાનો પુષ્ટ, લાંબો ડાબો હાથ ફેલાવ્યો. ફેલાવેલા તે ડાબા હાથમાંથી સમાન શરીરવાળી, સમાન ત્વચા, સમાન ઉંમર, સમાન લાવણ્ય, સમાન રૂપ, સમાન યૌવન અને સમાન ગુણવાળી; સમાન નાટકીય ઉપકરણો અને વસ્ત્રાભૂષણોથી સજ્જ; બંને ખંભા ઉપરથી લટકતા છેડાવાળા ઉત્તરીય વસ્ત્રને ધારણ કરેલી; ભાલ ઉપર તિલક અને મસ્તક ઉપર પુષ્પના મુકુટ ધારણ કરેલી; ગળામાં ગ્રૈવેયક(કંઠા ભરણ) અને કંચુકી-કબ્જો(બ્લાઉઝ) પહેરેલી; અનેક પ્રકારના મણિ, રત્નોના આભૂષણોથી સુશોભિત અંગ-પ્રત્યંગવાળી; ચંદ્રમુખી; અર્ધચંદ્ર જેવા લલાટવાળી; ચંદ્ર કરતા સૌમ્ય દેખાતી; ઉલ્કા(ખરતા તારા)ની જેમ ચમકતી; શ્રૃંગારના ઘરની જેમ સુંદર વેશથી શોભતી; હસવા, બોલવા, ઊભા રહેવા, વિલાસ, લીલા કરવામાં અને પરસ્પર વાર્તાલાપમાં નિપુણ તથા પુરુષો સાથે વ્યવહાર કરવામાં પણ કુશળ; વીણા આદિ વાજિંત્ર ધારણ કરનારી અને નૃત્ય કરવા માટે સુસજ્જિત એવી ૧૦૮ દેવકુમારિકાઓને બહાર કાઢી.

**૫૩ तए णं से सूरियाभे देवे अट्ठसयं संखाणं विउव्वइ, अट्ठसयं संखवायाणं विउव्वइ सिंगाणं विउव्वइ, अट्ठसयं सिंगवायाणं विउव्वइ, अट्ठसयं संखियाणं विउव्वइ, अट्ठसयं संखियवायाणं विउव्वइ, अट्ठसयं खरमुहीणं विउव्वइ, अट्ठसयं खरमुहिवायाणं विउव्वइ, अट्ठसयं पेयाणं विउव्वइ, अट्ठसयं पेयावायगाणं विउव्वइ, अट्ठसयं पिरिपिरियाणं विउव्वइ, अट्ठसयं पिरिपिरियावायगाणं विउव्वइ, एवमाइयाइं एगूणपण्णं आउज्जविहाणाइं विउव्वइ, विउव्वइत्ता ते बहवे देवकुमारा य देवकुमारियाओ य सद्दावेइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી સૂર્યાભદેવે ૧૦૮ શંખોની, ૧૦૮ શંખવાદકોની, ૧૦૮ શ્રૃંગો–રણશીંગાની, ૧૦૮ રણશીંગાના વાદકોની, ૧૦૮ શંખીકાઓ-નાના શંખોની, ૧૦૮ શંખીકાવાદકોની, ૧૦૮ ખરમુખીઓની, ૧૦૮ ખરમુખીવાદકોની, ૧૦૮ પેયોની, ૧૦૮ પેયવાદકોની, ૧૦૮ પિરિપિરિકાઓની, ૧૦૮ પિરિપિરિકાના વાદકોની વિકુર્વણા કરી. આ રીતે ૪૯ વાદ્યો અને તેના ૪૯ વાદકોની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને તે દેવકુમાર અને દેવકુમારીઓને બોલાવ્યાં.

**૫૪ तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य सूरियाभेणं देवेणं सद्दाविया समाणा हट्ठतुट्ठा** *जाव* **जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सूरियाभं देवं करयल-परिग्गहियं** *जाव* **वद्धावित्ता एवं वयासी– संदिसंतु णं देवाणुप्पिया ! जं अम्हेहिं कायव्वं।**

**ભાવાર્થ :–** ત્યારે સૂર્યાભદેવ દ્વારા બોલાવવા પર તે દેવકુમાર અને દેવકુમારીઓ હર્ષિત થઈને સૂર્યાભદેવ પાસે આવીને, બંને હાથ જોડી ***યાવત્*** અભિવાદન કરીને, સૂર્યાભદેવને વિનયપૂર્વક કહ્યું– હે દેવાનુપ્રિય ! અમારે જે કરવાનું હોય, તેની આજ્ઞા આપો.

**૫૫ तए णं से सूरियाभे देवे ते बहवे देवकुमारा य देवकुमारीओ य एवं वयासी– गच्छह**

**णं तुब्भे देवाणुप्पिया ! समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं-पयाहिणं करेह, करित्ता वंदह णमंसह, वंदित्ता णमंसित्ता गोयमाइयाणं समणाणं णिग्गंथाणं तं दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं, दिव्वं बत्तीसइबद्धं णट्टविहिं उवदंसेह, उवदंसित्ता खिप्पामेव एयमाणत्तियं पच्चप्पिणह ।**

**ભાવાર્થ :–** ત્યારે સૂર્યાભદેવે તે દેવકુમારો અને દેવકુમારીઓને કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે બધાં શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઓ અને ત્રણવાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોની સામે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ અને બત્રીસ પ્રકારની દિવ્ય નાટ્યવિધિ બતાવો, બતાવીને શીઘ્રતાથી મારી આ આજ્ઞા મને પાછી આપો.

**૫૬ तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य सूरियाभेणं देवेणं एवं वुत्ता समाणा हट्ठ** *जाव* **पडिसुणंति, पडिसुणित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणं भगवं महावीरं** ***जाव*** **णमंसित्ता जेणेव गोयमाइया समणा णिग्गंथा तेणेव उवागच्छंति।**

**ભાવાર્થ :–** સૂર્યાભદેવની આ આજ્ઞાને સાંભળીને તે બધા દેવકુમારો અને દેવકુમારીઓ હર્ષિત્ થયાં ***યાવત્*** બંને હાથ જોડી આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને શ્રમણ ભગવાનની પાસે આવીને શ્રમણ ભગવાન મહાવીરને ***યાવત્*** નમસ્કાર કરીને, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથો પાસે આવ્યા.

**૫૭ तए णं ते बहवे देवकुमारा देवकुमारीओ य समामेव समोसरणं करेंति, करित्ता समामेव पंतीओ बंधंति, बंधित्ता समामेव ओणमंति, ओणमित्ता समामेव उण्णमंति, उण्णमित्ता एवं सहियामेव ओणमंति, ओणमित्ता सहियामेव उण्णमंति, उण्णमित्ता संगयामेव ओणमंति, ओणमित्ता संगयामेव उण्णमंति, उण्णमित्ता थिमियामेव ओणमंति थिमियामेव उण्णमंति, समामेव पसरंति पसरित्ता, समामेव आउज्जविहाणाइं गेण्हंति, गेण्हित्ता समामेव पवाएंसु समामेव पगाइंसु समामेव पणच्चिंसु ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બધાં દેવકુમારો-દેવકુમારીઓ એક સાથે ભેગા થઈ ગયા, એક સાથે પંક્તિબદ્ધ ઊભા રહીને(શ્રમણ-નિર્ગ્રંથોને) એક સાથે નમીને વંદન કરીને એક સાથે ઊભા થયા, તે જ ક્રમથી બીજીવાર બધાં એક સાથે નમીને વંદન કરીને એક સાથે ઊભા થયા અને ત્રીજીવાર પણ એક સાથે નમી-વંદન કરીને એક સાથે ઊભા થયા. ત્યારપછી એક સાથે તે બધાં અલગ-અલગ પડી, પોત-પોતાના વાદ્યોને ઉપાડી, એક જ સાથે વગાડવા લાગ્યા, એક સાથે ગાવા લાગ્યા અને એક સાથે નૃત્ય કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં **समामेव**, **सहियामेव**, **संगयामेव** અને **थिमियामेव**, આ ચાર શબ્દો 'એક સાથે' અર્થમાં પ્રયુક્ત થયા છે. તેમ છતાં તે ચારે ય શબ્દો એક સાથે થયેલી ક્રિયાના ભિન્ન-ભિન્નરૂપને પ્રદર્શિત કરે છે. **समामेव** = બધાની ક્રિયા એક જ કાળમાં થઈ, **सहियामेव** = બધાની ક્રિયા એક સાથે થઈ, **थिमियामेव** = નિશ્ચિતરૂપે બધાના પ્રત્યેક અંગોપાંગની એક સરખી ક્રિયા થઈ અને **संगयामेव** = સમાન રીતે, એક સરખી

પદ્ધતિથી ક્રિયા થઈ. બધાં જ દેવકુમારો-દેવકુમારીઓએ વંદન કરવાની, નમવાની, ઊભા થવાની તથા નૃત્ય કરવાની ક્રિયા એકકાળમાં એક સાથે, સમાન અંગોપાંગથી, એક સમાન રીતે અને એક સરખી પદ્ધતિથી કરી.

**દિવ્ય દેવક્રીડા અને દિવ્યવાદન :-**

**૫૮** **किं ते ? उरेण मंदं, सिरेण तारं, कंठेण वितारं, तिविहं तिसमय-रेयग-रइयं गुंजावंक-कुहरोवगूढं रत्तं तिट्ठाणकरणसुद्धं सकुहरगुंजंत-वंस-तंती-तल-ताल-लय-गहसुसंपउत्तं महुरं समं सललियं मणोहरं मिउरिभियपयसंचारं सुरइं सुणइं वरचारुरूवं दिव्वं णट्टसज्जं गेयं पगीया वि होत्था ।**

**ભાવાર્થ :-** **પ્રશ્ન**– તે દેવકુમારો-દેવકુમારિકાઓ કેવી રીતે ગીત ગાતા હતા ? **ઉત્તર**– તેઓ ગીતનો ઉપાડ(પ્રારંભ) હૃદયથી કરીને પ્રથમ મંદ સ્વરે પછી મસ્તકમાં અભિઘાત કરતા ઊંચ સ્વરે અને પછી સ્વરને કંઠમાં લાવી વધુ ઊંચા અને મધુર સ્વરે, આ રીતે ત્રણ સ્વરમાં ગીતો ગાતા હતા; તે ગીતો ત્રણ વિભાગે શ્વાસ છોડવાપૂર્વક સંપાદિત થતાં હોવાથી ત્રિસમય રેચક રચિત હતા; ગીતોના શબ્દોના ગુંજારવથી આખો પ્રેક્ષા મંડપ ગુંજતો હોવાથી ગુંજાવક્કુહરોપગૂઢ હતા; રાગયુક્ત; ઉર, શિર, કંઠ આ ત્રણ સ્થાનથી શુદ્ધ હતા; તે ગીતો ગુંજતી વાંસળી-વીણા, વાગતી તાલીઓ અને અપાતા તાલના લયથી યુક્ત હતાં; તે ગીતો કોયલના ટહુકા જેવા મધુર સ્વરવાળા, સર્વ પ્રકારથી સમ, સલલિત, મનોહર, મૃદુપદસંચારી, શ્રોતાઓને રતિકર, સુશોભન, નૃત્ય સહિતનું, અપૂર્વ અને દિવ્ય ગીત-સંગીત હતું.

**૫૯** **किं ते ? उद्धुमंताणं–संखाणं, सिंगाणं, संखियाणं, खरमुहीणं, पेयाणं, परिपिरियाणं; आहम्मंताणं–पणवाणं, पडहाणं; अप्फालिज्जमाणाणं–भंभाणं, होरंभाणं; तालिज्जंतीणं–भेरीणं झल्लरीणं, दुंदुहीणं; आलवंताणं–मुरयाणं मुइंगाणं णंदीमुइंगाणं; उत्तालिज्जंताणं–आलिंगाणं, कुतुंबाणं, गोमुहीणं, मद्दलाणं; मुच्छिज्जंताणं–वीणाणं, विपंचीणं, वल्लकीणं; कुट्टिज्जंताणं–महंतीणं, कच्छभीणं, चित्तवीणाणं; सारिज्जंताणं– बद्धीसाणं, सुघोसाणं, णंदिघोसाणं; फुट्टिज्जंतीणं–भामरीणं, छब्भामरीणं, परिवायणीणं; छिप्पंतीणं–तूणाणं, तुबवीणाणं; आमोडिज्जंताणं–आमोटाणं, झंझाणं, णउलाणं; अच्छिज्जंतीणं–मुगुंदाणं, हुडुक्कीणं, विचिक्कीणं; वाइज्जंताणं–करडाणं, डिंडिमाणं, किणियाणं, कडंबाणं; ताडिज्जंताणं–दद्दरिगाणं, दद्दरगाणं, कुतुंबराणं कलसियाणं, मड्डयाणं; आताडिज्जंताणं–तलाणं, तालाणं, कंसतालाणं; घट्टिज्जंताणं–रिंगिसियाणं, लत्तियाणं, मगरियाणं, सुंसुमारियाणं; फूमिज्जंताणं–वंसाणं, वेलूणं, वालीणं, परिल्लीणं, बद्धगाणं ।**

**ભાવાર્થ :-** **પ્રશ્ન**– તે દેવકુમારો–દેવકુમારિકાઓ વાજિંત્રો કેવી રીતે વગાડતાં હતાં ? **ઉત્તર**– તેઓ (૧) શંખ (૨) શ્રૃંગ-રણશિંગા (૩) શંખિકા-નાના શંખ (૪) ખરમુખી (૫) પેયા (૬) પરિપરિકાને ફૂંકતા હતાં; (૭) પણવ-ઢોલ (૮) પટહ-નગારાને વગાડતાં હતાં; (૯) ભંભા (૧૦) હોરંભને અફળાવતાં હતાં; (૧૧) ભેરી (૧૨) ઝલ્લરી (૧૩) દુંદુભિને તાલ આપતાં હતાં; (૧૪) મુરજ (૧૫) મૃદંગ (૧૬) નંદી મૃદંગનો આલાપ લેતાં હતાં; (૧૭) આલિંગ (૧૮) કુસ્તુંબ (૧૯) ગોમુખી (૨૦) માદલનું ઉત્તાડન કરતાં હતાં; (૨૧) વીણા (૨૨) વિપંચી (૨૩) વલ્લકીને મૂર્ચ્છિત કરતાં હતાં; (૨૪) મહતી વીણા(સો તારવાળી વીણા)

(૨૫) કચ્છપી વીણા (૨૬) ચિત્ર વીણાને કૂટતા હતા; (૨૭) બદ્ધીસ (૨૮) સુઘોષા (૨૯) નંદી ઘોષાનું સારણ કરતાં હતાં; (૩૦) ભ્રામરી વીણા (૩૧) ષડ્ભ્રામરી વીણા (૩૨) પરિવાદિની વીણાનું સ્ફોટન કરતાં હતાં; (૩૩) તૃણ (૩૪) તુંબ વીણાને છેડતા હતા; (૩૫) આમોટ (૩૬) ઝાંઝ (૩૭) નકુલને પરસ્પર ખણખણાવતાં હતાં; (૩૮) મુકુંદ (૩૯) હુડુક્ક (૪૦) વિચિક્કીને ધીમેથી છેડતા હતા (૪૧) કરડ (૪૨) ડિંડિમ (૪૩) કિણિક (૪૪) કડંબને વગાડતા હતા; (૪૫) દર્દરક (૪૬) દર્દરિકા (૪૭) કુતુંબરા (૪૮) કલશિકા (૪૯) મડક્કને જોર-જોરથી તાડન કરતાં હતાં; (૫૦) તલ (૫૧) તાલ (૫૨) કાસ્યતાલને ધીમેથી તાડન કરતાં હતાં; (૫૩) રિંગરિસિકા (૫૪) લતિકા (૫૫) મકરિકા (૫૬) શિશુમારિકાનું ઘટ્ટન કરતા હતા; (૫૭) વંશી (૫૮) વેણુવાલી (૫૯) પરિલ્લી (૬૦) બદ્ધકોને ફૂંકતાં હતાં.

**૬૦ तए णं से दिव्वे गीए, दिव्वे वाइए, दिव्वे णट्टे; एवं अब्भूए, सिंगारे, उराले, मणुण्णे; मणहरे गीए, मणहरे वाइए, मणहरे णट्टे, उप्पिंजलभूए, कहकहभूए, दिव्वे देवरमणे पवत्ते यावि होत्था ।**

**ભાવાર્થ :–** તે દિવ્ય સંગીત, દિવ્ય વાદન અને દિવ્ય નૃત્ય; અદ્‌ભુત, શ્રૃંગારરૂપ, પરિપૂર્ણ ગુણયુક્ત હોવાથી ઉદાર, દર્શકોને મનોનુકૂલ હોવાથી મનોજ્ઞ અને મનોહર ગીત, મનોહર વાદ્યવાદન અને મનોહર નૃત્ય લોકોના ચિત્તને આકુળવ્યાકુળ બનાવે તેવું હતું તથા દર્શકોના 'વાહ વાહ' આદિ શબ્દોના કોલાહલને ઉત્પન્ન કરે તેવું હતું. આ રીતે તે દેવકુમારો અને કુમારિકાઓ દિવ્ય દેવક્રીડા એટલે સંગીત, વાદન અને રમતમાં પ્રવૃત્ત હતા.

**વિવેચન :–**

સૂર્યાભદેવે નાટક બતાવવા માટે ૧૦૮-૧૦૮ દેવકુમારો અને દેવકુમારિકાઓની વિકુર્વણા કરી અને તે નૃત્ય નાટિકા સમયે સંગીતોના સૂર રેલાવવા વાદ્ય અને વાદ્યકારોની વિકુર્વણા કરી.

**एगूणपण्णं आउज्जविहाणाइं विउव्वइ :–** સૂત્ર ૫૫માં કથન છે કે ઓગણપચાસ પ્રકારના વાદ્યો અને વાદકોની વિકુર્વણા કરી અને સૂત્ર–૬૧માં વાદ્યોના નામોલ્લેખ છે, તે સંખ્યા ૪૯થી વધુ થાય છે. આ વિષયમાં વૃત્તિકારે આ પ્રમાણે સમાધાન કર્યું છે કે વાદ્યોના મૂળભેદ ઓગણપચાસ છે. શેષ તેના અવાંતર ભેદ સમજવા. જેમ કે વેણુવાલી, પરિલી, બદ્ધક વગેરેનો સમાવેશ વંશવાદ્યમાં થઈ જાય છે. ભ્રામરી વીણા, ષડ્ ભ્રામરી વીણા, પરિવાદિની વીણા, કાચ્છપી વીણા, ચિત્ર વીણા, મહત્તી વીણા, તુંબ વીણા વગેરેનો સમાવેશ વીણામાં થઈ જાય છે. સૂત્રમાં ઉચ્ચારિત નામોમાં કેટલાક નામ પ્રસિદ્ધ છે અને કેટલાક નામ અપ્રસિદ્ધ છે.

**બત્રીસ પ્રકારના નાટક :–**

**૬૧ तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य**(*समणस्स भगवओ महावीरस्स...?*) **गोयमाइ समणाणं णिग्गंथाणं सोत्थिय-सिरिवच्छ-णंदियावत्त-वद्धमाणग-भद्दासण- कलस-मच्छ दप्पण मंगल्लभत्तिचित्तं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ઘણા દેવકુમાર અને દેવકુમારિકાઓએ(***શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમક્ષ...?***) ગૌતમાદિ શ્રમણોની સમક્ષ પ્રથમ નાટક બતાવતા સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, કળશ, મત્સ્ય અને દર્પણ, આ આઠ મંગલના મંગલ ભક્તિચિત્ર નામના દિવ્ય અભિનયો કર્યા.॥૧॥

**૬૨ तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य समामेव समोसरणं करेंति, करित्ता तं चेव भाणियव्वं** *जाव* **दिव्वे देवरमणे पवत्ते या वि होत्था ।**

**तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य**(*समणस्स भगवओ महावीरस्स...?*) **गोयमइयाणं समणाणं णिग्गंथाणं आवड-पच्चावड-सेढिपसेढी- सोत्थिय- पूसमाणव- वद्धमाणग-मच्छंडग मगरंडग-जार-मार-फुल्लावलि-पउमपत्त- सागरतरंग-वसंतलया- पउमलय-भत्तिचित्तं णाम दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજી નાટ્યવિધિ બતાવવા પૂર્વે તે દેવકુમાર અને દેવકુમારીઓ એક સાથે પ્રકટ થઈ એકત્રિત થયા ***યાવત્*** દિવ્ય દેવરમતમાં પ્રવૃત્ત થયા, ત્યાં સુધી પૂર્વવત્ સમજવું અર્થાત્ પંક્તિબદ્ધ બન્યા, એકી સાથે વંદન કર્યું, દિવ્યવાદન, દિવ્યસંગીત અને દિવ્ય નૃત્ય, દેવક્રીડા-રમત કરી.

ત્યાર પછી તે ઘણા દેવકુમાર અને દેવકુમારિકાએ(***શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમક્ષ...?***) ગૌતમાદિ શ્રમણોની સમક્ષ બીજું દિવ્ય નાટક બતાવતાં આવર્ત્ત, પ્રત્યાવર્ત્ત, શ્રેણી, પ્રશ્રેણી, સ્વસ્તિક, પુષ્યમાણવક, વર્ધમાનક, મત્સ્યાંડક, મકરાંડક, જારમાર(એક પ્રકારનું જલચર પ્રાણી), પુષ્પાવલિ, પદ્મપત્ર, સાગરતરંગ, વાસંતીલતા અને પદ્મલતા ભક્તિચિત્ર નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૨॥**

**૬૩ एवं च एक्किक्कियाए णट्टविहीए समोसरणादिया एसा वत्तव्वया** *जाव* **दिव्वे देवरमणे पवत्ते या वि होत्था ।**

**तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य**(*समणस्स भगवओ महावीरस्स...?*) **गोयमाइयाणं समणाणं णिग्गंथाणं ईहामिय-उसभ-तुरग-णर- मगर-विहग- वालग- किण्णर- रुरु- सरभ-चमर-कुंजर-वणलय-पउमलय-भत्तिचित्तं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** તે જ રીતે પ્રત્યેક નાટક બતાવ્યા પછી તે દેવકુમારો અને દેવકમુારીઓ એક સાથે એકત્રિત થઈને વંદન કરવાથી લઈ દિવ્ય દેવક્રીડામાં પ્રવૃત્ત થવા સુધીની સમસ્ત પૂર્વોક્ત વિધિ કરતા હતા.

ત્યાર પછી ઘણા દેવકુમાર અને દેવકુમારિકાઓએ(***શ્રમણ ભગવાન મહાવીરને...?***) ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને ત્રીજું નાટક બતાવતા ઈહામૃગ-વરુ, બળદ, અશ્વ, મનુષ્ય, પક્ષી, સર્પ, કિન્નર, રુરુ-કસ્તૂરી મૃગ, સરભ-અષ્ટાપદ, ચમરી ગાય, કુંજર, વનલતા અને પદ્મલતા ભક્તિચિત્ર નામના અભિનયો કર્યા.**॥૩॥**

**નોંધ :–** સૂત્ર ૬૧, ૬૨, ૬૩માં 'શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમક્ષ' નાટક બતાવવાનો પાઠ પ્રતોમાં મળે છે પરંતુ સૂત્રોક્ત ભાવોથી તે અશુદ્ધ જણાય છે માટે તે પાઠને અહીં કૌંસમાં રાખ્યો છે.

**૬૪ एगओ वंकं, एगओ चक्कवालं, दुहओ चक्कवालं, चक्कद्धचक्कवालं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** ચોથું દિવ્ય નાટક બતાવતાં તેઓએ એક દિશામાં ધનુષાકાર શ્રેણી બનાવીને એકતો વક્ર, એક દિશામાં ચક્રાકાર શ્રેણી બનાવીને એકતો ચક્રવાલ, સામસામી બે દિશામાં ચક્ર બનાવીને દ્વિવિધ ચક્રવાલ ભક્તિચિત્ર નામવાળા દિવ્ય અભિનયો કર્યા.**॥૪॥**

**૬૫** **चंदावलिपविभत्तिं च सूरावलिपविभत्तिं च वलयावलिपविभत्तिं च हंसावलिपविभत्तिं च एगावलिपविभत्तिं च तारावलिपविभत्तिं च मुत्तावलिपविभत्तिं च कणगावलिपविभत्तिं च रयणावलिपविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** પાંચમું દિવ્ય નાટક બતાવતાં તેઓએ ચંદ્રાવલિ પ્રવિભક્તિ(ચંદ્રના આકારવાળી), સૂર્યાવલિ, વલયાવલિ, હંસાવલિ, એકાવલિ, તારાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૫॥**

**૬૬** **चंदुग्गमणपविभत्तिं च सूरुग्गमणपविभत्तिं च उग्गमणुग्गमणपविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** છટ્ઠું દિવ્ય નાટક બતાવતાં તેઓએ ચંદ્રોદ્ગમન-ચંદ્રોદય, સૂર્યોદ્ગમન-સૂર્યોદય પ્રવિભક્તિ (તે સમયના દશ્યો) તથા ઉદ્ગમનોદગમન(ચંદ્રોદય-સૂર્યોદય) પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૬॥**

**૬૭** **चंदागमणपविभत्तिं च सूरागमणपविभत्तिं च आगमणागमणपविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** સાતમું દિવ્ય નાટક બતાવતાં ચંદ્રાગમન પ્રવિભક્તિ, સૂર્યાગમન પ્રવિભક્તિ અને આગમનાગમન પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૭॥**

**૬૮** **चंदावरणपविभत्तिं सूरावरणपविभत्तिं च आवरणावरणपविभत्तिं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** આઠમું દિવ્ય નાટક બતાવતાં ચંદ્રાવરણ પ્રવિભક્તિ–ચંદ્રગ્રહણ, સૂર્યાવરણ પ્રવિભક્તિ–સૂર્યગ્રહણ, આવરણાવરણ પ્રવિભક્તિ ચિત્ર નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૮॥**

**૬૯** **चंदत्थमणपविभत्तिं च सूरत्थमणपविभत्तिं च अत्थमणत्थमणपविभत्तिं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** નવમું દિવ્ય નાટક બતાવતાં ચંદ્રાસ્ત અને સૂર્યાસ્ત(તે સમયના દશ્યો) તથા અસ્તાનસ્તા (ઉદયાસ્ત) પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૯॥**

**૭૦** **चंदमंडलपविभत्तिं च सूरमंडलपविभत्तिं च णागमंडलपविभत्तिं च जक्खमंडल-पविभत्तिं च भूतमंडलपविभत्तिं च रक्खस-महोरग-गंधव्वमंडलपविभत्तिं च मंडलमंडल- पविभत्तिं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** દસમું દિવ્ય નાટક બતાવતાં તેઓએ ચંદ્રમંડળ પ્રવિભક્તિ સૂર્યમંડળ, નાગમંડળ, યક્ષમંડળ, ભૂતમંડળ, રાક્ષસમંડળ, મહોરગમંડળ, ગંધર્વમંડળ અને મંડલમંડલ(સંયુક્તમંડલ) પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૧૦॥**

**૭૧** **उसभललियविक्कंतं च सीहललियविक्कंतं च हयविलंबियं गयविलंबियं**

**मत्तहयविलसियं मत्तगयविलसियं मत्तहयविलंबियं मत्तगयविलंबियं दुयविलंबियं णामं दिव्वं णट्टविहं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** અગિયારમું દિવ્યનાટક બતાવતાં તેઓએ વૃષભ અને સિંહની લલિતગતિ, અશ્વ અને હાથીની વિલંબિત ગતિ, મત્ત અશ્વ અને મત્ત હાથીની વિલસિત ગતિ, મત્ત અશ્વ અને મત્ત હાથીની વિલંબિત ગતિ નામના(તે પ્રકારના દશ્યોના) અભિનયો કર્યા.**॥૧૧॥**

**૭૨ सागरपविभत्तिं च णागरपविभत्तिं च सागर-णागर पविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** બારમું દિવ્ય નાટક બતાવતાં તેઓએ સાગર પ્રવિભક્તિ(તે સંબંધી દશ્યો) નગર પ્રવિભક્તિ અને બંનેની સંયુક્ત પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૧૨॥**

**૭૩ णंदापविभत्तिं च चंपापविभत्तिं णंदा-चंपापविभत्तिं च णामं दिव्वं णट्टविहं उवदंसेंति।**

**ભાવાર્થ :–** તેરમું દિવ્ય નાટક બતાવતા નંદા પુષ્કરિણી પ્રવિભક્તિ અને ચંપકવૃક્ષ પ્રવિભક્તિ તથા ઉભય સંયુક્ત પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૧૩॥**

**૭૪ मच्छंडापविभत्तिं च मगरंडापविभत्तिं च जारपविभत्तिं च मारपविभत्तिं च मच्छडा- मयरंडा-जारा-मारापविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**ભાવાર્થ :–** ચૌદમું દિવ્ય નાટક બતાવતાં તેઓએ માછલીના ઈંડા, મગરના ઈંડા, જારમાર–જલચર પ્રાણી વિશેષ તથા સંયુક્ત પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૧૪॥**

**૭૫ 'क' त्ति ककारपविभत्तिं च, 'ख' त्ति खकारपविभत्तिं च, 'ग' त्ति गकारपविभत्तिं च 'घ' त्ति घकारपविभत्तिं च, 'ङ' त्ति ङकारपविभत्तिं च ककार-खकार-गकार-घकार-ङकारपविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति । एवं चकारवग्गो वि । टकारवग्गो वि। तकारवग्गो वि । पकारवग्गो वि ।**

**ભાવાર્થ :–** પંદરમું દિવ્ય નાટક બતાવતા તેઓએ 'ક' અક્ષરના આકારે ગોઠવાઈને કકાર પ્રવિભક્તિ, 'ખ' અક્ષરના આકારે ગોઠવાઈને ખકાર પ્રવિભક્તિ, 'ગ' અક્ષરના આકારે ગોઠવાઈને ગકાર પ્રવિભક્તિ, 'ઘ' અક્ષરના આકારે ગોઠવાઈને ઘકાર પ્રવિભક્તિ, 'ङ' અક્ષરના આકારે ગોઠવાઈને ङકાર પ્રવિભક્તિ તેમજ કકાર, ખકાર, ગકાર, ઘકાર, ङકારની સંયુકત રચના દ્વારા કકાર વર્ગ પ્રવિભક્તિ નામના અભિનયો કર્યા.**॥૧૫॥**

તે જ રીતે સોળમું નાટક બતાવતાં ચકાર વર્ગ–ચ, છ, જ, ઝ, ञ ના આકારે ગોઠવાઈને અભિનયો કર્યા. સત્તરમું નાટક બતાવતાં ટકાર વર્ગ–ટ, ઠ, ડ, ઢ, ણ ના આકારે ગોઠવાઈને અભિનયો કર્યા. અઢારમું નાટક બતાવતાં તકાર વર્ગ–ત, થ, દ, ધ, ન ના આકારે ગોઠવાઈને અભિનયો કર્યા. ઓગણીસમું નાટક બતાવતાં પકાર વર્ગ–પ, ફ, બ, ભ, મ ના આકારે ગોઠવાઈને અભિનયો કર્યા. **॥૧૬ થી ૧૯॥**

**૭૬ असोयपल्लवपविभत्तिं च अंबपल्लवपविभत्तिं जंबूपल्लवपविभत्तिं**

**कोसंबपल्लव- पविभत्तिं च पल्लवपविभत्तिं च णामं दिव्व णट्टविहिं उवदंसेंति ।**

**भावार्थ :–** વીસમું દિવ્ય નાટક બતાવતાં તેઓએ અશોક, આંબો, જાંબુ અને કોસંબના પલ્લવ-કૂંપળ (તત્સંબંધી દશ્યો) અને પલ્લવ પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૨૦॥**

**૭૭ पउमलयापविभत्तिं णागलयापविभत्तिं असोगलयापविभत्तिं चंपगलयापविभत्तिं चूयलयापविभत्तिं वणलयापविभत्तिं वासंतियलयापविभत्तिं अइमुत्तयलयापविभत्तिं कुंदलया-पविभत्तिं सामलयापविभत्तिं च लयापविभत्तिं च णामं दिव्वं णट्टविहिं उवदंसेंति ।**

**भावार्थ :–** એકવીસમું નાટક બતાવતાં તેઓએ પદ્મલતા પ્રવિભક્તિ, નાગલતા, ચંપકલતા, અશોકલતા, આમ્રલતા, વનલતા, વાસંતિલતા, અતિમુક્તક લતા, કુંદલતા, શ્યામલતા(વેલ) અને લતા પ્રવિભક્તિ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૨૧॥**

**૭૮ दुयणामं उवदंसेंति । विलंबियं णामं उवदंसेंति। दुयविलबियं णामं उवदंसेंति। अंचियं, रिभियं, अंचियरिभियं, आरभडं, भसोलं, आरभडभसोलं उवदंसेंति ।**

**भावार्थ :–** ત્યારપછી અનુક્રમે ૨૨મું દ્રુત નામનું, ૨૩મું વિલંબિત નામનું, ૨૪મું દ્રુતવિલંબિત નામનું, ૨૫મું અંચિત, ૨૬મું રિભિત, ૨૭મું અંચિત રિભિત, ૨૮મું આરભટ, ૨૯મું ભસોલ, ૩૦મું આરભટભસોલ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૨૨ થી ૩૦॥**

**૭૯ उप्पाय-णिवाय-परिणिवाय-पवत्तं, संकुचियं-पसारियं रियारियं भंतं-संभंतं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति।**

**भावार्थ :–** ૩૧મું નાટક બતાવતાં તેઓએ ઉત્પાદ–કૂદવું, નિપાત–નીચે પડવું, પરિનિપાત-વાંકા પડવું, સંકુચિત–સંકોચાવું, પ્રસારિત–ફેલાવવું, રયારઈય, ભ્રાંત, સંભ્રાંત નામના(તે-તે ક્રિયા કરવારૂપ) દિવ્ય અભિનયો કર્યા.**॥૩૧॥**

**૮૦ तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य समामेव समोसरणं करेंति** *जाव* **दिव्वे देवरमणे पवत्ते यावि होत्था ।**

**तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य समणस्स भगवओ महावीरस्स पुव्वभवचरियणिबद्धं च चवणचरियणिबद्धं च, संहरणचरियणिबद्धं च, जम्मणचरियणिबद्धं च, अभिसेयचरियणिबद्धं च, बालभावचरियणिबद्धं च, जोव्वणचरियणिबद्धं च, कामभोग-चरियणिबद्धं च, णिक्खमणचरियणिबद्धं च, तवचरणचरियणिबद्धं च, णाणुप्पाय चरियणिबद्धं च तित्थपवत्तणचरियणिबद्धं च, परिणिव्वाणचरियणिबद्धं च, चरिमचरियणिबद्धं च णामं दिव्वं णट्टविंहिं उवदंसेंति ।**

**भावार्थ :–** નાટ્યવિધિઓનું પ્રદર્શન કર્યા પછી તે દેવકુમાર અને દેવકુમારીઓ એક સાથે એક સ્થાન પર એકત્રિત થયા(પ્રગટ થયા) અને દિવ્ય દેવ રમત(સંગીત, વાદન, નૃત્ય રૂપ દેવક્રીડા)માં પ્રવૃત્ત થયાં.

ત્યાર પછી બત્રીસમું નાટક બતાવતાં તે બધાં દેવકુમારો તથા દેવકુમારીઓએ શ્રમણ ભગવાન

મહાવીર સ્વામીના પૂર્વભવના ચરિત્ર સંબંધી પ્રસંગો તેમજ ચ્યવન, ગર્ભસંહરણ, જન્માભિષેક, બાલક્રીડા, યૌવન, કામભોગ, અભિનિષ્ક્રમણ-દીક્ષા, તપશ્ચરણ, કેવળજ્ઞાન પ્રાપ્તિ, તીર્થ પ્રવર્તન, પરિનિર્વાણ-મોક્ષ પ્રાપ્તિ અને પરિનિર્વાણ દેવ મહોત્સવ નિબદ્ધ નામના દિવ્ય અભિનયો કર્યા.**॥૩૨॥**

**૮૧ तए णं ते बहवे देवकुमारा य देवकुमारीओ य चउव्विहं वाइत्तं वाएंति, तं जहा– ततं विततं घणं झुसिरं ।**

**ભાવાર્થ :–**ત્યાર પછી તે દેવકુમારો અને દેવકુમારીઓએ ચાર પ્રકારના વાજિંત્રો વગાડ્યા. યથા– **(૧) તત–** તારયુક્ત, આંગળીઓથી વગાડાય તે વીણાદિ **(૨) વિતત–** ચામડાથી મઢેલા અને હાથની થપાટ મારીને વગાડાય તેવા ઢોલાદિ **(૩) ઘન–** કાંસાની ધાતુથી નિર્મિત ઝાલર, ઘંટ વગેરે **(૪) શુષિર–** વાયુ પૂરીને આંગળીઓથી વગાડાય તે વાંસળી, હારમોનિયમ વગેરે.

**૮૨ तए णं ते बहवे देवकुमारा य देवकुमारियाओ य चउव्विहं गेयं गायंति, तं जहा– उक्खित्तं पायंतं मंदायं रोइयावसाणं च ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દેવકુમારો-દેવકુમારિકાઓએ ચાર પ્રકારના ગીતો ગાયા. યથા– **(૧) ઉત્ક્ષિપ્ત–** નૃત્ય કરતાં ગાવું, આરંભમાં મધુર ગાવું **(૨) પાદાંત, પાયવૃદ્ધ–** પદ્યછંદોને ગાવા, ઉત્તમ સ્વરથી ગાવું, ગીતના મધ્યમાં ઊંચા સ્વરે ગાવું **(૩) મંદ–** મંદસ્વરથી ગાવું, નીચા સ્વરે ગીત ગાવું **(૪) રોચિતાવસાન–** ધીમા સ્વરને તેજ કરી ગાવું, ધીમે-ધીમે ગાતાં ગીતપૂર્ણ કરવું.

**૮૩ तए णं ते बहवे देवकुमारा य देवकुमारियाओ य चउव्विहं णट्टविहिं उवदंसेंति, तं जहा– अंचियं रिभियं आरभडं भसोलं च ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ઘણા દેવકુમારો-દેવકુમારિકાઓએ ચાર પ્રકારના નૃત્ય બતાવ્યા. યથા– **(૧) અંચિત નૃત્ય–** રોકાઈ-રોકાઈને મંદ મંદ નાચવું **(૨) રિભિત–** સંગીત સાથે નૃત્ય કરવું **(૩) આરભટ–** ગાતાં-ગાતાં નૃત્ય કરવું **(૪) ભષોલનાટ્ય–** વિવિધ ચેષ્ટા અને ભાવભંગિમાઓ પ્રદર્શિત કરતાં નૃત્ય કરવું.

**૮૪ तए णं ते बहवे देवकुमारा य देवकुमारियाओ च चउव्विहं अभिणयं भिणएंति, तं जहा– दिट्ठंतियं पाडंतियं सामाण्णओ-विणिवाइयं अंतोमज्झावसाणियं च ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દેવકુમારો-દેવકુમારિકાઓએ ચાર પ્રકારના અભિનય બતાવ્યા. યથા– **(૧) દાષ્ટાંતિક–** કોઈ ઘટના વિશેષનો અભિનય કરવો, બાહ્ય શરીરની ચેષ્ટાઓથી અભિનય કરવો **(૨) પ્રાત્યંતિક–** રામાયણાદિનો અભિનય કરવો **(૩) સામાન્યતો વિનિપાતિક–** રાજા, મંત્રી આદિનો અભિનય કરવો **(૪) લોક મધ્યાવસિત–** માનવ જીવનની વિભિન્ન અવસ્થાઓનો અભિનય કરવો, દેશકાલને અનુરૂપ વેશભૂષાનો અભિનય કરવો.

**૮૫ तए णं ते बहवे देवकुमारा य देवकुमारियाओ य गोयमादियाणं समणाणं णिग्गंथाणं दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं दिव्वं बत्तीसइबद्धं णाडयं उवदंसित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेंति,**

**करित्ता वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सूरियाभं देवं करयल- परिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति, वद्धावित्ता एवं आणत्तियं पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બધા દેવકુમારો અને દેવકુમારીઓએ ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, બત્રીસ પ્રકારની દિવ્ય નાટ્યવિધિઓ બતાવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા. ત્યારપછી સૂર્યાભદેવ પાસે આવીને, બંને હાથ જોડીને, આવર્તનપૂર્વક મસ્તક પર અંજલિ કરીને, જય વિજયના શબ્દોથી વધાવીને તેમને આજ્ઞા પાછી સોંપી અર્થાત્ કાર્ય પૂર્ણ થયાનું સૂચન કર્યું.

**૮૬ तए णं से सूरियाभे देवे तं दिव्वं देविड्ढिं, दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं पडिसाहरइ, पडिसाहरेत्ता खणेणं जाए एगे एगभूए । तए णं से सूरियाभे देवे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णियगपरिवालसद्धिं संपरिवुडे तमेव दिव्वं जाण विमाणं दुरुहइ, दुरुहित्ता जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે સૂર્યાભદેવ પોતાની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવ પ્રભાવનું સંહરણ કરીને ક્ષણવારમાં પહેલાં જેમ એકલા હતા, તેવા જ એકાકી બની ગયા. ત્યાર પછી સૂર્યાભદેવે શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને પોતાના પૂર્વોક્ત પરિવાર સાથે તે દિવ્ય યાન-વિમાન પર આરૂઢ થઈને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચાલ્યા ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યાભદેવદ્વારા બતાવવામાં આવેલા ૩૨ પ્રકારના નાટકોનું વર્ણન છે. તે નાટકો બે પ્રકારે રજૂ થયા હતા– (૧) અષ્ટમંગલ, કકાર પ્રવિભક્તિ વગેરે કેટલાક નાટકોમાં દેવકુમારો-દેવકુમારીઓએ તે-તે આકારે ગોઠવાઈને અભિનયો કર્યા અને (૨) ચંદ્રોદય-સૂર્યોદય, ચંદ્ર-સૂર્ય ગ્રહણ વગેરે કેટલાક નાટકોમાં તે પ્રકારના દશ્યો રજૂ કર્યા. બત્રીસમાં નાટકમાં મહાવીર સ્વામીના પૂર્વભવો અને ચ્યવનથી નિર્વાણ પર્યંતની જીવન ઘટનાના દશ્યો રજૂ કરી તેમનું જીવન તાદશ કર્યું હતું.

**સૂર્યાભદેવ સંબંધી ગૌતમ સ્વામીની જિજ્ઞાસા :–**

**૮૭ 'भंते' त्ति भयवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सूरियाभस्स णं भंते ! देवस्स एसा दिव्वा देविड्ढी दिव्वा देवज्जुइ दिव्वे देवाणुभावे कहिं गए ? कहिं अणुप्पविट्ठे ? गोयमा ! सरीरं गए सरीरं अणुप्पविट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ सरीरं गए, सरीरं अणुप्पविट्ठे ? गोयमा ! से जहाणामए कूडागारसाला सिया–दुहओ लित्ता गुत्ता गुत्तदुवारा णिवाया णिवायगंभीरा। तीसे णं कूडागारसालाए अदूरसामंते एत्थ णं महेगे जणसमूहे चिट्ठइ । तए णं से जणसमूहे एगं महं अब्भवद्दलगं वा वासवद्दलगं वा महावायं वा एज्जमाणं पासइ,**

**पासित्ता तं कूडागारसालं अंतो अणुप्पविसित्ता णं चिट्ठइ । से तेणट्ठेण गोयमा ! एवं वुच्चइ–सरीरं अणुप्पविट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** 'ભંતે' આ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીને સંબોધન કરી ભગવાન ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! સૂર્યાભદેવની તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ ક્યાં ગયો ? ક્યાં સમાઈ ગયો ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વ વૈભવ શરીરમાં પ્રવેશીને શરીરમાં સમાઈ ગયો.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે દિવ્ય ઋદ્ધિ શરીરમાં પ્રવેશી ગઈ અને શરીરમાં સમાઈ ગઈ ? અર્થાત્ એવો વિશાળ વૈભવ એક શરીરમાં કેવી રીતે સમાય શકે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ કે કોઈ એક અંદર-બહાર છાણ આદિથી લીંપેલી, ફરતી વંડીવાળી, બંધ બારણાવાળી, નિર્વાત-પવન પ્રવેશી ન શકે તેવી, ઊંડી વિશાળ પર્વત-શિખરના આકારવાળી શાળા હોય, તે શાળાની નજીક એક મોટો જનસમુદાય ઊભો હોય અને તે જનસમુદાય પાણી ભરેલા વાદળાને, હમણાજ વરસી પડશે તેવા વાદળાને અને મહા આંધીને આવતી જુએ; ત્યારે તે જનસમુદાયના સર્વ લોકો ટપોટપ તે કૂટાગાર શાળામાં ચાલ્યા જાય છે, તેમાં સમાઈ જાય છે. તેમ સૂર્યાભ દેવની તે દિવ્ય દેવ ઋદ્ધિ તેના શરીરમાં પ્રવેશી ગઈ છે, તેમાં સમાઈ ગઈ છે, તેથી હે ગૌતમ ! મેં એમ કહ્યું છે.

**સૂર્યાભવિમાનનું સ્થાન :–**

**૮૮ कहि णं भंते ! सूरियाभस्स देवस्स सूरियाभे णामं विमाणे पण्णते ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेण इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागओ उड्ढं चंदिम-सूरिय-गहगण-णक्खत्त-तारारूवाणं बहूइं जोयणाइं, बहूइं जोयणसयाइं एवं सहस्साइं, सयसहस्साइं, बहुईओ जोयणकोडीओ, जोयणसयकोडीओ, जोयणसहस्सकोडीओ, बहुईओ जोयणसयसहस्सकोडीओ, बहुईओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं वीईवइत्ता एत्थ णं सोहम्मे णामं कप्पे पण्णत्ते–**

**पाईणपडीणायए उदीणदाहिण-वित्थिण्णे, अद्धचंदसंठाणसंठिए, अच्चिमालि भासरासि वण्णाभे, असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयामविक्खंभेणं, असंखेज्जाओ जोयण- कोडाकोडीओ परिक्खेवेणं, एत्थ णं सोहम्माणं देवाणं बत्तीसं विमाणावाससयसहसाइं भवंतीति मक्खायं । ते णं विमाणा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**तेसिं णं विमाणाणं बहुमज्झदेसभाए पंच वडेंसया पण्णत्ता, तं जहा– असोगवडेंसए सत्तवण्णवडेंसए चंपगवडेंसए चूयवडेंसए मज्झे सोहम्मवडेंसए । ते णं वडेंसगा सव्व-रयणामया अच्छा** *जाव* **पडिरूवा । तस्स णं सोहम्मवडेंसगस्स महाविमाणस्स पुरत्थिमेणं तिरियं असंखेज्जाइं जोयणसयसहस्साइं वीईवइत्ता एत्थ णं सूरियाभस्स देवस्स सूरियाभे विमाणे पण्णत्ते–अद्धतेरस जोयणसयसहस्साइं आयमविक्खंभेणं**

**अउणयालीसं च सय-सहस्साइं बावण्णं च सहस्साइं अट्ठ य अडयाले जोयणसए परिक्खेवेणं ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! તે સૂર્યાભદેવનું સૂર્યાભવિમાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપના સુમેરુ પર્વતથી દક્ષિણ દિશામાં આ રત્નપ્રભા પૃથ્વીના રમણીય સમતલ ભૂમિભાગની ઉપર ઊર્ધ્વદિશામાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારામંડળથી પણ ઉપર ઘણાં સેંકડો યોજનો, હજારો યોજનો, લાખો યોજનો, ઘણા કરોડો યોજનો, સેંકડો કરોડો યોજનો, હજારો કરોડો યોજનો, લાખો કરોડો યોજનો, ઘણા કરોડોકરોડ યોજનો પાર કરીએ ત્યાં સૌધર્મકલ્પ નામનું કલ્પ–દેવલોક છે.

તે સૌધર્મ દેવલોક પૂર્વ-પશ્ચિમ લાંબુ અને ઉત્તર-દક્ષિણ પહોળું છે. તે અર્ધ ચંદ્રાકારે છે. સૂર્ય કિરણોની જેમ પોતાની દ્યુતિ–કાંતિથી હંમેશાં પ્રકાશમાન રહે છે. તેની લંબાઈ-પહોળાઈ અસંખ્યાત કોટાકોટી યોજન છે અને તેની પરિધિ અસંખ્યાત કોટાકોટિ યોજન છે. તે સૌધર્મ દેવલોકમાં સૌધર્મ કલ્પવાસી દેવોના બત્રીસ લાખ વિમાન છે. તે બધા વિમાનાવાસ સંપૂર્ણ રત્નોથી બનેલા સ્ફટિક મણિવત્ સ્વચ્છ ***યાવત્*** અતિ મનોહર છે.

તે વિમાનોની બરાબર વચ્ચે પાંચ અવતંસક–શ્રેષ્ઠ વિમાનો છે. ચાર દિશાઓમાં અનુક્રમથી અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, આમ્રાવતંસક અને તે ચારેની મધ્યમાં સૌધર્માવતંસક છે. આ પાંચે ય અવતંસક–શ્રેષ્ઠ વિમાનો રત્નોથી નિર્મિત ***યાવત્*** અતિ મનોહર છે. તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વ દિશામાં તિરછા અસંખ્યાત લાખ યોજન આગળ જઈએ ત્યારે ત્યાં સૂર્યાભદેવનું સૂર્યાભ નામનું વિમાન છે. તેની(લંબાઈ-પહોળાઈ) સાડાબાર લાખ યોજન છે અને પરિધિ ઓગણચાલીશ લાખ, બાવન હજાર, આઠસો અડતાલીસ (૩૯, ૫૨, ૮૪૮) યોજન છે.

**સૂર્યાભવિમાનનો કોટ :–**

**૮૯ से णं एगेणं पागारेणं सव्वओ समंता संपरिक्खित्ते । से णं पागारे तिण्णि जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, मूले एगं जोयणसयं विक्खंभेणं, मज्झे पण्णासं जोयणाइं विक्खंभेणं, उप्पिं पणवीसं जोयणाइं विक्खंभेणं । मूले वित्थिण्णे, मज्झे संखित्ते, उप्पिं तणुए; गोपुच्छसंठाण- संठिए सव्वरयणामए अच्छे** *जाव* **पडिरूवे ।**

**ભાવાર્થ :–** તે સૂર્યાભ વિમાનની ફરતો-ચારે બાજુ એક મોટો કિલ્લો છે. તે ત્રણસો યોજનનો ઊંચો છે; મૂળમાં સો યોજન. મધ્યમાં પચાસ યોજન અને ઉપર પચીસ યોજન પહોળો છે; આ રીતે તે કોટ મૂળમાં પહોળો, મધ્યમાં સાંકડો અને ઉપર પાતળો છે; તેનો આકાર ગોપુચ્છના આકાર જેવો છે; તે આખો રત્નમય, સ્ફટિક જેવો નિર્મળ અને મનોહર છે,.

**૯૦ से णं पागारे णाणाविहपंचवण्णेहिं कविसीसएहिं उवसोभिए, तं जहा– कण्हेहिं णीलेहिं लोहिएहिं हालिद्देहिं सुक्किल्लेहिं य कविसीसएहिं । ते णं कविसीसगा एगं जोयणं आयामेणं, अद्धजोयणं विक्खंभेणं, देसूणं जोयणं उड्ढं उच्चत्तेणं सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે કોટના કાંગરા અનેક પ્રકારના કાળા, નીલા, લાલ, પીળા અને ધોળા, એમ પાંચ વર્ણોથી સુશોભિત છે. આ કાંગરાઓ, એક યોજન લાંબા, અર્ધો યોજન પહોળા અને દેશોન એક યોજન ઊંચાં છે;

તે કાંગરાંઓ રત્નોથી બનેલા નિર્મળ ***યાવત્*** ઘણાં રમણીય છે.

**સૂર્યાભવિમાનના દરવાજા :–**

**९१ सुरियाभस्स णं विमाणस्स एगमेगाए बाहाए दारसहस्सं दारसहस्सं भवतीति मक्खायं। ते णं दारा पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं अड्ढाइज्जाइं जोयणसयाइं विक्खंभेणं तावइयं चेव पवेसेणं, सेयावर-कणग-थूभियागा ईहामिय-उसभ-तुरग-णर-मगर-विहग-वालग-किण्णर-रुरु-सरभ-चमर-कुंजर-वणलय-पउमलयभत्ति-चित्ता खंभुग्गयवरवइरवेइया-परिगयाभिरामा, विज्जाहर-जमल-जुयल-जंतजुत्ता विव, अच्चीसहस्स-मालणीया रूवगसहस्स-कलिया, भिसमाणा भिब्भिसमाणा, चक्खुल्लोयणलेसा, सुहफासा सस्सिरीयरूवा ।**

**वण्णो दाराणं तेसिं होइ, तं जहा– वइरामया णिम्मा, रिट्ठामया पइट्ठाणा, वेरुलियमया खंभा, जायरूवोवचिय-पवरपंचवण्ण-मणिरयण-कोट्टिमतला, हंसगब्भमया एलुया, गोमेज्जमया इंदकीला, लोहियक्खमईओ दारचेडाओ, जोईरसमया उत्तरंगा, लोहियक्खमईओ सूईओ, वयरामया संधी, णाणामणिमया समुग्गया, वयरामया अग्गला-अग्गलपासया, रययामयाओ आवत्तण-पेढियाओ अंकुत्तरपासगा, णिरंतरियघणकवाडा भित्तीसु चेव भित्तिगुलिया छपण्णा तिण्णि होंति, गोमाणसिया तत्तिया, णाणामणिरयण-वालरूवग-लीलट्ठियसाल-भंजियागा, वयरामया कूडा, रययामया उस्सेहा, सव्व-तवणिज्जमया उल्लोया, णाणामणिरयण-जालपंजर-मणिवंसगा, लोहियक्ख-पडिवंसगा, रययभोमा, अंकामया पक्खा-पक्खबाहाओ, जोईरसामया वंसा-वंसकवेल्लुयाओ, रययामईओ पट्टियाओ, जायरूवमईओ ओहाडणीओ, वइरामईओ उवरिपुंछणीओ, सव्वसेयरययामये छायणे, अंकमय-कणग-कड-तवणिज्जथूभियागा, सेया संखतलविमलणिम्मल-दधिघण-गोखीर-फेण-रययणिगर-प्पगासा तिलग-रयणद्ध-चंदचित्ता णाणामणि-दामालंकिया, अंतो बहिं च सण्हा तवणिज्जवालुया पत्थडा सुहफासा सस्सिरीयरूवा, पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**ભાવાર્થ :–** સૂર્યાભદેવના તે વિમાનની એક-એક બાજુએ અર્થાત્ પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, આ ચારે ય બાજુએ હજાર-હજાર દરવાજા છે.(આ રીતે આ દેવવિમાનમાં કુલ મળીને ૪૦૦૦ દરવાજા છે.) તે દરવાજા પાંચસો(૫૦૦) યોજન ઊંચા અને અઢીસો(૨૫૦) યોજન પહોળા છે, તેમજ જવા-આવવાના માર્ગ પણ ૨૫૦ યોજન પહોળા છે. તે દરવાજાઓ શ્વેત છે, તેના શિખરો સોનાના છે; તે શિખરો ઈહામૃગ, બળદ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, રુરુ–કસ્તુરીમૃગ, અષ્ટાપદ, ચમરી ગાય, હાથી, વનલતા, પદ્મલતા આદિ ચિત્રોથી ચિત્રિત છે; સ્તંભગત વજરત્નમયી વેદિકાઓથી તે મનોહર દેખાય છે; યંત્ર સંચાલિત સમશ્રેણીમાં સ્થિત વિદ્યાધર યુગલોના પૂતળાઓ ફરતા દેખાય છે; રત્નોના હજારો કિરણોથી તે સૂર્યની જેમ ઝગારા મારે છે; હજારો રૂપકો–ચિત્રોથી તે ઉપશોભિત છે; દેદીપ્યમાન–અતિ દેદીપ્યમાન હોવાથી ઉડીને આંખે વળગે તેવા છે; અનુકૂળ સ્પર્શ અને મનોહર રૂપથી સુશોભિત છે.

તે દ્વારનું વર્ણન આ પ્રમાણે છે– તે દ્વારનો નેમભાગ– આભ્યંતર આધાર યુક્ત પૃથ્વીતલ વજ્રમય, મૂળ

પાયા રિષ્ટ રત્નના, થાંભલીઓ વૈડુર્યરત્નની છે; ભૂમિતલ પંચરંગી ઉત્તમ મણિઓથી જડિત છે; તેના ઉંબરા હંસગર્ભ રત્નના; ઈન્દ્ર કીલ ગોમેદ રત્નનો, બારસાખો લોહિતાક્ષ રત્નોની, ઓતરંગો– દ્વાર પરના ત્રાંસા પાટિયા જ્યોતિરસ રત્નોના, ખીલીઓ લોહિતાક્ષ રત્નોની છે; તેની સાંધોમાં વજરત્નો પૂરવામાં આવ્યા છે; ખીલીઓની ઉપરના ટોપકા વિવિધ મણિમય, આગળીયો અને તેનું અટકણ વજ્રનું છે; આવર્તન પીઠ–ઉલાળાનું ટેકણ ચાંદીનું છે; ઉત્તર પાર્શ્વક–બારણાંના ઉત્તર પડખાં અંક રત્નોના છે; તેના કમાડ (બારણાં) તિરાડ ન રહે, ચપોચપ બંધ થાય તેવાં મજબૂત છે; તે દરવાજાઓની બંને બાજુની ભીંતોમાં ૧૬૮-૧૬૮(કુલ મળી ૩૫૬) ભિત્તિ ગુલિકાઓ–બહાર જોવા માટેના ગોળ–ગુપ્ત ઝરૂખાઓ છે અને તેટલી જ ગોમાનસિકા–બેઠકો છે; દ્વાર ઉપર વિવિધ રત્નો અને મણિઓથી નિર્મિત સર્પના આકારવાળી રમતી પુતળીઓ છે; તેના કૂટ(માઢ ભાગ) વજરત્નના અને કૂટના શિખરો રજતમય છે; તે કૂટનો ઉપરનો ભાગ તપનીય સુવર્ણમય છે; તે દ્વારમાં જાળીયુક્ત ગવાક્ષો–ઝરુખા મણિના બનેલા છે; તે દરવાજાના ઉપરના વાંસા(વળા) મણિમય છે, વાંસાની વચ્ચે પ્રતિવાંસા લોહિતાક્ષ રત્નોના અને તેની ભૂમિ ચાંદીની છે; તે દ્વારના પડખાં અને પડખાંની બાજુઓ અંક રત્નમય છે; તે દ્વાર ઉપરના છજ્જાની ખપાટો(વળા), વળાવેલ્લુક–વળાની બંને બાજુએ ત્રાંસા મૂકેલા વળા અને નળિયાં જ્યોતિરસ નામના રત્નોના બનેલા છે; પટ્ટીઓ રૂપાની, નળિયાના ઢાંકણ સુવર્ણમય અને પ્રોચ્છનીઓ(છત ઉપર ઝીણા તરણાનું મજબુત આચ્છાદન) વજ્રમય છે; તે નળિયાના આચ્છાદન સર્વાત્મના શ્વેત રજતમય છે; તેના ઉપરના સ્તૂપ સુવર્ણના છે; તેના શિખરો અંકરત્નમય અને સ્તૂપિકાઓ તપનીય સુવર્ણમય છે.

તે દરવાજાઓ વિમલ શંખતલ, નિર્મળ ઘનીભૂત દહીં, દૂધના ફીણ, ચાંદીના ઢગલા જેવા શ્વેત અને ચકચકિત છે; તે દરવાજા ઉપર તિલક, અર્ધ ચંદ્રકો કોતરેલા છે; તેના ઉપર મણિની માળાઓ ટાંગેલી છે; તે દરવાજા અંદર-બહાર લીસા-સુંવાળા છે; તેના ઉપર સોનેરી રેતી ચોંટાડેલી છે; તે દ્વારો સુંદર, સુખદ સ્પર્શ- વાળા, શોભા સંપન્ન, પ્રસન્નતાદાયક, દર્શનીય અને અતીવ રમણીય છે.

**દ્વારવર્તી બેઠકો : કળશો : નાગદંતાઓ :–**

**૧૨ तेसि णं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलस सोलस चंदणकलस-परिवाडीओ पण्णत्ताओ, ते णं चंदणकलसा वरकमल-पइट्ठाणा सुरभिवर-वारिपडिपुण्णा, चंदणकय-चच्चागा, आविद्धे कंठे गुणा, पउमुप्पलपिहाणा सव्वरयणामया, अच्छा** *जाव* **पडिरूवगा महया-महया इंदकुंभसमाणा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :–** તે દ્વારોની ડાબી-જમણી બંને બાજુએ બેઠકો પર ૧૬-૧૬ ચંદન કળશોને એક હારમાં ગોઠવવામાં આવ્યા છે. હે આયુષ્યમાન શ્રમણો ! તે ચંદન કળશો કમળો પર સ્થાપિત; ઉત્તમ સુગંધી પાણીથી પરિપૂર્ણ; ચંદનના લેપથી ચર્ચિત; કાંઠા પર લાલ સૂતર(નાડાછડી) બાંધેલા; કમળો અને ઉત્પલોથી આચ્છાદિત મુખવાળા; સર્વ રત્નમય, નિર્મળ અને મોટા-મોટા ઈન્દ્રકુંભ જેવા છે.

**૧૩ तेसि णं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलस-सोलस णागदंत-परिवाडीओ पण्णत्ताओ । ते णं णागदंता–मुत्ताजालंतरुसियहेमजाल-गवक्खजाल-खिंखिणीघंटाजाल-परिक्खित्ता अब्भुग्गया अभिणिसिट्ठा तिरियं सुसंपरिग्गहिया अहेपण्णगद्धरूवा, पण्णगद्ध-संठाणसंठिया, सव्ववयरामया अच्छा** *जाव* **पडिरूवा; महया-महया गयदंतसमाणा पण्णत्ता समणाउसो ।**

**तेसु णं णागदंतएसु बहवे किण्हसुत्तबद्धा वग्घारिय-मल्लदाम-कलावा णील-लोहिय-हालिद्द-सुक्किल-सुत्तबद्धा वग्घारियमल्लदामकलावा । ते णं दामा तवणिज्ज-लंबूसगा, सुवण्णपयरगमंडिया णाणाविह-मणिरयण-विविहहार-उवसोभिय-समुदया ईसिं अण्णमण्णम-संपत्ता, वाएहिं पुव्वावर-दाहिणुत्तरागएहिं मंदायं-मंदायं एज्जमाणा-एज्जमाणा, पलंबमाणा-पलंबमाणा, वदमाणा-वदमाणा उरालेणं मणुण्णणं मणहरेणं कण्ण-मण-णिव्वुइकरेणं सद्देणं ते पएसे सव्वओ समंता आपूरेमाणा-आपूरेमाणा सिरीए अईव-अईव उवसोभेमाणा चिट्ठंति।**

**ભાવાર્થ :–** તે દ્વારોની ડાબી-જમણી બંને બાજુએ બંને બેઠકોમાં ૧૬-૧૬ નાગદંતાઓ(નાની ખીંટીઓ) છે. તે નાગદંતાઓ મોતીઓની માળા, સોનાની માળાઓ અને ગવાક્ષાકાર(ગાયના આકારવાળા) માળાઓ અને નાની-નાની ઘંટડીઓથી વ્યાપ્ત છે. તે નાગદંતાઓ ભીંતમાં મજબૂત રીતે જડેલી છે અને તેનો આગળનો ભાગ દિવાલથી બહાર તિરછો સીધો અને લાંબો સારી રીતે સ્થિત છે. તેનો નીચેનો આકાર સર્પના આગળના અર્ધભાગ જેવો હોવાથી તે નાગદંત સર્પાર્ધ સંસ્થાન સંસ્થિત છે અને વજરત્નોથી નિર્મિત છે; હે આયુષ્યમાન્ શ્રમણો ! મોટા-મોટા ગજદંતો જેવી તે નાગદંતાઓ અતીવ સ્વચ્છ ***યાવત્*** અતીવ મનોહર છે.

તે નાગદંતાઓ ઉપર કાળા, નીલા, લાલ, પીળા અને સફેદ સૂતરથી ગૂંથેલી લાંબી માળાઓ લટકાવેલી છે; તે માળાઓ સોનાના દડા અને સોનાની પાંદડીઓથી સુશોભિત અને અનેક પ્રકારના મણિરત્નોના હાર-અર્ધહારથી ઉપશોભિત છે. પૂર્વ-પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશાના વાયુથી તે માળાઓ ધીર-ધીરે હલે છે; હલતાં-હલતાં એકબીજા સાથે અથડાય છે અને તેમાંથી વિશિષ્ટ, મનોજ્ઞ, મનોહર, કર્ણપ્રિય-મધુર અને મનને પરમશાંતિદાયક ગુંજન થાય છે, તે દિવ્ય ગુંજનથી તે પ્રદેશ ગુંજાયમાન થાય છે. તે માળાઓ પોતાની શોભાથી અત્યંત શોભિત છે.

**૯૪ तेसि णं णागदंताणं उवरिं अण्णाओ सोलस-सोलस णागदंतपरिवाडीओ पण्णत्ता, ते णं णागदंता तं चेव** *जाव* **गयदंतसमाणा पण्णत्ता समाणाउसो । तेसु णं णागदंतएसु बहवे रययामया सिक्कगा पण्णत्ता, तेसु णं रययामएसु सिक्कएसु बहवे वेरुलियामईओ धूवघडीओ पण्णत्ताओ, ताओ णं धूवघडीओ कालागुरु-पवर-कुंदुरुक्क-तुरुक्क-धूव-मघमघंत-गंधुद्धुया-भिरामाओ सुगंधवरगंधियाओ गंधवट्टिभूयाओ ओरालेणं मणुण्णेणं मणहरेणं घाणमण-णिव्वुइकरेणं गंधेणं ते पएसे सव्वओ समंता आपूरेमाणा-आपूरेमाणा** *जाव* **चिट्ठंति ।**

**ભાવાર્થ :–**આ નાગદંતાઓ ઉપર બીજી સોળ-સોળ નાગદંતાઓની પંક્તિઓ છે. હે આયુષ્યમાન્ શ્રમણો! પૂર્વોક્ત નાગદંતાઓની જેમ આ નાગદંતાઓ પણ ***યાવત્*** વિશાળ ગજદંતો જેવી છે.

આ નાગદંતાઓ ઉપર ઘણાં ચાંદીમય શીકા ટાંગેલા છે, તે ચાંદીમય શીકાઓમાં વૈડૂર્ય મણિઓથી બનેલી ધૂપ ઘટિકાઓ છે. આ ધૂપ ઘટિકાઓમાં ઉત્તમ કાલાગુરુ, શ્રેષ્ઠ કુન્દુરુષ્ક, તુરુષ્ક(લોબાન) વગેરે સુગંધી ધૂપ મઘમઘી રહ્યો છે. સુગંધની વાટ કે અગરબત્તી જેવી તે ધૂપઘટિકાઓમાંથી મનોહારી, ઘ્રાણ અને મનને તૃપ્તિદાયક સુગંધ ચોમેર પ્રસરી રહી છે અને નીકટવર્તી ચારેબાજુના પ્રદેશને સુવાસિત કરી રહી છે.

**દ્વાર સ્થિત પૂતળીઓ : ઝરુખા : ઘંટાઓ :–**

**૯૫ तेसि णं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलस-सोलस सालभंजिया-**

**परिवाडीओ पण्णत्ताओ । ताओ णं सालभंजियाओ लीलट्ठियाओ, सुपइट्ठियाओ, सुअलंकियाओ, णाणाविहरागवसणाओ, णाणामल्लपिणद्धाओ, मुट्ठिगिज्झसुमज्झाओ, आमेलग-जमल-जुयल-वट्टिय-अब्भुण्णय-पीणरइय-संठिय-पीवर-पओहराओ, रत्तावंगाओ, असियकेसीओ मिउ-विसय-पसत्थ-लक्खणसंवेल्लियग्ग-सिरयाओ ईसिं असोगवरपायव-समुट्ठियाओ वामहत्थग्गहियग्गसालाओ ईसिं अद्धच्छिकडक्खचिट्ठिएणं लूसमाणीओ विव चक्खुल्लोयणलेसेहि य अण्णमण्णं खिज्जमाणीओ विव पुढविपरिणामाओ, सासयभाव्-ुवगयाओ,चंदाणणाओ, चंदविलासिणीओ, चंदद्धसमणिडालाओ, चंदाहिय-सोमदंसणाओ, उक्का विव उज्जोवे-माणाओ, विज्जु-घण-मिरिय-सूर-दिप्पंत-तेय-अहिययर-सण्णिकासाओ सिंगारागार-चारु- वेसाओ पासाइयाओ दरिसणिज्जाओ अभिरूवाओ पडिरूवाओ तेयसा अईव-अईव उवसोभेमाणीओ- उवसोभेमाणीओ चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે દ્વારોની બંને બાજુઓની બેઠક ઉપર સોળ-સોળ પૂતળીઓ પંક્તિબદ્ધ ગોઠવાયેલી છે. તે પૂતળીઓ વિવિધ પ્રકારની ક્રીડા કરતી; સુપ્રતિષ્ઠિત; સારી રીતે શણગારાયેલી; રંગબેરંગી વસ્ત્રો પહેરાવાયેલી; જાત-જાતની માળાઓ વડે શોભાયમાન; મુટ્ઠીમાં સમાય જાય તેવી પાતળી કમ્મરવાળી; માથે ઊંચો અને કઠણ અંબોડો વાળેલી; સમશ્રેણીમાં સ્થિત, ગોળ, ઉન્નત, સ્થૂળ-ભરાવદાર પયોધરવાળી; લાલ અણિયાળી આંખોવાળી, કાળા, કોમળ(રેશમી), નિર્મળ, શોભનીક, ઘેઘુર, માથાને ઢાંકી દેતા કેશકલાપથી શોભનીય દેખાતી તે પુતળીઓ ઉત્તમ અશોકવૃક્ષની પાસે, તેની ડાળને ડાબા હાથે પકડીને ઊભી છે. તે પૂતળીઓ આંખ મીંચામણી કરતી, દેવોના મનને જાણે કે હરતી ન હોય, પરસ્પર એકબીજા સામું જોતી જાણે કે ખીજાતી ન હોય, તેવી લાગે છે; તે બધી પૂતળીઓ માટી(પૃથ્વીની) બનેલી હોવા છતાં નિત્ય રહેનારી છે; ચંદ્ર જેવા મુખવાળી, ચંદ્ર જેવી વિલાસી, અર્ધ ચંદ્ર જેવા લલાટવાળી, ચંદ્ર જેવા સૌમ્ય દર્શનવાળી તે પૂતળીઓ ઉલ્કા–ખરતા તારાની જેવી ઝગમગે છે; વીજળીના ચમકારાની જેમ ચમકે છે અને સૂર્યના પ્રખર દેદીપ્યમાન તેજથી પણ વધુ તેજસ્વી લાગે છે; શ્રૃંગારના ઘર જેવી, સુંદર વેશવાળી તે પૂતળીઓ ચિત્તને પ્રસન્ન કરે તેવી દેખાવડી, મનોજ્ઞ અને મનોહર છે તથા તેજથી અત્યંત સુશોભિત છે.

**९६ तेसिणं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलास-सोलस जालकडगा पण्णत्ता, ते णं जालकडगा सव्वरयणामया अच्छा *जाव* पडिरूवा ।**

**ભાવાર્થ :–** આ દ્વારોની બંને બાજુઓની બંને બેઠકોમાં સોળ-સોળ જાલકટક–ઝરુખાની પંક્તિઓ છે. આ પ્રદેશ રત્નમય, નિર્મળ ***યાવત્*** અત્યંત રમણીય છે.

**९७ तेसि णं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलस-सोलस घंटापरिवाडीओ पण्णत्ता। तासि णं घंटाणं इमेयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– जंबूणयामईओ घंटाओ, वयरामयाओ लालाओ, णाणामणिमया घंटापासा, तवणिज्जमइयाओ संकलाओ, रययामयाओ रज्जूओ ।**

**ताओ णं घंटाओ ओहस्सराओ मेहस्सराओ, हंसस्सराओ कुंचस्सराओ सीहस्सराओ**

**दुंदुहिस्सराओ णंदिस्सराओ णंदिघोसाओ, मंजुस्सराओ मंजुघोसाओ सुस्सराओ सुस्सर-घोसाओ उरालेणं मणुण्णेणं मणहरेणं कण्णमणणिव्वुइकरेणं सद्देणं ते पएसे सव्वओ समंता आपूरेमाणाओ आपूरेमाणाओ** *जाव* **सिरीए अईव-अईव उवसोभेमाणा चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે દ્વારોની બંને બાજુની બંને બેઠકોમાં એક હારમાં સોળ-સોળ ઘંટો ટાંગેલા છે. તે ઘંટો સુવર્ણમય છે અને તેના લોલકો વજરત્નમય છે; તેની અંદર-બહાર બંને બાજુએ વિવિધ મણિઓ જડેલા છે; સોનાની સાંકળો અને રૂપાની દોરીઓથી તેને લટકાવવામાં આવ્યા છે; તે ઘંટો– વહેતા પાણી જેવા કલકલ નાદવાળા, મેઘ જેવા ગંભીર ધ્વનિવાળા, હંસ જેવા મધુર સ્વરવાળા, ક્રૌંચ પક્ષી જેવા મીઠા રણકારવાળા, સિંહનાદ જેવી ગર્જનાવાળા, દુદુંભિ જેવા સુસ્વરવાળા છે. બાર જાતના વાદ્યોનો એક સાથે જે ધ્વનિ નીકળે, તેને નંદી કહે છે; તે નંદી જેવા નિનાદવાળા, નંદી જેવા ઘોષ–અવાજવાળા, મંજુલ સ્વરવાળા, મંજુલ ઘોષવાળા, સુસ્વરવાળા, સુસ્વર ઘોષવાળા છે. ઉદાર, મનોજ્ઞ, મનોહર, કાન અને મનને સુખપ્રદ રણકારથી આજુબાજુના પ્રદેશને હંમેશાં ગાજતો રાખતા તે ઘંટો અત્યંત શોભાયમાન લાગે છે.

**દ્વારવર્તી વનરાજી : ઓટલા : મહેલો :–**

**૯૮ तेसि णं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलस-सोलस वणमाला परिवाडीओ पण्णत्ताओ। ताओ णं वणमालाओ णाणामणिमयदुमलय-किसलय-पल्लव-समाउलाओ छप्पय- परिभुज्जमाण-सोहंत-सस्सिरीयाओ पासाईयाओ, दरिसणिज्जओ अभिरूवाओ परिरूवाओ।**

**ભાવાર્થ :–** તે દ્વારોની બંને બાજુઓની બંને નિષીધિકાઓમાં–બેઠકોમાં સોળ-સોળ વનમાલા-વનરાઈઓની પંક્તિઓ છે. તે વનરાઈઓમાં વૃક્ષો, વેલાઓ, કૂંપળો અને પાંદડાઓ મણિમય છે; તેના ઉપર ભમરાઓ ગુંજતા હોવાથી તે સોહામણી લાગે છે; તે વનલતાઓ શીતળતાપ્રદ, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

**૯૯ तेसि णं दाराणं उभओ पासे दुहओ णिसीहियाए सोलस-सोलस पगंठगा पण्णत्ता । ते णं पगंठगा अड्ढाइज्जाइं जोयणसयाइं आयाम-विक्खभेणं, पणवीसं जोयणसयं बाहल्लेणं, सव्ववयरामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે દ્વારોની ડાબી-જમણી બંને બાજુની બંને બેઠકોમાં સોળ-સોળ પ્રકંઠકો–ઓટલાઓ છે. તે ઓટલાઓ અઢીસો યોજન લાંબા પહોળા અને સવાસો યોજન જાડા છે, તે વજરત્નમય છે, નિર્મળ છે ***યાવત્*** અતિ મનોહર, ઘાટીલા છે.

**૧૦૦ तेसि णं पगंठगाणं उवरिं पत्तेयं-पत्तेयं पासाय-वडेंसगा पण्णत्ता । ते णं पासाय-वडेंसगा अड्ढाइज्जाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, पणवीसं जोयणसयं आयाम-विक्खंभेणं, अब्भुग्गयमूसिय-पहसिया विव, विविहमणिरयणभत्तिचित्ता वाउद्धुय-विजयवेजयंतपडाग-च्छत्ताइछत्तकलिया तुंगा गगणतलमणुलिहंतसिहरा जालंतर-रयणपंजरुम्मिलियव्व मणि-कणगथूभियागा वियसियसयपत्त-पोंडरीय-तिलगरयणद्धचंदचित्ता, णाणामणिदामालंकिया अंतो बहिं च सण्हा तवणिज्ज-वालुयापत्थडा सुहफासा सस्सिरीयरूवा पासादीया**

**दरिसणिज्जा** *जाव* **दामा ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક ઓટલાઓ ઉપર એક-એક પ્રાસાદાવતંસક–શ્રેષ્ઠ મહેલ છે. તે મહેલો અઢીસો યોજન ઊંચા અને સવાસો યોજન લાંબા-પહોળા અને જાડા છે. સર્વ દિશામાં વ્યાપ્ત પોતાની પ્રભાથી જાણે તે હસતા ન હોય તેવા લાગે છે. તે મહેલો વિવિધ પ્રકારના મણિઓ અને રત્નોથી ખીચોખીચ જડેલા છે; ઉપરાઉપરી છત્રોથી શોભાયમાન વિજય-વૈજયંતી પતાકાઓ મહેલો ઉપર પવનથી લહેરાતી રહે છે; તેના મણિકનકમય ઊંચા શિખરો, જાણે આકાશને અડે છે; મહેલોની ભીંતોમાં વચ્ચે વચ્ચે રત્નના જાળિયાઓ છે, તે જાળિયાગત રત્નો જાણે પાંજરામાંથી(કબાટમાંથી) હમણાં જ બહાર કાઢ્યા હોય તેવા શોભે છે; તેની ભીંતો ઉપર વિકસિત શતપત્રો– વાળા પુંડરીક કમળો, તિલક અને અર્ધચંદ્રકો કોતરેલા છે; તે મહેલો મણિમય અનેક પ્રકારની માળાઓથી અલંકૃત છે; તે મહેલોની અંદર-બહાર મુલાયમ સોનેરી રેતી પાથરેલી છે. તે મહેલ સુંદર, સુખદ સ્પર્શવાળા, શોભાયુક્ત, પ્રાસાદીય, દર્શનીય છે ***યાવત્*** મોતીઓની માળાઓથી અત્યંત સુશોભિત છે. તે મહેલનું ભૂમિતલ, પ્રેક્ષામંડપ, સિંહાસન, તેના ઉપરનું વિજયદૂષ્ય, વજ્રાંકુશ(આંકડો), તેના પર લટકતા ઝુમ્મર અને મોતીઓની માળા વગેરેનું વર્ણન સૂત્ર ૨૨ થી ૩૬ પ્રમાણે છે. જે સૂત્રમાં **जाव दामा** શબ્દ દ્વારા સૂચિત છે.

**દ્વારોનાં ઉભય પાર્શ્વવર્તી તોરણ :–**

**१०१ तेसि णं दाराणं उभओ दुहओ णिसीहियाए सोलस-सोलस तोरणा पण्णत्ता– णाणामणिमया, णाणामणिमएसु खंभेसु उवणिविट्ठसण्णिविट्ठा** *जाव* **पउमहत्थगा । तेसि णं तोरणाणं पत्तेयं पुरओ दो दो सालभंजियाओ पण्णत्ताओ । जहा हेट्ठा तहेव । तेसि णं तोरणाणं पुरओ णागदंता पण्णत्ता । जहा हेट्ठा** *जाव* **दामा ।**

**ભાવાર્થ :–** તે દ્વારોની ડાબી-જમણી બંને બાજુની બેઠકો ઉપર સોળ-સોળ તોરણો છે. તે મણિમય તોરણો મણિમય થાંભલાઓ ઉપર સુસ્થિત છે ***યાવત્*** તે તોરણો પદ્મકમળોના સમૂહથી ઉપશોભિત છે. તોરણોનું વર્ણન પૂર્વોક્ત પ્રમાણે(સૂત્ર ૨૦ થી ૨૩ પ્રમાણે) જાણવું. તે પ્રત્યેક તોરણોની આગળ બે-બે **પૂતળીઓ** છે. તેનું વર્ણન સૂત્ર ૯૫ પ્રમાણે જાણવું. તે પ્રત્યેક તોરણોની સામે **નાગદંતાઓ(ખીંટીઓ)** છે. તે નાગદંતાઓ ઉપર મોતીની માળાઓ વીંટાળાયેલી છે વગેરે વર્ણન સૂત્ર ૯૩ પ્રમાણે જાણવું.

**१०२ तेसि णं तोरणाणं पुरओ दो-दो हयसंघाडा गयसंघाडा णरसंघाडा किण्णरसंघाडा किंपुरिससंघाडा महोरगसंघाडा गंधव्वसंघाडा उसभसंघाडा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । एवं पंतीओ, वीही, मिहुणाइं ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ રત્નમય બે-બે અશ્વ સંઘાટ(સમાન લિંગી યુગલ), હાથી, નર, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ અને વૃષભના સમાન લિંગી યુગલ છે, તે સર્વ ઘાટીલા છે. આ જ રીતે તે તોરણોની આગળ એક હારમાં રહેલા સમાન લિંગી અશ્વાદિની પંક્તિઓ છે, બે હારમાં રહેલા સમાન લિંગી અશ્વાદિની વીથિઓ છે અને મિથુન એટલે નર-માદાના યુગલો છે.

**१०३ तेसि णं तोरणाणं पुरओ दो-दो पउमलयाओ** *जाव* **सामलयाओ णिच्चं कुसुमियाओ सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । तेसि णं तोरणाणं पुरओ दो-दो दिसा-सोवत्थिया**

**पण्णत्ता, सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । तेसि णं तोरणाणं पुरओ दो-दो चंदणकलसा पण्णत्ता । ते णं चंदणकलसा वरकमल-पइट्ठाणा तहेव । तेसि णं तोरणाणं पुरओ दो-दो भिंगारा पण्णत्ता । ते णं भिंगारा वरकमलपइट्ठाणा** *जाव* **महया मत्तगय-मुहागिइ-समाणा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ નિત્ય પુષ્પિત, અતિમનોહર, સંપૂર્ણપણે રત્નોની બનેલી **પદ્મલતાઓ *યાવત્* શ્યામલતાઓ** છે. તે તોરણોના અગ્રભાગમાં રત્નમય, નિર્મળ, દર્શનીય બે-બે દિશા **સ્વસ્તિક** છે. તે તોરણોની આગળ શ્રેષ્ઠ કમળો ઉપર સ્થાપિત બે-બે **ચંદન કળશો** છે. તેનું વર્ણન સૂત્ર ૯૨ પ્રમાણે છે. હે આયુષ્યમાન શ્રમણ ! તે તોરણોની આગળ શ્રેષ્ઠ કમળો ઉપર સ્થાપિત ***યાવત્*** મત્ત ગજરાજની મુખાકૃતિ જેવી વિશાળ **બે-બે ઝારી** છે.

**१०४ तेसि णं तोरणाणं पुरओ दो-दो आयंसा पण्णत्ता । तेसि णं आयंसाणं इमेयारूवे वण्णावासे पण्णत्ते, तंजहा– तवणिज्जमया पगंठगा, अंकमया मंडला अणुग्घसितणिम्मलाए छायाए समणुबद्धा, चंदमंडलपडिणिकासा महया-महया अद्धकायसमाणा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે અરીસા છે. તે અરીસાઓનું વર્ણન આ પ્રમાણે છે– તે અરીસાની પીઠ અર્થાત્ જે સ્થાન પર તેને સ્થાપિત કરાય, તે પીઠ તપનીય સોનાની છે અને જેમાં પ્રતિબિંબ પડે તે (કાચ) મંડળ અંક રત્નમય છે, ઘસેલા નહીં હોવા છતાં તે દર્પણો પોતાની સ્વાભાવિક નિર્મળ પ્રભાથી યુક્ત છે અર્થાત્ તેમાં પ્રતિબિંબિત થતાં પ્રતિબિંબો નિર્મળ હોય છે. હે આયુષ્યમાન શ્રમણ ! ચંદ્રમંડળ જેવા તે નિર્મળ અરીસાઓ અર્ધકાય પ્રમાણ ઊંચા છે.

**१०५ तेसि णं तोरणाणं पुरओ दो-दो वइरणाभी थाला पण्णत्ता– अच्छ-तिच्छडिय-सालि- तंदुल-णहसंदिट्ठ-पडिपुण्णा इव चिट्ठंति सव्वजंबूणयमया** *जाव* **पडिरूवा महया-महया रहचक्कवालसमाणा पण्णत्ता समणाउसो ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ વજ્રરત્નમય મધ્યભાગવાળા બે-બે વજ્રનાભ થાળ છે. તે જાંબુનદ સુવર્ણના છે ***યાવત્*** પ્રતિરૂપ છે. રથના પૈડા જેવા મોટા-મોટા તે થાળો જાણે ત્રણવાર છડેલા, અખંડ ચોખાથી ભરેલા ન હોય, તેવા લાગે છે.

**१०६ तेसि णं तोरणाणं पुरओ दो-दो पाईओ पण्णत्ताओ । ताओ णं पाईओ अच्छोदग-परिहत्थाओ, णाणाविहस्स फलहरियगस्स बहुपडिपुण्णाओ विव चिट्ठंति; सव्वरयणामईओ अच्छाओ** *जाव* **पडिरूवाओ महया-महया गोकलिंजगचक्कसमाणीओ पण्णत्ताओ समणाउसो !**

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન શ્રમણ ! તે તોરણોની આગળ સર્વ-રત્નના બનેલા, ગાયને ખાણ આપવાના મોટા-મોટા બકડીયા જેવા બે-બે પાત્ર મૂકેલા છે. તે જાણે સ્વચ્છ અને નિર્મળ જળ તથા વિવિધ પ્રકારના તાજા, લીલા, ફળોથી ભરેલા ન હોય, તેવા દેખાય છે. તે સુંદર ***યાવત્*** મનોહર છે.

**१०७ तेसि णं तोरणाणं पुरओ दो-दो सुपइट्ठा पण्णत्ता । ते णं सुपइट्ठगा सुसव्वोसहि-पडिपुण्णा णाणाविहस्स च पसाधणभंडस्स बहुपडिपुण्णा इव चिट्ठंति सव्वरयणामया**

**अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ સંપૂર્ણપણે રત્નમય, સ્વચ્છ, બે-બે શરાવલા છે. તે શરાવલા(શકોરા) સર્વૌષધિ તથા પ્રસાધનના સાધનોથી ભરેલા ન હોય તેવા દેખાય છે. તે સુંદર ***યાવત્*** મનોહર છે.

**૧૦૮ तेसि णं तोरणाणं पुरओ दो-दो मणोगुलियाओ पण्णत्ताओ । तासु णं मणोगुलियासु बहवे सुवण्णरुप्पामया फलगा पण्णत्ता । तेसु णं सुवण्णरुप्पामएसु फलगेसु बहवे वयरामया णागदंतया पण्णत्ता । तेसु णं रययामएसु णागदंतएसु बहवे रययामया सिक्कगा पण्णत्ता। तेसु णं रययामएसु सिक्कगेसु बहवे वायकरगा पण्णत्ता । ते णं वायकारगा किण्हसुत्तसिक्कग वच्छिया णीलसुत्तसिक्कगवच्छिया, लोहियसुत्तसिक्कगवच्छिया हालिद्दसुत्तसिक्कगवच्छिया, सुक्किल्लसुत्तसिक्कग–वच्छिया सव्ववेरुलियमया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે મનોગુલિકાઓ–પેઢલીઓ છે. તે પેઢલીઓમાં સોના-રૂપાના અનેક પાટિયાઓ જડેલા છે, સોના-ચાંદીના તે પાટિયાઓમાં વજરત્નમય નાગદંતાઓ(ખીંટીઓ) છે, તે નાગદંતાઓ ઉપર લટકતા રજતમય શીકા છે, તે શીકાઓ ઉપર કાળા, નીલા, રાતા, પીળા, ધોળા, સૂતરના પડદા(જાળી)થી ઢાંકેલા, પવનથી ભરેલા અર્થાત્ જળરહિત, કોરા ખાલી ઘડાઓ છે. બધા ઘડાઓ વૈડુર્યમય સુંદર ***યાવત્*** મનોહર છે.

**૧૦૯ तेसि णं तोरणाणं पुरओ दो-दो चित्ता रयणकरंडगा पण्णत्ता– से जहाणामए रण्णो चाउरंतचक्कवट्टिस्स चित्ते रयणकरंडए वेरुलियमणि-फलिहपडल-पच्चोयडे साए पहाए ते पएसे सव्वओ समंता ओभासेइ उज्जोवेइ तवइ पभासेइ, एवामेव ते वि चित्ता रयण करंडगा साए पभाए ते पएसे सव्वओ समंता ओभासेंति, उज्जोवेंति, तवेंति, पभासेंति ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે રત્નના કરંડિયા છે. જેમ કોઈ ચક્રવર્તી રાજાની વૈડુર્યમણિથી નિર્મિત, સ્ફટિક મણિના પડદાથી આચ્છાદિત છબી પોતાની પ્રભાથી આસપાસના ચોતરફના પ્રદેશને પ્રકાશિત, ઉદ્યોતિત, તાપિત, પ્રભાસિત કરે છે, તેમ આ રત્નના કરંડિયા પણ પોતાની પ્રભા(કાંતિ)થી સમીપવર્તી પ્રદેશને પ્રકાશિત, ઉદ્યોતિત, તાપિત, પ્રભાસિત કરે છે.

**૧૧૦ तेसि णं तोरणाणं पुरओ दो-दो हयकंठा गयकंठा णरकंठा किण्णरकंठा किंपुरिसकंठा महोरगकंठा गंधव्वकंठा उसभकंठा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે રત્નમય, સુંદર અશ્વકંઠા(કંઠ સુધીની ઘોડાની આકૃતિવાળા ઘોડલાઓ) છે તેમજ ગજકંઠા, નરકંઠા, કિન્નર કંઠા, કિંપુરુષ કંઠા, મહોરગ કંઠા, ગંધર્વકંઠા, વૃષભકંઠા છે. જે નિર્મલ ***યાવત્*** મનોહર છે.

**૧૧૧ तेसि णं तोरणाणं पुरओ दो-दो पुप्फचंगेरीओ मल्लचंगेरीओ चुण्णचंगेरीओ, गंधचंगेरीओ वत्थचंगेरीओ आभरणचंगेरीओ सिद्धत्थचंगेरीओ लोमहत्थचंगेरीओ पण्णत्ताओ सव्वरयणामयाओ अच्छाओ** *जाव* **पडिरूवाओ । तेसि णं तोरणाणं पुरओ**

**दो- दो पुप्फपडलगाइं** *जाव* **लोमहत्थपडलगाइं सव्वरयणामयाइं अच्छाइं** *जाव* **पडिरूवाइं । तेसि णं तोरणाणं पुरओ दो-दो सीहासणा पण्णत्ता । तेसि णं सीहासणाणं वण्णओ** *जाव* **दामा।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે પુષ્પની છાબડીઓ છે તેમજ માળાઓની, સુગંધીચૂર્ણની, વસ્ત્રોની, આભૂષણોની, સરસવોની અને મોરપીંછોની **છાબડીઓ** છે, તે સર્વ રત્નમય, સ્વચ્છ ***યાવત્*** મનોહર છે. તે તોરણોની આગળ બે-બે પુષ્પપટલ ***યાવત્*** મોરપીંછ પટલ છે અર્થાત્ તે પુષ્પ વગેરેની છાબડીઓ રત્નના પુષ્પ નિર્મિત **ચાકળાઓ**થી આચ્છાદિત છે. તે તોરણોની આગળ બે-બે **સિંહાસનો** છે. મોતીની માળાઓ સુધીનું તે સિંહાસનોનું વર્ણન સૂત્ર ૩૩ થી ૩૬ પ્રમાણે જાણવું.

**११२ तेसि णं तोरणाणं पुरओ दो-दो रुप्पमया छत्ता पण्णत्ता । ते णं छत्ता वेरुलिय-विमलदंडा, जंबूणयकण्णिया, वइरसंधी, मुत्ताजालपरिगया, अट्ठसहस्स-वरकंचण-सलागा, दद्दर-मलय-सुगंधि-सव्वोउय-सुरभि-सीयलच्छाया मंगलभत्तिचित्ता, चंदागारोवमा।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે ચાંદીના છત્રો છે. તે છત્રના દંડ વિમલ વૈડુર્યમણિના છે, કર્ણિકા– વચ્ચેનું કેન્દ્ર સોનાનું છે, સંધિઓ વજ્રની છે, તેમાં મોતી પરોવેલી આઠ હજાર સુવર્ણની શલાકા, સળિયાઓ છે, તેની દર્દર ચંદન જેવી શીતળ અને બધી ૠતુઓના પુષ્પ જેવી સુગંધી છાયા છે. મંગલરૂપ ચિત્રોથી ચિત્રિત, ચંદ્ર જેવા(ગોળ) તે સર્વ છત્રો અત્યંત શોભનીય છે.

**११३ तेसि णं तोरणाणं पुरओ दो-दो चामराओ पण्णत्ताओ । ताओ णं चामराओ चंदप्पभ- वेरुलिय-वयर-णाणामणि-रयण-खचिय-चित्तदंडाओ सुहम-रयय-दीहवालाओ संखंककुंद-दगरय- अमय-महिय-फेणपुंज-सण्णिगासाओ सव्वरयणामयाओ, अच्छाओ** *जाव* **पडिरूवाओ ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે ચામરો છે. તે ચામરોના હાથા ચંદ્રકાંત, વૈડૂર્ય અને વજરત્નના તથા મણિરત્નની કોતરણીથી યુક્ત છે. તે ચામરોના વાળ શંખ, અંક રત્ન, કુંદપુષ્પ, જલકણ, ક્ષીરસાગરના ફીણ જેવા ધવલ, પાતળા અને લાંબા છે, સર્વ રત્નમય તે ચામરો નિર્મળ ***યાવત્*** મનોહર છે.

**११४ तेसि णं तोरणाणं पुरओ दो दो तेल्लसमुग्गा कोट्ठसमुग्गा पत्तसमुग्गा चोयगसमुग्गा तगरसमुग्गा एलासमुग्गा हरियालसमुग्गा हिंगुलयसमुग्गा मणोसिलासमुग्गा अंजणसमुग्गा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે તોરણોની આગળ બે-બે તેલ સમુદ્ગક(તેલ ભરેલા પાત્ર) છે, કોષ્ઠ–સુગંધી દ્રવ્ય વિશેષ, તમાલપત્ર, ચૂઆ, તગર, એલચી, હરતાલ, હિંગળોક, મણસિલ અને અંજન ભરેલા પાત્ર છે. તે બધા પાત્રો સર્વરત્નમય અને નિર્મળ ***યાવત્*** મનોહર છે.

**દ્વારસ્થ ધ્વજાઓ :–**

**११५ सूरियाभे णं विमाणे एगमेगे दारे अट्ठसयं चक्कज्झयाणं, अट्ठसयं मिगज्झयाणं, एवं गरुडज्झयाणं, कोंचज्झयाणं छत्तज्झयाणं, पिच्छज्झयाणं, सउणिज्झयाणं,**

**सीहज्झयाणं, उसभज्झयाणं, अट्ठसयं सेयाणं चउविसाणाणं णागवरकेऊणं । एवमेव सपुव्वावरेणं सूरियाभे विमाणे एगमेगे दारे असीयं असीयं केउसहस्सं भवइ इति मक्खायं ।**

**ભાવાર્થ :–** સૂર્યાભવિમાનના પ્રત્યેક દ્વાર ઉપર (૧) ચક્રના ચિહ્નથી અંક્તિ ૧૦૮ ચક્રધ્વજાઓ (૨) ૧૦૮ મૃગધ્વજાઓ, તે જ રીતે (૩) ૧૦૮-૧૦૮ ગરુડધ્વજાઓ (૪) ક્રૌંચધ્વજાઓ (૫) છત્રધ્વજાઓ (૬) મોરપીંછ ધ્વજાઓ (૭) પક્ષી ધ્વજાઓ (૮) સિંહ ધ્વજાઓ (૯) વૃષભ ધ્વજાઓ (૧૦) સફેદ રંગવાળા અને ચારદાંતવાળા શ્રેષ્ઠ હાથીના ચિહ્નથી અંકિત નાગવર ધ્વજાઓ છે. આ રીતે સૂર્યાભવિમાનના પ્રત્યેક દ્વાર ઉપર ૧૦૮× ૧૦ = એક હજાર એંસી(૧૦૮૦) ધ્વજાઓ લહેરાતી રહે છે.

**દ્વારવર્તી ભૂમિસ્થાનો :–**

**११६ तेसि णं दाराणं एगमेगे दारे पण्णट्ठिं-पण्णट्ठिं भोमा पण्णत्ता । तेसि णं भोमाणं भूमिभागा उल्लोया य भाणियव्वा । तेसिं णं भोमाणं बहुमज्झदेसभाए जाणि तेत्तीसमाणि भोमाणि तेसिं च णं भोमाणं बहुमज्झदेसभाए सीहासणे पण्णत्ते । सीहासणवण्णओ सपरिवारो । अवसेसेसु भोमेसु पत्तेयं-पत्तेयं भद्दासणे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** તે દ્વારોના પ્રત્યેક દ્વાર ઉપર ચંદરવાથી સુશોભિત પાંસઠ પાંસઠ ભવન છે. તે ભવનના ભૂમિભાગ અને ચંદરવા વગેરેનું વર્ણન વિમાનના ભૂમિભાગ(સૂત્ર ૨૪થી ૨૮) તથા ચંદરવાના(સૂત્ર ૩૫) વર્ણનની જેમ કહેવું. તે ભવનોની વચ્ચેના તેત્રીસમાં ભવનની બરાબર વચ્ચે સિંહાસન છે. અહીં સપરિવાર સિંહાસનનું વર્ણન યાન વિમાનના સિંહાસન(સૂત્ર ૩૪ થી ૩૬) અનુસાર જાણવું. અવશેષ સર્વ ભવનોમાં ભદ્રાસન ગોઠવેલા છે.

**११७ तेसि णं दाराणं उत्तमागारा सोलस विहेहिं रयणेहिं उवसोभिया, तं जहा– रयणेहिं *जाव* रिट्ठेहिं । तेसि णं दाराणं उप्पिं अट्ठट्ठमंगलगा सज्झया *जाव* छत्ताइछत्ता। एवामेव सपुव्वावरेणं सूरियाभे विमाणे चत्तारि दारसहस्सा भवंतीति मक्खायं ।**

**ભાવાર્થ :–** તે દ્વારોના ઉત્તમાકારો(ઓતરંગો)– ઉપરનો ભાગ કર્કેતન રત્નથી રિષ્ટ રત્ન પર્યંતના ૧૬ પ્રકારના રત્નોથી ઉપશોભિત છે. તે દ્વારોની ઉપર ધ્વજાઓ અને ઉપરાઉપરી છત્રોથી શોભતા આઠ-આઠ મંગલો છે. આ રીતે સૂર્યાભવિમાનના સર્વ મળીને ચાર હજાર દરવાજાઓ છે.

**વિમાનગત વનખંડો :–**

**११८ सूरियाभस्स विमाणस्स चउद्दिसिं पंच जोयणसयाइं आबाहाए चत्तारि वणसंडा पण्णत्ता, तं जहा– असोगवणे, सत्तवण्णवणे, चंपगवणे, चूयवणे । पुरत्थिमेणं असोगवणे, दाहिणेणं सत्तवण्णवणे, पच्चत्थिमेणं चंपगवणे, उत्तरेणं चूयवणे ।**

**ते णं वणखंडा साइरेगाइं अद्धतेरस जोयणसयहसस्साइं आयामेणं, पंच जोयणसयाइं विक्खंभेणं । पत्तेयं पत्तेयं पागारपरिखित्ता किण्हा किण्होभासा णीला णीलोभासा हरिया**

**हरियोभासा सीया सीयोभासा, णिद्धा णिद्धोभासा तिव्वा तिव्वोभासा किण्हा किण्हच्छाया णीला णीलच्छाया, हरिया हरियच्छाया, सीया सीयच्छाया णिद्धा णिद्धच्छाया घणकडितडियच्छाया रम्मा महामेहणिकुरंबभूया । वणखंड वण्णओ ।**

**ભાવાર્થ :–** સૂયાર્ભ વિમાનની ચારે દિશાઓમાં પાંચસો-પાંચસો યોજનના વિસ્તારવાળા ચાર વનખંડો છે. પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણ વન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન છે.

તે વનખંડોની લંબાઈ સાડાબાર લાખ યોજનથી કાંઈક વધારે છે અને પહોળાઈ પાંચસો યોજન છે. તે ચારે ય વનખંડોને ફરતો એક-એક કોટ છે. આ વનખંડો કાળા અને કાળી કાંતિવાળા, નીલા અને નીલ કાંતિવાળા, લીલા અને લીલી કાંતિવાળા, શીત અને શીત કાંતિવાળા, સ્નિગ્ધ અને સ્નિગ્ધ કાંતિવાળા, તીવ્ર અને તીવ્ર કાંતિવાળા છે; કાળા અને કાળી છાયાવાળા, નીલા અને નીલ છાયાવાળા, લીલા અને લીલી છાયાવાળા, શીતળ અને શીતળ છાયાવાળા સ્નિગ્ધ અને સ્નિગ્ધ છાયાવાળા છે. વૃક્ષોની શાખાઓ પરસ્પર મળી ગઈ હોવાથી તે વનખંડો ગીચોગીચ, રમ્ય અને મહામેઘના સમૂહ જેવા જણાય છે. તે વનખંડોના વૃક્ષ ઊંડા ફેલાયેલા મૂળવાળા છે વગેરે વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

**११९ तेसि णं वणसंडाणं अंतो बहुसमरमणिज्जा भूमिभागा पण्णत्ता– से जहाणामए आलिंगपुक्खरेइ वा** *जाव* **णाणाविहपंचवण्णेहिं मणीहि य तणेहि य उवसोभिया, तेसि णं गंधो फासो णेयव्वो जहक्कमं ।**

**ભાવાર્થ :–** તે વનખંડોનું ભૂમિતલ ઢોલકના ચર્મમઢિત ભાગ જેવું એકદમ સપાટ(સમતલ) છે. તે ભૂમિતલ અનેક પ્રકારના પંચવર્ણી મણિમય તૃણોથી સુશોભિત છે. તેના ગંધ, સ્પર્શ આદિનું વર્ણન સૂત્ર ૨૩ થી ૨૯ પ્રમાણે જાણવું.

**१२० तेसि णं भंते ! तणाण य मणीण य पुव्वावर-दाहिणुत्तरा-गएहिं वाएहिं मंदायं-मंदायं एइयाणं वेइयाणं कंपियाणं चालियाणं फंदियाणं घट्टियाणं खोभियाणं उदीरियाणं केरिसए सद्दे भवइ ?**

**गोयमा ! से जहाणामाए सीयाए वा संदमाणीए वा रहस्स वा सच्छत्तस्स सज्झयस्स सघंटस्स सपडागस्स सतोरणवरस्स सणंदिघोसस्स, संखिंखिणिहेमजाल–परिक्खित्तस्स हेमवय-चित्त-विचित्त-तिणिस-कणग-णिज्जुत्त-दारुयायस्स सुसंपिणद्धारक-मंडल-धुरागस्स कालायस-सुकय-णेमिजंत-कम्मस्स आइण्ण-वरतुरग-सुसंपउत्तस्स कुसलणरच्छेय- सारहि- सुसंपरिग्गहि-यस्स सरसय-बत्तीस-तोण-परिमंडियस्स सकंकडावयंसगस्स, सचाव-सर-पहरण-आवरण- भरियजोहजुज्झ-सज्जस्स, रायंगणंसि वा रायंतेउरंसि वा रम्मंसि वा मणिकुट्टिम-तलंसि अभिक्खणं- अभिक्खणं अभिघट्टिज्ज–माणस्स वा णियट्टिज्जमाणस्स वा उराला मणुण्णा मणोहरा कण्णमणणिव्वुइकरा सद्दा सव्वओ समंता अभिणिस्सवंति। भवेयारूवे सिया ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરના વાયરા વાય છે ત્યારે મંદ-મંદ હલતા, કંપતા, ચલિત, ક્ષુભિત, પ્રેરિત અને પરસ્પર અથડાતા તે તૃણો અને મણિઓનો કેવો અવાજ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કે કોઈ પાલખી, શિબિકા કે રથ હોય, જે છત્ર, ધ્વજા, ઘંટ, પતાકા અને ઉત્તમ તોરણોથી સુશોભિત; નંદીઘોષ સહિત રણકાર કરતી ઘંટડીઓ અને સુવર્ણની માળાઓથી પરિવેષ્ટિત; હિમાલયમાં ઉગેલા તિનિશના ઉત્તમ કાષ્ઠમાંથી નિર્મિત; સુવ્યવસ્થિત રીતે લગાવેલા આરાઓથી યુક્ત પૈડા અને ધોંસરાથી સુસજ્જિત; સુદઢ લોખંડના પટ્ટાથી મજબૂત, કુલીન–શ્રેષ્ઠ ઘોડાઓથી યુક્ત; કુશળ, દક્ષ સારથિ દ્વારા સંચાલિત; સો બાણોના બત્રીસ તુણીરો–ભાથાથી પરિમંડિત; કવચથી આચ્છાદિત અગ્ર ભાગવાળો; ધનુષ્ય, બાણ, પ્રહરણ, કવચ વગેરે યુદ્ધોપકરણોથી ભરેલો(એવો તે રથ) મણિ જડિત રાજપ્રાંગણ, અંતઃપુર કે રમણીય પ્રદેશમાં વારંવાર ચાલે, આવાગમન કરે ત્યારે તેનો મધુર, મનોજ્ઞ, મનોહર, કાન અને મનને આનંદદાયી ધ્વનિ સંભળાય છે.

હે ભગવાન ! શું તે તૃણ અને મણિઓનો ધ્વનિ તે રથના રણકાર જેવો હોય છે ? હે ગૌતમ ! તેનો ધ્વનિ તેવો ન હોય. તેનો ધ્વનિ તેનાથી પણ વિશેષ મધુર હોય છે.

**૧૨૧ से जहाणामए वेयालियवीणाए उत्तरमंदामुच्छियाए अंके सुपइट्ठियाए कुसलणरणारिसु-संपरिग्गहियाए चंदण-सार-णिम्मिय-कोण-परिघट्टियाए पुव्वरत्तावरत्तकालसमयंमि मंदायं- मंदायं एइयाए वेइयाए पवेइयाए चलियाए घट्टियाए खोभियाए उदीरियाए ओराला मणुण्णा मणहरा कण्णमणणिव्वुइकरा सद्दा सव्वओ समंता अभिणिस्सवंति, भवेयारूवे सिया ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** હે ભગવાન ! જેમ કે કોઈ કુશળ વાદક નર કે નારી રાત્રિના છેલ્લા પહોરે ચંદનકાષ્ઠથી નિર્મિત અને દાંડીના સ્પર્શથી મંદ-મંદ તાડિત, કંપિત, ચલિત, ઘર્ષિત, ક્ષુભિત, ઉદીરિત વીણાનો જે મધુર, મનોજ્ઞ, મનોહર, કર્ણપ્રિય અને મનમોહક ધ્વનિ ફેલાવે છે, તેવો ધ્વનિ શું તે તૃણ-મણિઓનો હોય છે ? હે ગૌતમ ! તેનો ધ્વનિ તેવો નથી. તેનો ધ્વનિ તેના કરતાં પણ વિશેષ મધુર હોય છે.

**૧૨૨ से जहाणामए किण्णराण वा किंपुरिसाण वा महोरगाण वा गंधव्वाण वा भद्दसाल- वणगयाण वा णंदणवणगयाण वा सोमणसवणगयाण वा पंडगवणगयाण वा हिमवंत- मलय-मंदरगिरि-गुहासमण्णागयाण वा एगओ सहियाणं समागयाणं सण्णिसण्णाणं समुवविट्ठाणं पमुइयपक्कीलियाणं गीयरइ गंधव्वहरिसियमणाणं गज्जं पज्जं कत्थं गेयं पायबद्धं उक्खित्तायं पायत्तायं मंदायं रोइयावसाणं सत्तसरसमण्णागयं छद्दोसविप्पमुक्कं एक्कारसालंकारं अट्ठगुणोववेयं, गुंजावंककुहरोवगूढं रत्तं तिट्ठाणकरणसुद्धं पगीयाणं, भवेयारूवे ? हंता सिया।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જેમ કે– ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પંડગવન, હિમવાન, મલય કે મંદર ગિરિની ગુફામાં રહેતા, સમૂહ સાથે(ત્યાં) ઉપસ્થિત થયેલા, હર્ષોલ્લાસ પૂર્વક ક્રીડામાં તત્પર, સંગીતપ્રિય, ગાનતાનમાં મશગૂલ કિન્નરો, કિંપુરુષો, મહોરગો કે ગાંધર્વોનો ગદ્ય-પદ્યમય, કથનીય, ગેય, પદબદ્ધ, ઉત્ક્ષિપ્ત, પદાંત, મંદ ઘોલનાત્મક, સુખાંત, સપ્ત સ્વરથી યુક્ત, છ દોષ રહિત, અગિયાર અલંકાર અને આઠ ગુણોથી યુક્ત, ત્રિકરણ શુદ્ધ, દૂર સુદૂર ક્ષેત્રને વ્યાપ્ત કરતો તે મધુર ગીતોનો ધ્વનિ ચોતરફ ગૂંજે છે, તેવો ધ્વનિ શું તૃણમણિઓનો હોય છે ? હા ગૌતમ ! તેવો ધ્વનિ તે તૃણ-મણિઓનો હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સંગીતના સ્વર, દોષ અને ગુણોની સંખ્યાનો સંકેત કરવા માટે **सत्तसरसमण्णागयं, छद्दोसविप्पमुक्कं, अट्ठगुणोववेयं** પદ છે. તે સાત સ્વરો આદિના નામ આ પ્રમાણે છે.

**સપ્ત સ્વર–** (૧) ષડ્જ (૨) ઋષભ (૩) ગાંધાર (૪) મધ્યમ (૫) પંચમ (૬) ધૈવત અને (૭) નિષાદ. **ષડ્દોષ–** (૧) ભીત (૨) દ્રુત (૩) ઉપ્પિત્થ (૪) ઉત્તાલ (૫) કાકસ્વર (૬) અનુનાસ. **અષ્ટગુણ–** (૧) પૂર્ણ (૨) રક્ત (૩) અલંકૃત (૪) વ્યક્ત (૫) અવિઘુષ્ટ (૬) મધુર (૭) સમ (૮) સુલલિત. વિશેષ વિવરણ શ્રી અનુયોગદ્વાર સૂત્ર પ્રમાણે જાણવું.

પવનથી પરસ્પર અથડાતા તૃણ-મણિઓમાંથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે ધ્વનિ સ્વરદોષ રહિત અને ગુણયુક્ત દેવોના દિવ્ય ધ્વનિ જેવો હોય છે.

**વનખંડવર્તી વાપિકાઓ આદિ :–**

**१२३ तेसि णं वणसंडाणं तत्थ-तत्थ देसे तहिं तहिं देसे बहूओ खुड्डा-खुड्डियाओ वावीओ पुक्खरिणीओ, दीहियाओ, गुंजालियाओ सरपंतियाओ सरसरपंतियाओ बिलपंतियाओ ।**

**अच्छाओ सण्हाओ रययामयकूलाओ समतीराओ वयरामयपासाणाओ तवणिज्ज-तलाओ सुवण्ण-रयय-वालुयाओ वेरुलिय-मणि-फालिय-पडल-पच्चोयडाओ सुहोयार-सुउत्ताराओ णाणमणितित्थसुबद्धाओ चउक्कोणाओ आणुपुव्वसुजाय- वप्प-गंभीर-सीयल-जलाओ संछण्ण-पत्तभिस-मुणालाओ बहुउप्पल-कुमुय-णलिण-सुभग- सोगंधिय- पोंडरीय -सयपत्त-सहस्सपत्त-केसरफुल्लोवचियाओ छप्पयपरिभुज्जमाण–कमलाओ अच्छविमल-सलिलपुण्णाओ पडिहत्थ भमंतमच्छकच्छभ- अणेग-सउण-मिहुणगपविचरिताओ पत्तेयं-पत्तेयं पउमवरवेइया-परिक्खित्ताओ पत्तेय-पत्तेयं वणसंड–परिक्खित्ताओ अप्पेगइयाओ आसवोदगाओ अप्पेगइयाओ वारुणोदगाओ अप्पेगइयाओ खीरोदगाओ अप्पेगइयाओ घओदगाओ, अप्पेगइयाओ खोदोदगाओ, अप्पेगइयाओ पगईए उदकरसेणं पण्णत्ताओ, पासाईयाओ दरिसणिज्जाओ अभिरूवाओ पडिरूवाओ ।**

**ભાવાર્થ :–** તે વનખંડોમાં ઠેક-ઠેકાણે અનેક નાની-મોટી ચોરસ આકારવાળી વાવડીઓ, ગોળ આકાર-વાળી પુષ્કરિણીઓ, સીધી વહેતી નદીઓ, વાંકી-ચૂંકી વહેતી નદીઓ, હારબંધ સરોવરો, નહેર દ્વારા એક-બીજા સાથે જોડાયેલા હારબંધ સરોવરો અને બિલપંકિતઓ એટલે હારબંધ કૂવાઓ છે.

વાવડી વગેરે તે સર્વ સ્થાનો નિર્મળ અને સુંવાળું છે; તેના કિનારા રજતમય છે અને ખાડા-ખબડા વિનાના સમ–એક સરખા છે, તેની અંદર રહેલા પત્થરો વજ્ર રત્નના છે; તેનું તળિયું તપનીય(લાલ) સુવર્ણથી નિર્મિત છે અને તેના ઉપર સોના-ચાંદીની રેતી પથરાયેલી છે; કિનારાની નજીકનો ભાગ(ધાર) વૈડુર્ય અને સ્ફટિક મણિઓના સમૂહથી નિર્મિત છે; તેના ઘાટો(ચઢવા-ઉતરવાના માર્ગ) સુખાકારી છે; તે ઘાટ ઉપર અનેક પ્રકારના મણિઓ જડેલા છે; ચોખૂણી તે વાવડીઓ અગાધ અને શીતળ જળથી ભરેલી છે; કમળપત્રો, કમળકંદો, મૃણાલોથી તે જળાશયો ઢંકાયેલા છે અને ઘણા ઉત્પલ, કુમુદ નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, સો અને હજાર પાંખડીવાળા, કેસરાઓથી યુક્ત ખીલેલા કમળોથી ભરેલા છે. તે

કમળોના રસનો પરિભોગ કરતા ભમરાઓ તેની ઉપર ગુંજારવ કરી રહ્યા છે; તેમાં સ્વચ્છ અને નિર્મળ જળ હિલોળા લઈ રહ્યું છે; તે જળાશયોમાં કિલ્લોલ કરતાં મત્સ્યો અને કાચબાઓ ફરી રહ્યા છે અને તેના ઉપર અનેક પ્રકારના પક્ષી યુગલો ઉડી રહ્યા છે; તે જળાશયો એક-એક પદ્મવરવેદિકા અને એક-એક વનખંડથી પરિવેષ્ટિત છે. તે જળાશયોમાંથી કેટલાક જળાશયોમાં આસવ જેવું, કેટલાકમાં વારુણોદક જેવું, કેટલાકમાં ક્ષીરોદક–દૂધ જેવું, કેટલાકમાં ઘૃતોદક–ઘી જેવું, કેટલાકમાં ઈક્ષુકોદક–શેરડીના રસ જેવું અને કેટલાકમાં પ્રાકૃતિક-સ્વાભાવિક પાણી જેવું પાણી ભરેલું છે. તે સર્વ જળાશયો મનને પ્રસન્ન કરનારા, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

**૧૨૪ तासि णं खुड्डाखुड्डियाणं वावीणं** *जाव* **बिलपंतियाणं पत्तेयं-पत्तेयं चउद्दिसिं चत्तारि तिसोपाण-पडिरूवगा पण्णत्ता । तेसि णं तिसोपाण-पडिरूवगाणं अयमेयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– वइरामया णेमा** *जाव* **अट्ठट्ठमंगलगा, चामरज्झया, छत्ताइछत्ता य णेयव्वा।**

**ભાવાર્થ :–** વાવડીથી કૂવા સુધીના સર્વ જળસ્થાનોની ચારે દિશામાં ત્રણ-ત્રણ પગથિયા છે. તે સોપાન શ્રેણીનો નેમભાગ–ઊંચોભાગ વજ્ર રત્નનો છે વગેરે ત્રણ પગથિયા, તેની ઉપરના ભાગમાં રહેલા આઠ-આઠ મંગલો, તોરણો, ચામર, ધ્વજા, છત્રાતિછત્રનું વર્ણન સૂત્ર ૨૦ થી ૨૫ પ્રમાણે જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં સૂર્યાભવિમાનના જળાશયનું વર્ણન છે. સૂર્યાભવિમાન પ્રથમ દેવલોકના ૩૨લાખ વિમાનોમાંનું એક વિમાન છે. ૧૨ દેવલોક પર્યંત વાવડીઓ અર્થાત્ અપ્કાય-પાણી સંભવિત છે પરંતુ ત્યાં વનસ્પતિ અને વિકલેન્દ્રિય તિર્યંચ પંચેન્દ્રિય જીવો નથી. માટે ત્યાં કમળો–કમળપત્રો, ભમરાઓ, પક્ષીઓ વગેરે સર્વ પૃથ્વીકાયમય છે, તેમ સમજવું. વિશિષ્ટ આકારવાળું લોખંડ પાણીમાં તરે છે તેમ વિશિષ્ટ પ્રકારના પૃથ્વીમય મત્સ્યાદિ પાણીમાં તરે છે અને ભ્રમરાદિ હવામાં ઊડે છે, તેમ સમજવું.

**જળાશયોમાં સ્થિત પર્વતો :–**

**૧૨૫ तासि णं खुड्डाखुड्डियाणं वावीणं** *जाव* **बिलपंतियाणं तत्थ-तत्थ देसे, तहिं-तहिं बहवे उप्पायपव्वयगा णियइपव्वयगा जगईपव्वयगा दारुइज्जपव्वयगा दगमंडवा दगमंचगा दगमालगा दगपासायगा उसड्डा खुड्डखुड्डगा अंदोलगा पक्खंदोलगा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** વાવડીથી કૂવા સુધીના સર્વ જલસ્થાનોમાં અને તેની આસ-પાસ ઘણા પર્વતો છે. જે પર્વત ઉપર દેવ-દેવીઓ ક્રીડા માટે વૈક્રિય શરીર બનાવે છે, તેવા ઉત્પાત પર્વતો, જે પર્વત ઉપર પોતાના ભવધારણીય–મૂળ વૈક્રિય શરીરથી ક્રીડા કરે છે, તેવા નિયતિ પર્વતો, કિલ્લા જેવા આકારવાળા જગતી પર્વતો, લાકડાથી બનાવેલા અને પર્વત જેવા આકારવાળા દારૂ પર્વતો તે જળાશયોની વચ્ચે છે તથા સ્ફટિક મણિઓથી નિર્મિત ઉદક(જળ)મંડપો, દકમંચો, દકમાલક(કેડા) અને દક પ્રાસાદો છે, નાના-મોટા હિંડોળાઓ છે. તે પર્વતાદિ સર્વે રત્નનિર્મિત, નિર્મળ ***યાવત્*** મનોહર છે.

**૧૨૬ तेसु णं उप्पायपव्वएसु पक्खंदोलएसु बहूइं हंसासणाइं, कोंचासणाइं गरुलासणाइं उण्णयासणाइं पणयासणाइं दीहासणाइं भद्दासणाइं पक्खासणाइं मगरासणाइं उसभासणाइं**

**सीहासणाइं पउमासणाइं दिसासोवत्थियासणाइं सव्वरयणामयाइं अच्छाइं** *जाव* **पडिरूवाइं।**

**ભાવાર્થ :–** તે ઉત્પાત વગેરે પર્વતો પરના હિંડોળાઓ ઉપર ઘણા પ્રકારના આસનો છે. જેમ કે હંસની આકૃતિવાળા હંસાસન, ક્રૌંચપક્ષીની આકૃતિવાળા ક્રૌંચાસનો, ગરુડાસનો, ઉપરની બાજુએ ઉપસેલા ઉન્નતાસનો, નીચે તરફ ઝૂકેલા પ્રણતાસનો, શય્યા જેવા લાંબા દીર્ઘાસનો, ભદ્રાસનો, પક્ષ્યાસનો, મકરાસનો, વૃષભાસનો, સિંહાસનો, પદ્માસનો અને અનેક દિશાસ્વસ્તિકાસનો છે. તે સર્વ રત્નમય સ્વચ્છ ***યાવત્*** મનોહર છે.

**१२७ तेसु णं वणसंडेसु तत्थ-तत्थ देसे तहिं-तहिं बहवे आलियघरगा मालियघरगा कयलिघरगा लयाघरगा अच्छणघरगा पिच्छणघरगा मज्जणघरगा पसाहणघरगा गब्भघरगा मोहणघरगा सालघरगा जालघरगा कुसुमघरगा चित्तघरगा गंधव्वघरगा आयंसघरगा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । तेसु णं आलियघरगेसु** *जाव* **आयंसघरगेसु तहिं तहिं घरएसु हंसासणाइं** *जाव* **दिसासोवत्थियासणाइं सव्वरयणामयाइं** *जाव* **पडिरूवाइं ।**

**ભાવાર્થ :–** તે વનખંડોમાં ઠેક-ઠેકાણે(સ્વર્ણ-રત્નમય) આલિ નામની વનસ્પતિ જેવા આલિગૃહો, માલિ નામની વનસ્પતિ જેવા માલિગૃહો, કેળ જેવા કદલી ગૃહો, લતાગૃહો, વિશ્રામદાયક આસનોથી સુસજ્જિત આસનગૃહો, પ્રાકૃતિક શોભા કે નાટ્યાદિ જોવા યોગ્ય પ્રેક્ષાગૃહો, સ્નાન માટેના મજ્જનગૃહો, શ્રૃંગારના સાધનોથી સુસજ્જિત પ્રસાધનગૃહો, અંદરના ભાગમાં આવેલા ગર્ભગૃહો, રતિક્રીડા યોગ્ય મોહનગૃહો, શાલગૃહો, જાળીયાવાળા જાલગૃહો, પુષ્પનિર્મિત કુસુમગૃહો, ચિત્રોથી સજ્જિત ચિત્રગૃહો, સંગીતનૃત્ય યોગ્ય ગંધર્વગૃહો, દર્પણોથી નિર્મિત અરીસાગૃહો છે. તે ગૃહો રત્નનિર્મિત, સ્વચ્છ ***યાવત્*** મનોહર છે. તે આલિગૃહથી અરીસાગૃહ સુધીના સર્વ ગૃહોમાં રત્નમય મનોહર હંસાસનો ***યાવત્*** દિશાસ્વસ્તિકાસનો વગેરે આસનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

**१२८ तेसु णं वणसंडेसु तत्थ तत्थ देसे तहिं तहिं बहवे जाइमंडवगा जूहियामंडवगा मल्लियामंडवगा णवमालियामंडवगा वासंतिमंडवगा दहिवासुय-मंडवगा सूरिल्लियमंडवगा तंबोलिमंडवगा मुद्दियामंडवगा णागलयामंडवगा अतिमुत्तलयामंडवगा अप्फोयामंडवगा मालुयामंडवगा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે વનખંડોમાં ઠેક-ઠેકાણે(સ્વર્ણ-રત્નમય) સુગંધી ફૂલવાળી લતાઓ-વેલાઓથી નિર્મિત મંડપો (માંડવાઓ) છે. તે વનખંડોમાં જાઈમંડપ, જૂહીમંડપ, મલ્લિકામંડપ, નવમલ્લિકામંડપ, વાસંતીમંડપ, દધિવાસુકામંડપ, સૂરજમુખીમંડપ, નાગરવેલમંડપ, દ્રાક્ષમંડપ, નાગલતામંડપ, અતિમુક્તક– માધવીલતા મંડપ, અફોયા મંડપ અને માલુકામંડપ આવેલા છે. તે મંડપો રત્નમય સ્વચ્છ ***યાવત્*** મનોહર છે.

**१२९ तेसु णं जाइमंडवएसु** *जाव* **मालुयामंडवएसु बहवे पुढविसिलापट्टगा हंसासणसंठिया** *जाव* **दिसासोवत्थियासणसंठिया अण्णे य बहवे वरसयणासण-विसिट्ठसंठाणसंठिया पुढविसिलापट्टगा पण्णत्ता समाणाउसो ! आईणग-रूय-बूर-णवणीय-तूलफासा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન શ્રમણો ! તે જાઈ મંડપ ***યાવત્*** માલુકામંડપમાં ઘણા પૃથ્વીમય શિલાપટ્ટકો (શિલાઓ) છે. તે મંડપોમાં હંસાસનના આકારવાળી ***યાવત્*** દિશાસ્વસ્તિકના આકારવાળી શિલાઓ છે, તે ઉપરાંત અનેક શ્રેષ્ઠ શય્યા, આસન સદશ વિશિષ્ટ આકારવાળી શિલાઓ પણ છે. તે શિલાઓ ચર્મ, રૂ, બૂર, માખણ, આકડાના(રેશમી) રૂ જેવી સુંવાળી અને કોમળ સ્પર્શવાળી છે. તે રત્નમય, સ્વચ્છ ***યાવત્*** મનોહર છે.

**१३० तत्थ णं बहवे वेमाणिया देवा य देवीओ य आसयंति सयंति चिट्ठंति णिसीयंति तुयट्टंति, हसंति, रमंति, ललंति, कीलंति, किट्टंति मोहंति, पुरा पोराणाणं सुचिण्णाणं सुपरिक्कंताणं सुभाणं कडाणं कम्माणं कल्लाणाणं कल्लाण-फलविवागं पच्चणुब्भवमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** ત્યાં સૂર્યાભવિમાનવાસી ઘણા દેવ-દેવીઓ આરામ કરે છે, શયન કરે છે, ઊભા રહે છે, બેસે છે, શરીર લાંબુ કરીને(પડખું ફેરવતા-ફેરવતા) વિશ્રામ કરે છે, રમણ કરે છે, ક્રીડા કરે છે, પરસ્પર મનોવિનોદ અને રતિક્રીડા કરે છે. આ રીતે પૂર્વભવના ઉપાર્જિત શુભ, કલ્યાણકારી કર્મોના સુખરૂપ ફળવિપાકનો અનુભવ કરતાં વિચરે છે.

**વનખંડવર્તી પ્રાસાદાવતંસક :–**

**१३१ तेसि णं वणसंडाणं बहुमज्झेदेसभाए पत्तेय-पत्तेयं पासायवडेंसगा पण्णता । तेणं पासायवडेंसगा पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, अड्ढाइज्जाइं जोयणसयाइं विक्खंभेणं, अब्भुग्गयमूसिय-पहसिया इव तहेव बहुसमरमणिज्जभूमिभागो उल्लोओ सीहासणं सपरिवारं। तत्थ णं चत्तारि देवा महिड्ढिया** *जाव* **पलिओवमट्ठिईया परिवसंति, तं जहा– असोए, सत्तपण्णे, चंपए, चूए ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક(ચારે ય) વનખંડોની વચ્ચોવચ એક-એક પ્રાસાદાવતંસક-શ્રેષ્ઠ મહેલ છે. તે પ્રાસાદા– વતંસકો પાંચસો યોજન ઊંચા, અઢીસો યોજન પહોળા છે અને પોતાની ઉજ્જવલ પ્રભાથી જાણે હસતા હોય એવું પ્રતીત થાય છે. તેનો ભૂમિભાગ અતિસમ તથા રમણીય છે. તેના ચંદરવા, સિંહાસન આદિનું વર્ણન પૂર્વવત્ જાણવું.

આ પ્રાસાદાવતંસકોમાં મહા ઋદ્ધિશાળી ***યાવત્*** એક પલ્યોપમની સ્થિતિવાળા ચાર દેવો અર્થાત્ તે વનખંડના અધિપતિ દેવો તેમાં નિવાસ કરે છે. તેના નામ આ પ્રમાણે છે– અશોકદેવ, સપ્તપર્ણદેવ, ચંપકદેવ અને આમ્રદેવ.

**વિમાનગત ઉપકારિકાલયન :–**

**१३२ सूरियाभस्स णं देवविमाणस्स अंतो बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते** *जाव* **तत्थ णं बहवे वेमाणिया देवा य देवीओ य आसयंति** *जाव* **विहरंति ।**

**तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसे, एत्थ णं महेगे उवगारिया-लयणे पण्णत्ते– एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं, तिण्णि जोयणसय-सहस्साइं**

**सोलस सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए तिण्णि य कोसे अट्ठावीसं च धणुसयं तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचिविसेसूणं परिक्खेवेणं, जोयणं बाहल्लेणं, सव्व-जंबूणयामए अच्छे** *जाव* **पडिरूवे ।**

**ભાવાર્થ :–** તે સૂર્યાભદેવના વિમાનની અંદરની ભૂમિ સમતલ અને રમણીય છે. સૂર્યાભવિમાનવાસી ઘણા દેવ–દેવીઓ ત્યાં આરામ કરે છે, બેસે છે તથા આનંદ કરતાં વિચરે છે.

તે સમતલ ભૂમિ ભાગની બરોબર વચ્ચે એક મોટું ઉપકારિકાલયન–પત્થરથી નિર્મિત પ્રાસાદાદિની પીઠિકા છે. તે ઉપકારિકાલયનની લંબાઈ-પહોળાઈ એક લાખ યોજનની છે અને ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીસ યોજન, ત્રણ ગાઉ, એકસો અઠ્યાવીસ ધનુષ અને દેશોન સાડાતેર અંગુલ(૩, ૧૬, ૨૨૭ યો. ૩ ગાઉ, ૧૨૮ ધનુ. ૧૩½ અંગુલ) પ્રમાણ તેની પરિધિ છે. પરિમંડલ(ચૂડી જેવા) આકારવાળી ઉપકારિકા લયનની જાડાઈ એક યોજનની છે. તે સુવર્ણમય, સ્વચ્છ અને રમણીય છે.

**१३३ से णं एगाए पउमवरवेइयाए एगेण य वणसंडेणं सव्वओ समंता संपरिक्खित्ते। सा णं पउमवरवेइया अद्धजोयणं उड्ढं उच्चत्तेणं, पंच धणुसयाइं विक्खंभेणं, उवकारियलेणसमा परिक्खेवेणं ।**

**तीसे णं पउमवरवेइयाए इमेयारूवे वण्णावासे पण्णत्ते, तंजहा–वइरामया णिम्मा रिट्ठामया पइट्ठाणा, वेरुलियामया खंभा, सुवण्णरुप्पमया फलया, लोहियक्खमईयो सुईओ, वइरामया संधी, णाणामणिमया कलेवरा, णाणामणिमया कलेवरसंघाडगा, णाणामणिमया रूवा, णाणमणिमया रूवसंघाडगा, अंकामया पक्खा-पक्खबाहाओ, जोईरसामया वंसा वंसकवेल्लुयाओ, रययामईओ पट्टियाओ, जायरूवमईओ ओहाडणीओ, वइरामईओ उवरिपुच्छणीओ, सव्व-सेय-रययामए अच्छायणे।**

**सा णं पउमवरवेइया एगमेगेणं हेमजालेणं एगमेगेणं गवक्खजालेणं एगमेगेणं खिंखिणीजालेणं एगमेगेणं घंटाजालेणं एगमेगेणं मुत्ताजालेणं एगमेगेणं मणिजालेणं एगमेगेणं कणगजालेणं एगमेगेणं पउमजालेणं सव्वओ समंता संपरिखित्ता । तेणं जाला तवणिज्ज-लंबूसगा** *जाव* **उवसोभेमाणा चिट्ठंति ।**

**तीसे णं पउमवरवेइयाए तत्थ-तत्थ देसे तहिं तहिं बहवे हयसंघाडा** *जाव* **उसभ–संघाडा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा;** *जाव* **वीहीओ पंतीओ मिहुणाई लयाओ ।**

**ભાવાર્થ :–** તે ઉપકારિકાલયનની ચારે બાજુ એક પદ્મવરવેદિકા અને એક વનખંડ છે. તે પદ્મવરવેદિકા અર્ધો યોજન ઊંચી, પાંચસો યોજન પહોળી છે અને ઉપકારિકાલયન જેટલી જ તેની પરિધિ છે.

તે પદ્મવરવેદિકાનું વર્ણન આ પ્રમાણે છે. યથા– તે પદ્મવરવેદિકાના નેમભાગ–આભ્યંતર આધાર યુક્ત પૃથ્વીતલ વજ્રરત્નનો છે, પ્રતિષ્ઠાન– સ્તંભોનો મૂળ આધાર ભાગ રિષ્ટ રત્નનો છે, સ્તંભ વૈડૂર્ય રત્નના છે, પાટિયા સુવર્ણ-રજતના છે, ખીલાઓ લોહિતાક્ષ રત્નના છે, સાંધ વજ્ર રત્નની છે, તેના અંદર-બહારના બધા વિભાગો અર્થાત્ તેનું સંપૂર્ણ કલેવર વિવિધ પ્રકારના મણિઓથી નિર્મિત છે, તેના પરના ચિત્રો તથા ચિત્ર સમૂહ

મણિરત્નના છે, તેના પડખા-પડખાના બધા ભાગો અંક રત્નના છે. તેના ઊભા વાંસા–વળા અને પ્રતિવાંસા–નાના વળા(આડા વળા) જ્યોતિરસ રત્નના છે, પાટીઓ ચાંદીની, ઢાંકણા સુવર્ણના, નળીયા વજ્રરત્નના અને છાપરું રત્નનું છે.

તે પદ્મવર વેદિકાના પ્રત્યેક જાળિયાઓ સુવર્ણની માળાઓ, ગવાક્ષાકાર રત્નો, ઘૂઘરીઓ, ઘંટડીઓ, મોતીઓ, મણિઓ, કનક-સુવર્ણ વિશેષ, પદ્મ-કમળોની લાંબી-લાંબી માળાઓથી પરિવેષ્ટિત છે. લટકતી તે માળાઓ સોનાના દડાઓથી અલંકૃત છે.

તે પદ્મવરવેદિકા પર ઠેક-ઠેકાણે ઘણા રત્નમય, મનોહર અશ્વયુગલ ***યાવત્*** વૃષભયુગલ વગેરે યુગલો શોભી રહ્યા છે. તે જ રીતે તે વેદિકા પર રત્નમય વીથિઓ, પંક્તિઓ, મિથુનકો– તે અશ્વાદિના સ્ત્રી-પુરુષ યુગલો અને લતાઓ શોભી રહી છે.

**૧૩૪ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ पउमवरवेइया-पउमवरवेइया ?**

**गोयमा ! पउमवरवेइयाए णं तत्थ तत्थ देसे तहिं तहिं वेइयासु वेइयाबाहासु य वेइयफलएसु य वेइयपुडंतरेसु य, खंभेसु खंभबाहासु खंभसीसेसु खंभपुडंतरेसु, सुईसु, सुईमुखेसु सूईफलएसु सुईपुडंतरेसु, पक्खेसु पक्खबाहासु पक्खपेरंतेसु पक्खपुडंतरेसु बहुयाइं उप्पलाइं पउमाइं कुमुयाइं णलिणाइं सुभगाइं सोगंधियाइं पुंडरीयाइं महापुंडरीयाइं सयपत्ताइं सहस्सपत्ताइं सव्वरयणामयाइं अच्छाइं** *जाव* **पडिरूवाइं महया वासिक्कछत्तसमाणाइं पण्णत्ताइं समणाउसो ! से एएणं अट्ठेणं गोयमा ! एवं वुच्चइ-पउमवरवेइया पउमवरवेइया।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! તે પદ્મવરવેદિકાને પદ્મવરવેદિકા શા માટે કહે છે ?

હે ગૌતમ ! તે વેદિકાની ભૂમિ, વેદિકાની બાજુઓ, વેદિકાના પાટિયાઓ, તેના અંતરાલો, સ્તંભો, સ્તંભની બાજુઓ, સ્તંભના શિખરો, સ્તંભના અંતરાલો, ખીલાઓ, ખીલાના ટોપકાઓ, ખીલાથી જોડાયેલા પાટિયાઓ, ખીલાઓના અંતરાલો, તેના પડખા, પડખાના પ્રાન્ત ભાગો, તેના અંતરાલો આદિ ખુલેલા છત્ર જેવા વિકસિત મોટા-મોટા રત્નમય, સ્વચ્છ, અતિસુંદર ઉત્પલ પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, સો પાંખડીવાળા કમળો, હજાર પાંખડીવાળા કમળોથી શોભી રહ્યાં છે. તેથી જ હે ચિરંજીવી શ્રમણ ! આ વેદિકાને પદ્મવર વેદિકા કહેવામાં આવે છે.

**૧૩૫ पउमवरवेइया णं भंते ! किं सासया, असासया ? गोयमा ! सिय सासया, सिय असासया। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–सिय सासया, सिय असासया ? गोयमा ! दव्वट्ठयाए सासया, वण्णपज्जवेहिं गंधपज्जवेहिं रसपज्जवेहिं फासपज्जवेहिं असासया । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– सिय सासया सिय असासया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે પદ્મવરવેદિકા શાશ્વત છે કે અશાશ્વત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કથંચિત્ શાશ્વત-નિત્ય છે અને કથંચિત્ અશાશ્વત છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ તે શાશ્વત છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે તે પદ્મવરવેદિકા શાશ્વત પણ છે

અને અશાશ્વત પણ છે.

**૧૩૬ पउमवरवेइया णं भंते ! कालओ केवचिरं होइ ? गोयमा ! ण कयावि णासि, ण कयावि णत्थि, ण कयावि ण भविस्सइ, भुविं च भवइ य, भविस्सइ य, धुवा णियया सासया अक्खया अव्वया अवट्ठिया णिच्चा पउमवरवेइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! કાળની અપેક્ષાએ તે પદ્મવર વેદિકા ક્યાં સુધી રહેશે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ પદ્મવરવેદિકા પહેલાં(ભૂતકાળમાં) ક્યારે ય ન હતી એવું નથી, અત્યારે (વર્તમાનમાં) નથી એવું પણ નથી અને ભવિષ્યમાં નહિ રહે, એવું પણ નથી. પહેલાં પણ હતી, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. આ પ્રમાણે ત્રિકાલાવસ્થાયી હોવાથી તે પદ્મવરવેદિકા ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે.

**૧૩૭ सा णं पउमवरवेइया एगेणं वणसंडेणं सव्वओ समंता संपरिक्खित्ता । से णं वणसंडे देसूणाइं दो जोयणाइं चक्कवालविक्खंभेणं उवयारियालेणसमे परिक्खेवेणं । वणसंड वण्णओ भाणियव्वो** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :–** તે પદ્મવરવેદિકા ચારે તરફ એક વનખંડથી ઘેરાયેલી છે. તે વનખંડનો ચક્રવાલવિષ્કંભ (ગોળાકાર-પહોળાઈ) કંઈક ન્યૂન બે યોજન પ્રમાણ છે તથા ઉપકારિકાલયનની પરિધિ જેટલી તેની પરિધિ છે. આ વનખંડનું વર્ણન સૂત્ર ૧૧૮ થી ૧૨૨ પ્રમાણે જાણવું.

**૧૩૮ तस्स णं उवयारिया-लेणस्स चउद्दिसिं चत्तारि तिसोवाणपडिरूवगा पण्णत्ता, वण्णओ– तोरणा झया छत्ताइच्छत्ता । तस्स णं उवयारिया-लयणस्स उवरिं बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते** *जाव* **मणीणं फासो ।**

**ભાવાર્થ :–** તે ઉપકારિકાલયનની ચારે દિશાઓમાં ચાર ત્રિસોપાન શ્રેણી(ત્રણ-ત્રણ પગથિયા) છે. ત્રિસોપાન શ્રેણીના તોરણો, ધ્વજાઓ, છત્રાતિછત્રો આદિનું વર્ણન સૂત્ર ૨૦ થી ૨૫ પ્રમાણે સમજવું. તે ઉપકારિકાલયનની ઉપર અતિ સમ રમણીય ભૂમિભાગ છે. મણિઓના સ્પર્શ પર્યંતનું ભૂમિભાગનું વર્ણન સૂત્ર ૨૪થી ૨૯ પ્રમાણે સમજવું.

**વિમાનના પ્રાસાદાવતંસક :–**

**૧૩૯ तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए, एत्थं णं महेगे मूलपासायवडेंसए पण्णत्ते । से णं मूलपासायवडेंसए पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, अड्ढाइज्जाइं जोयणसयाइं विक्खंभेणं अब्भुग्गयमूसिय वण्णओ– भूमिभागो, उल्लोओ, सीहासणं सपरिवारं भाणियव्वं। अट्ठट्ठमंगलगा, झया, छत्ताइछत्ता ।**

**ભાવાર્થ :–** તે અતિ સમરમણીય ભૂમિભાગની મધ્યમાં એક વિશાળ મુખ્ય પ્રાસાદાવતંસક(ઉત્તમ મહેલ) છે. તે પ્રાસાદાવતંસકની ઊંચાઈ પાંચસો યોજન અને પહોળાઈ અઢીસો યોજન છે, તે અત્યંત ઊંચો પ્રતીત થાય છે. પ્રાસાદની અંદરનો ભૂમિભાગ, ચંદરવા, પરિવાર સહિતના સિંહાસન, આઠ મંગલ, ધ્વજાઓ અને છત્રાતિછત્રોનું વર્ણન પૂર્વવત્ સમજવું.

**१४०** से णं मूलपासायवडेंसगे अण्णेहिं चउहिं पासायवडेंसएहिं तदद्धुच्चत्तप्पमाणमेत्तेहिं सव्वओ समंता संपरिखित्ते । ते णं पासायवडेंसगा अड्ढाइज्जाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पणवीसं जोयणसयं विक्खंभेणं, वण्णओ– भूमिभागो, उल्लोओ, सीहासणं सपरिवारं भाणियव्वं । अट्ठट्ठमंगलगा, झया, छत्ताइछत्ता ।

ते णं पासायवडेंसया अण्णेहिं चउहिं पासायवडेंसएहिं तदद्धुच्चत्तप्पमाणमेत्तेहिं सव्वओ समंता संपरिखित्ता । ते णं पासायवडेंसया पणवीसं जोयणसयं उड्ढं उच्चत्तेणं, बावट्ठिं जोयणाइं अद्धजोयणं च विक्खंभेणं, वण्णओ–भूमिभागो, उल्लोओ, अट्ठट्ठमंगलगा, झया, छत्ताइछत्ता ।

ते णं पासायवडेंसया अण्णेहिं चउहिं पासायवडेंसएहिं तदद्धुच्चत्तप्पमाणमेत्तेहिं सव्वओ समंता संपरिखित्ता । ते णं पासायवडेंसया बावट्ठिं जोयणाइं अद्ध जोयणं च उड्ढं उच्चत्तेणं, एक्कतीसं जोयणाइं कोसं च विक्खंभेणं, वण्णओ– भूमिभागो, उल्लोओ, अट्ठट्ठमंगलगा, झया, छत्ताइछत्ता ।

ते णं पासायवडेंसगा अण्णेहिं चउहिं पासायवडेंसएहिं तदद्धुच्चत्तपमाणमेत्तेहिं सव्वओ समंता संपरिक्खित्ता । ते णं पासायवडेंसगा एक्कतीसं जोयणाइं कोसं च उड्ढं उच्चत्तेणं, पण्णरस जोयणाइं अड्ढाइज्जे कोसं च विक्खंभेणं, वण्णओ– भूमिभागो उल्लोओ, अट्ठट्ठ मंगलगा, झया, छत्ताइछत्ता ।

**ભાવાર્થ :–** તે પ્રધાન પ્રાસાદાવતંસક, ચારે દિશાઓમાં પોતાનાથી અડધી ઊંચાઈવાળા બીજા ચાર પ્રાસાદાવતંસકોથી પરિવેષ્ટિત છે અર્થાત્ તેની ચારે દિશાઓમાં એક-એક એમ ચાર પ્રાસાદ છે. આ ચારે ય પ્રાસાદવતંસકો અઢીસો યોજન ઊંચા અને સવાસો યોજન પહોળા છે. તેના ભૂમિભાગ, ચંદરવા, આઠ-આઠ મંગલ, ધ્વજાઓ અને છત્ર સંબંધી વર્ણન પૂર્વવત્ જાણવું.

આ ચારે ય પ્રાસાદાવતંસકો પણ ચારે દિશાઓમાં પોતાનાથી અડધી ઊંચાઈવાળા અન્ય ચાર પ્રાસાદાવતંસકોથી ઘેરાયેલા છે. આ ચારે ય પ્રાસદાવતંસકો એકસો પચ્ચીસ યોજન ઊંચા અને સાડા બાસઠ યોજન પહોળા છે. તેના ભૂમિભાગ, ચંદરવો, આઠ-આઠ મંગલ, ધ્વજાઓ અને છત્ર સંબંધી વર્ણન પૂર્વવત્ જાણવું.

આ પ્રાસાદાવતંસકો પણ ચારે દિશાઓમાં પોતાનાથી અડધી ઊંચાઈવાળા અન્ય ચાર પ્રાસાદ– વતંસકોથી પરિવેષ્ટિત છે. આ ચારે ય પ્રાસાદવતંસકો સાડા બાસઠ યોજન ઊંચા, એકત્રીશ યોજન અને એક ગાઉ પહોળા છે. તેના ભૂમિભાગ, ચંદરવો, આઠ-આઠ મંગલ, ધ્વજાઓ અને છત્ર સંબંધી વર્ણન પૂર્વવત્ જાણવું.

આ પ્રાસાદાવતંસકો પણ ચારે દિશાઓમાં પોતાનાથી અડધી ઊંચાઈવાળા અન્ય ચાર પ્રાસાદવતંસકોથી પરિવેષ્ટિત છે. આ ચારે ય પ્રાસાદવતંસકો એકત્રીસ યોજન અને એક કોસ ઊંચા અને પંદર યોજન અઢી ગાઉ પહોળા છે. તેના ભૂમિભાગ, ચંદરવો, આઠ-આઠ મંગલ, ધ્વજાઓ અને છત્ર સંબંધી વર્ણન પૂર્વવત્ જાણવું.

**વિમાનની સુધર્માસભા :–**

**१४१** तस्स णं मूलपासायवडेंयस्स उत्तरपुरत्थिमेणं, एत्थ णं सभा सुहम्मा पण्णत्ता–

**एगं जोयणसयं आयामेणं, पण्णासं जोयणाइं णिक्खम्भेणं, बावत्तरिं जोयणाइं उड्ढं उच्चत्तेणं अणेगखंभ-सय-सण्णिविट्ठा** *जाव* **अच्छरगण** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે મુખ્ય પ્રાસાદના ઈશાનકોણમાં એક સો યોજન લાંબી, પચાસ યોજન પહોળી અને બોતેર યોજન ઊંચી સુધર્મા નામક સભા છે. આ સભા અનેક સેંકડો થાંભલા પર સ્થિત છે ***યાવત્*** અનેક દેવ દેવીઓથી યુક્ત છે ***યાવત્*** તે અતિ મનોહર છે.

**१४२ सभाए णं सुहम्माए तिदिसिं तओ दारा पण्णत्ता, तं जहा– पुरत्थिमेणं, दाहिणेणं, उत्तरेणं। ते णं दारा सोलस जोयणाइं उड्ढं उच्चत्तेणं, अट्ठ ओयणाइं विक्खंभेणं तावइयं चेव पवेसेणं, सेया वरकणगथूभियागा** *जाव* **वणमालाओ । तेसिं णं दाराणं उवरिं अट्ठट्ठ मङ्गलगा, झया, छत्ताइछत्ता।**

**ભાવાર્થ :–**તે સુધર્મા સભાની પૂર્વ દિશામાં એક, દક્ષિણ દિશામાં એક અને ઉત્તર દિશામાં એક, એમ ત્રણ દિશાઓમાં ત્રણ દ્વાર છે. તે દ્વાર સોળ યોજન ઊંચા, આઠ યોજન પહોળા છે અને તેનો પ્રવેશ માર્ગ પણ તેટલો જ છે અર્થાત્ આઠ યોજન પહોળો પ્રવેશ માર્ગ છે. શ્વેતવર્ણવાળા તે દ્વારો શ્રેષ્ઠ સુવર્ણથી નિર્મિત શિખરો અને વનમાળાઓથી અલંકૃત છે. તે દ્વાર ઉપર આઠ-આઠ મંગલ, અનેક ધ્વજાઓ અને છત્રાતિછત્ર શોભી રહ્યા છે.

**१४३ तेसि णं दाराणं पुरओ पत्तेयं-पत्तेयं मुहमंडवे पण्णत्ते । ते णं मुहमंडवा एगं जोयणसयं आयामेणं, पण्णासं जोयणाइं विक्खंभेणं, साइरेगाइं सोलस जोयणाइं उड्ढं उच्चत्तेणं अणेगखंभसयसण्णिविट्ठा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક દ્વારની સામે એક-એક મુખમંડપ(પ્રવેશ મંડપ) છે. તે મુખમંડપ એકસો યોજન લાંબા, પચ્ચાસ યોજન પહોળા અને સાધિક સોળ યોજન ઊંચા છે. તે મંડપ અનેક સો થાંભલા પર સંનિવિષ્ટ છે ***યાવત્*** અત્યંત મનોહર છે.

**१४४ तेसि णं मुहमंडवाणं तिदिसिं तओ दारा पण्णत्ता, तंजहा– पुरत्थिमेणं, दाहिणेणं, उत्तरेणं। ते णं दारा सोलस जोयणाइं उड्ढं उच्चत्तेणं, अट्ठ जोयणाइं विक्खंभेणं, तावइयं चेव पवेसेणं, सेयावरकणगथूभियाओ** *जाव* **वणमालाओ । तेसि णं मुहमंडवाणं– भूमिभागा, उल्लोया वण्णओ । तेसि णं मुहमंडवाणं उवरिं अट्ठट्ठ मङ्गलगा, झया, छत्ताइच्छत्ता वण्णओ ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક મુખમંડપની પૂર્વદિશામાં એક, દક્ષિણ દિશામાં એક અને ઉત્તર દિશામાં એક, તેમ ત્રણ દિશાઓમાં ત્રણ દ્વાર છે. તે દ્વાર સોળ યોજન ઊંચા, આઠ યોજન પહોળા છે અને તેનો પ્રવેશ માર્ગ પણ તેટલો જ(૮ યોજનનો) છે. શ્વેત વર્ણવાળા તે દ્વારો શ્રેષ્ઠ સુવર્ણથી નિર્મિત શિખરો અને વનમાળાઓથી અલંકૃત છે વગેરે દ્વાર વર્ણન પૂર્વવત્ જાણવું. તે મુખમંડપોના ભૂમિભાગ અને ચંદરવા સંબંધી વર્ણન પૂર્વવત્ જાણવું. તે મુખમંડપોની ઉપર આઠ-આઠ મંગલ, ધ્વજાઓ, છત્રાતિછત્ર છે. તેનું વર્ણન પૂર્વવત્ કહેવું.

**१४५ तेसि णं मुहमंडवाणं पुरओ पत्तेयं-पत्तेयं पेच्छाघरमंडवे पण्णत्ते ।**

**मुहमंडव-वत्तव्वया** *जाव* **दारा, भूमिभागा, उल्लोया वण्णओ । तेसि णं पेच्छाघरमंडवाणं बहुसमरमणिज्जाणं भूमिभागाणं बहुमज्झदेसभाए पत्तेयं-पत्तेयं वइरामए अक्खाडए पण्णत्ते ।**

**तेसि णं वयरामयाणं अक्खाडगाणं बहुमज्झदेसभागे पत्तेयं-पत्तेयं मणिपेढिया पण्णत्ता। ताओ णं मणिपेढियाओ अट्ठ जोयणाइं आयामविक्खंभेणं चत्तारि जोयणाइं बाहल्लेणं, सव्वमणिमईओ अच्छाओ** *जाव* **पडिरूवाओ । तासि णं मणिपेढियाणं उवरिं पत्तेयं-पत्तेयं सीहासणे पण्णत्ते । सीहासणवण्णओ सपरिवारो। तेसि णं पेच्छाघरमंडवाणं उवरिं अट्ठट्ठ- मंगलगा, झया, छत्ताइछत्ता ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક મુખમંડપની આગળ પ્રેક્ષાગૃહમંડપ છે. તેની સર્વ વક્તવ્યતા ઉપરોક્ત મુખ મંડપ જેવી જ છે ***યાવત્*** તેના દ્વાર, ભૂમિભાગ અને ચંદરવા સંબંધી વર્ણન પૂર્વવત્ કહેવું. તે પ્રેક્ષાગૃહ મંડપના સમતલ ભૂમિભાગની મધ્યમાં એક-એક વજ્રમય અખાડો છે.

વજ્રમય તે પ્રત્યેક અખાડાની બરોબર મધ્યમાં આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી એક-એક મણિપીઠિકા(ઓટલો) છે, જે મણિમય, નિર્મળ ***યાવત્*** મનોહર છે. તે પ્રત્યેક મણિપીઠિકા ઉપર એક-એક સિંહાસન છે અહીં સિંહાસનનું વર્ણન સપરિવાર જાણવું. તે પ્રેક્ષાગૃહ મંડપ ઉપર અષ્ટમંગલ, ધ્વજાઓ અને છત્રાતિછત્ર શોભી રહ્યા છે.

**સ્તૂપ અને ચૈત્યવૃક્ષ :–**

**१४६ तेसिं णं पेच्छाघरमंडवाणं पुरओ पत्तेयं-पत्तेयं मणिपेढियाओ पण्णत्ताओ । ताओ णं मणिपेढियाओ सोलस जोयणाइं आयमविक्खंमेणं, अट्ठ जोयणाइं बाहल्लेणं, सव्वमणिमईओ, अच्छाओ** *जाव* **पडिरूवाओ ।**

**तासि णं मणिपेढियाणं उवरिं पत्तेयं-पत्तेयं थूभे पण्णत्ते । ते णं थूभा सोलस-सोलस जोयणाइं आयामविक्खंभेणं, साइरेगाइं सोलस-सोलस जोयणाइं उड्ढं उच्चत्तेणं, सेया संखंक** *जाव* **सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । तेसि णं थूभाणं उवरिं अट्ठट्ठ मंगलगा, झया, छत्तातिछत्ता** *जाव* **सहस्सपत्तहत्थया ।**

**ભાવાર્થ :–** તે દરેક પ્રેક્ષાગૃહ મંડપોની સામે સોળ યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી, મણિરત્નમય, સ્વચ્છ ***યાવત્*** રમણીય એવી એક-એક મણિપીઠિકા છે.

તે પ્રત્યેક મણિપીઠિકા ઉપર સોળ યોજન લાંબા પહોળા, સાતિરેક સોળ યોજન ઊંચા, શ્વેત શંખાદિ જેવા ઊજળા ***યાવત્*** સર્વ પ્રકારના રત્નોથી નિર્મિત સ્વચ્છ ***યાવત્*** રમણીય સ્તૂપો છે. તે સ્તૂપો ઉપર અષ્ટમંગલ, ધ્વજાઓ છત્રાતિછત્રો અને હજાર પાંખડીવાળા કમળોના ગુચ્છ શોભી રહ્યા છે.

[*तेसि णं थूभाणं पत्तेयं-पत्तेयं चउद्दिसिं मणिपेढियाओ पण्णत्ताओ । ताओ णं मणिपेढियाओ अट्ठ जोयणाइं आयामविक्खंभेण, चत्तारि जोयणाइं बाहल्लेणं, सव्वमणि-मईओ*

*अच्छाओ जाव पडिरूवाओ । तासि णं मणिपेढियाणं उवरिं चत्तारि जिणपडिमाओ जिणुस्सेहपमाणमेत्ताओ संपलियंकणिसण्णाओ, थूभाभिमुहीओ सण्णिक्खित्ताओ चिट्ठंति, तंजहा– उसभा, वद्धमाणा, चंदाणणा वारिसेणा ।]*

*(તે પ્રત્યેક સ્તૂપોની ચારે દિશાઓમાં આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, મણિમય, સ્વચ્છ **યાવત્** રમણીય એવી એક-એક મણિપીઠિકા છે. તે મણિપીઠિકાઓની ઉપર સ્તૂપાભિમુખ, જિનની અવગાહના જેટલી અવગાહનાવાળી (૧) ઋષભ (૨) વર્ધમાન (૩) ચંદ્રાનન અને (૪) વારિષેણ આ નામવાળી ચાર જિનપ્રતિમાઓ પર્યંકાસને બિરાજમાન છે.)*

***નોંધ :–*** *આ સૂત્રમાં સૂર્યાભવિમાનની સુધર્માસભામાં સ્થિત ચાર જિનપ્રતિમાઓનું વર્ણન છે. દેવલોક ગત આ જિન– પ્રતિમાઓના આકાર પૃથ્વીમય અને શાશ્વત છે. તે ચાર પ્રતિમામાંથી ઋષભ અને વર્ધમાન, ભરતક્ષેત્રના અને ચંદ્રાનન અને વારિષેણ ઐરવતક્ષેત્રથી વર્તમાન ચોવીસીના તીર્થંકરો છે. કોઈ પણ તીર્થંકરો શાશ્વત નથી તો તે જ નામવાળી શાશ્વતીપ્રતિમા કેવી રીતે સંભવે ? વળી ઋષભ જિનની ૫૦૦ ધનુષ્યની અવગાહના હતી, વર્ધમાન જિનની સાત હાથની અવગાહના હતી. આ ચારે જિન પ્રતિમાની અવગાહના માટે "જિનની અવગાહના જેટલી" એવું સંદિગ્ધ સૂચન છે, તો કેટલી અવગાહના સમજવી ? વગેરે કારણોથી આ પાઠ પ્રક્ષિપ્ત હોય તેમ જણાય છે અને તેથી કૌંસમાં આપ્યો છે.*

**१४७ तेसि णं थूभाणं पुरओ पत्तेयं-पत्तेयं मणिपेढियाओ पण्णत्ताओ । ताओ णं मणि- पेढियाओ सोलस जोयणाइं आयमविक्खंभेणं, अट्ठ जोयणाइं बाहल्लेणं सव्वमणिमईओ** *जाव* **पडिरूवाओ ।**

**तेसि णं मणिपेढियाणं उवरिं पत्तेयं-पत्तेयं चेइयरुक्खे पण्णत्ते । ते णं चेइयरुक्खा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं अद्धजोयणं उव्वेहेणं दो जोयणाइं खंधा, अद्धजोयणं विक्खंभेणं, छ जोयणाइं विडिमा, बहुमज्झदेसभाए अट्ठ जोयणाइं आयामविक्खंभेणं, साइरेगाइं अट्ठ जोयणाइं सव्वग्गेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક સ્તૂપોની સામે સોળ યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી, સર્વરત્નમય ***યાવત્*** રમણીય એવી એક-એક મણિપીઠિકા છે. તે મણિપીઠિકા ઉપર એક-એક ચૈત્યવૃક્ષ છે. તે ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊંચા, અર્ધો યોજન જમીનમાં ઊંડા છે. તેના થડ બે યોજન ઊંચા અને અર્ધો યોજન પહોળા છે. તેની ઉપર તરફ જતી શાખા(વિડિમા) છ યોજન ઊંચી છે. તે ચૈત્યવૃક્ષ વચ્ચેના ભાગમાં આઠ યોજન પહોળા છે. આ વૃક્ષોની ઊંચાઈ સંપૂર્ણ સાધિક આઠ યોજન છે. (૦॥ યોજન ઊંડા + ૨ યોજન થડના + ૬ યોજન ઊંચી શાખાઓ = ૮॥ યોજનની કુલ ઊંચાઈ છે.)

**१४८ तेसि णं चेइयरुक्खाणं इमेयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– वयरामयमूला, रयय-सुपइट्ठियविडिमा रिट्ठामयविउलकंदवेरुलिय-रुइल-खंधा सुजायवर-जायरूव- पढमग-विसालसाला णाणामणियरयण-विविहसाहप्पसाहा वेरुलियपत्त-तवणिज्ज-पत्तबिंटा जंबूणय- रत्त-मउय-सुकुमाल-पवाल-पल्लवंकुरधरा विचित्तमणिरयण-सुरहि- कुसुम- फलभर-णमियसाला अमयरससमरसफला सच्छाया सप्पभा सस्सिरीया सउज्जोया अहियं णयणमण- णिव्वुइकरा** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે ચૈત્યવૃક્ષોનું વર્ણન આ પ્રમાણે છે– તેના મૂળ વજરત્નમય છે, તેની સુપ્રતિષ્ઠિત શાખાઓ રૂપ્યમય છે, તેના વિશાળ કંદ અરિષ્ટ રત્નમય અને થડ વૈડૂર્ય રત્નમય છે, તેની મુખ્ય શાખાઓ ઉત્તમ જાતીય સુવર્ણમય છે, તેની પ્રશાખાઓ વિવિધ મણિરત્નમય છે, તેના પાંદડા વૈડૂર્ય રત્નમય, વૃંત્ત–ડીંટીયા રક્ત સુવર્ણમય, સુકોમળ પ્રવાલ–પલ્લવ–અંકુરો જંબૂનદ(લાલ) સુવર્ણમય છે. તેની શાખાઓ અનેક પ્રકારના મણિરત્નોથી નિર્મિત સુગંધી પુષ્પો અને ફળોથી નમેલી છે, તેના ફળો અમૃતરસ જેવા રસમય છે. તે વૃક્ષો છાયાયુક્ત, પ્રભાયુક્ત, શોભાયુક્ત, ઉદ્યોતયુક્ત નયન અને મનને અત્યંત આનંદપ્રદ છે ***યાવત્*** મનોહર છે.

**માહેન્દ્ર ધ્વજ :–**

**૧૪૯ तेसि णं चेइयरुक्खाणं पुरओ पत्तेयं-पत्तेयं मणिपेढियाओ पण्णत्ताओ । ताओ णं मणिपेढियाओ अट्ठ जोयणाइं आयामविक्खभेणं, चत्तारि जोयणाइं बाहल्लेणं, सव्वमणिमईओ अच्छाओ** *जाव* **पडिरूवाओ ।**

**ભાવાર્થ :–** તે પ્રત્યેક ચૈત્યવૃક્ષોની સામે આઠ યોજન લાંબી-પહોળી , ચાર યોજન જાડી, મણિમય, નિર્મળ રમણીય એક-એક મણિપીઠિકા છે.

**૧૫૦ तासि णं मणिपेढियाणं उवरिं पत्तेयं-पत्तेयं महिंदज्झए पण्णत्ते । ते णं महिंदज्झया सट्ठिं जोयणाइं उड्ढं उच्चत्तेणं अद्धकोसं उव्वेहेणं, अद्धकोसं विक्खंभेणं वइरामय-वट्ट-लट्ठ- संठिय-सुसिलिट्ठ-परिघट्ठ-मट्ठ-सुपइट्ठिए-विसिट्ठे अणेगवर-पंचवण्णकुडभी-सहस्सुस्सिए परिमंडियाभिरामे वाउद्धुयविजय-वेजयंती-पडागच्छत्ताइच्छत्त-कलिए तुंगे गगणतल-मणुलिहंत- सिहरा** *जाव* **पडिरूवा।**

**ભાવાર્થ :–** તે દરેક મણિપીઠિકાઓની ઉપર એક-એક માહેન્દ્ર ધ્વજ(ઇંદ્રના ધ્વજ જેવા વિશાળ ધ્વજો) લહેરાઈ રહ્યા છે. તે માહેન્દ્ર ધ્વજો સાઠ યોજન ઊંચા, અર્ધ ગાઉ જમીનમાં ઊંડા અને અર્ધ ગાઉ પહોળા છે. તે(ધ્વજો) વજ્રમય, ગોળ, લીસા, કમનીય, મુલાયમ, ચકચકતા દંડ ઉપર સુપ્રતિષ્ઠિત છે. તે વિશેષ પ્રકારની શ્રેષ્ઠ પંચરંગી લહેરાતી અન્ય હજારો નાની-નાની પતાકાઓથી સુશોભિત છે. તે પવનથી હાલતી વિજય-વૈજયંતિ પતાકાઓ ઉપર છત્રાતિછત્રથી શોભી રહ્યા છે. તે માહેન્દ્ર ધ્વજાઓનો ઊંચો શિખરભાગ-ઊર્ધ્વભાગ ગગન તલને સ્પર્શી રહ્યો છે ***યાવત્*** તે અત્યંત મનોરમ છે.

**૧૫૧ तेसि णं महिंदज्झयाणं पुरओ पत्तेयं-पत्तेयं णंदा पुक्खरिणीओ पण्णत्ताओ । ताओ णं पुक्खरिणीओ एगं जोयणसयं आयामेणं, पण्णासं जोयणाइं विक्खंभेणं, दस जोयणाइं उव्वेहेणं, अच्छाओ** *जाव* **पगईए उदगरसेणं पण्णत्ताओ । पत्तेयं-पत्तेयं पउमवरवेइया- परिक्खित्ताओ, पत्तेयं-पत्तेयं वणसंड-परिक्खित्ताओ । तासि णं णंदा पुक्खरिणीणं तिदिसिं तिसोवाणपडिरूवगा पण्णत्ता । तिसोवाण-पडिरूवगाणं वण्णओ– तोरणा, झया, छत्ताइछत्ता।**

**ભાવાર્થ :–** તે માહેન્દ્ર ધ્વજાઓની આગળ એક-એક નંદા નામની પુષ્કરિણી વાવ છે. આ પુષ્કરિણીઓ સો યોજન લાંબી, પચાશ યોજન પહોળી, દસ યોજન ઊંડી છે. તે સ્વચ્છ-નિર્મળ છે ***યાવત્*** તે પુષ્કરિણીમાં

સ્વાભાવિક પાણી જેવા મધુર રસવાળું પાણી છે. આ પ્રત્યેક નંદાપુષ્કરિણી એક-એક પદ્મવરવેદિકા અને વનખંડોથી ઘેરાયેલી છે. આ નંદાપુષ્કરિણીઓની ત્રણ દિશાઓમાં અતિમનોહર ત્રિસોપાન પંક્તિઓ છે. આ ત્રિસોપાન પંક્તિઓની ઉપર તોરણ, ધ્વજાઓ, છત્રાતિછત્રો સુશોભિત છે વગેરે વર્ણન પૂર્વવત્ કરવું જોઈએ.

**१५२ सभाए णं सुहम्माए अडयालीसं मणोगुलियासाहस्सीओ पण्णत्ताओ, तं जहा– पुरत्थिमेणं सोलससाहस्सीओ, पच्चत्थिमेणं सोलससाहस्सीओ, दाहिणेणं अट्ठसाहस्सीओ, उत्तरेणं अट्ठसाहस्सीओ । तासु णं मणोगुलियासु बहवे सुवण्णरूप्पमया फलगा पण्णत्ता । तेसु णं सुवण्णरूप्पमएसु फलगेसु बहवे वइरामया णागदंता पण्णत्ता । तेसु णं वइरामएसु णागदंतएसु किण्हसुत्तबद्धा वग्घारियमल्लदामकलावा** *जाव* **उवसोभेमाणा चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે સુધર્મા સભામાં પૂર્વ અને પશ્ચિમમાં સોળ-સોળ હજાર તથા દક્ષિણ અને ઉત્તર દિશામાં આઠ-આઠ હજાર, કુલ મળી અડતાલીસ હજાર મનોગુલિકાઓ–બેસવાના નાના ઓટલાઓ છે. તે મનોગુલિકાઓના પાટિયા સુવર્ણરજતમય છે અને તે પાટની ઉપર વજ્રમય નાગદંતાઓ(ખીંટીઓ) છે. તે વજ્રમય નાગદંતાઓ ઉપર કાળા સૂતરથી ગૂંથેલી લાંબી-લાંબી માળાઓ લટકી રહી છે. સંપૂર્ણ વર્ણન સૂર્યાભવિમાનના દ્વાર–વર્ણન(સૂત્ર–૯૮) પ્રમાણે સમજવું.

**ગોમાનસિકાઓ :–**

**१५३ सभाए णं सुहम्माए अडयालीसं गोमाणसियासाहस्सीओ पण्णत्ताओ, जहा मणोगुलिया** *जाव* **णागदंतया । तेसु णं णागदंतएसु बहवे रययामया सिक्कगा पण्णत्ता। तेसु णं रययामएसु सिक्कगेसु बहवे वेरुलियामइओ धूवघडियाओ पण्णत्ताओ । ताओ णं धूवघडियाओ कालागुरुपवर** *जाव* **चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે સુધર્માસભામાં અડતાલીસ હજાર(૪૮,૦૦૦) ગોમાનસિકાઓ– સુખે સુઈ શકાય તેવી શય્યાઓ છે. મનોગુલિકાઓથી નાગદંતા પર્યંતનું સર્વ વર્ણન પૂર્વવત્ સમજવું. તે ગોમાનસિકાઓની નાગદંતાઓ ઉપર રજતમય શીકા લટકે છે. તે રજતમય શીકાઓમાં વૈડૂર્યરત્નોથી નિર્મિત ધૂપઘટિકાઓ (ધૂપપાત્ર) છે. તે ધૂપપાત્રમાંથી સુગંધમય કાલાગુરુ આદિનો ધૂપ ચોમેર મહેકી રહ્યો છે.

**માણવક ચૈત્યસ્તંભ :–**

**१५४ सभाए णं सुहम्माए अंतो बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते** *जाव* **मणीहिं उवसोभिए मणिफासो य उल्लोयो य । तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए, एत्थ णं महेगा मणिपेढिया पण्णत्ता–सोलस जोयणाइं आयामविक्खंभेणं, अट्ठ जोयणाइं बाहल्लेणं, सव्वमणिमया** *जाव* **पडिरूवा ।**

**ભાવાર્થ :–** તે સુધર્મ સભામાં રમણીય એવો સમતલ ભૂમિભાગ છે. તેમાં મણિઓ જડેલા હોવાથી તે અત્યંત સુશોભિત લાગે છે. તે મણિઓના સ્પર્શાદિ વગેરે તેમજ ચંદરવા પર્યંતનું વર્ણન પૂર્વવત્ જાણવું.

તે સમતલભૂમિ ભાગની વચ્ચોવચ્ચ સોળ યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી, મણિમય, સ્વચ્છ અને રમણીય એવી એક મણિપીઠિકા છે.

**૧૫૫ तीसे णं मणिपेढियाए उवरिं, एत्थ णं माणवए चेइएखंभे पण्णत्ते– सट्ठिं जोयणाइं उड्ढं उच्चत्तेणं, जोयणं उव्वेहेणं, जोयणं विक्खंभेणं, अडयालीसंसिए, अडयालीसइ कोडीए अडयालीसइ विग्गहिए सेसं जहा महिंदज्झयस्स ।**

**माणवगस्स णं चेइयखंभस्स उवरिं बारस जोयणाइं ओगाहेत्ता, हेट्ठावि बारस जोयणाइं वज्जेत्ता, मज्झे छत्तीसए जोयणेसु, एत्थ णं बहवे सुवण्णरूप्पमया फलगा पण्णत्ता । तेसु णं सुवण्णरुप्पमएसु फलएसु बहवे वइरामया णागदंता पण्णत्ता । तेसु णं वइरामएसु णागदंतेसु बहवे रययामया सिक्कगा पण्णत्ता । तेसु णं रययामएसु सिक्कएसु बहवे वइरामया गोलवट्टसमुग्गया पण्णत्ता । तेसु णं वयरामएसु गोलवट्टसमुग्गएसु बहवे जिणसकहाओ संणिक्खित्ताओ चिट्ठंति । ताओ णं सूरियाभस्स देवस्स अण्णेसिं च बहूणं देवाण य देवीण य अच्चणिज्जाओ** *जाव* **पज्जुवासणिज्जाओ। माणवगस्स चेइयखंभस्स उवरिं अट्ठट्ठ मंगलगा, झया, छत्ताइच्छत्ता ।**

**ભાવાર્થ :–** તે મણિપીઠિકાની ઉપર એક માણવક નામનો ચૈત્યસ્તંભ છે. તે માણવક ચૈત્યસ્તંભ સાઠ યોજન ઊંચો, એક યોજન જમીનમાં ઊંડો, એક યોજન પહોળો તથા અડતાલીશ ખૂણાવાળો, અડતાળીશ ધાર(પાસા)વાળો છે. તેનું શેષ વર્ણન મહેન્દ્ર ધ્વજની સમાન છે.

તે ચૈત્યસ્તંભમાં ઉપર તથા નીચેના ૧૨-૧૨ યોજન છોડીને વચ્ચેના છત્રીસ યોજન જેટલા ભાગમાં અનેક સોના-રૂપાના પાટીયા છે. તે સોનારૂપાના પાટિયા ઉપર અનેક વજ્રમયી નાગદંતાઓ(ખીંટીઓ) છે અને વજ્રમયી નાગદંતાઓ ઉપર અનેક ચાંદીના શીકાઓ છે અને ચાંદીના તે શીકાઓમાં વજ્રમયી અનેક ગોળ ડબ્બીઓ છે અને તે ડબ્બીઓમાં અનેક જિનઅસ્થિઓ છે. સૂર્યાભદેવ અને બીજા અનેક દેવી-દેવીઓ માટે તે અર્ચનીય ***યાવત્*** પર્યુપાસનીય છે. માણવક નામના તે ચૈત્યસ્તંભ ઉપર આઠ-આઠ મંગલ, ધ્વજાઓ તથા છત્રાતિછત્ર શોભી રહ્યા છે.

**દેવ–શય્યા :–**

**૧૫૬ तस्स माणवगस्स चेइयखंभस्स पुरत्थिमेणं, एत्थ णं महेगा मणिपेढिया पण्णत्ता अट्ठ जोयणाइं आयमविक्खंभेणं, चत्तारि जोयणाइं बाहल्लेणं, सव्वमणिमई अच्छा** *जाव* **पडिरूवा। तीसे णं मणिपेढियाए उवरिं, एत्थ णं महेगे सीहासणे पण्णत्ते– सीहासणवण्णओ सपरिवारो।**

**ભાવાર્થ :–** તે માણવક નામના ચૈત્ય સ્તંભના પૂર્વ દિગ્ભાગમાં આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, સર્વ મણિમય, સ્વચ્છ ***યાવત્*** રમણીય એવી એક મોટી મણિપીઠિકા છે. તેના ઉપર પાદપીઠાદિ સહિત એક મોટું સિંહાસન છે. તે સિંહાસનનું વર્ણન પૂર્વવત્(વિમાનના સિંહાસન વર્ણનવત્) સમજવું.

**૧૫૭ तस्स णं माणवगस्स चेइयखंभस्स पच्चत्थिमेणं, एत्थ णं महेगा मणिपेढिया**

**पण्णत्ता–अट्ठ जोयणाइं आयामविक्खंभेणं, चत्तारि जोयणाइं बाहल्लेणं, सव्वमणिमया अच्छा** *जाव* **पडिरूवा। तीसे णं मणिपढियाए उवरिं, एत्थ णं महेगे देवसयणिज्जे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** તે માણવક નામના ચૈત્યસ્તંભના પશ્ચિમ દિગ્ભાગમાં આઠ યોજન લાંબી–પહોળી, ચાર યોજન જાડી, સર્વ મણિમય સ્વચ્છ ***યાવત્*** મનોહર એવી એક મોટી મણિપીઠિકા છે. તેના ઉપર એક મોટી, રમણીય દેવશય્યા છે.

**१५८ तस्स णं देवसयणिज्जस्स इमेयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– णाणामणिमया पडिपाया, सोवण्णिया पाया, णाणामणिमयाइं पायसीसगाइं, जंबूणयामयाइं गत्तगाइं, वइरामया संधी, णाणामणिमए विच्चे, रययामई तूली, लोहियक्खमया बिब्बोयणा, तवणिज्जयमया गंडोवहाणया।**

**से णं सयणिज्जे सालिंगणवट्टिए उभओ बिब्बोयणं दुहओ उण्णत्ते, मज्झे णयगंभीरे गंगापुलिणवालुया उद्दालसालिसए, सुविरइयरयत्ताणे ओयवियखोमदुगुल्लपट्ट-पडिच्छायणे रत्तंसुयसंबुए सुरम्मे आईणग-रूय-बूर- णवणीय-तूलफासे** *जाव* **पडिरूवे।**

**ભાવાર્થ :–** તે દેવશય્યાનું વર્ણન આ પ્રમાણે છે– તે દેવશય્યાના પડવાયા(પાયા નીચે મૂકાતો લાકડાનો ટુકડો) સોનાના, પાયા મણિના અને પાયાના કાંગરા અનેક પ્રકારના મણિઓના છે. તેના ગાત્ર(ઈસો–પાયાને જોડતા લાંબા લાકડા અને ઉપળા– માથા કે પાંગત પાસેના લાકડા) જંબૂનદમય(લાલ) સુવર્ણના છે. તેની સાંધ વજરત્નમય છે. તેના વાણ(ઢોલિયો ભરવામાં વપરાતી પાટી) વિવિધ મણિમય, તળાઈ–ગાદલું, રજતમય, ઓશિકા લોહિતાક્ષ રત્નના અને ગંડોપધાનિકા–તકિયા તપનીય સુવર્ણના છે.

તે દેવશય્યા બંને બાજુ આલંબનયુક્ત છે. તેમાં ગાદલા છે. બંને બાજુ તકિયા રાખેલા હોવાથી તે દેવશય્યા બંને બાજુથી ઊંચી અને વચ્ચેથી ઢળતી, ઊંડી છે. જેમ ગંગા કિનારાની રેતીમાં પગ મૂકતા પગ અંદર સરકી જાય તેમ આ દેવશય્યામાં બેસતા, તે નીચે નમી જાય તેવી છે. તે ગાદલા ઉપર રજસ્ત્રાણ– ઓછાડ છે. તેના ઉપર ક્ષોમદુકૂળ(રૂ અને રેશમ આદિથી મિશ્રિત ચાદર) બિછાવેલી છે, તે રક્તાંશુક– લાલસૂતથી ઢંકાયેલી છે, તેનો સ્પર્શ– ચર્મ, રૂ, બૂર, માખણ અને આકડાના રૂ જેવો સુકોમળ છે ***યાવત્*** મનોહર છે.

**સુધર્મા સભાનું શસ્ત્રાગાર :–**

**१५९ तस्स णं देवसयणिज्जस्स उत्तरपुरत्थिमेणं महेगा मणिपेढिया पण्णत्ता–अट्ठ जोयणाइं आयामविक्खंभेण, चत्तारि जोयणाइं बाहल्लेणं, सव्वमणिमया** *जाव* **पडिरूवा।**

**तीसे णं मणिपेढियाए उवरिं, एत्थ णं महेगे खुड्डए महिंदज्झए पण्णत्ते– सट्ठिं जोयणाइं उड्ढं उच्चत्तेणं, अद्धकोसं उव्वेहेणं, अद्धकोसं विक्खंभेण वइरामया वट्टलट्ठसंठिय- सुसिलिट्ठ** *जाव* **पडिरूवा । उवरिं अट्ठट्ठ मंगलगा, झया छत्ताइछत्ता ।**

**ભાવાર્થ :–** તે દેવશય્યાના ઈશાન ખૂણાના દિગ્ભાગમાં આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, મણિમય, રમણીય એવી એક મોટી મણિપીઠિકા છે.

તે મણિપીઠિકા ઉપર સાઠ યોજન ઊંચો અર્ધગાઉ ઊંડો અને અર્ધગાઉ પહોળો એક વિશાળ ક્ષુલ્લક માહેન્દ્ર ધ્વજ લહેરાઈ રહ્યો છે. તે ધ્વજ વજ્રમય ગોળ, લીસા, કમનીય, મુલાયમ, ચકચકતા દંડ ઉપર સુપ્રતિષ્ઠિત ***યાવત્*** અત્યંત મનોહર છે. તે ક્ષુલ્લક માહેન્દ્ર ધ્વજની ઉપર અષ્ટ મંગલ, અન્ય ધ્વજા તથા છત્રાતિછત્ર સુશોભિત લાગે છે.

**૧૬૦ तस्स णं खुड्डागमहिंदज्झयस्स पच्चत्थिमेणं, एत्थं णं सूरियाभस्स देवस्स महं एगे चोप्पाले णाम पहरणकोसे पण्णत्ते– सव्ववइरामए अच्छे** *जाव* **पडिरूवे । तत्थ णं सूरियाभस्स देवस्स फलिहरयण-खग्ग-गया-धणुप्पमुहा बहवे पहरणरयणा संणिक्खित्ता चिट्ठंति–उज्जला, णिसिया, सुतिक्खधारा** *जाव* **पडिरूवा । सभाए णं सुहम्माए उवरिं अट्ठट्ठमंगलगा झया छत्ताइछत्ता ।**

**ભાવાર્થ :–** તે નાના માહેન્દ્ર ધ્વજના પશ્ચિમ દિગ્ભાગમાં સૂર્યાભદેવનો 'ચોપ્પાળ' નામનો એક મોટો પ્રહરણકોશ–શસ્ત્ર ભંડાર છે. તે સર્વ રત્નમય છે તથા રમણીય છે. તે શસ્ત્ર ભંડારમાં રત્નની તલવારો, ગદાઓ, ધનુષ્ય-બાણો વગેરે અસ્ત્ર-શસ્ત્રો સંગૃહિત છે. સુરક્ષિત રાખવામાં આવેલા સૂર્યાભદેવના આ અસ્ત્ર-શસ્ત્રો ઉજ્જવળ, પાણીદાર, ધારદાર, ચમકીલા અને વિશેષ તેજવાળા છે. સુધર્મા સભાનો ઉપરીભાગ અષ્ટ મંગલ, ધ્વજા, છત્રાતિછત્રથી સુશોભિત છે.

**સિદ્ધાયતન :–**

**૧૬૧ सभाए णं सुहम्माए उत्तरपुरत्थिमेणं एत्थ णं महेगे सिद्धायतणे पण्णत्ते एगं जोयणसयं आयामेणं पण्णासं जोयणाइं विक्खंभेणं, बावत्तरिं जोयणाइं उड्ढं उच्चत्तेणं, सभागमएणं** *जाव* **गोमाणसियाओ, भूमिभागा, उल्लोया तहेव ।**

**ભાવાર્થ :–** તે સુધર્મા સભાના ઈશાન કોણમાં સો યોજન લાંબુ, પચાસ યોજન પહોળું, બોંતેર યોજન ઊંચું એવું એક સિદ્ધાયતન છે. આ સિદ્ધાયતનની સંપૂર્ણ શોભા સુધર્મા સભા જેવી જ સમજવી. તે સિદ્ધાયતનની ગોમાનસિકાઓ, તેનો ભૂમિભાગ તથા ચંદરવા આદિનું વર્ણન સુધર્મસભાની સમાન જ છે અર્થાત્ સુધર્માસભાની જેમજ પૂર્વ, દક્ષિણ, ઉત્તર ત્રણ દિશામાં ત્રણ દ્વાર, પ્રત્યેક દ્વારની આગળ ક્રમશઃ મુખમંડપ, પ્રેક્ષાગૃહમંડપ, ચૈત્યસ્તૂપ, ચૈત્યવૃક્ષ, માહેન્દ્રધ્વજ, નંદાપુષ્કરિણી, મનોગુલિકાઓ અને ગોમાનસિકાઓ છે.

[*तस्स णं सिद्धायतणस्स बहुमज्झदेसभाए एत्थ णं महेगा मणिपेढिया पण्णत्ता– सोलस जोयणाइं आयामविक्खंभेणं अट्ठ जोयणाइं बाहल्लेणं । तीसे णं मणिपेढियाए उवरिं एत्थ णं महेगे देवच्छंदए पण्णत्ते– सोलस जोयणाइं आयामविक्खंभेणं, साइरेगाइं सोलस जोयणाइं उड्ढं उच्चत्तेणं, सव्वरयणामए जाव पडिरूवे। एत्थ णं अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं सण्णिक्खित्तं संचिट्ठइ ।*

*तासि णं जिणपडिमाणं इमेयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– तवणिज्जमया हत्थतलपायतला, अंकामयाइं णक्खाइं अंतोलोहियक्खपडिसेगाइं कणगामईओ जंघाओ, कणगामया जाणू, कणगामया उरू, कणगामईओ गायलट्ठीओ, तवणिज्जमयाओ णाभीओ,*

*रिट्ठामईओ रोमराईओ, तवणिज्जमया चुचुया, तवणिज्जमया सिरिवच्छा सिलप्पवालमया ओट्ठा, फालियामया दंता, तवणिज्जमईओ जीहाओ, तवणिज्जमया तालुया, कणगामईओ णासिगाओ अंतोलोहियक्खपडिसेगाओ, अंकामयाणि अच्छीणि अंतोलोहियक्ख- पडिसेगाणि रिट्ठामईओ ताराओ रिट्ठामयाणि अच्छिपत्ताणि, रिट्ठामईओ भमुहाओ, कणगामया कवोला, कणगामया सवणा, कणगामईओ णिडालपट्टियाओ, वइरामईओ सीसघडीओ, तवणिज्जमईओ केसंतकेसभूमिओ, रिट्ठामया उवरिमुद्धया।*

*तासि णं जिणपडिमाणं पिट्ठओ पत्तेयं-पत्तेयं छत्तधारगपडिमाओ पण्णत्ताओ । ताओ णं छत्तधारगपडिमाओ हिम-रयय-कुंदेंदुप्पगासाइं, सकोरंट-मल्लदामधवलाइं आयवत्ताइं सलीलं धारेमाणीओ धारेमाणीओ चिट्ठंति ।*

*तासि णं जिणपडिमाणं उभओ पासे पत्तेयं पत्तेयं चामरधारग पडिमाओ पण्णत्ताओ । ताओ णं चामर धारग पडिमाओ चंदप्पहवइरवेरुलिय-णाणामणिरयण-खचियचित्तदंडाओ सुहमरयय-दीहवालाओ संखंककुंद-दगरय-अमयमहिय-फेणपुंज-सण्णिकासाओ धवलाओ चामराओ सलीलं धारेमाणीओ चिट्ठंति।*

*तासि णं जिणपडिमाणं पुरओ दो-दो णागपडिमाओ जक्खपडिमाओ, भूयपडिमाओ, कुंडधारपडिमाओ सव्वरयणामईओ अच्छाओ* ***जाव*** *चिट्ठंति ।*

*तासि णं जिणपडिमाणं पुरओ अट्ठसयं घंटाणं, अट्ठसयं चंदणकलसाणं, अट्ठसयं भिंगाराणं एवं आयंसाणं, थालाणं, पाईणं, सुपइट्ठाणं, मणोगुलियाणं वायकरगाणं, चित्तगराणं रयणकरंडगाणं, हयकंठाणं* ***जाव*** *अंजणसमुग्गाणं अट्ठसयं झयाणं, अट्ठसयं धूवकडुच्छुयाणं सण्णिक्खित्तं चिट्ठंति । तस्स णं सिद्धायतणस्स उवरिं अट्ठट्ठमंगलया झया छत्ताइच्छत्ता वण्णओ ।]*

*(તે સિદ્ધાયતનની બરોબર મધ્યમાં સોળ યોજન લાંબી-પહોળી અને આઠ યોજન જાડી એક વિશાળ મણિપીઠિકા(ઓટલો) છે. તે મણિપીઠિકા ઉપર સોળ યોજન લાંબુ-પહોળું અને સાધિક સોળ યોજન ઊંચું, સંપૂર્ણપણે મણિમય* ***યાવત્*** *મનોહર દેવચ્છંદક(આસન વિશેષ) છે. તેના ઉપર જિનની અવગાહના(ઊંચાઈ) જેટલી અવગાહનાવાળી ૧૦૮ જિનપ્રતિમાઓ સ્થાપિત છે.*

*તે જિનપ્રતિમાઓનું વર્ણન આ પ્રમાણે છે– તે પ્રતિમાઓની હથેળીઓ અને પગના તળિયાં તપનીય(લાલીમાયુક્ત) સુવર્ણના છે; નખ લોહિતાક્ષરત્ન જડેલ અંક રત્નમય છે; જાંઘ, ઘૂંટણ, પિંડી અને દેહલતા–શરીર કનકમય છે; નાભિ તપનીય સુવર્ણમય; રોમરાઈ રિષ્ટ રત્નમય; ચુચુક(સ્તનની ડીંટડી) અને શ્રીવત્સ(વક્ષઃસ્થલ પરનું ચિહ્ન) તપનીય સુવર્ણમય છે; હોઠ પ્રવાલમય(મૂંગા) છે; દંતપંક્તિ સ્ફટિકમય; જીભ અને તાળવું તપનીય સુવર્ણમય છે; નાસિકા લોહિતાક્ષરત્ન જડેલા સુવર્ણમય છે; આંખ લોહિતાક્ષ રત્ન જડેલ અંકરત્નમય; કીકી, પાંપણ અને ભ્રમર(નેણ) રિષ્ટરત્નમય; ગાલ, કાન અને કપાળ કનકમય છે; શીર્ષઘટિકા(ખોપરી) વજ્રરત્નમય; કેશાંત અર્થાત્ કેશનો મૂળભાગ(વાળ ઊગે છે તે ત્વચા) તપનીય સુવર્ણમય અને કેશ રિષ્ટ રત્નમય છે.*

*તે પ્રત્યેક જિન પ્રતિમાઓની પાછળ એક-એક છત્રધારી પ્રતિમા છે. હિમ, ચાંદી, કુંદપુષ્પ અને ચંદ્ર જેવી પ્રભાવાળા, કોરંટ પુષ્પની માળાઓથી યુક્ત, શ્વેત છત્રોને હાથમાં ધારણ કરી, લીલાપૂર્વક તે છત્રધારી પ્રતિમાઓ ઊભી છે.*

*તે પ્રત્યેક જિનપ્રતિમાઓની બંને બાજુએ એક-એક ચામરધારી પ્રતિમાઓ છે. પોત-પોતાના હાથમાં વિવિધ મણિરત્નોથી ખચિત ચંદ્રકાંત, વજ્ર અને વૈડુર્ય મણિઓની ડાંડીવાળા; રજત જેવા શ્વેત, પાતળા લાંબાવાળવાળા; અંકરત્ન, કુંદપુષ્પ, જલબિન્દુ, રજત અને મંથન કરવાથી ઉત્પન્ન અમૃતના ફીણ જેવા શ્વેત ચામરોને ધારણ કરી અને લીલાપૂર્વક વીંજતી તે ચામરધારી પ્રતિમાઓ ઊભી છે.*

*તે જિનપ્રતિમાઓની આગળ સર્વ રત્નમયી, નિર્મળ **યાવત્** મનોહર બે-બે નાગપ્રતિમાઓ, બે-બે યક્ષ પ્રતિમાઓ, બે-બે ભૂત પ્રતિમાઓ અને બે-બે કુંડ(પાત્ર વિશેષ) ધારક પ્રતિમાઓ ઊભી છે.*

*તે જિનપ્રતિમાઓની આગળ એકસો આઠ-એકસો આઠ ઘંટાઓ, ચંદનકળશો, ભૃગાંરો, દર્પણો, થાળો, પાત્રો, સુપ્રતિષ્ઠાનો, મનોગુલિકાઓ, વાતકારકો, ચિત્રકારકો, રત્નકરંડિયાઓ, અશ્વકંઠોથી વૃષભકંઠો સુધીના કંઠ સુધીના ચહેરાઓ, પુષ્પ ચંગેરીથી મોરપીંછ ચંગેરી સુધીની છાબડીઓ, પુષ્પપટલો, તેલ સમુદ્ગ(તેલનાપાત્ર)થી અંજન સમુદ્ગ સુધીના પાત્ર વિશેષો, એકસો આઠ ધ્વજાઓ, એકસો આઠ ધૂપદાનીઓ છે. સિદ્ધાયતનની ઉપરનો ભાગ આઠ-આઠ મંગલ, ધ્વજા અને છત્રાતિછત્રથી શોભિત છે.*

***નોંધ :–*** *કેટલાક કારણોસર આ પાઠ પ્રક્ષિપ્ત હોય તેમ જણાય છે. યથા– (૧) પ્રતિમામાં કે ચિત્રમાં શરીરની બહાર દેખાતા ભાગોનું જ વર્ણન હોય. પ્રતિમામાં જીભ, તાળવું, દાંત, ખોપડી વગેરે અવયવો સંભવિત નથી. પ્રસ્તુત પાઠમાં જિનપ્રતિમાનાં નહીં દેખાતાં જીભ, તાળવું, દાંત વગેરે અંગોનું વર્ણન છે. (૨) ઔપપાતિકાદિ આગમ સૂત્રોમાં જ્યાં જિનેશ્વર ભગવાનના દેહનું વર્ણન છે ત્યાં તે વર્ણનમસ્તકથી શરૂ થાય છે. પ્રસ્તુતમાં જિનપ્રતિમાના વર્ણનમાં પગથી શરૂ થતું વર્ણન છે. આવી વર્ણન પદ્ધતિ કામદેવાદિના વર્ણનમાં જોવા મળે છે. (૩) ભવનપતિ જાતિના નાગદેવ અને વ્યંતર જાતિના યક્ષદેવ કરતાં વૈમાનિક જાતિના સૂર્યાભદેવ અને સૂર્યાભવિમાનવાસી અન્ય દેવો મહર્દ્ધિક છે. મહર્દ્ધિક દેવોના વિમાનમાં અલ્પર્દ્ધિક નાગદેવની પ્રતિમા અસ્થાનીય છે. વળી જિનપ્રતિમાની આગળ વૈમાનિકદેવો, નાગ, યક્ષ પ્રતિમા શા માટે મૂકે ? તેનો કોઈ ઉત્તર નથી. (૪) કામવિજેતા જિનેશ્વર ભગવાનની પ્રતિમા આગળ તેલના પાત્ર, હીંગળો, સુગંધી ચૂર્ણ વગેરે કામવર્ધક, કામપોષક દ્રવ્યોના પાત્ર અનુચિત જણાય છે. (૫) જિનપડિમાઓ ૧૦૮ની સંખ્યામાં હોવાનો કોઈ મેળ થતો નથી. લોકમાં ઉત્કૃષ્ટ તીર્થંકર ૧૬૦ કે ૧૭૦ હોય છે. ભરત-એરવત ક્ષેત્રમાં તીર્થંકર ૨૪–૨૪ હોય છે. (૬) જિનેશ્વર દેવના વર્ણનમાં ચુચુક(સ્તનની ડીંટડી)નું કથન નથી. પ્રસ્તુતમાં તેનું કથન છે. (૭) જિનપ્રતિમાની આગળ સ્થિત ઘટ કળશ વગેરેની વચન વિભક્તિમાં પણ તફાવત છે. બહુવચનના બદલે એકવચનનો **(चिट्ठइ)** વગેરે પ્રયોગ છે. તે જ રીતે **घंटाणं, कलसाणं** વગેરે શબ્દોમાં પ્રથમ વિભક્તિના બદલે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ છે તે પણ સંગત નથી.*

*ઉપરોક્ત કારણોનો વિચાર કરતાં આ પાઠ પાછળથી ઉમેરવામાં આવ્યો હોય, તેમ જણાય છે. તેથી આ પાઠને કૌંસમાં રાખ્યો છે.)*

**ઉપપાત સભા :–**

**१६२ तस्स णं सिद्धायतणस्स उत्तरपुरत्थिमेणं, एत्थ णं महेगा उववायसभा पण्णत्ता, जहा सुभाए सुहम्माए तहेव** *जाव* **मणिपेढिया अट्ठ जोयणाइं, देवसयणिज्जं तहेव सयणिज्ज- वण्णओ, अट्ठट्ठ मंगलगा, झया, छत्ताइछत्ता ।**

**ભાવાર્થ :–** તે સિદ્ધાયતનના ઈશાનકોણમાં સુધર્માસભા જેવી જ એક વિશાળ ઉપપાત સભા છે. તે ઉપપાત સભાની વચ્ચોવચ્ચ આઠ યોજન લાંબી-પહોળી એક મણિપીઠિકા છે. સુધર્મા સભાની દેવશય્યા જેવી જ અહીં

દેવશય્યા છે ***યાવત્*** તે ઉપપાત સભાનો ઉપરનો ભાગ આઠ-આઠ મંગલ, ધ્વજા, છત્રાતિછત્રથી શોભી રહ્યો છે.

**१६३ तीसे णं उववयासभाए उत्तरपुरत्थिमेणं, एत्थ णं महेगे हरए पण्णत्ते– एगं जोयणसयं आयामेणं, पण्णासं जोयणाइं विक्खंभेणं दस जोयणाइं उव्वेहेणं, तहेव । से णं हरए णगाए पउमवरवेइयाए एगेण वणसंडेण सव्वओ समंता संपरिक्खित्ते । तस्स णं हरयस्स तिदिसं तिसोवाणपडिरूवगा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તે ઉપપાત સભાના ઈશાનકોણમાં સો યોજન લાંબો, પચાસ યોજન પહોળો અને દસ યોજન ઊંડો એક ધરો(હ્રદ) છે. તેનું વર્ણન પૂર્વવત્ જાણવું. તે હ્રદ ચારે બાજુથી એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ઘેરાયેલો છે. તે હ્રદની ત્રણે દિશામાં મનોહર એવી ત્રિસોપાન શ્રેણી છે.

**અભિષેક સભા :–**

**१६४ तस्सं णं हरयस्स उत्तरपुरत्थिमेणं एत्थ णं महेगा अभिसेगसभा पण्णत्ता । सुहम्मागमएणं** *जाव* **गोमाणसियाओ । मणिपेढिया सीहासणं सपरिवारं** *जाव* **दामा चिट्ठंति । तत्थ णं सूरियाभस्स देवस्स सुबहु अभिसेयभंडे संणिक्खित्ते चिट्ठइ । अट्ठट्ठ मंगलगा तहेव ।**

**ભાવાર્થ :–** તે હ્રદના ઈશાનકોણમાં સુધર્મા સભા જેવી જ એક વિશાળ અભિષેક સભા છે. સુધર્માસભાની જેમ જ આ અભિષેક સભાનું વર્ણન છે, જેમાં ગોમાનસિકાઓ, મણિપીઠિકા અને સપરિવાર સિંહાસન છે ***યાવત્*** મોતીઓની માળાઓ લટકી રહી છે. તેમાં કળશ આદિ અનેક પ્રકારની અભિષેક સામગ્રી હોય છે. તે અભિષેક સભાનો ઉપરી ભાગ આઠ-આઠ મંગલ, ધ્વજાઓ અને છત્રાતિછત્રથી સુશોભિત છે.

**અલંકારસભા :–**

**१६५ तीसे णं अभिसेगसभाए उत्तरपुरत्थिमेणं, एत्थ णं महेगा अलंकारियसभा पण्णत्ता । जहा सभा सुहम्मा मणिपेढिया अट्ठ जोयणाइं, सीहासणं सपरिवारं । तत्थ णं सूरियाभस्स देवस्स सुबहु अलंकारियभंडे संणिक्खित्ते चिट्ठंति । सेसं तहेव ।**

**ભાવાર્થ :–** તે અભિષેક સભાના ઈશાનકોણમાં સુધર્માસભા જેવી જ એક અલંકારસભા છે. સુધર્માસભાની જેમ જ તે અલંકારસભાની વચ્ચોવચ મણિપીઠિકા છે, ત્યાં સપરિવાર સિંહાસનો સ્થિત છે. તે અલંકાર સભામાં સૂર્યાભદેવના અલંકારની સામગ્રી–આભૂષણાદિ હોય છે.

**વ્યવસાયસભા :–**

**१६६ तीसे णं अलंकारियसभाए उत्तरपुरत्थिमेणं, एत्थ णं महेगा ववसायसभा पण्णत्ता। जहा उववायसभा** *जाव* **मणिपेढिया सीहासणं सपरिवारं सेसं तहेव ।**

**ભાવાર્થ :–** તે અલંકારસભાના ઈશાનકોણમાં સુધર્માસભા જેવી જ મણિપીઠિકા, સપરિવાર સિંહાસનાદિથી યુક્ત એક વિશાળ વ્યવસાયસભા છે.

**१६७ तत्थ णं सूरियाभस्स देवस्स, एत्थ महेगे पोत्थयरयणे सण्णिक्खित्ते चिट्ठइ । तस्स णं पोत्थयरयणस्स इमेयारूवे वण्णावासे पण्णत्ते, तं जहा– रयणामयाइं पत्तगाइं रिट्ठमईओ कंबिआओ, तवणिज्जमए दोरे, णाणामणिमए गंठी, वेरुलियमए लिप्पासणे, रिट्ठामए छंदणे, तवणिज्जमई संकला, रिट्ठामई मसी, वइरामई लेहणी, रिट्ठामयाइं अक्खराइं, धम्मिए लेक्खे । ववसायसभाए णं उवरिं अट्ठट्ठमंगलगा । तीसे णं ववसायसभाए उत्तर- पुरत्थिमेणं, एत्थ णं णंदा पुक्खरिणी पण्णत्ता हरयसरिसा। तीसे णं णंदाए पुक्खरिणीए उत्तरपुरत्थिमेणं महेगे बलिपीढे पण्णत्ते सव्वरयणामए अच्छे** *जाव* **पडिरूवे ।**

**ભાવાર્થ :–** તે વ્યવસાય સભામાં સૂર્યાભદેવનું એક મોટું પુસ્તક રત્ન છે. તે પુસ્તક રત્નનું વર્ણન આ પ્રમાણે છે– તે પુસ્તકના પાના રત્નમય છે, પૂંઠા રિષ્ટ રત્નમય છે, દોરા સુવર્ણમય છે, વિવિધ મણિમય ગાંઠો છે, વૈડુર્ય રત્નમય ખડિયો છે, રિષ્ટ રત્નમય તેનું ઢાંકણું છે, તપનીય સુવર્ણની તેની શ્રૃંખલા(સાંકળ) છે, રિષ્ટ રત્નમયી શાહી છે, વજ્રરત્નની કલમ છે અને રિષ્ટ રત્નમય અક્ષરો છે. તેમાં ધાર્મિક લેખ લખેલા છે. તે વ્યવસાયસભાનો ઉપરી ભાગ આઠ-આઠ મંગલાદિથી શોભી રહ્યો છે. તે વ્યવસાય સભાના ઈશાનકોણમાં ઉપપાત સભાના હ્રદ જેવી એક **નંદાપુષ્કરિણી** છે. તે નંદાપુષ્કરિણીના ઈશાનકોણમાં સંપૂર્ણ રત્નમય તથા રમણીય એવી એક વિશાળ **બલિપીઠ**(આસન વિશેષ) છે.

**સૂર્યાભદેવની દેવરૂપે ઉત્પત્તિ :–**

**१६८ तेणं कालेणं तेणं समएणं सूरियाभे देवे सूरियाभे विमाणे उववायसभाए देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखेज्जइभागमेत्तीए ओगाहणाए उववण्णे । तए णं से सूरियाभे देवे अहुणोववण्णमित्तए चेव समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छइ, तं जहा– आहारपज्जत्तीए सरीरपज्जत्तीए इंदियपज्जत्तीए आणपाणपज्जत्तीए भासमणपज्जत्तीए ।**

**ભાવાર્થ :–** તે કાળે ચોથાઆરાના અંતિમકાળમાં, તે સમયે–સૂર્યાભદેવના ઉપપાત–ઉત્પત્તિ સમયે સૂર્યાભવિમાનની ઉપપાતસભાની દેવદૂષ્યથી ઢંકાયેલી દેવશય્યામાં સૂર્યાભદેવ અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાએ ઉત્પન્ન થયા. ત્યાર પછી તત્કાલ ઉત્પન્ન થયેલા સૂર્યાભદેવ (૧) આહાર પર્યાપ્તિ (૨) શરીર પર્યાપ્તિ (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અને (૫) ભાષા–મન પર્યાપ્તિ, આ પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત ભાવને પ્રાપ્ત થયા.

**વિવેચન :–**

**पंचविहाए पज्जत्तीए :–** પાંચ પ્રકારની પર્યાપ્તિ. જીવની આહારાદિ ગ્રહણ કરવાની અને તે તે રૂપે પરિણત કરવાની શક્તિને પર્યાપ્તિ કહે છે. પર્યાપ્તિ છ છે. કોઈ પણ યોનિ–ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થયેલો જીવ અંતર્મુહૂર્તમાં સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરે છે અર્થાત્ આહારાદિ ગ્રહણ–પરિણત કરવાની શક્તિથી પરિપૂર્ણ થઈ જાય છે. તે છ પર્યાપ્તિ આ પ્રમાણે છે– (૧) આહારના પુદ્ગલો અર્થાત્ શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાની અને તે રૂપે પરિણમાવવાની શક્તિને આહાર પર્યાપ્તિ કહે છે. (૨)

ગ્રહણ કરેલા આહારને શરીરરૂપે પરિણત કરવાની શક્તિને શરીર પર્યાપ્તિ કહે છે. (૩) શરીરરૂપે પરિણત થયેલા પુદ્ગલોને ઇન્દ્રિયરૂપે પરિણત કરવાની શક્તિને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે. (૪) શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી શ્વાસરૂપે પરિણત કરવાની શક્તિને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહે છે. (૫) ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી, ભાષારૂપે પરિણમાવી ભાષારૂપે મૂકવા અર્થાત્ બોલવાની શક્તિને ભાષા પર્યાપ્તિ કહે છે. (૬) મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી, મનરૂપે પરિણમાવી વિચાર કરવાની શક્તિને મનપર્યાપ્તિ કહે છે. તત્કાલ ઉત્પન્ન થયેલો જીવ આ છ પ્રકારની શક્તિમાંથી સ્વયોગ્ય શક્તિઓને પૂર્ણપણે મેળવી લે ત્યારે તે પર્યાપ્ત કહેવાય છે.

દેવો ભાષા પર્યાપ્તિ અને મનપર્યાપ્તિને એક સાથે પૂર્ણ કરે છે. આ બંને પ્રકારની શક્તિ એક સાથે પ્રાપ્ત થતી હોવાથી આગમોમાં દેવો માટે પાંચ પર્યાપ્તિઓનું વિધાન છે.

**કૃત્ય વિચાર : કૃત્ય સંકેત :–**

**૧૬૯ तए णं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गयस्स समाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुपज्जित्था– किं मे पुव्विं करणिज्जं? किं मे पच्छा करणिज्जं ? किं मे पुव्विं सेयं ? किं मे पच्छा सेयं ? किं मे पुव्विं पि पच्छा वि हियाए सुहाए खमाए णिस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત બનેલા તે સૂર્યાભદેવને આંતરિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત વિચાર ઉત્પન્ન થયો કે અહીં મારું પ્રથમ કર્તવ્ય-કાર્ય શું હશે ?ત્યાર પછી મારે નિરંતર શું કરવાનું હશે ? પહેલાં અને પછી મારા માટે શું કરવું શ્રેયકારી થશે ? પહેલાં કે પછી કયુ કાર્ય મારા માટે હિતકારી, સુખકારી, ક્ષેમકારી, કલ્યાણકારી અને પરંપરાએ શુભાનુબંધકારી થશે ?

**૧૭૦ तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववण्णगा देवा सूरियाभस्स देवस्स इमेयारूवं अज्झत्थियं चिंतियं पत्थियं मणोगय-संकप्पं समुप्पण्णं समभिजाणित्ता जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति, वद्धावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पियाणं सूरियाभे विमाणे** *[सिद्धायतणंसि जिणपडिमाणं जिणुस्सेहपमाणमेत्ताणं अट्ठसयं सण्णि-खित्तं चिट्ठंति;]* **सभाए णं सुहम्माए माणवए चेइए खंभे, वइरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणसकहाओ सण्णिखित्ताओ चिट्ठंति; ताओ णं देवाणुप्पियाणं अण्णेसिं च बहूणं वेमाणियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ वंदणिज्जाओ पूयणिज्जाओ माणणिज्जाओ सक्कारणिज्जाओ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जाओ । तं एयण्णं देवाणुप्पियाणं पुव्विं करणिज्जं, तं एयण्णं देवाणुप्पियाणं पच्छा करणिज्जं, तं एयण्णं देवाणुप्पियाणं पुव्विं सेयं, तं एयण्णं देवाणुप्पियाणं पच्छा सेयं, तं एयण्णं देवाणुप्पियाणं पुव्विं पि पच्छा वि हियाए सुहाए खमाए निस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ ।**

**ભાવાર્થ :–** સૂર્યાભદેવે આ પ્રમાણે વિચાર કર્યો, ત્યાં તુરત જ તેમની સામાનિક સભાના દેવો, તેમના

મનોગત વિચારોને જાણીને તેમની સેવામાં હાજર થયા અને હાથ જોડી આવર્તનપૂર્વક અંજલીને મસ્તક પર સ્થાપીને, "જયથાઓ-વિજય થાઓ", આ શબ્દોથી અભિવાદન કરીને સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય ! આપના આ સૂર્યાભવિમાનના***(સિદ્ધાયતનમાં જિનની ઊંચાઈ જેટલી ઊંચી એવી એકસોઆઠ જિનપ્રતિમાઓ બિરાજીત છે)*** સુધર્માસભાના માણવકચૈત્ય સ્તંભ ઉપર વજ્રમય ગોળ ડબ્બીમાં જિનના અસ્થિઓ રાખેલા છે. તે આપને માટે અને અમારા સહુ માટે અર્ચનીય તથા ઉપાસનીય છે. તેની પર્યુપાસના કરવી, તે આપ દેવાનુપ્રિયનું પ્રથમ કર્તવ્ય છે. પછી પણ નિરંતર કરવા યોગ્ય તે જ કાર્ય છે. પહેલા કે પછી તે જ કાર્ય આપ દેવાનુપ્રિય માટે શ્રેયકારી છે. પહેલા કે પછી તે જ કાર્ય આપ દેવાનુપ્રિય માટે હિતકારી, સુખકારી, ક્ષેમકારી, કલ્યાણકારી અને પરંપરાએ શુભબંધાનુકારી છે.

**१७१ तए णं से सूरियाभे देवे तेसिं सामाणियपरिसोववण्णगाणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतट्ठ चित्तमाणंदिए पीइमणे परसोमणस्सिए हरिसवस-विसप्पमाण हियए सयणिज्जाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता उववायसभाओ पुरत्थिमिल्लेणं दारेणं निग्गच्छइ, णिगच्छित्ता जेणेव हरए तेणेव उवागच्छइ, उवागच्छित्ता हरयं अणुपयाहिणीकरेमाणे पुरत्थिमिल्लेणं तोरणेणं अणुपविसइ, अणुपविसित्ता पुरत्थिमिल्लेणं तिसोवाण-पडिरूवएणं पच्चोरुहइ, पच्चोरुहित्ता जलावगाहं करेइ, करेत्ता जलमज्जणं करेइ, करेत्ता जलकिड्डं करेइ, करेत्ता जलाभिसेयं करेइ, करेत्ता आयंते चोक्खे परमसूईभूए हरयाओ पच्चोत्तरित्ता जेणेव अभिसेयसभा तेणेव उवागच्छइ, उवागच्छित्ता अभिसेयसभं अणुपयाहिणीकरेमाणे पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ, अणुपविसित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવ તે સામાનિક પરિષદના દેવો પાસેથી પોતાના કૃત્ય વિષયક સૂચના સાંભળીને હર્ષિત, સંતુષ્ટિ અને પ્રફુલ્લિત હૃદયવાળા થઈ દેવશય્યા પરથી ઊભા થયા અને ઉપપાત સભાના પૂર્વી દ્વારથી બહાર નીકળી હૃદ પાસે આવીને, હૃદને પ્રદક્ષિણા ફરીને, પૂર્વી તોરણમાં પ્રવેશીને પૂર્વી ત્રિસોપાન સીડી દ્વારા હૃદમાં ઉતર્યા, પાણીમાં ડૂબકીમારીને સ્નાન કર્યું, જલક્રીડા કરી, અત્યંત સ્વચ્છ, પરમ શૂચિભૂત થઈને હૃદમાંથી બહાર નીકળી, અભિષેક સભા સમીપે આવ્યા. ત્યારપછી અભિષેક સભાને પ્રદક્ષિણા કરતાં તેના પૂર્વી દ્વારથી પ્રવેશ કરી ત્યાં રહેલા શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠા.

**સૂર્યાભદેવનો જન્માભિષેક : ઇન્દ્રાભિષેક :–**

**१७२ तए णं सूरियाभस्स देवस्स सामाणियपरिसोवण्णगा देवा आभिओगिए देवे सद्दावेंति, सद्दावेत्ता एवं वयासी– खिप्पामेव भो ! देवाणुप्पिया ! सूरियाभस्स देवस्स महत्थं महग्घं महरिहं विउलं इंदाभिसेयं उवट्ठवेह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવના સામાનિક પરિષદના દેવોએ આભિયોગિક(કર્મચારી) દેવોને બોલાવ્યા અને આજ્ઞા કરી કે હે દેવાનુપ્રિયો ! આપણા સ્વામી આ સૂર્યાભદેવના મહાઅર્થવાળા, મહામૂલ્યવાન અને મહાપુરુષને યોગ્ય ઈન્દ્રાભિષેક(જન્માભિષેક)ની સામગ્રી તૈયાર કરો.

**१७३** तए णं ते आभिओगिआ देवा सामाणियपरिसोववण्णेहिं देवेहिं एवं वुत्ता समाणा हट्ठतुट्ठ *जाव* विणएणं वयणं पडिसुणेंति, पडिसुणित्ता उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमंति, अवक्कमित्ता वेउव्वियसमुग्घाएणं समोहणंति *जाव* अट्ठसहस्सं सोवण्णियाणं कलसाणं, अट्ठसहस्सं रुप्पमयाणं कलसाणं, अट्ठसहस्सं मणिमयाणं कलसाणं, अट्ठसहस्सं सुवण्णरुप्पमयाणं कलसाणं, अट्ठसहस्सं सुवण्णमणिमयाणं कलसाणं, अट्ठसहस्सं रुप्पमणिमयाणं कलसाणं, अट्ठसहस्सं सुवण्णरुप्पमणिमयाणं कलसाणं, अट्ठसहस्सं भोमिज्जाणं कलसाणं,

एवं भिंगाराणं आयंसाणं थालाणं पाईणं सुपइट्ठाणं मणोगुलियाणं वायकरगाणं चित्ताणं रयणकरंडगाणं, पुप्फचंगेरीणं *जाव* लोमहत्थचंगेरीणं, पुप्फपडलगाणं *जाव* लोमहत्थपडलगाणं, सीहासणाणं छत्ताणं चामराणं, तेल्लसमुग्गाणं *जाव* अंजणसमुग्गाणं अट्ठसहस्सं झयाणं, अट्ठसहस्सं धूवकडुच्छुयाणं विउव्वंति, विउव्वित्ता–

ते साभाविए य वेउव्विए य कलसे य *जाव* कडुच्छुए य गिण्हंति गिण्हित्ता सूरियाभाओ विमाणाओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता ताए उक्किट्ठाए तुरियाए चवलाए *जाव* देवगईए तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं वीइवयमाणा-वीइवयमाणा जेणेव खीरोदयसमुद्दे तेणेव उवागच्छंति, उवागच्छित्ता खीरोदगं गिण्हंति, गिण्हित्ता जाइं तत्थुप्पलाइं पउमाइं कुमुयाइं णलिणाइं सुभगाइं सोगंधियाइं पोंडरीयाइं महापोंडरीयाइं सयपत्ताइं सहस्सपत्ताइं ताइं गिण्हंति, गिण्हित्ता जेणेव पुक्खरोदए समुद्दे तेणेव उवागच्छंति, उवागच्छित्ता पुक्खरोदयं गेण्हंति, गेण्हित्ता जाइं तत्थुप्पलाइं *जाव* सहस्सपत्ताइं ताइं गिण्हंति, गिण्हित्ता जेणेव समयखेत्ते जेणेव भरहेरवयाइं वासाइं जेणेव मागहवरदामपभासाइं तित्थाइं तेणेव उवागच्छंति, उवागच्छित्ता तित्थोदगं गेण्हंति, गेण्हित्ता तित्थमट्टियं गेण्हंति, गेण्हित्ता जेणेव गंगा-सिंधू-रत्ता-रत्तवईओ महानईओ तेणेव उवागच्छंति, उवागच्छित्ता सलिलोदगं गेण्हंति, गेण्हित्ता उभओकूलमट्टियं गेण्हंति, गेण्हित्ता–

जेणेव चुल्लहिमवंत-सिहरि-वासहर-पव्वया तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे सव्वपुप्फे सव्वगंधे सव्वमल्ले सव्वोसहि-सिद्धत्थए गिण्हंति, गिण्हित्ता जेणेव पउम-पुंडरीयदहा तेणेव उवागच्छंति, उवागच्छित्ता दहोदगं गेण्हंति, गेण्हित्ता जाइं तत्थ उप्पलाइं *जाव* सहस्सपत्ताइं ताइं गेण्हंति, गेण्हित्ता–

जेणेव हेमवय-हेरण्णवयाइं वासाइं जेणेव रोहिय-रोहियंस-सुवण्णकूल-रुप्पकूलाओ महाणईओ तेणेव उवागच्छंति, उवागच्छित्ता सलिलोदगं गेण्हंति, गेण्हित्ता उभओकूलमट्टियं गिण्हंति, गिण्हित्ता जेणेव सद्दावाई-वियडावाई वट्टवेयड्ढपव्वया

तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे गिण्हंति गिण्हित्ता ।

जेणेव महाहिमवंत-रुप्पिवासहरपव्वया तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे गिण्हंति गिण्हित्ता । जेणेव महापउम-महापुंडरीयद्दहा तेणेव उवागच्छंति, उवागच्छित्ता दहोदगं उप्पलाइं गिण्हंति गिण्हित्ता । जेणेव हरिवासरम्मगवासाइं जेणेव हरि-हरिकंत-नर-नारिकंताओ महाणईओ तेणेव उवागच्छंति, उवागच्छित्ता सलिलोदगं उभओकूलमट्टियं गिण्हंति गिण्हित्ता। जेणेव गंधावाई-मालवंतपरियागा वट्टवेयड्ढ-पव्वया तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे गिण्हंति गिण्हित्ता।

जेणेव णिसढ-णीलवंत-वासहरपव्वया तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे गिण्हंति गिण्हित्ता । जेणेव तिगिच्छ-केसरि-द्दहाओ तेणेव उवागच्छंति, उवागच्छित्ता दहोदगं, उप्पलाइं गिण्हंति गिण्हित्ता ।

जेणेव पुव्वविदेहावरविदेहवासाइं जेणेव सीता-सीतोदाओ महाणईओ तेणेव उवागच्छंति, उवागच्छित्ता सलिलोदगं उभओकूलमट्टियं गिण्हंति गिण्हित्ता । जेणेव सव्वचक्कवट्टिविजया जेणेव सव्वमागहवरदामपभासाइं तित्थाइं तेणेव उवागच्छंति, उवागच्छित्ता तित्थोदगं तित्थमट्टियं गिण्हंति गिण्हित्ता । जेणेव सव्वंतरणईओ तेणेव उवागच्छंति, उवागच्छित्ता सलिलोदगं उभओकूलमट्टियं गिण्हंति गिण्हित्ता । जेणेव सव्ववक्खारपव्वया तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे गिण्हंति गिण्हित्ता ।

जेणेव मंदरे पव्वए जेणेव भद्दसालवणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे सव्वपुप्फे सव्वगंधे सव्वमल्ले सव्वोसहि-सिद्धत्थए य गेण्हंति, गेण्हित्ता जेणेव णंदणवणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे *जाव* सव्वोसहि- सिद्धत्थए य सरसं च गोसीसचंदणं गिण्हंति, गिण्हित्ता जेणेव सोमणसवणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे *जाव* सव्वोसहिसिद्धत्थए य सरसं च गोसीसचंदणं, दिव्वं च सुमणदामं गिण्हंति, गिण्हित्ता जेणेव पंडगवणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सव्वतूयरे *जाव* सव्वोसहिसिद्धत्थए य सरसं च गोसीसचंदणं, दिव्वं च सुमणदामं दद्दर-मलय-सुगंधियगंधे गिण्हंति, गिण्हित्ता

एगओ मिलायंति, मिलाइत्ता ताए उक्किट्ठाए *जाव* जेणेव सोहम्मे कप्पे जेणेव सूरियाभे विमाणे जेणेव अभिसेयसभा जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति, वद्धावेत्ता तं महत्थं महग्घं महरिहं विउलं इंदाभिसेयं उवट्ठवेंति ।

**ભावार्थ :–** સામાનિક પરિષદના દેવોની આજ્ઞા સાંભળીને હર્ષિત-સંતુષ્ટિત થયેલા તે આભિયોગિક

દેવોએ વિનયપૂર્વક તે આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ઈશાનકોણવર્તી દિગ્ભાગમાં જઈને વૈક્રિય સમુદ્‌ઘાત કરીને (૧) ૧૦૦૮ સુવર્ણમય કળશો (૨) ૧૦૦૮ ચાંદીમય કળશો (૩) ૧૦૦૮ મણિમય કળશો (૪) ૧૦૦૮ સુવર્ણચાંદીમય (૫) ૧૦૦૮ સુવર્ણ મણિમય (૬) ૧૦૦૮ ચાંદી મણિમય (૭) ૧૦૦૮ સુવર્ણ ચાંદી મણિમય (૮) ૧૦૦૮ માટીમય(૧૦૦૮ × ૮ = ૮૦૬૪) કળશોની રચના કરી.

તે જ રીતે ૧૦૦૮-૧૦૦૮ (૧) ઝારીઓ (૨) દર્પણ (૩) થાળો (૪) રકાબી જેવી તાંસળીઓ (૫) શૃંગારના સાધનો રાખવાની પેટીઓ (૬) વાતકારકો–વીંઝણાઓ (૭) વિવિધ પ્રકારના રત્નોની પેટીઓ (૮) ફૂલ, મોરપીંછ વગેરેની ચંગેરીઓ(છાબડીઓ) (૯) ફૂલના, મોરપીંછના પટલકો(ગુચ્છાઓ) (૧૦) સિંહાસનો (૧૧) છત્રો (૧૨) ચામરો (૧૩) તેલના, અંજન વગેરેના ડબાઓ (૧૪) ધ્વજાઓ (૧૫) ધૂપદાનીઓની રચના કરી.(આ સર્વ વસ્તુઓ ૧૦૦૮-૧૦૦૮ની સંખ્યામાં બનાવી.)

આભિયોગિક દેવો સ્વાભાવિક અને વિકુર્વિત કળશોથી ધૂપદાની સુધીની બધી વસ્તુઓ ગ્રહણ કરીને, સૂર્યાભ વિમાનમાંથી બહાર નીકળીને, ઉત્કૃષ્ટ વેગવાળી ગતિએ તિર્ચ્છાલોકના અસંખ્યાત યોજનનું ક્ષેત્ર પસાર કરીને ક્ષીર સમુદ્ર સમીપે આવીને તેઓએ ક્ષીરસમુદ્રનું પાણી તથા ત્યાંના ઉત્પલ, પદ્મો, કુમુદ,નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક અને હજાર પાંખડીવાળા કમળોને ગ્રહણ કર્યા. ત્યાર પછી તેઓએ પુષ્કરોદક સમુદ્ર સમીપે આવીને ત્યાંથી પાણી, ઉત્પલ ***યાવત્*** હજાર પાંખડીવાળા કમળો ગ્રહણ કર્યા. ત્યાર પછી ભરત-ઐરવતક્ષેત્રમાં આવેલા માગધ, વરદામ અને પ્રભાસ તીર્થ સમીપે આવીને પાણી, માટી, તીર્થોદક તથા તીર્થધૂલીને ગ્રહણ કર્યા. ત્યાર પછી ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી મહાનદીઓના તટે આવીને તેઓએ ત્યાંથી પાણી અને બંને કિનારાની માટી ગ્રહણ કર્યા.

ત્યાર પછી ચુલ્લહિમવંત, શિખરી વર્ષધર પર્વતપર આવીને તેઓએ પર્વત ઉપરથી સર્વ પ્રકારના તુવર-કષાયેલા પદાર્થો, સર્વ પ્રકારના પુષ્પો, સર્વ પ્રકારના સુગંધિત પદાર્થો, સર્વ પ્રકારની માળાઓ, સર્વ પ્રકારની ઔષધિઓ અને સફેદ સરસવો ગ્રહણ કર્યા. ત્યાર પછી પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ સમીપે આવીને તેઓએ ત્યાંનું પાણી, ઉત્પલ કમળ ***યાવત્*** હજારપાંખડીવાળા કમળો, ગ્રહણ કર્યા.

ત્યાર પછી હેમવય-હેરણ્યવતક્ષેત્રની રોહિતા, રોહિતાંશા તથા સુવર્ણકૂલા, રુપ્યકૂલા નદીના તટે આવીને તેઓએ ત્યાંનું પાણી અને કિનારાની માટી ગ્રહણ કરી. ત્યાર પછી શબ્દાપાતિ, વિકટાપાતિ વૃત્ત-વૈતાઢ્ય પર્વત ઉપર આવીને તેઓએ ત્યાંના સર્વ પ્રકારના તુવર-કષાયેલા પદાર્થો તથા પુષ્પો વગેરે ગ્રહણ કર્યા.

ત્યાર પછી મહાહિમવંત, રુક્મિવર્ષધર પર્વત ઉપર આવીને તેઓએ ત્યાંના તુવરાદિ ગ્રહણ કર્યા. ત્યાર પછી મહાપદ્મ, મહાપુંડરીક દ્રહ સમીપે આવીને તેઓએ ત્યાંનું પાણી અને કમળો ગ્રહણ કર્યા. ત્યાર પછી હરિવાસ અને રમ્યક્વાસ ક્ષેત્રની હરિ-હરિકંતા, નરકંતા-નારિકંતા મહાનદીઓના તટે આવીને તે નદીઓનું પાણી તથા બંને કિનારાની માટી આદિને ગ્રહણ કર્યા. ત્યાર પછી ગંધાપાતી, માલ્યવંત, વૃત્ત-વૈતાઢ્ય પર્વત ઉપર આવીને ત્યાંથી તુવર, પુષ્પ, ઔષધિ, સરસવાદિ ગ્રહણ કર્યા.

ત્યાર પછી નિષધ, નીલવંત વર્ષધર પર્વત ઉપર આવીને ત્યાંથી ઔષધાદિ ગ્રહણ કર્યા. ત્યાર પછી તિગિચ્છ અને કેસરી દ્રહ સમીપે આવીને તેઓએ ત્યાંથી પાણી અને કમળો ગ્રહણ કર્યા.

ત્યાર પછી પૂર્વી અને પશ્ચિમી મહાવિદેહક્ષેત્રની સીતા, સીતોદા, મહાનદીના તટે આવીને ત્યાંથી પાણી તથા બંને કિનારાની માટી આદિને ગ્રહણ કર્યા. ત્યાર પછી સર્વ ચક્રવર્તી વિજયના સર્વ માગધ, વરદામ અને પ્રભાસ તીર્થ સમીપે આવીને ત્યાંથી તીર્થોદક અને તીર્થધૂલી ગ્રહણ કર્યા. ત્યાર પછી સર્વ

અંતર નદીઓના તટે આવીને સર્વ અંતરનદીઓનું પાણી તથા કિનારાની માટી આદિને ગ્રહણ કર્યા. ત્યાર પછી વક્ષસ્કાર પર્વતો ઉપર આવીને ત્યાંના સર્વ તુવરાદિ પદાર્થો ગ્રહણ કર્યા.

ત્યાર પછી મેરુપર્વતના ભદ્રશાલવનમાં આવીને ત્યાંના સર્વ પ્રકારના તુવર, સર્વ પ્રકારના પુષ્પો, સર્વ પ્રકારના સુગંધી પદાર્થો, સર્વ પ્રકારની માળાઓ, સર્વ પ્રકારની ઔષધિઓ અને સફેદ સરસવ ગ્રહણ કર્યા. ત્યાર પછી નંદનવનમાં આવીને ત્યાંના તુવર, ઔષધિ, સરસવ તથા તાજું ગોશીર્ષ ચંદન ગ્રહણ કર્યું. ત્યાર પછી સોમનસવનમાં આવીને ત્યાંના તુવર, ઔષધિ, સરસવ, તાજુગોશીર્ષ ચંદન અને દિવ્ય પુષ્પ-માળાઓને ગ્રહણ કર્યા. ત્યાર પછી પંડક વનમાં આવીને ત્યાંના તુવર, ઔષધિ, સરસવ, ગોશીર્ષ ચંદન તથા દિવ્ય પુષ્પમાળાઓને ગ્રહણ કર્યા.

આ સર્વ વસ્તુઓ ગ્રહણ કરીને તે બધા આભિયોગિક દેવો એક સ્થાને ભેગા થઈને પોતાની ઉત્કૃષ્ટ દેવગતિથી સોધર્મકલ્પના સૂર્યાભવિમાનની અભિષેકસભામાં સૂર્યાભદેવ પાસે આવીને બે હાથ જોડી મસ્તક નમાવી જય-વિજયના શબ્દથી અભિવાદન કરી વિવિધ સ્થાનેથી લાવેલી મહાઅર્થવાળી, મહામૂલ્યવાન, મહાપુરુષને યોગ્ય તે ઈન્દ્રાભિષેક(મહાભિષેક)ની વિપુલ સામગ્રી ત્યાં મૂકી.

**૧૭૪ तए णं तं सूरियाभं देवं चत्तारि सामाणियसाहस्सीओ, चत्तारि अग्गमहिसीओ सपरिवाराओ, तिण्णि परिसाओ, सत्त अणियाओ, सत्त अणियाहिवइणो, सोलस आयरक्ख- देवसाहस्सीओ, अण्णे वि बहवे सूरियाभविमाणवासिणो देवा य देवीओ य तेहिं साभाविएहि य वेउव्विएहि य वरकमलपइट्ठाणेहिं सुरभिवरवारिपडिपुण्णेहिं चंदणकयचच्चएहिं आविद्ध- कंठेगुणेहिं पउमुप्पलपिहाणेहिं सुकुमालकरयलपरिग्गहिए हिं अट्ठसहस्सेणं सोवण्णियाणं कलसाणं** *जाव* **अट्ठसहस्सेणं भोमिज्जाणं कलसाणं सव्वोदएहिं सव्वमट्टियाहिं सव्वतूयरेहिं सव्वपुप्फेहिं सव्वगंधेहिं सव्वमल्लेहिं सव्वोसहि-सिद्धत्थएहिं य सव्विड्ढीए** *जाव* **णाइयरवेणं महया-महया इंदाभिसेएणं अभिसिंचंति ।**

**ભાવાર્થ :–** અભિષેક યોગ્ય બધી સામગ્રી આવી ગયા પછી ચાર હજાર સામાનિક દેવોએ, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓએ, ત્રણ પરિષદના દેવ-દેવીએ, સાત સેના અને સાત સેનાધિપતિઓએ, સોળ હજાર આત્મરક્ષક દેવોએ તથા અન્ય સૂર્યાભવિમાનવાસી ઘણા દેવ-દેવીઓએ, તે સ્વાભાવિક અને વિકુર્વિત, શ્રેષ્ઠ કમળો પર રાખેલા, સુગંધી ઉત્તમ પ્રકારના જળથી પરિપૂર્ણ, ચંદનનો લેપ કરેલા, કાંઠા ઉપર મંગલરૂપ નાડાછડી બાંધેલા, કમળો તેમજ ઉત્પલોથી ઢંકાયેલા, સુકુમાર કોમળ હસ્તથી ગ્રહણ કરાયેલા ૧૦૦૮ સુવર્ણ કળશો ***યાવત્*** ૧૦૦૮ માટીના કળશોથી તથા સર્વ પ્રકારના જળ, સર્વ પ્રકારની માટી, સર્વ પ્રકારના કષાયેલા દ્રવ્યો, સર્વ પ્રકારના પુષ્પો, સર્વ પ્રકારના સુગંધી દ્રવ્યો, સર્વ પ્રકરની માળાઓ, સર્વ પ્રકારની ઔષધિઓ અને સફેદ સરસવોથી, ઋદ્ધિ વૈભવ સાથે વાજિંત્રોના ધ્વનિપૂર્વક સૂર્યાભદેવનો ઈન્દ્રાભિષેક (મહાભિષેક) કર્યો.

**વિવેચન :–**

**इंदाभिसेयं :–** ઈન્દ્રાભિષેક. પ્રથમ દેવલોકના ૩૨ લાખ વિમાનના અધિપતિ ઈન્દ્ર શક્રેન્દ્ર છે. તે ૩૨ લાખ વિમાનમાંથી પ્રત્યેક વિમાનમાં તેના એક-એક અધિપતિ દેવ હોય છે. તે સર્વ શક્રેન્દ્રને અધીનસ્થ હોય છે. સૂર્યાભદેવ સૂર્યાભવિમાનના અધિપતિ છે. અધિપતિ હોવાની અપેક્ષાએ તેના અધિપતિપણાના

અભિષેકને સૂત્રકારે અહીં ઇન્દ્રાભિષેક કહેલ છે.

**અભિષેક સમયનો દેવોલ્લાસ :–**

**૧૭૫** तए णं तस्स सूरियाभस्स देवस्स महया-महया इंदाभिसेए वट्टमाणे– अप्पेगइया देवा सूरियाभं विमाणं णच्चोदगं णाइमट्टियं पविरलफुसियरयरेणुविणासणं दिव्वं सुरभि- गंधोदगवासं वासंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं हयरयं नट्ठरयं भट्ठरयं उवसंतरयं पसंतरयं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं आसियसम्मज्जिओवलित्तं सुइ-सम्मट्ठ- रत्थंतरावणवीहियं करेंति,

अप्पेगइया देवा सूरियाभं विमाणं मंचाइमंचकलियं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं णाणाविहरागोसियझयपडागाइपडागमंडियं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं लाउल्लोइयमहियं गोसीससरसरत्तचंदणदद्दर-दिण्णपंचंगुलितलं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं उवचियचंदणकलसं चंदण-घडसुकयतोरणपडिदुवार-देसभागं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं आसत्तोसत्त-विउलवट्टवग्घारियमल्लदामकलावं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं पंचवण्ण-सुरभि- मुक्कपुप्फपुंजोवयारकलियं करेंति,

अप्पेगइया देवा सूरियाभं विमाणं कालागुरु-पवरकुंदुरुक्क- तुरुक्क- धूव-मघमघेंत-गंधुद्धुयाभिरामं करेंति, अप्पेगइया देवा सूरियाभं विमाणं सुगंधगंधियं गंधवट्टिभूयं करेंति,

अप्पेगइया देवा हिरण्णवासं वासंति, सुवण्ण-वासं वासंति, रयणवासं वासंति, वइरवासं वासंति, पुप्फवासं वासंति, फलवासं वासंति, मल्लवासं वासंति, गंधवासं वासंति, चुण्णवासं वासंति, वत्थवासं वासंति, आभरणवासं वासंति, अप्पेगइया देवा हिरण्णविहिं भाएंति, एवं– सुवण्णविहिं रयणविहिं पुप्फविहिं फलविहिं मल्लविहिं गंधविहिं चुण्णविहिं वत्थविहिं आभरणविहिं भाएंति,

अप्पेगइया देवा चउव्विहं वाइत्तं वाएंति– ततं विततं घणं सुसिरं, अप्पेगइया देवा चउव्विहं गेयं गायंति, तं जहा– उक्खित्तायं पायंतायं मंदायं रोइयावसाणं,

अप्पेगइया देवा दुयं नट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा विलंबियं णट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा दुय-विलंबियं णट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा अंचियं नट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा रिभियं नट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा अंचिय-रिभियं नट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा आरभडं नट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा भसोलं नट्टविहिं उवदंसेंति, अप्पेगइया देवा आरभड-भसोलं नट्टविहिं उवदंसेंति, अप्पेइगया देवा उप्पयनिवायपसत्तं संकुचिय-पसारियं रियारियं भंत-संभंतं णामं दिव्वं णट्टविहिं उवदंसेंति,

अप्पेगइया देवा चउव्विहं अभिणयं अभिणयंति, तं जहा– दिट्ठंतियं पाडंतियं सामण्णओविणिवाइयं लोगमज्झावसाणियं,

अप्पेगइया देवा बुक्कारेंति, अप्पेगइया देवा पीणेंति, अप्पेगइया लासेंति, अप्पेगइया तंडवेंति; अप्पेगइया बुक्कारेंति, पीणेंति, लासेंति, तंडवेंति । अप्पेगइया अप्फोडेंति, अप्पेगइया वग्गंति, अप्पेगइया तिवइं छिंदंति; अप्पेगइया अप्फोडेंति, वग्गंति, तिवइं छिंदंति । अप्पेगइया हयहेसियं करेंति, अप्पेगइया हत्थिगुलगुलाइयं करेंति, अप्पेगइया रहघणघणाइयं करेंति; अप्पेगइया हयहेसियं, हत्थिगुलगुलाइयं, रहघणघणाइयं करेंति । अप्पेगइया उच्छलेंति, अप्पेगइया पोच्छलेंति, अप्पेगइया उक्किट्ठिं करेंति; अप्पेगइया उच्छलेंति, पोच्छलेंति, उक्किट्ठिं करेंति । अप्पेगइया ओवयंति, अप्पेगइया उप्पयंति, अप्पेगइया परिवयंति; अप्पेगइया तिण्णि वि । अप्पेगइया सीहणायं णयंति, अप्पेगइया पाददद्दरयं करेंति, अप्पेगइया भूमिचवेडं दलयंति; अप्पेगइया तिण्णि वि । अप्पेगइया गज्जंति, अप्पेगइया विज्जुयायंति, अप्पेगइया वासं वासंति; अप्पेगइया तिण्णि वि करेंति। अप्पेगइया जलंति, अप्पेगइया तवंति, अप्पेगइया पतवेंति; अप्पेगइया तिण्णि वि ।

अप्पेगइया हक्कारेंति, अप्पेगइया थुक्कारेंति, अप्पेगइया थक्कारेंति, अप्पेगइया साइं साइं नामाइं साहेंति; अप्पेगइया चत्तारि वि । अप्पेगइया देवसण्णिवायं करेंति, अप्पेगइया देवुज्जोयं करेंति, अप्पेगइया देवुक्कलियं करेंति, अप्पेगइया देवकहकहगं करेंति, अप्पेगइया देवदुहदुहगं करेंति, अप्पेगइया चेलुक्खेवं करेंति; अप्पेगइया देवसण्णिवायं, देवुज्जोयं, देवुक्कलियं, देवकहकहगं, देवदुहदुहगं, चेलुक्खेवं करेंति ।

अप्पेगइया उप्पलहत्थगया *जाव* सहस्सपत्तहत्थगया, अप्पेगइया चंदणकलसहत्थगया अप्पेगइया भिंगारहत्थगया *जाव* धूवकडुच्छुयहत्थगया हट्ठतुट्ठ चित्तमाणंदिया पीइमणा परमसोमणस्सिया हरिसवसविसप्पमाण-हियया सव्वओ समंता आधावंति परिधावंति ।

**ભાવાર્થ :–** જ્યારે સૂર્યાભદેવનો મહામહિમાશાળી ઈન્દ્રાભિષેક થઈ રહ્યો હતો ત્યારે કેટલાક દેવોએ સૂર્યાભવિમાનમાં કીચડ ન થાય અને ધૂળ બેસી જાય તે રીતે સુગંધી પાણીની ઝરમર-ઝરમર વર્ષા કરી. કેટલાક દેવોએ સૂર્યાભવિમાનને હતરજ, નષ્ટરજ, ઉપશાંતરજ અને પ્રશાંતરજવાળું કર્યું અર્થાત્ ધૂળને બેસાડી સ્વચ્છ કર્યું. કેટલાક દેવોએ સૂર્યાભવિમાનને આસિક્ત(ભીનું) કર્યું, સાફ કર્યું, લીંપ્યું, સ્વચ્છ, સાફ-સુથરા રસ્તાઓ વચ્ચે સુગંધી પદાર્થોના ઢગલા કરી રસ્તાઓને બજાર જેવા કર્યા.

કેટલાક દેવોએ સૂર્યાભવિમાનમાં મંચ ઉપર મંચ તૈયાર કર્યા અર્થાત્ સીડીવાળા પ્રેક્ષાગૃહો બનાવ્યા. કેટલાક દેવોએ વિવિધ પ્રકારની રંગબેરંગી હારબંધ ધ્વજાઓ અને પતાકા ઉપર પતાકા રોપી સૂર્યાભવિમાનને શણગાર્યું. કેટલાક દેવોએ સૂર્યાભ વિમાનને અત્યંત ઉલ્લોકનીય-આકર્ષક બનાવ્યું અને તેના ઉપર ગોશીર્ષ ચંદન–રક્ત ચંદનના પાંચ આંગળીઓ દેખાય તેવા થાપા માર્યા. કેટલાક દેવોએ

સૂર્યાભવિમાનના દ્વાર અને તોરણોના દેશભાગ પર હારબંધ ચંદન લિપ્ત કળશો અને ચંદનકળશો મૂકી, તેને શોભાવ્યા. કેટલાક દેવોએ સૂર્યાભવિમાનને ઉપરથી નીચે સુધી લટકતી લાંબી-લાંબી ગોળ માળાઓથી વિભૂષિત કર્યું. કેટલાક દેવોએ ચારેબાજુ સુગંધી પુષ્પો પાથરીને સૂર્યાભવિમાનને સુશોભિત કર્યું.

કેટલાક દેવોએ કૃષ્ણઅગર, શ્રેષ્ઠ કુંદુરુષ્ક, તુરુષ્ક–લોબાન વગેરે ધૂપની મનમોહક સુગંધથી સૂર્યાભ-વિમાનને સુવાસિત બનાવ્યું. કેટલાક દેવોએ ચારેબાજુ સુગંધ ફેલાવી, સૂર્યાભવિમાનને સુગંધની ગુટિકા (અગરબત્તી) જેવું બનાવી દીધું.

કેટલાક દેવોએ ચાંદીની વર્ષા કરી, તે જ રીતે કેટલાક દેવોએ સુવર્ણ, રત્ન, વજ્રરત્ન, પુષ્પ, ફળ, માળા, સુગંધી દ્રવ્ય, સુગંધી ચૂર્ણ, વસ્ત્ર અને આભરણોની વર્ષા કરી. કેટલાક દેવોએ મંગલ પ્રતીકરૂપે બીજાને ચાંદી, સુવર્ણ, રત્ન, પુષ્પ, ફળ, માળાઓ, ચૂર્ણ, વસ્ત્ર, ગંધ અને આભરણની ભેટ આપી.

કેટલાક દેવોએ વીણાદિ તત, ઢોલાદિ વિતત, તાલ આદિ ઘન અને વાંસળી આદિ શુષિર, આ ચાર પ્રકારના વાદ્ય વગાડ્યા. કેટલાક દેવોએ પહેલેથીજ શરૂ કરેલા ઉત્ક્ષિપ્ત, છંદના ચોથા ભાગરૂપ પાદમાં બાંધેલા પાયબદ્ધ, વચ્ચે-વચ્ચે મૂર્ચ્છનાદિના પ્રયોગથી ધીરે-ધીરે ગવાતા મંદ અને યથોચિત લક્ષણયુક્ત હોવાથી છેલ્લે સુધી યોગ્ય નિર્વાહયુક્ત રોચિતાવસાન, આ ચાર પ્રકારના ગેય–સંગીતમય ગીત ગાયા.

કેટલાક દેવોએ દ્રુત નાટ્યવિધિ, કેટલાકે વિલંબિત નાટ્યવિધિ બતાવી, કેટલાકે દ્રુતવિલંબિત નાટ્ય વિધિ, કેટલાકે અંચિત નાટ્યવિધિ બતાવી. કેટલાકે આરભટ, ભસોલ અને આરભટભસોલ નાટ્યવિધિ બતાવી. કેટલાક દેવોએ ઉપર ઉછળી નીચે પડવારૂપ અને નીચે પડી ઉપર ઉછળવારૂપ ઉત્પાતનિપાત નાટ્યવિધિ, શરીરને સંકોચીને ફેલાવવા રૂપ સંકુચિત પ્રસારિત નાટ્ય વિધિ, ગમનાગમનરૂપ રિયારિય નાટ્યવિધિ અને અદ્‌ભુત ચરિત્રો જોઈ પ્રેક્ષકો ભ્રમમાં પડી જાય, આશ્ચર્ય પામી જાય, તેવી ગાત્રવિક્ષેપરૂપ ભ્રાન્તસંભ્રાન્તા નાટ્યવિધિ બતાવી.

કેટલાક દેવોએ દાર્ષ્ટાન્તિક, પ્રાતિશ્રુતિક, સામાન્યતોવિનિપાતિક અને લોક મધ્યાવસાનિક, આ ચાર પ્રકારના અભિનયો બતાવ્યા.

હર્ષમાં આવી જઈ કેટલાક દેવોએ બુચકારા કર્યા, કેટલાકે ખુશ થઈને ગીત ગાયા કેટલાકે લાસ્ય–સુકોમળ નૃત્ય કર્યું, કેટલાકે તાંડવનૃત્ય કર્યું; કેટલાકે બુચકારા, ખુશ થઈને ગીત ગાવા, લાસ્યનૃત્ય અને તાંડવનૃત્ય આ ચારે ય કાર્યો કર્યા. કેટલાકે પોતાની ભુજાને થપથપાવી, કેટલાક પહેલવાનની જેમ કૂદ્યા, કેટલાકે પહેલવાનની જેમ પેંતરા–દાવ બદલ્યા, કેટલાકે ભુજાથપથપાવી, કૂદવું અને દાવબદલવા, આ ત્રણેય ક્રિયાઓ કરી. કેટલાક ઘોડાની જેમ હણહણ્યા, કેટલાક હાથીઓની જેમ ગુલગુલાટ–ચીંઘાડ્યા, કેટલાક રથની જેમ રણઝણ્યા, કેટલાકે હણહણાટાદિ ત્રણે ય ક્રિયાઓ કરી. કેટલાક ઉપર ઉછળ્યા, કેટલાક નીચે ઉછળ્યા, કેટલાકે હર્ષનો અવાજ કર્યો; કેટલાક ઉપર, નીચે ઉછળ્યા અને હર્ષનો અવાજ કર્યો. કેટલાકે ઉપર છલાંગ મારી, કેટલાકે નીચે છલાંગ મારી, કેટલાકે ત્રાંસી છલાંગ મારી, કેટલાકે ત્રણે ય પ્રકારની છલાંગ મારી, કેટલાકે સિંહનાદ કર્યો, કેટલાકે જમીન પર પગ પછાડ્યા, કેટલાકે જમીન પર હાથના થાપા માર્યા, કેટલાકે સિંહનાદાદિ ત્રણે ય કર્યા. કેટલાક દેવો વાદળાની જેમ ગર્જ્યા, કેટલાક વીજળીની જેમ ચમક્યા, કેટલાક વરસાદની જેમ વરસ્યા. કેટલાકે તે ત્રણે ય કાર્યો કર્યા. કેટલાક જ્વલિત થયા, કેટલાક તપ્ત થયા, કેટલાક પ્રતપ્ત થયા, કેટલાક જ્વલિત, તપ્ત, પ્રતપ્ત થયા.

કેટલાકે હુંકાર કર્યો, કેટલાકે ફૂત્કાર કર્યો, કેટલાકે ધૂત્કાર કર્યો, કેટલાકે પોતાના નામોનું ઉચ્ચારણ

કર્યું, કેટલાકે હુંકારાદિ ચારે ય કર્યા. કેટલાકે દેવસમૂહ એકત્રિત કર્યો, કેટલાકે દેવોદ્યોત કર્યો, કેટલાકે વાયુ તરંગો ફેલાવ્યા. કેટલાકે કિલકિલાટ મચાવ્યો, કેટલાકે દુહ-દુહ શબ્દ ઉચ્ચાર્યા, કેટલાકે ધજાઓ ફરકાવી અને કેટલાકે દેવસમૂહ એકત્રિત કરવાથી લઈને ધજાઓ ફરકાવવા સુધીના છએ કાર્ય કર્યા.

કેટલાક દેવો હાથમાં કમળો ***યાવત્*** હજાર પાંખડીવાળા કમળો વગેરે લઈને, કેટલાક દેવો ચંદન કળશ, ઝારી ***યાવત્*** ધૂપદાની વગેરે હાથમાં લઈને હર્ષાતિરેકમાં ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયે ચારેબાજુ દોડાદોડી કરવા લાગ્યા.(આ રીતે તે દેવોએ પોતાના સ્વામીના અભિષેકની ખુશાલી મનાવી.)

**સૂર્યાભદેવનો દેવો દ્વારા જયકાર :–**

**१७६ तए णं तं सूरियाभं देवं चत्तारि सामाणियसाहस्सीओ** *जाव* **सोलस आयरक्ख-देवसाहस्सीओ अण्णे य बहवे सूरियाभ-रायहाणि-वत्थव्वा देवा य देवीओ य महया-महया इंदाभिसेगेणं अभिसिंचंति, अभिसिंचित्ता पत्तेयं-पत्तेयं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–**

**जय-जय नंदा ! जय-जय भद्दा ! जय-जय नंदा ! भद्दं ते, अजियं जिणाहि, जियं च पालेहि, जियमज्झे वसाहि–इंदो इव देवाणं, चंदो इव ताराणं, चमरो इव असुराणं, धरणो इव नागाणं, भरहो इव मणुयाणं; बहूइं पलिओवमाइं, बहूइं सागरोवमाइं बहूइं पलिओवम-सागरोवमाइं, चउण्हं सामाणियसाहस्सीणं** *जाव* **आयरक्ख-देवसाहस्सीणं सूरियाभस्स विमाणस्स अण्णेसिं च बहूणं सूरियाभविमाणवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणा-ईसर-सेणावच्चं कारेमाणे पालेमाणे विहराहि त्ति कट्टु महया-महया सद्देणं जय-जय सद्दं पउंजंति ।**

**ભાવાર્થ :–** ત્યારપછી ચાર હજાર સામાનિક દેવો ***યાવત્*** સોળ હજાર આત્મરક્ષક દેવોએ અને સૂર્યાભ-રાજધાનીમાં રહેતા અન્ય ઘણા દેવ-દેવીઓએ મહાન ઈન્દ્રાભિષેકથી સૂર્યાભદેવનો અભિષેક કર્યો. અભિષેક કર્યા પછી તે બધા જ દેવ-દેવીઓએ બંને હાથ જોડી, આવર્તનપૂર્વક મસ્તક પર અંજલી સ્થાપિત કરીને સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યું– હે જનજન આનંદ દાયક ! આપનો જય હો-વિજય હો; હે જનજન માટે કલ્યાણ સ્વરૂપ ! આપનો જય હો, વિજય હો; હે જગદાનંદ કારક ! આપનો વારંવાર જય હો; હે ભદ્ર! તમારું કલ્યાણ હો.

જેના ઉપર વિજય મેળવ્યો ન હોય તેના પર વિજય પ્રાપ્ત કરો; જેને જીતી લીધા છે તેનું પાલન કરો; જીતેલાઓની વચ્ચે રહો અર્થાત્ જીતેલાઓને સાથે રાખો; દેવોમાં ઈન્દ્રની જેમ, તારાઓમાં ચંદ્રની જેમ, અસુરોમાં ચમરેન્દ્રની જેમ, નાગોમાં(નાગકુમારોમાં) ધરણેન્દ્રની જેમ, મનુષ્યોમાં ભરત ચક્રવર્તીની જેમ અનેક પલ્યોપમ, અનેક સાગરોપમ અને અનેક પલ્યોપમ સાગરોપમ સુધી ચાર હજાર સામાનિક દેવો ***યાવત્*** સોળ હજાર આત્મરક્ષક દેવો અને અન્ય સૂર્યાભવિમાનવાસી અનેક દેવ-દેવીઓનું આધિપત્ય, અગ્રેસરપણું(આગેવાની), સ્વામીત્વ, ભર્તૃત્વ-પ્રભુત્વ, મહત્તરત્વ,(અધિનાયકપણું), આજ્ઞેશ્વરત્વ, સેનાપતિત્વનું પાલન કરતા આદેશનું પાલન કરાવતા રહો. આ પ્રમાણે કહીને મહાન શબ્દોથી જય-જયકાર કર્યો.

**૧૭૭** **तए णं से सूरियाभे देवे महया-महया इंदाभिसेगेणं अभिसित्ते समाणे अभिसेयसभाओ पुरत्थिमिल्लेणं दारेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव अलंकारियसभा तेणेव उवागच्छइ, उवागच्छित्ता अलंकारियसभं अणुपयाहिणीकरेमाणे पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ, अणुपविसित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे ।**

**ભાવાર્થ :–** અતિશય મહિમાશાળી ઇન્દ્રાભિષેકથી અભિષિક્ત થયા પછી સૂર્યાભદેવ અભિષેક સભાના પૂર્વીદ્વારથી બહાર નીકળીને અલંકારસભા સમીપે આવીને, અલંકારસભાની અનુપ્રદક્ષિણા કરીને, પૂર્વીદ્વારથી અલંકારસભામાં પ્રવેશ કરીને, ત્યાંના સિંહાસન પાસે આવીને તે શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠા.

**૧૭૮** **तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववण्णगा देवा अलंकारियभंडं उवट्ठवेंति। तए णं से सूरियाभे देवे तप्पढमयाए पम्हलसूमालाए सुरभिए गंधकासाईए गायाइं लूहेइ, लहेत्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपइ, अणलिंपित्ता नासा-नीसास-वाय-वोज्झं चक्खुहरं वण्णफरिसजुत्तं हयलालापेलवातिरेगं धवलं कणग-खचियंत-कम्मं आगासफालिय-समप्पभं दिव्वं देवदूसजुयलं णियंसेइ, णियंसेत्ता हारं पिणिद्धेइ, पिणिद्धेत्ता अद्धहारं पिणिद्धेइ, पिणिद्धेत्ता एगावलिं पिणिद्धेइ, पिणिद्धेत्ता मुत्तावलिं पिणिद्धेइ, पिणिद्धेत्ता रयणावलिं पिणिद्धेइ, पिणिद्धेत्ता एवं– अंगयाइं केयूराइं कडगाइं तुडियाइं कडिसुत्तगं दसमुद्दाणंतगं विकच्छसुत्तगं मुरविं कंठमुरविं पालंबं कुंडलाइं चूडामणिं चित्तरयणसंकडं मउडं पिणिद्धेइ, पिणिद्धेत्ता गंथिम-वेढिम-पूरिम-संघाइमेणं चउव्विहेणं मल्लेणं कप्परुक्खगं पिव अप्पाणं अलंकिय-विभूसियं करेइ, करेत्ता दद्दरमलय-सुगंधगंधिएहिं गायाइं भुकुंडेइ दिव्वं च सुमणदामं पिणद्धेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવની સામાનિક પરિષદના દેવોએ તેની સામે અલંકારપાત્રો ઉપસ્થિત કર્યા. ત્યારપછી તે સૂર્યાભદેવે સર્વ પ્રથમ રૂંછાવાળા, સુકોમળ, સુગંધી વસ્ત્રથી પોતાનાં અંગો લૂછ્યાં; અંગો ઉપર સરસ ગોશીર્ષચંદનનો લેપ કર્યો; ત્યારપછી નિઃશ્વાસના વાયુથી પણ ઊડી જાય તેવા બારીક, નેત્રાકર્ષક, સુંદરવર્ણ અને સ્પર્શવાળા, ઘોડાની લાળથી વધુ સુકોમળ, કિનારીએ સુવર્ણની કારિગીરીવાળાં, આકાશ અને સ્ફટિકની પ્રભા જેવા સ્વચ્છ, શ્વેત દેવદૂષ્ય વસ્ત્ર યુગલને ધારણ કર્યા. ત્યારપછી અઢાર સરનો હાર, નવ સરનો અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, રત્નાવલીહાર ધારણ કર્યા, ભૂજાપર અંગદ, બાજુબંધ, કડાં, બેરખાં ધારણ કર્યા, કંદોરો, દસે આંગળીઓમાં વીંટીઓ, વક્ષસ્થળ પર વક્ષઃસૂત્ર–માળા ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ, વિશેષ, માદળિયાં, કંઠી, કાનમાં ઝૂમ્મર અને કુંડળ પહેર્યા, મસ્તક પર ચૂડામણિ અને મુગટ પહેર્યા. ત્યારપછી ગંથિમ, વેઢિમ, પૂરિમ અને સંઘાતિમ, આ ચાર પ્રકારની માળાઓને ધારણ કરી કલ્પવૃક્ષની જેમ શોભતા સૂર્યાભદેવે દર્દર-મલયના સુગંધીચૂર્ણને શરીર પર લગાવીને દિવ્ય પુષ્પમાળાઓ ધારણ કરી.

**વ્યવસાયસભામાં કાર્ય નિશ્ચય :–**

**૧૭૯** **तए णं से सूरियाभे देवे केसालंकारेणं मल्लालंकारेणं आभरणालंकारेणं**

**वत्थालंकारेणं चउव्विहेणं अलंकारेणं अलंकियविभूसिए समाणे पडिपुण्णालंकारे सीहासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता अलंकारियसभाओ पुरत्थिमिल्लेणं दारेणं पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव ववसायसभा तेणेव उवागच्छइ, ववसायसभं अणुपयाहिणीकरेमाणे पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ, अणुपविसित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे ।**

**ભાવાર્થ :–** આ રીતે સૂર્યાભદેવ વાળને શોભાવનારા કેશાલંકારો, પુષ્પ માલાદિરૂપ માલ્યાલંકારો, હારાદિરૂપ આભરણાલંકાર અને દેવદૂષ્યરૂપ વસ્ત્રાલંકાર, આ ચાર પ્રકારના અલંકારથી અલંકૃત–વિભૂષિત થયા. પ્રતિપૂર્ણાલંકારવાળા બનીને તે સૂર્યાભદેવ સિંહાસન ઉપરથી ઊભા થઈને, અલંકાર સભાના પૂર્વી દ્વારથી બહાર નીકળ્યા અને વ્યવસાય સભા સમીપે આવી, તેની પ્રદક્ષિણા કરીને તેના પૂર્વીદ્વારથી પ્રવેશ કરીને ત્યાં રહેલા સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠા.

**૧૮૦ तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववण्णगा देवा पोत्थयरयणं उवणेंति।**

**तए णं से सूरियाभे देवे पोत्थयरयणं गिण्हइ, गिण्हित्ता पोत्थयरयणं मुयइ, मुइत्ता पोत्थयरयणं विहाडेइ, विहाडित्ता पोत्थयरयणं वाएति, वाएत्ता धम्मियं ववसायं ववसइ, ववसइत्ता पोत्थयरयणं पडिणिक्खिवइ पडिणिक्खिवित्ता सीहासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता ववसायसभाओ पुरत्थिमिल्लेणं दारेणं पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव नंदा पुक्खरिणी तेणेव उवागच्छइ, उवागच्छित्ता णंदं पुक्खरिणिं पुरत्थिमिल्लेणं तोरणेणं तिसोवाणपडिरूवएणं पच्चोरुहइ, पच्चोरुहित्ता हत्थपायं पक्खालेइ, पक्खालेत्ता आयंते चोक्खे परमसुइभूए एगं महं सेयं रययामयं विमलं सलिलपुण्णं मत्तगयमहामुहागिइसमाणं भिंगारं पगेण्हइ, पगेण्हित्ता जाइं तत्थ उप्पलाइं पउमाइं कुमुयाइं णलिणाइं सुभगाइं सोगंधियाइं पोंडरीयाइं महापोंडरीयाइं सयपत्ताइं सहस्सपत्ताइं ताइं गेण्हइ, गेण्हित्ता णंदाओ पुक्खरिणीओ पच्चोत्तरइ, पच्चोत्तरिता, जेणेव सिद्धायतणे तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** ત્યારપછી સૂર્યાભદેવના સામાનિક પરિષદના દેવોએ તેમની સમક્ષ પુસ્તકરત્ન ઉપસ્થિત કર્યું. સૂર્યાભદેવે તે પુસ્તક રત્નને હાથમાં લીધું, ઉત્સંગમાં રાખ્યું, ખોલીને વાંચ્યું, પોતાના ધર્મ(કર્તવ્ય, ફરજો, વ્યવહારો) કાર્યોનો નિશ્ચય કર્યો અને પુસ્તક રત્નને યથાસ્થાને પાછું મૂકી, સિંહાસન ઉપરથી ઊભા થઈને વ્યવસાયસભાના પૂર્વી દ્વારથી બહાર નીકળ્યા અને નંદા પુષ્કરિણી સમીપે આવીને તેના પૂર્વી સોપાન શ્રેણીદ્વારા વાવમાં ઉતરી, હાથ-પગ ધોઈને સ્વચ્છ, શુદ્ધ થઈને રજતમય, હાથીની મુખાકૃતિ જેવી, પાણીથી ભરેલી ઝારી અને ત્યાંના ઉત્પલો તથા હજાર પાંખડીવાળા કમળો વગેરે ગ્રહણ કરી નંદા પુષ્કરિણીમાંથી બહાર નીકળી સિદ્ધાયતન તરફ જવા પ્રયાણ કર્યું.

**સિદ્ધાયતન સંબંધી કાર્ય વિધિ :–**

**१८१ तए णं तस्स सूरियाभस्स देवस्स चत्तारि सामाणियसाहस्सीओ** *जाव* **सोलस आयरक्खदेव- साहस्सीओ अण्णे य बहवे सूरियाभविमाणवासिणो वेमाणिया देवा य देवीओ य अप्पेगइया उप्पलहत्थगया** *जाव* **सहस्सपत्तहत्थगया सूरियाभं देवं पिट्ठओ-पिट्ठओ समणुगच्छंति ।**

**तए णं तस्स सूरियाभस्स देवस्स आभिओगिया देवा य देवीओ य अप्पेगइया चंदणकलसहत्थगया** *जाव* **अप्पेगइया धूवकडुच्छुयहत्थगया हट्ठतुट्ठ-चितमाणंदिया पीइमणा परमसोमणस्सिया हरिसवस-विसप्पमाणहियया सूरियाभं देवं पिट्ठतो-पिट्ठतो समणुगच्छंति।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો ***યાવત્*** સોળહજાર આત્મરક્ષક દેવો તથા સૂર્યાભવિમાનવાસી અન્ય અનેક વૈમાનિક દેવ-દેવીઓમાંથી કેટલાક હાથમાં કમળો ***યાવત્*** સહસ્રપત્ર કમળો લઈને સૂર્યાભદેવની પાછળ ચાલ્યા.

ત્યાર પછી સૂર્યાભદેવના ઘણા આભિયોગિક દેવ-દેવીઓમાંથી કેટલાક હાથમાં ચંદનકળશો ***યાવત્*** ધૂપદાનીઓ લઈને હર્ષિત-સંતુષ્ટ થતાં સૂર્યાભદેવની પાછળ ચાલ્યા.

[ *तए णं से सूरियाभे देवे चउहिं सामाणियसाहस्सीहिं* ***जाव*** *सोलस आयरक्खदेवसाहस्सीहिं अण्णेहिं बहूहि य सूरियाभविमाणवासीहिं वेमाणिएहिं देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे सव्विड्ढीए* ***जाव*** *णाइयरवेणं जेणेव सिद्धायतणे तेणेव उवागच्छइ उवागच्छित्ता सिद्धायतणं पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ, अणुपविसित्ता जेणेव देवच्छंदए जेणेव जिणपडिमाओ तेणेव उवागच्छइ, उवागच्छित्ता जिणपडिमाणं आलोए पणामं करेइ, करेत्ता लोमहत्थगं गिण्हइ, गिण्हित्ता जिणपडिमाणं लोमहत्थएणं पमज्जइ, पमज्जित्ता जिणपडिमाओ सुरभिणा गंधोदएणं ण्हाएइ, ण्हाइत्ता सुरभिकासाइएणं वत्थेणं गायाइं लूहेइ लूहित्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपइ, अणुलिंपइत्ता, जिणपडिमाणं अहयाइं देवदूसजुयलाइं नियंसेइ, नियंसेत्ता अग्गेहिं वरेहिं गंधेहिं मल्लेहि य अच्चेइ, अच्चेत्ता पुप्फारुहणं मल्लारुहणं वण्णारुहणं चुण्णारुहणं गंधारुहणं आभरणारुहणं करेइ, करेत्ता आसत्तोसत्त-विउल-वट्ट-वग्घारिय-मल्लदामकलावं करेइ, करेत्ता कयग्गहगहियकरयलपब्भट्ठ-विप्पमुक्केणं दसद्धवण्णेणं कुसुमेणं पुप्फपुंजोवयारकलियं करेइ, करेत्ता जिणपडिमाणं पुरओ अच्छेहिं सण्हेहिं रययामएहिं अच्छरसा-तंदुलेहिं अट्ठट्ठ मंगले आलिहइ, तं जहा– सोत्थियं* ***जाव*** *दप्पणं ।*

*तयाणंतरं च णं चंदप्पभ-वइरवेरुलिय-विमलदंडं कंचणमणिरयणभत्तिचित्तं कालागुरु-पवरकुंदुरुक्क-तुरुक्क धूव-मघमघेंत-गंधुत्तमाणुविद्धं च धूववट्टिं विणिम्मुयंतं वेरुलियमयं कडुच्छयं पग्गहिय पयत्तेणं धूवं दाऊण; जिणवराणं अट्ठसयविसुद्धगंथजुत्तेहिं अत्थजुत्तेहिं अपुणरुत्तेहिं महावित्तेहिं संथुणइ, संथुणित्ता सत्तट्ठ पदाणि ओसरइ, ओसरित्ता दसंगुलिं अंजलिं करियमत्थयम्मि य पयत्तेणं, वामं जाणुं अंचेइ अंचित्ता दाहिणं जाणुं धरणितलंसि णिहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि निवाडेइ, निवाडित्ता ईसिं पच्चुण्णमइ; पच्चुण्णमित्ता करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी– णमोत्थुणं अरहंताणं भगवंताणं* ***जाव*** *संपत्ताणं वंदइ नमंसइ,*

*वंदित्ता नमंसित्ता–]*

*(ત્યાર પછી ચાર હજાર સામાનિક દેવો **યાવત્** સોળ હજાર આત્મરક્ષક દેવો, સૂર્યાભવિમાનવાસી અન્ય ઘણા દેવ-દેવીઓથી વીંટળાયેલા સૂર્યાભદેવ પોતાની સર્વઋદ્ધિ **યાવત્** વાજિંત્રોના ધ્વનિપૂર્વક સિદ્ધાયતન સમીપે આવ્યા અને સિદ્ધાયતનના પૂર્વી દ્વારથી સિદ્ધાયતનમાં પ્રવેશી દેવચ્છંદક અને તેના ઉપર સ્થિત જિનપ્રતિમા સમીપે આવ્યા. જિનપ્રતિમા દેખાતા તેને પ્રણામ કર્યા અને ત્યાર પછી, મોરપીંછ ગ્રહણ કરી તે મોરપીંછથી જિનપ્રતિમાનું પ્રમાર્જન કરીને, સુગંધી પાણીથી અભિષેક કર્યો, સુગંધી લાલ વસ્ત્રથી પ્રતિમાને લૂછીને સરસ ગોશીર્ષ ચંદનનો તેના પર લેપ કર્યો. ત્યાર પછી તેને અખંડિત દેવદૂષ્યયુગલ પહેરાવ્યા અને તેના ઉપર પુષ્પમાળા, ગંધ, ચૂર્ણ, વર્ણ, વસ્ત્ર અને આભૂષણો ચઢાવ્યા; ઉપરથી નીચે સુધી લટકતી લાંબી, ગોળ માળાઓ પહેરાવી; હાથથી કોમળ રીતે પંચવર્ણી પુષ્પપુંજને ગ્રહણ કરીને ત્યાં મૂક્યા અર્થાત્ પુષ્પ ગોઠવી તે સ્થાનને સુશોભિત કર્યું; જિન પ્રતિમાની સામે સ્વચ્છ, સ્નિગ્ધ રજતમય દિવ્ય ચોખાથી સ્વસ્તિકથી લઈ દર્પણ સુધીના આઠ મંગલો બનાવ્યા.*

*ત્યાર પછી ચંદ્રપ્રભ(ચંદ્રકાંત મણિ), વજ્રરત્ન અને વૈડુર્યમણિની ડાંડીવાળી, સુવર્ણ-મણિ અને રત્નો જડેલી, અદ્ભુત રચનાવાળી ધૂપદાની ગ્રહણ કરી, શ્રેષ્ઠ કાલાગુરુ(અગર) કુંદુરુષ્ક(ચીડ) અને તુરુષ્ક (લોબાન) વગેરેના ધૂપ કર્યો.*

*ત્યાર પછી તેણે જિનવરોની વિશુદ્ધ(કાવ્યદોષ રહિત) અપૂર્વ અર્થ સંપન્ન, અપુનરુક્ત, મહિમાશાળી ૧૦૮ ગ્રંથ(શ્લોક)વાળી સ્તુતિ કરીને, સાત-આઠ પગલા પાછળ જઈને ડાબો ઘૂંટણ ઊંચો રાખીને, જમણા ઘૂંટણને જમીન ઉપર ટેકવીને ત્રણવાર મસ્તકને જમીન સુધી નમાવીને ત્યાર પછી મસ્તકને ઊંચુ રાખી, બંને હાથ જોડીને આવર્તનપૂર્વક મસ્તક ઉપર અંજલી કરીને અરિહંત ભગવાનને **યાવત્** સિદ્ધગતિને પ્રાપ્ત સિદ્ધ ભગવંતોને વંદન નમસ્કાર હો, આ રીતે ઉચ્ચારણ કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને...*

***નોંધ :–** આચાર્ય મલયગિરિ સૂરિજીએ વૃત્તિમાં આ સ્થાને મંતવ્યભેદનો ઉલ્લેખ કર્યો છે. યથા– **वन्दते ताः प्रतिमा चैत्यवन्दन विधिना प्रसिद्धेन, नमस्करोति पश्चात् प्रणिधानादियोगेन इति एके ।** સૂર્યાભદેવે વંદન કર્યા છે એટલે તે ચૈત્યવંદનવિધિપૂર્વક વંદન કર્યા અને પછી નમસ્કાર કર્યા એટલે પ્રણિધાનાદિક યોગપૂર્વક નમસ્કાર કર્યા તેવો કેટલાકનો મત છે. **अन्ये तु अभिदधति विरतिमतामेव प्रसिद्धः चैत्यवन्दनविधिः अन्येषां तथा अभ्युपगम पुरस्सरकायव्युत्सर्गासिद्धेः इति वन्दते सामान्येन, नमस्करोति आशयवृद्धेः अभ्युत्थान नमस्कारेण इति ।** ચૈત્યવંદનની પ્રસિદ્ધવિધિ વિરતિધર માટે જ છે. તેમાં ઈર્યાપથિકી કાઉસગ્ગ આવતો હોવાથી વિરતિધર સિવાયના માટે તે વિધિ ઉચિત નથી. માટે સૂર્યાભદેવ સામાન્યરૂપે વંદન કરે છે અને આશય-ભાવ વૃદ્ધિના કારણે આદરપૂર્વક નમસ્કાર કરે છે.*

*વૃત્તિકારે અહીં **तत्त्वमत्र भगवन्तः परमर्षय केवलिनो विदन्ति ।** સત્યતત્ત્વ તો પરમઋષિ કેવળી ભગવંત જાણે, કહીને આ પાઠની બાબતમાં પોતાની સંદિગ્ધતા પ્રગટ કરી છે પરંતુ નિર્ણય કોઈ સ્પષ્ટ નિર્ણય આપ્યો નથી. માત્ર મતાંતર રજૂ કર્યા છે. આ ઉપરાંત શ્રી હેમચંદ્રાચાર્ય રચિત હૈમીયનામ- માલાના–*

**अर्हन्नपि जिनश्चैव, जिनः सामान्य केवली,**
**कंदर्पोऽपि जिनश्चैव जिनो नारायणो हरीः ।**

*આ શ્લોકના આધારે પૂ. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. જિનપ્રતિમા એટલે કામદેવ કે નારાયણની*

પ્રતિમા અર્થ કરે છે. આ સૂત્રપાઠ સંબંધિત આવા મતાંતરોના કારણે આ પાઠને કૌંસમાં રાખ્યો છે.

આ પાઠથી સ્પષ્ટ થાય છે કે જિનપ્રતિમાની પૂજાદિ વિધિ દેવોનો જીતવ્યવહાર છે અર્થાત્ કુળાચાર છે, પરંપરાગત કર્તવ્ય છે. આ સૂત્ર પાઠ દ્વારા મનુષ્યોએ જિનપૂજા કરવાનું સિદ્ધ થતું નથી. શ્રાવકાચારનું વર્ણન શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં છે. સાધ્વાચારનું વર્ણન શ્રી આચારાંગાદિ આગમોમાં છે. આ આગમોમાં શ્રાવકો કે સાધુના કર્તવ્યોમાં કે તેના આચારમાં જિનપૂજાનું વિધાન નથી.

**अत ऊर्ध्वसूत्रं सुगमम्, केवलं भूयान्विधिविषयो वाचनाभेद इति ।** આ પછી જે સૂત્રો છે, તે સંબંધી પણ વાચના ભેદ છે. તેથી અહીં તે પાઠ પણ કૌંસમાં રાખ્યા છે.)

[ जेणेव देवच्छंदए जेणेव सिद्धायतणस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ, सिद्धायतणस्स बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जइ, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहइ कयग्गहगहिय **जाव** पुंजोवयारकलियं करेइ, करित्ता धूवं दलयइ,

जेणेव सिद्धायतणस्स दाहिणिल्ले दारे तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ, दारचेडीओ य सालभंजियाओ य वालरूवए य लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ, दलइत्ता पुप्फारुहणं **जाव** आभरणारुहणं करेइ, करेत्ता आसत्तोसत्त **जाव** धूवं दलयइ ।

जेणेव दाहिणिल्ले दारे मुहमंडवे जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स बहुमज्झ-देसभाए तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ, बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जइ, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहइ **जाव** धूयं दलयइ ।

जेणेव दाहिणिलस्स मुहमंडवस्स पच्चत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ, दारचेडीओ य सालभंजियाओ य वालरूवए य लोमहत्थेणं पमज्जइ, दिव्वाए दगधाराए अब्भुक्खेइ सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ, पुप्फरुहणं **जाव** आभरणारुहणं करेइ आसत्तोसत्त **जाव** धूवं दलयइ । जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स उत्तरिल्ला खंभपंति तेणेव उवागच्छइ, लोमहत्थं परामुसइ थंभे य सालभंजियाओ य वालरूवए य लोमहत्थएणं पमज्जइ जहा चेव पच्चत्थिमिल्लस्स दारस्स **जाव** धूवं दलयइ । जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स पुरत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ दारचेडीओ तं चेव सव्वं । जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स दाहिणिल्ले दारे तेणेव उवागच्छइ दारचेडीओ तं चेव सव्वं ।

जेणेव दाहिणिल्ले पेच्छाघरमंडवे, जेणेव दाहिणिल्लस्स पेच्छाघरमंडवस्स बहुमज्झदेसभाए, जेणेव वइरामए अक्खाडए, जेणेव मणिपेढिया, जेणेव सीहासणे, तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ, अक्खाडगं च मणिपेढियं च सीहासणं च लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ, पुप्फारुहणं आसत्तोसत्त **जाव** धूवं दलेइ, जेणेव दाहिणिल्लस्स पेच्छाघरमंडवस्स पच्चत्थिमिल्ले दारे, उत्तरिल्ला खंभपंति, पुरत्थिमिल्ले दारे, दाहिणिल्ले दारे, तं चेव सव्वं ।

जेणेव दाहिणिल्ले चेइयथूभे तेणेव उवागच्छइ, थूभं, मणिपेढियं च दिव्वाए दगधाराए सरसेण गोसीसचंदणेणं चच्चए दलेइ **जाव** धूवं दलेइ ।

*जेणेव पच्चत्थिमिल्ला मणिपेढिया जेणेव पच्चत्थिममिल्ला जिणपडिमा तं चेव, जेणेव उत्तरिल्ला मणिपेढिया जेणेव उत्तरिल्ला जिणपडिमा तं चेव सव्वं । जेणेव पुरत्थिमिल्ला मणिपेढिया जेणेव पुरत्थिमिल्ला जिणपडिमा तेणेव उवागच्छइ तं चेव, दाहिणिल्ला मणिपेढिया दाहिणिल्ला जिणपडिमा तं चेव।*

*जेणेव दाहिणिल्ले चेइयरुक्खे तेणेव उवागच्छइ तं चेव, जेणेव महिंदज्झए तं चेव, जेणेव दाहिणिल्ला णंदापुक्खरिणी तेणेव उवागच्छति, लोमहत्थगं परामुसति, तोरणे य तिसोवाणपडिरूवए सालभंजियाओ य वालरूवए य लोमहत्थएणं पमज्जइ, दिव्वाए, दगधाराए सरसेणं गोसीसचंदणेणं, पुप्फारुहणं, आसत्तोसत्त, धूवं दलयति ।*

*सिद्धाययणं अणुपयाहिणीकरेमाणे जेणेव उत्तरिल्ला णंदापुक्खरिणी तेणेव उवागच्छति तं चेव, जेणेव उत्तरिल्ले महिंदज्झए तं चेव, जेणेव उत्तरिल्ले चेइयरुक्खे तहेव, जेणेव उत्तरिल्ले चेइयथूभे तहेव, जेणेव पच्चत्थिमिल्ला पेढिया जेणेव पच्चत्थिमिल्ला जिणपडिमा तं चेव । उत्तरिल्ला मणिपेढिया-उत्तरिल्ला जिणपडिमा, पुरत्थिमिल्ला मणिपेढिया, पुरत्थिमिल्ला जिणपडिमा, दाहिणिल्ला मणिपेढिया, दाहिणिल्ला जिणपडिमा तं चेव सव्व । जेणेव उत्तरिल्ले पेच्छाघरमंडवे जेणेव उत्तरिल्लस्स पेच्छाघरमंडवस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ जा चेव दाहिणिल्लवत्तव्वया सा चेव सव्वं* **जाव** *पुरत्थिमिल्ले दारे, दाहिणिल्ला खंभपंती तं चेव सव्वं । जेणेव उत्तरिल्लेदारे दारे मुहमंडवे जेणेव उत्तरिल्लस्स मुहमंडवस्स बहुमज्झदेसभाए तं चेव सव्वं, पच्चत्थिमिल्ले दारे, उत्तरिल्ले दारे पुरत्थिमिल्ले दारे, दाहिणिल्ला खंभपंति सेसं तं चेव सव्वं । जेणेव सिद्धायतणस्स उत्तरिल्ले दारे तं चेव,*

*जेणेव सिद्धायतणस्स पुरत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ तं चेव, जेणेव पुरत्थिमिल्ले मुहमंडवे जेणेव पुरत्थिमिल्लस्स मुहमंडवस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ तं चेव, पुरत्थिमिल्लस्स मुहमंडवस्स दाहिणिल्ले दारे, पच्चत्थिमिल्ला खंभपंती, उत्तरिल्ले दारे, पुरत्थिमिल्ले दारे तं चेव । जेणेव पुरत्थिमिल्ले पेच्छाघरमंडवे, एवं थूभे, जिणपडिमाओ चेइयरुक्खा, महिंदज्झया णंदापुक्खरिणी तं चेव ।*

*जेणेव सभा सुहम्मा तेणेव उवागच्छइ, सभं सुहम्मं पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ, जेणेव माणवए चेइयखंभे जेणेव वइरामए गोलवट्टसमुग्गे तेणेव उवागच्छइ, उवागच्छइत्ता लोमहत्थगं परामुसइ, वइरामए गोलवट्टसमुग्गए लोमहत्थेणं पमज्जइ, वइरामए गोलवट्टसमुग्गए विहाडेइ, जिणसगहाओ लोमहत्थेणं पमज्जइ, सुरभिणा गंधोदएणं पक्खालेइ, पक्खालित्ता अग्गेहिं वरेहिं गंधेहि य मल्लेहि य अच्चेइ, धूवं दलयइ, जिणसकहाओ वइरामएसु गोलवट्टसमुग्गए सु पडिणिक्खवइ माणवगं चेइयखंभं लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ, पुप्फारुहणं* **जाव** *धूवं दलयइ । जेणेव सीहासणे तेणेव उवागच्छइ तं चेव जाव धूवं दलयइ । जेणेव देवसयणिज्जे तं चेव जाव धूवं दलयइ । जेणेव खुड्डागमहिंदज्झए तं चेव* **जाव** *धूवं वलयइ । जेणेव पहरणकोसे चोप्पालए तेणेव उवागच्छइ, लोमहत्थगं परामुसइ पहरणकोसं चोप्पालं लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए सरसेणं गोसीस-चंदणेणं चच्चए दलयइ, पुप्फारुणं आसत्तोसत्त* **जाव** *धूवं दलयइ ।*

*जेणेव सभाए सुहम्माए बहुमज्झदेसभाए, जेणेव मणिपेढिया जेणेव देवसणिज्जे तेणेव*

*उवागच्छइ, लोमहत्थगं पारमुसइ, देवसयणिज्जं च मणिपेढियं च लोमहत्थएणं पमज्जइ **जाव** धूवं दलयइ । जेणेव उववायसभाए दाहिणिल्ले दारे तेणेव उवागच्छइ एवं तहेव सिद्धायतण सरिसं **जाव** जेणेव पुरत्थिमिल्ला णंदा पुक्खरिणी, जेणेव हरए तेणेव उवागच्छइ, तोरणे य तिसोवाणे य सालभंजियाओ य वालरूवए य तहेव । जेणेव अभिसेयसभा, तेणेव उवागच्छइ तहेव सीहासणं च मणिपेढियं च, सेसं तहेव सिद्धायतण सरिसं **जाव** पुरत्थिमिल्ला णंदा पुक्खरिणी । जेणेव अलंकारियसभा तेणेव उवागच्छइ जहा अभिसेयसभा तहेव सव्वं । जेणेव ववसायसभा तेणेव उवागच्छइ तहेव लोमहत्थयं परामुसइ पोत्थयरयणं लोम हत्थएणं पमज्जइ, पमज्जित्ता दिव्वाए दगधाराए अग्गेहिं वरेहि य गंधेहिं मल्लेहि य अच्चेइ मणिपेढियं सीहासणं य सेसं तं चेव। जेणेव पुरत्थिमिल्ला णंदा पुक्खरिणी जेणेव हरए तेणेव उवागच्छइ तोरणे य तिसोवाणे य सालभंजियाओ य वालरूवए य तहेव। जेणेव बलिपीढं तेणेव उवागच्छइ बलिविसज्जणं करेइ, आभिओगिए देवे सद्दावेइ सद्दावित्ता एवं वयासी–*

*खिप्पामेव भो देवाणुप्पिया ! सूरियाभे विमाणे सिंघाडएसु तिएसु चउक्केसु चच्चरेसु चउमुहेसु महापहेसु पागारेसु अट्टालएसु चरियासु दारेसु गोपुरेसु तोरणेसु आरामेसु उज्जाणेसु वणेसु वणराईसु काणणेसु वणसंडेसु अच्चणियं करेइ, अच्चणियं करेत्ता एवमाणत्तियं खिप्पामेव पच्चप्पिणह । तए णं ते आभिओगिआ देवा सूरियाभेणं देवेणं एवं वुत्ता समाणा **जाव** पडिसुणित्ता सूरियाभे विमाणे सिंघाडएसु तिएसु चउक्कएसु चच्चरेसु चउम्मुहेसु महापहेसु पागारेसु अट्टालएसु चरियासु दारेसु गोपुरेसु तोरणेसु आरामेसु उज्जाणेसु वणेसु वणराईसु काणणेसु वणसंडेसु अच्चणियं करेंति, जेणेव सूरियाभे देवे **जाव** पच्चप्पिणंति।*

*तए णं से सूरियाभे देवे जेणेव णंदा पुक्खरिणी तेणेव उवागच्छइ, णंदापुक्खरिणिं पुरत्थिमिल्लेणं तिसोपाणपडिरूवएणं पच्चोरुहति, हत्थपाए पक्खालेइ, णंदाओ पुक्खरिणीओ पच्चुत्तरेइ, जेणेव सभा सुधम्मा तेणेव पहारेत्थ गमणाए ।]*

***(સિદ્ધાયતનમાં જિનપ્રતિમાને વંદન-નમસ્કાર કરીને સૂર્યાભદેવે દેવચ્છંદક અને સિદ્ધાયતનના મધ્યભાગમાં આવીને મોરપીંછથી તેનું પ્રમાર્જન કર્યું(સાફ કર્યું), દિવ્ય જલધારાથી સિંચન કર્યું(પાણીથી ધોયું) સરસ ગોશીર્ષ ચંદનના થાપા માર્યા, કોમળ હાથથી પંચવર્ણી પુષ્પો ગ્રહણ કરીને, ત્યાં પાથરીને તે સ્થાનને સુશોભિત કર્યું અને ત્યારપછી ત્યાં ધૂપ કર્યો.***

***ત્યાર પછી સિદ્ધાયતનના દક્ષિણીદ્વાર સમીપે આવીને, મોરપીંછને હાથમાં ગ્રહણ કરી બારશાખ, પૂતળીઓ વગેરે વ્યાલરૂપોનું(વિવિધ રૂપોનું) પ્રમાર્જન કર્યું, દિવ્ય જલધારાનું સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદનના થાપા માર્યા, પુષ્પ યાવત્ આભૂષણો ચઢાવ્યા, ઉપરથી નીચે સુધી લટકતી લાંબી, ગોળ માળાઓ લટકાવી યાવત્ ત્યાં ધૂપ કર્યો.***

***દક્ષિણદ્વારવર્તી મુખમંડપ અને દક્ષિણ દિશાના મુખમંડપના મધ્ય દેશભાગમાં આવીને મોરપીંછ ગ્રહણ કરીને તે મધ્યભાગનું મોરપીંછથી પ્રમાર્જન કર્યું, દિવ્ય જલધારાનું સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદનના થાપા માર્યા યાવત્ ત્યાં ધૂપ કર્યો.***

***ત્યાર પછી દક્ષિણી મુખમંડપના પશ્ચિમી દ્વાર સમીપે આવીને, મોરપીંછ ગ્રહણ કરીને ત્યાંના બારશાખ, પૂતળીઓ, વ્યાલરૂપો વગેરે વિવિધરૂપોનું મોરપીંછથી પ્રમાર્જન કર્યું, દિવ્ય જલધારાથી સિંચન***

કર્યું, સરસ ગોશીર્ષ ચંદનના થાપા માર્યા, પુષ્પ **યાવત્** આભરણો ચઢાવ્યા, ઉપરથી નીચે સુધી લટકતી લાંબી, ગોળ માળાઓ લટકાવી, કોમળ હાથે પંચવર્ણી પુષ્પો ત્યાં ગોઠવી, તે સ્થાનને સુશોભિત કરી, ધૂપ કર્યો. દક્ષિણી મુખમંડપના ઉત્તરી સ્તંભ પંક્તિ સમીપે આવીને, મોરપીંછ ગ્રહણ કરી તેનાથી બારશાખ, પૂતળીઓ, વ્યાલરૂપોનું પ્રમાર્જન વગેરે સર્વ કાર્ય કર્યા. દક્ષિણી મુખમંડપના પૂર્વીદ્વાર પાસે આવીને મોરપીંછ ગ્રહણ કરી, તે મોરપીંછથી બારશાખ, પૂતળીઓ, વ્યાલરૂપોનું પ્રમાર્જન વગેરે સર્વ કાર્ય કર્યા. દક્ષિણી મુખમંડપના દક્ષિણીદ્વાર પાસે આવીને તેના બારશાખ, પૂતળીઓ, વ્યાલરૂપોનું પ્રમાર્જન વગેરે સર્વકાર્યો કર્યા.

દક્ષિણી પ્રેક્ષાગૃહ મંડપ અને દક્ષિણી પ્રેક્ષાગૃહ મંડપના બરોબર મધ્યભાગમાં વજ્રમય અક્ષપાટ (અખાડો), તેના ઉપરની મણિપીઠિકા, તેના ઉપરના સિંહાસન પાસે આવીને મોરપીંછ ગ્રહણ કરી, તે મોરપીંછથી અક્ષપાટ, મણીપીઠિકા અને સિંહાસનને સાફ કર્યા, દિવ્ય જલધારાથી ધોયા, સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કર્યા, પુષ્પ **યાવત્** આભરણો ચઢાવ્યા, ઉપરથી નીચે સુધી લટકતી લાંબી, ગોળ માળાઓ લટકાવી, કોમળ હાથથી પંચવર્ણી પુષ્પો ગોઠવીને તે સ્થાનને સુશોભિત બનાવ્યું અને ધૂપ કર્યો. દક્ષિણી પ્રેક્ષામંડપના પશ્ચિમી દ્વાર, ઉત્તરી સ્તંભપંક્તિ, પૂર્વી દ્વાર અને દક્ષિણીદ્વાર પાસે આવી પ્રમાર્જનાદિ સર્વ કાર્યો કર્યા.

દક્ષિણી ચૈત્યસ્તૂપ સમીપે આવી હાથમાં મોરપીંછ ગ્રહણ કરી ચૈત્યસ્તૂપ, મણિપીઠિકાનું પ્રમાર્જન કર્યું, દિવ્ય જલધારાનું સિંચન કર્યુ, સરસ ગોશીર્ષ ચંદન લગાવ્યું **યાવત્** ધૂપ કર્યો.

અનુક્રમે પશ્ચિમી મણિપીઠિકા, પશ્ચિમી જિનપ્રતિમા સમીપે આવીને, ઉત્તરી મણિપીઠિકા અને ઉત્તરી જિનપ્રતિમા સમીપે આવી, પૂર્વી મણિપીઠિકા અને પૂર્વી જિનપ્રતિમા સમીપે આવીને તથા દક્ષિણી મણિપીઠિકા, દક્ષિણી જિનપ્રતિમા સમીપે આવીને, તે જ રીતે સર્વ કાર્યો કર્યા.

દક્ષિણી ચૈત્યવૃક્ષ, દક્ષિણી મહેન્દ્રધ્વજ, દક્ષિણી નંદાપુષ્કરિણી પાસે આવીને મોરપીંછ ગ્રહણ કરી તેનાથી તોરણો, ત્રિસોપાન શ્રેણી, પૂતળીઓ, વ્યાલરૂપ વગેરેનું પ્રમાર્જન કર્યું, દિવ્ય જલધારાથી સિંચન કર્યુ, સરસ ગોશીર્ષ ચંદન લગાવ્યું, પુષ્પાદિ ચઢાવ્યા, ઉપરથી નીચે સુધી લટકતી લાંબી, ગોળ માળાઓ લટકાવી, પંચવર્ણી પુષ્પો ત્યાં ગોઠવ્યા અને ધૂપ કર્યો.

સિદ્ધાયતનની પ્રદક્ષિણા કરી ઉત્તરી નંદા પુષ્પરિણી પાસે આવીને, ઉત્તરી મહેન્દ્રધ્વજ, ઉત્તરી ચૈત્યવૃક્ષ, ઉત્તરી ચૈત્યસ્તૂપ, પશ્ચિમી મણિપીઠિકા, પશ્ચિમી જિનપ્રતિમા, ઉત્તરી મણિપીઠિકા, ઉત્તરી જિનપ્રતિમા, પૂર્વી મણિપીઠિકા, પૂર્વી જિનપ્રતિમા, દક્ષિણી મણિપીઠિકા, દક્ષિણી જિનપ્રતિમા પાસે આવી તે સર્વ કાર્યો કર્યા.

ઉત્તરી પ્રેક્ષાગૃહમંડપ, ઉત્તરી પ્રેક્ષાગૃહમંડપના બરાબર મધ્યભાગમાં દક્ષિણીપ્રેક્ષાગૃહમંડપની જેમજ આ પશ્ચિમીદ્વાર પાસે, ઉત્તરીદ્વાર, પૂર્વીદ્વાર અને દક્ષિણી સ્તંભ સંબંધી સર્વ કાર્યો કર્યા.

ઉત્તરીદ્વારના મુખમંડપ અને ઉત્તરી મુખમંડપના મધ્યભાગમાં આવીને તથા ઉત્તરી મુખમંડપના પશ્ચિમીદ્વાર, ઉત્તરીદ્વાર, પૂર્વીદ્વાર અને દક્ષિણી સ્તંભ પંક્તિ પાસે આવીને તે સર્વ કાર્ય કર્યા. સિદ્ધાયતનના ઉત્તરીદ્વાર પાસે આવી, તે સર્વ કાર્યો કર્યા.

સિદ્ધાયતનના પૂર્વીદ્વાર પાસે આવી તે સર્વ કાર્ય કર્યા. પૂર્વીદ્વારના મુખમંડપ અને તે મુખમંડપના મધ્યભાગમાં આવી તે સર્વ કાર્ય કર્યા. પૂર્વી મુખમંડપના દક્ષિણીદ્વાર, પશ્ચિમીસ્તંભપંકિત, ઉત્તરીદ્વાર અને પૂર્વીદ્વાર પાસે આવી, તે સર્વ કાર્યો કર્યા.

પૂર્વી પ્રેક્ષાગૃહ મંડપ, પૂર્વી પ્રેક્ષાગૃહમંડપના સ્તૂપ, જિનપ્રતિમાઓ,ચૈત્યવૃક્ષ, માહેન્દ્રધ્વજ, નંદા

*પુષ્કરિણી સમીપે આવી, તે સર્વ કાર્યો કર્યા.*

*ત્યાર પછીસુધર્માસભા સમીપે આવીને, તેના પૂર્વી દ્વારથી પ્રવેશ કરીને, માણવક ચૈત્યસ્તંભ અને વજ્રમય ગોળ દાબડા સમીપે આવીને મોરપીંછથી તે દાબડાઓનું અને તેમાંથી જિન અસ્થિઓ કાઢીને, તેનું પ્રમાર્જન કર્યું, દિવ્ય ગંધોદકનું સિંચન કર્યું, શ્રેષ્ઠ સુગંધી પદાર્થો અને માળાઓથી અર્ચના કરી, ધૂપ કર્યો અને તે અસ્થિઓને દાબડામાં પાછા મૂકી દીધા. ત્યાર પછી વજ્રમય માણવક સ્તંભનું પ્રમાર્જન કર્યું, જલધારાથી સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદન લગાવ્યું, પુષ્પાદિ ચઢાવ્યા* **યાવત્** *ધૂપ કર્યો. ત્યાંના સિંહાસન, દેવશય્યા અને ક્ષુલ્લક માહેન્દ્રધ્વજ પાસે ધૂપાદિ સર્વ કાર્યો કર્યા.*

*ચોપ્પાલ નામના શસ્ત્રભંડાર પાસે આવીને મોરપીંછથી શસ્ત્રભંડારને સાફ કર્યો, દિવ્ય જલધારાનું સિંચન કર્યું, ગોશીર્ષ ચંદન લગાવ્યું, પુષ્પો ચઢાવ્યા, લાંબીમાળાઓ લટકાવી* **યાવત્** *ધૂપ કર્યો.*

*સુધર્મ સભાના મધ્યભાગ, મણિપીઠિકા અને ત્યાંની દેવશય્યાના પ્રમાર્જનાદિ સર્વ કાર્યો કર્યા.*

*(ઉપપાત સભાના પૂર્વીદ્વારથી પ્રવેશ કરી ઉપપાત સભા, તેના મધ્ય ભાગાદિના પ્રમાર્જનાદ કાર્ય કરી) ઉપપાત સભાના દક્ષિણી દ્વાર પાસે આવીને તેના પ્રમાર્જનાદિ કાર્યો કરીને, સિદ્ધાયતનની જેમ પૂર્વી નંદાપુષ્કરિણી, દહ પાસે આવીને તેના તોરણ, ત્રિસોપાનશ્રેણી, પૂતળીઓ વગેરે વિવિધરૂપોના પ્રમાર્જનાદિ સર્વ કાર્યો કર્યા.*

*અભિષેક સભામાં આવીને ત્યાંના સિંહાસન, મણિપીઠિકા અને દક્ષિણીદ્વારના ક્રમથી પૂર્વી નંદાપુષ્કરિણીના પ્રમાર્જનાદિ સર્વ કાર્યો કર્યા. અલંકાર સભામાં આવીને અભિષેક સભાની જેમ સર્વ કાર્યો કર્યા. વ્યવસાય સભામાં આવીને મોરપીંછથી પુસ્તકરત્નનું પ્રમાર્જન કર્યું, દિવ્ય જલધારાથી પ્રક્ષાલન કર્યું, શ્રેષ્ઠ સુગંધીદ્રવ્યો–માળાઓ ચઢાવી, ત્યાર પછી મણિપીઠિકા, સિંહાસન, પૂર્વી નંદાપુષ્કરિણી, દ્રહ તેના તોરણ, ત્રિસોપાનશ્રેણી, પૂતળીઓ વગેરે વિવિધરૂપોના પ્રમાર્જનાદિ સર્વ કાર્ય કર્યા. બલિપીઠ પાસે આવીને બલિનું વિસર્જન કર્યું.*

*ત્યાર પછી અભિયોગિક દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર સૂર્યાભવિમાનના શ્રૃંગાટકો–શિંગોડાના આકારવાળા ત્રિકોણ સ્થાનો, ત્રિક–ત્રણ રસ્તા મળતા હોય તેવા સ્થાનો, ચોક–ચાર રસ્તા મળતા હોય તેવા સ્થાનો, ચત્વરો–ઘણા રસ્તા મળતા હોય તેવા સ્થાનો, ચતુર્ભુજો–ચારેબાજુ દ્વાર હોય તેવા સ્થાનો, રાજમાર્ગો, પ્રાકારો, અટારી–અટ્ટાલિકાઓ(કોટ ઉપરના ઝરુખાઓ), ચરિકાઓ–આઠ હાથ પ્રમાણવાળો કિલ્લા અને શહેરનો અંતરાલવર્તી માર્ગ, દ્વાર, ગોપુર–નગરના દરવાજાઓ, આરામો–ક્રીડા સ્થાનો, ઉદ્યાનો–ઉત્સવ સમયે અનેક લોકો ભેગા થાય તેવા ચંપકાદિ વૃક્ષોવાળા સ્થાનો, વન–વિશેષ પ્રકારના ઉદ્યાનો, વનરાઈઓ–એક જાતિના ઉત્તમવૃક્ષો હોય તેવા સ્થાનો, કાનન–સામાન્યવૃક્ષ યુક્ત ગામની નજીકના સ્થાનો, વનખંડો–અનેક જાતના ઉત્તમવૃક્ષવાળા સ્થાનોની અર્ચના કરો અને તે કાર્ય થઈ ગયાની મને શીઘ્ર જાણ કરો.*

*સૂર્યાભદેવે આ પ્રમાણે કહ્યું ત્યારે તે અભિયોગિક દેવોએ તે આજ્ઞા શિરોધાર્ય કરીને સૂર્યાભવિમાનના શ્રૃંગાટકો, ત્રિક, ચોક, ચત્ત્વર, ચતુર્મુખ, રાજમાર્ગો, પ્રકારો, અટારી–અટ્ટાલિકાઓ, ચરિકાઓ, દ્વારો, ગોપુરો, તોરણો, આરામો, ઉદ્યાનો, વનો, વનરાઈ કાનનો, વનખંડોની અર્ચના આદિ સર્વ કાર્યો કર્યા અને સૂર્યાભદેવને કાર્ય થઈ ગયાના સમાચાર આપ્યા.*

*ત્યાર પછી સૂર્યાભદેવ નંદાપુષ્કરિણી સમીપે આવીને, પૂર્વી ત્રિસોપાન શ્રેણીદ્વારા(તે વાવમાં)*

*ઉતર્યા, હાથ-પગ ધોયા અને નંદાપુષ્કરિણીમાંથી બહાર નીકળીને, સુધર્માસભા તરફ પ્રયાણ કર્યું.*

***નોંધ :–*** *પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યાભદેવે સૂર્યાભવિમાનની સુધર્માદિ પાંચે સભાના સ્તૂપ, સ્તંભ, દરવાજા, બારસાખ, પૂતળીઓ, સરોવરમાં ઉતરવાના પગથિયા, તેના તોરણો વગેરે સર્વ સ્થાનોને સાફ કર્યા, ધોયા વગેરે પ્રવૃતિનું વર્ણન છે. સૂર્યાભદેવની આ પ્રવૃતિ થોડી વિચિત્ર લાગે છે. સૂર્યાભદેવના હજારો આભિયોગિક (સેવક) દેવો હોવા છતાં પૂતળીઓ, પગથિયા દરવાજા જેવી વસ્તુઓને પોતે કેમ સાફ કરી હશે ? આ વસ્તુઓની પૂજા કેમ કરી હશે ?*

*ટીકાકારે આ પાઠ માટે જ્ઞાનીગમ્ય કહીને સંદિગ્ધતા પ્રગટ કરી છે. તેથી પ્રસ્તુતમાં આ સંપૂર્ણ પાઠને પ્રક્ષિપ્ત સમજીને કૌંસમાં અને ઈટાલી ટાઈપમાં રાખ્યો છે.)*

**૧૮૨ तए णं सूरियाभे देवे चउहिं सामाणियसाहस्सीहिं** *जाव* **सोलसहिं आयरक्खदेव-साहस्सीहिं, अण्णेहि य बहूहिं सूरियाभविमाणवासीहिं वेमाणिएहिं देवेहिं देवीहि य सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **णाइयरवेणं जेणेव सभा सुहम्मा तेणेव उवागच्छइ उवगच्छित्ता सभं सुहम्मं पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ, अणुपविसित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ सिंहासणे वरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવ ચાર હજાર સામાનિક દેવ ***યાવત્*** સોળ હજાર આત્મરક્ષક દેવ અને અન્ય અનેક સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓની સાથે, તેઓથી ઘેરાઈને સર્વ ઋદ્ધિસાથે, વાજિંત્રોના નાદ સાથે સુધર્માસભા સમીપે આવીને પૂર્વી દ્વારથી સુધર્માસભામાં પ્રવેશીને, શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠા.

**૧૮૩ तए णं तस्स सूरियाभस्स देवस्स अवरुत्तरेणं उत्तरपुरत्थिमेणं दिसीभाएणं चत्तारि य सामाणियसाहस्सीओ चउसु भद्दासणसाहस्सीसु णिसीयंति । तए णं तस्स सूरियाभस्स देवस्स पुरत्थिमिल्लेणं चत्तारि अग्गमहिस्सीओ चउसु भद्दासणेसु णीसीयंति ।**

**तए णं तस्स सूरियाभस्स देवस्स दाहिणपुरत्थिमेणं अब्भिंतरियाए परिसाए अट्ठ देवसाहस्सीओ अट्ठसु भद्दासणसाहस्सीसु णिसीयंति । तए णं तस्स सूरियाभस्स देवस्स दाहिणेणं मज्झिमाए परिसाए दस देवसाहस्सीओ दससु भद्दासण साहस्सीसु णिसीयंति । तएणं तस्स सूरियाभस्स देवस्स दाहिण पच्चत्थिमेणं बाहिरियाए परिसाए बारसदेव साहस्सीओ बारससु भद्दासणसाहस्सीणु णिसीयंति ।**

**तए णं तस्स सूरियाभस्स देवस्स पच्चत्थिमेणं सत्त अणियाहिवइणो सत्तहिं भद्दासणेसु णिसीयंति । तए णं तस्स सूरियाभस्स देवस्स चउद्दिसिं सोलस आयरक्खदेवसाहस्सीओ सोलससु भद्दासणसाहस्सीसु णिसीयंति, तंजहा– पुरत्थिमिल्लेणं चत्तारि साहस्सीओ, दाहिणेणं चत्तारि साहस्सीओ, पच्चत्थिमेणं चत्तारि साहस्सीओ, उत्तरेणं चत्तारि साहस्सीओ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સૂર્યાભદેવની વાયવ્ય અને ઈશાન ખૂણાના દિગ્ભાગમાં સ્થાપિત ચાર હજાર

ભદ્રાસનો ઉપર ચાર હજાર સામાનિક દેવો બેઠા. ત્યાર પછી સૂર્યાભદેવની પૂર્વ દિશામાં સ્થાપિત ચાર ભદ્રાસનો ઉપર ચાર અગ્રમહિષીઓ બેઠી.

ત્યાર પછી સૂર્યાભદેવની દક્ષિણ પૂર્વ દિશામાં–અગ્નિકોણમાં સ્થાપિત આઠ હજાર ભદ્રાસનો પર આભ્યંતર પરિષદના આઠ હજાર દેવો બેઠા. ત્યાર પછી સૂર્યાભદેવની દક્ષિણ દિશામાં સ્થાપિત દસ હજાર ભદ્રાસનો પર **મધ્યમ પરિષદના** દસ હજાર દેવો બેઠા. ત્યાર પછી સૂર્યાભદેવની દક્ષિણ પશ્ચિમ અર્થાત્ નૈઋત્યકોણમાં સ્થાપિત બાર હજાર ભદ્રાસનો પર **બાહ્ય પરિષદના** બાર હજાર દેવો બેઠા.

ત્યાર પછી સૂર્યાભદેવની પશ્ચિમ દિશામાં સ્થાપિત સાત ભદ્રાસનો પર સાત અનિકાધિપતિ દેવો બેઠા. ત્યાર પછી સૂર્યાભદેવની પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ તે ચારે દિશામાં સ્થાપિત ચાર-ચાર હજાર તે રીતે સોળ હજાર(૧૬,૦૦૦) ભદ્રાસનો પર સોળ હજાર(૧૬,૦૦૦) આત્મરક્ષક દેવો બેઠા.

**૧૮૪ ते णं आयरक्खा सण्णद्ध-बद्ध-वम्मियकवया उप्पीलियसराणपट्टिया पिणद्धगेविज्जा आविद्ध-विमल-वरचिंधपट्टा गहियाउहपहरणा ति-णयाणि ति-संधियाइं वयरामयकोडीणि धणूइं पगिज्झ पडियाइय-कंडकलावा णीलपाणिणो पीतपाणिणो रत्तपाणिणो चावपाणिणो चारुपाणिणो चम्मपाणिणो दंडपाणिणो खग्गपाणिणो पासपाणिणो णील-पीय-रत्त-चाव-चारु चम्म-दंड-खग्ग-पासधरा आयरक्खा; रक्खोवगया गुत्ता गुत्तपालिया जुत्ता जुत्तपालिया पत्तेयं पत्तेयं समयओ विणयओ किंकरभूया इव चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે આત્મ રક્ષક દેવો ગાઢ બંધનથી બદ્ધ કવચ ધારણ કરીને, પ્રત્યંચા ચઢાવેલા ધનુષ્યો ગ્રહણ કરીને, ગળામાં 'ગ્રૈવેયક' નામનું ગ્રીવારક્ષક ઉપકરણ વિશેષ પહેરીને, વીરતા સૂચક ચિહ્ન પટ(વસ્ત્ર વિશેષ) મસ્તક ઉપર બાંધીને, આયુધો અને પ્રહરણો ગ્રહણ કરીને; આદિ, મધ્ય અને અંત્ય આ ત્રણ સ્થાનોમાં નમ્રીભૂત, આ જ ત્રણ સ્થાનોમાં સંધાનયુક્ત, વજ્રમય અંતભાગવાળા ધનુષ્યો અને બાણ સમૂહને ધારણ કરીને, કેટલાક નીલવર્ણના બાણોના સંયોગથી નીલવર્ણવાળા, કેટલાક પીળાવર્ણના બાણોના સંયોગથી પીળાવર્ણવાળા, કેટલાક લાલવર્ણના બાણોના સંયોગથી લાલવર્ણવાળા ધનુષ્યધારી ચારુ નામક પ્રહરણયુક્ત, ચામડાની ગોફણ, આ રીતે નીલ, પીત, લાલ રંગના ધનુષ, ચર્મ, દંડ, તલવાર, પાશ વગેરે લઈને સમયે-સમયે સૂર્યાભદેવનું રક્ષણ કરવામાં તત્પર, આજ્ઞા પાલન કરવામાં સાવધાન, ગુપ્ત આદેશ પાલનમાં તત્પર, અન્યનો પ્રવેશ ન થઈ શકે તેમ અત્યંત સઘનપણે અને પંક્તિબદ્ધ ગોઠવાયેલા, વિનીત ભાવે કિંકરભૂત થઈને તેમની ચારે દિશામાં ચોકી પહેરો ભરતા ઊભા હતા.

**સૂર્યાભદેવની સ્થિતિ :–**

**૧૮૫ सूरियाभस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**सूरियाभस्स णं भंते! देवस्स सामाणियपरिसोववण्णगाणं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता । एमहिड्ढीए ए महज्जुईए, एमहब्बले एमहायसे एमहासोक्खे एमहाणुभागे सूरियाभे देवे ।**

**ભાવાર્થ :-** **પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યાભદેવની સ્થિતિ કેટલા કાલની છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સૂર્યાભદેવની સ્થિતિ ચાર પલ્યોપમની છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યાભદેવના સામાનિક દેવોની સ્થિતિ કેટલા કાલની છે? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર પલ્યોપમની છે. સૂર્યાભદેવ આ પ્રકારે મહર્દ્ધિક, મહાદ્યુતિવાન, મહાબલવાન, મહાયશસ્વી, મહાસૌખ્યવાન અને મહાપ્રભાવ સંપન્ન છે.

## ।। પ્રથમ વિભાગ સંપૂર્ણ ।।

# બીજો વિભાગ

## પ્રદેશી રાજા : સૂર્યાભદેવનો પૂર્વભવ

**પ્રદેશીરાજાનો પરિચય :–**

**१** **अहो णं भंते ! सूरियाभे देवे महिड्डीए** *जाव* **महाणुभागे । सूरियाभेणं भंते ! देवेणं सा दिव्वा देविड्डी, सा दिव्वा देवज्जुई, से दिव्वे देवाणुभागे–किण्णा लद्धे ? किण्णा पत्ते? किण्णा अभिसमण्णागए ? पुव्वभवे के आसी ? किं णामए वा ? को वा गोत्तेणं ? कयरंसि वा गामंसि वा णगरंसि वा णिगमंसि वा रायहाणीए वा खेडंसि वा कब्बडंसि वा मडंबंसि वा पट्टणंसि वा दोणमुहंसि वा आगरंसि वा आसमंसि वा संबाहंसि वा सण्णिवेसंसि वा?**

**किं वा दच्चा ? किं वा भोच्चा ? किं वा किच्चा ? किं वा समायरित्ता ? कस्स वा तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आरियं धम्मियं सुवयणं सुच्चा णिसम्म ? जं णं सूरियाभेणं देवेणं सा दिव्वा देविड्डी** *जाव* **देवाणुभागे लद्धे पत्ते अभिसमण्णागए ?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! તે સૂર્યાભદેવ આ પ્રકારની મહાૠદ્ધિ, મહાપ્રભાવાદિવાળા છે, તો હે ભગવાન ! સૂર્યાભદેવને આ પ્રકારની મહાૠદ્ધિ ***યાવત્*** મહાદેવપ્રભાવ કેવી રીતે મળ્યા છે ? કેવી રીતે પ્રાપ્ત થયા છે ? કેવી રીતે આધીન બનાવ્યા છે ? તે સૂર્યાભદેવ પૂર્વભવમાં કોણ હતા ? તેમનું નામ, ગોત્ર શું હતું ? તે કયા ગામ, નગર, નિગમ, રાજધાની, ખેટ, કર્બટ, મડંબ, પાટણ, દ્રોણમુખનગર, ખાણવાળા નગર, ૠષિ આદિના આશ્રમ, સાર્થવાહ(પડાવ નાંખે તે) સંબાધ કે સંનિવેશના નિવાસી હતા ?

તેમણે એવું શું દાન દીધું ? કેવો અરસ-નિરસ આહાર કર્યો ? કેવા કાર્ય કર્યા ? કેવું આચરણ કર્યું ? તથાપ્રકારના શ્રમણ-માહણ પાસેથી કયા ધાર્મિક સુવચન સાંભળ્યા કે જેના દ્વારા સૂર્યાભદેવને આવા પ્રકારની દિવ્ય દેવૠદ્ધિ ***યાવત્*** દિવ્ય દેવ પ્રભાવ મળ્યા છે ? પ્રાપ્ત થયા છે ? સ્વાધીન થયા છે ?

**२** **'गोयमा' त्ति समणे भगवं महावीरे, भगवं गोयमं आमंतेत्ता एवं वयासी– एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे केकइयद्धे णामं जणवए होत्था–रिद्धत्थिमियसमिद्धे** *जाव* **दरिसणिज्जे, अभिरूवे पडिरूवे ।**

**तत्थ णं केकइयद्धे जणवए सेयविया णामं णगरी होत्था– रिद्धत्थिमिय-समिद्धा** *जाव* **पडिरूवा । तीसे णं सेयवियाए णगरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभागे, एत्थं णं मिगवणे णामं उज्जाणे होत्था– रम्मे** *जाव* **पडिरूवे ।**

**तत्थ णं सेयवियाए णगरीए पएसी णामं राया होत्था– महयाहिमवंत** *जाव* **विहरइ। अधम्मिए अधम्मिट्ठे, अधम्मक्खाई अधम्माणुए, अधम्मपलोई अधम्मपजणणे अधम्मसील- समुदायारे, अधम्मेण चेव वित्तिं कप्पेमाणे ।**

**हण छिंद भिंद पवत्तए लोहियपाणी पावे चंडे रुद्दे खुद्दे साहस्सीए उक्कंचण- वंचण- मायानियडि-कूडकवड-साइसंपओगबहुले; णिस्सीले णिव्वए णिग्गुणे णिम्मेरे णिप्पच्चक्खाण- पोसहोववासे बहूणं दुपय-चउप्पय-मिय पसुपक्खी सरिसिवाणं घायाए वहाए उच्छायणयाए अधम्मकेऊ समुट्ठिए गुरूणं णो अब्भुट्ठेइ णो विणयं पउंजइ सयस्स वि य णं जणवयस्स णो सम्मं करभरवित्तिं पवत्तेइ ।**

**ભાવાર્થ :–** ''ગૌતમ'' આ રીતે ગૌતમ સ્વામીને સંબોધન કરીને ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું– હે ગૌતમ ! તે કાળે–વર્તમાન અવસર્પિણી કાળના ચોથા આરામાં, તે સમયે–કેશીસ્વામી વિદ્યમાન હતા તે સમયે, આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કેકયાર્ધ નામનો દેશ હતો. તે રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિથી સમૃદ્ધ હતો ***યાવત્*** દર્શનીય, મનોજ્ઞ અને અતિ રમણીય હતો. તે કેકયાર્ધ દેશમાં રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિથી પરિપૂર્ણ તથા રમણીય એવી શ્વેતાંબિકા નામની નગરી હતી.

તે શ્વેતાંબિકા નગરીની બહાર, ઈશાનકોણમાં નંદનવન જેવું રમ્ય, સર્વ ૠતુના ફળોથી સમૃદ્ધ સુંદર-સુગંધી, શીતળ છાયા યુક્ત, પ્રસન્નતાદાયક તથા શોભનીય એવું મૃગવન નામનું ઉદ્યાન હતું.

તે શ્વેતાંબિકા નગરીમાં મહાહિમવાન પર્વત જેવો પ્રભાવશાળી પ્રદેશીનામનો રાજા હતો. તે રાજા અધાર્મિક, અધર્મિષ્ઠ, અધર્માખ્યાયી(અધર્મીરૂપે પ્રખ્યાત), અધર્માનુગામી, અધર્માવલોકી, અધર્મને ફેલાવનારો, અધર્મશીલ અને અધર્માચારી હતો અને અધર્મથી જ જીવન નિર્વાહ કરનાર હતો.

તે રાજા મારો, છેદો, ભેદો જેવા શબ્દો વડે હિંસાનો પ્રવર્તક હતો અર્થાત્ તેવા કાર્ય કરાવતો હતો. તેના હાથ હંમેશાં લોહીથી ખરડાયેલા રહેતા હતા. તે સાક્ષાત્ પાપનો અવતાર હતો. પ્રકૃતિથી જ તે પ્રચંડ ક્રોધી, ભયાનક, અધમ અને સાહસિક(વગર વિચાર્યે કાર્ય કરનારો) હતો. ઉત્કંચન–તે ઠગોને પ્રોત્સાહન આપનારો, લાંચ લેનારો, બીજાને છેતરનારો, માયાવી, બગભગત, કૂડ-કપટ કરનારો હતો. તેનામાં આ સર્વ દુર્ગુણો ફૂલ્યાફાલ્યા હતા. તેનામાં કોઈપણ પ્રકારના વ્રત, શીલ, ગુણ કે મર્યાદા ન હતા. તે ક્યારે ય પ્રત્યાખ્યાન પૌષધ કે ઉપવાસ કરતો નહીં. તે મનુષ્ય, પશુ, મૃગ, પક્ષી, સર્પ વગેરેનો ઘાતક હતો. ટૂંકમાં તે રાજા અધર્મના કેતુગ્રહ જેવો હતો. તે ગુરુજનોનો આદર, વિનય કરતો નહીં. પોતાની પ્રજા પાસેથી કર લઈને તેમનું સમ્યક રક્ષણ કરતો ન હતો.

**વિવેચન :–**

**केयइ अद्धे :–** કેકયાર્ધ. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર ક્ષેત્રની અપેક્ષાએ ભરતક્ષેત્રમાં ૨૫ા આર્યદેશો છે અર્થાત્ ૨૫ દેશ આખા અને કેકયદેશ અર્ધો આર્યક્ષેત્ર કહેવાય છે. અર્ધા કેકય દેશને અહીં જુદા જનપદ(દેશ)ના નામે સંબોધિત કરવામાં આવ્યો છે.

**સૂર્યકંતા રાણી : યુવરાજ સૂર્યકંત :–**

**૩ तस्स णं पएसिस्स रण्णो सूरियकंता णामं देवी होत्था– सुकुमालपाणिपाया**

**धारिणी वण्णओ । पएसिणा रण्णा सद्धिं अणुरत्ता अविरत्ता** *जाव* **विहरइ ।**

**तस्स णं पएसिस्स रण्णो जेट्ठे पुत्ते सूरियकंताए देवीए अत्तए सूरियकंते णामं कुमारे होत्था– सुकुमालपाणिपाए** *जाव* **पडिरूवे । से णं सूरियकंते कुमारे जुवराया वि होत्था । पएसिस्स रण्णो रज्जं च रट्ठं च बलं च वाहणं च कोसं च कोट्ठागारं च पुरं अंतेउरं सयमेव पच्चुवेक्खमाणे पच्चुवेक्खाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે પ્રદેશી રાજાને સૂર્યકંતા નામની રાણી હતી. તેના હાથ-પગ સુકોમળ હતા વગેરે વર્ણન ઔપપાતિક સૂત્રના ધારિણી રાણીના વર્ણનની સમાન જાણવું. તેણી પ્રદેશી રાજામાં અનુરક્ત અને તેમને અનુકૂળ હતી ***યાવત્*** સુખપૂર્વક રહેતી હતી.

તે પ્રદેશી રાજાનો જ્યેષ્ઠ પુત્ર અને સૂર્યકંતા રાણીનો આત્મજ સૂર્યકંત નામનો કુમાર હતો. તેના હાથ-પગ વગેરે અવયવો અત્યંત સુકોમળ હતા ***યાવત્*** તે અત્યંત મનોહર હતો. તે સૂર્યકંતકુમાર યુવરાજ હતો. તે પ્રદેશી રાજાના રાજ્ય, દેશ, સેના, વાહન, કોશ, રાજભંડાર અને કોઠાર–અન્નભંડાર તથા અંતઃપુરની સાર સંભાળ રાખતો હતો.

**૪ तस्स णं पएसिस्स रण्णो जेट्ठे भाउय-वयंसए चित्ते णामं सारही होत्था–अड्ढे** *जाव* **बहुजणस्स अपरिभूए, साम-दंड-भेय-उवप्पयाण-अत्थसत्थ-ईहा-मइ-विसारए, उप्पत्तियाए वेणइयाए कम्मयाए पारिणामियाए-चउव्विहाए बुद्धीए उववेए, पएसिस्स रण्णो बहूसु कज्जेसु य कारणेसु य कुडुंबेसु य मंतेसु य गुज्झेसु य रहस्सेसु य णिच्छएसु य ववहारेसु य आपुच्छणिज्जे पडिपुच्छणिज्जे मेढी पमाणं आहारे आलंबणं चक्खू, मेढीभूए पमाणभूए आहारभूए आलंबणभूए चक्खुभूए सव्वट्ठाण-सव्वभूमियासु लद्धपच्चए विदिण्णवियारे रज्जधुराचिंतए यावि होत्था ।**

**ભાવાર્થ :–** તે પ્રદેશી રાજાને જ્યેષ્ઠ ભ્રાતૃવંશીય(મિત્ર સમાન) ચિત્ત નામનો સારથિ(પ્રધાન) હતો. તે ચિત્ત સારથિ સમૃદ્ધ-સંપત્તિવાન તથા અપરિભૂત– અનેક લોકોને માટે આદર્શભૂત હતો, તે અર્થશાસ્ત્રસૂચિત સામ, ભેદ, દંડ અને ઉપપ્રદાન, આ ચારે ય રાજનીતિ તથા રાજકરણીય ઉપાયોમાં વિશારદ-કુશળ હતો. તે કોઠાસૂઝ વાળો અને તત્કાલ સમાધાન શોધી લે તેવી ઔત્પાત્તિકી બુદ્ધિ; વડીલો અને ગુરુજનોના વિનયથી પ્રાપ્ત વૈનયિકી બુદ્ધિ, કાર્ય કરતાં-કરતાં અનુભવથી પ્રાપ્ત કર્મજાબુદ્ધિ અને ઉંમર વધતા વૃદ્ધિ પામે તેવી પારિણામિકી બુદ્ધિથી સંપન્ન હતો. પ્રદેશી રાજા પણ પોતાના અનેક કાર્યોમાં, કાર્ય સંપાદક હેતુઓમાં, કૌટુંબિક વિષયોમાં, મંત્રણાઓમાં, ગોપનીય કાર્યોમાં, રહસ્યભૂત બનાવોમાં, અનેક પ્રકારના નિર્ણયો લેવામાં અને રાજ્ય સંબંધી વ્યવહારોમાં વારંવાર તેમની સલાહ લેતા હતા. રાજા અને સર્વજનો માટે તે મેઢી સમાન હતો. ખળાના વચલા સ્તંભને મેઢી કહે છે, તેના આધારે બળદો ગોળ-ગોળ ફરે છે, તેમ મંત્રણા સમયે મંત્રીમંડળ તેને પ્રમાણરૂપ માનતા હતા. રાજાદિ માટે તે પ્રમાણરૂપ, પૃથ્વીની જેમ આધારભૂત, દોરડાની જેમ અવલંબનરૂપ અને ચક્ષુની જેમ માર્ગદર્શક હતો. તે મેઢીભૂત, પ્રમાણભૂત, આધારભૂત, અવલંબનભૂત અને ચક્ષુભૂત હતો. સંધિ-વિગ્રહ વગેરે અનેક સ્થાનો, મંત્રી પદ વગેરે સર્વ ભૂમિકાઓમાં સલાહ આપી શકતો હતો. રાજાનો વિશ્વાસુ હતો અને સમગ્ર રાજ્યની ધુરાને વહન કરતો હતો અર્થાત્ સકલ રાજ્યકાર્યની દેખભાળ રાખતો હતો.

**કુણાલ જનપદ, શ્રાવસ્તીનગરી, જિતશત્રુ રાજા :–**

**૫** **तेणं कालेणं तेणं समएणं कुणाला णामं जणवए होत्था– रिद्ध-त्थिमिय-समिद्धे, वण्णओ । तत्थ णं कुणालाए जणवए सावत्थी णामं णयरी होत्था– रिद्ध-त्थिमियसमिद्धा** *जाव* **पडिरूवा । तीसे णं सावत्थिए णगरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए कोट्ठए णामं चेइए होत्था– पोराणे** *जाव* **पासाईए ।**

**तत्थ णं सावत्थीए णयरीए पएसिस्स रण्णो अंतेवासी जियसत्तू णामं राया होत्था, महयाहिमवंत** *जाव* **विहरइ ।**

**भावार्थ :–** તે કાળે–વર્તમાન અવસર્પિણી કાળના ચોથા આરામાં, તે સમયે– કેશીસ્વામી વિદ્યમાન હતા, તે સમયે રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિથી ભરપૂર તથા રમણીય એવો કુણાલ નામનો દેશ હતો. તેમાં રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિથી પરિપૂર્ણ, રમણીય એવી શ્રાવસ્તી નામની નગરી-રાજધાની હતી.

તે શ્રાવસ્તી નગરીની ઉત્તર-પૂર્વ દિશામાં(ઈશાન કોણમાં) અત્યંત પ્રાચીન તથા મનોહર એવું કોષ્ટક નામનું યક્ષાયતનયુક્ત ઉદ્યાન હતું. તે શ્રાવસ્તી નગરીમાં મહાહિમવાન પર્વત જેવો પ્રભાવશાળી જિતશત્રુ નામના પ્રદેશી રાજાના આધીનસ્થ ખંડિયા રાજા રાજ્ય કરતા હતા.

**વિવેચન :–**

**अंतेवासी जियसत्तू :–** શ્રાવસ્તી નગરીનો જિતશત્રુ રાજા શ્વેતાંબિકાના પ્રદેશી રાજાનો અંતેવાસી હતો. અંતેવાસી શબ્દ શિષ્યભાવનો સૂચક છે. શિષ્ય ગુરુની આજ્ઞાનો ધારક હોય છે, તેમ જિતશત્રુ રાજા પ્રદેશી રાજાની આજ્ઞાનો ધારક હતો અર્થાત્ તેના તાબામાં રહેતો ખંડિયો રાજા હતો.

**શ્રાવસ્તીમાં ચિત્ત સારથિનું આગમન :–**

**૬** **तए णं से पएसी राया अण्णया कयाइ महत्थं महग्घं महरिहं विउलं रायारिहं पाहुडं सज्जावेइ, सज्जावित्ता चित्तं सारहिं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छ णं चित्ता ! तुमं सावत्थिं णयरिं जियसत्तुस्स रण्णो इमं महत्थं** *जाव* **पाहुडं उवणेहि, जाइं तत्थ रायकज्जाणि य रायकिच्चाणि य रायणीइओ य रायववहारा य ताइं जियसत्तुणा सद्धिं सयमेव पच्चुवेक्खमाणे विहराहि त्ति कट्टु विसज्जिए ।**

**भावार्थ :–** ત્યાર પછી એકદા પ્રદેશી રાજાએ મહાર્થ–મણિ, રત્ન, કનક વગેરે ઉત્તમ પદાર્થોથી યુક્ત, મહામૂલ્યવાન, મહાન પુરુષોને યોગ્ય ભેટ તૈયાર કરાવીને, ચિત્ત સારથિને બોલાવીને કહ્યું કે– હે ચિત્ત ! તમે શ્રાવસ્તી નગરી જાઓ અને જિતશત્રુ રાજાને આપણી આ મહામૂલ્યવાન ભેટ આપી આવો તથા જિતશત્રુરાજા સાથે થોડો વખત રહીને ત્યાંના રાજકાર્યો, રાજનીતિઓ તથા રાજવ્યવહાર જોઈ-તપાસી આવો. તેમ કહી ચિત્ત સારથિને જવાની આજ્ઞા કરી.

**૭** **तए णं से चित्ते सारही पएसिणा रण्णा एवं वुत्ते समाणे हट्ठ तुट्ठे** *जाव* **पडिसुणेत्ता तं महत्थं** *जाव* **पाहुडं गेण्हइ, गेण्हित्ता पएसिस्स रण्णो अंतियाओ**

**पडिणिक्खमइ, पडिणिक्खमित्ता सेयवियं णयरिं मज्झंमज्झेणं जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं महत्थं** *जाव* **पाहुडं ठवेइ, ठवेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावेत्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! सच्छत्तं** *जाव* **चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेह उवट्ठवेत्ता एयमाणत्तियं पच्चप्पिणह । तए णं ते कोडुंबियपुरिसा तहेव पडिसुणित्ता खिप्पामेव सच्छत्तं** *जाव* **जुद्धसज्जं चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेंति, उवट्ठवेत्ता तमाणत्तियं पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** ચિત્ત સારથિએ પ્રદેશી રાજાની આજ્ઞા સાંભળીને હર્ષિત હૃદયે પ્રદેશી રાજા પાસેથી ભેટ ગ્રહણ કરી, ત્યાંથી વિદાય લઈને, શ્વેતાંબિકા નગરીમાંથી પસાર થઈને પોતાને ઘેર આવ્યા. ભેટને એક તરફ રાખી. કર્મચારી પુરુષોને બોલાવીને, આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! ઝડપથી છત્ર સહિત ચાર ઘંટ- વાળો અશ્વરથ તૈયાર કરીને લાવો. રથ તૈયાર થઈ જાય એટલે મને તેની જાણ કરો. ચિત્ત સારથિની આજ્ઞા સાંભળીને તરતજ કર્મચારી પુરુષો છત્ર સહિત, યુદ્ધ માટે સજાવવામાં આવતા ચાર ઘંટવાળા અશ્વરથને તૈયાર કરી, ત્યાં હાજર થયા અને ચિત્ત સારથિને તેની જાણ કરી.

**૮ तए णं से चित्ते सारही कोडुंबियपुरिसाणं अंतिए एयमट्ठं सोच्चाणिसम्म हट्ठतुट्ठे** *जाव* **ण्हाए सण्णद्ध-बद्ध-वम्मियकवए उप्पीलिय-सरासण-पट्टिए पिणद्धगेविज्जविमल-वरचिंधपट्टे, गहियाउहपहरणे तं महत्थं** *जाव* **पाहुडं गेण्हइ, गेण्हित्ता जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता चाउग्घंटं आसरहं दुरुहेत्ता;**

**बहूहिं पुरिसेहिं सण्णद्ध** *जाव* **गहियाउहपहरणेहिं सद्धिं संपरिवुडे सकोरंट-मल्लदामेणं छत्तेणं धरेज्जमाणेणं-धरेज्जमाणेणं महया भड-चडगर-रहपहकर-विंदपरिक्खित्ते साओ गिहाओ णिग्गच्छइ, सेयवियं णयरिं मज्झंमज्झेणं णिग्गच्छइ, सुहेहिं वासेहिं पायरासेहिं णाइविकिट्ठेहिं अंतरा वासेहिं वसमाणे-वसमाणे केकइयद्धस्स जणवयस्स मज्झंमज्झेणं जेणेव कुणालाजणवए जेणेव सावत्थीणयरी तेणेव उवागच्छइ, सावत्थीए णयरीए मज्झंमज्झेणं अणुपविसइ, जेणेव जियसत्तुस्स रण्णो गिहे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ, तुरए णिगिण्हइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ ।**

**तं महत्थं** *जाव* **पाहुडं गिण्हइ, जेणेव अब्भिंतरिया उवट्ठाणसाला जेणेव जियसत्तू राया तेणेव उवागच्छइ, जियसत्तुं रायं करयलपरिग्गहियं** *जाव* **कट्टु जएणं विजएणं वद्धावेइ, तं महत्थं** *जाव* **पाहुडं उवणेइ ।**

**ભાવાર્થ :–** કર્મચારી પુરુષો દ્વારા રથ તૈયાર થઈ ગયાના સમાચાર સાંભળી સંતુષ્ટિત થયેલા ચિત્ત સારથિએ સ્નાન કર્યું ***યાવત્*** બખતર પહેરી, ભાથું બાંધી, ધનુષ્ય ગ્રહણ કરી, ગળામાં હાર સાથે રાજચિહ્ન-વાળો પટ્ટો પહેરી, આયુધ તથા પ્રહરણો(અસ્ત્ર-શસ્ત્રો) ગ્રહણ કરીને રાજાએ આપેલી મોટી ભેટ ગ્રહણ કરી અને ચારઘંટવાળા રથ સમીપે આવીને રથમાં આરૂઢ થયા.

ત્યાર પછી આયુધ અને પ્રહરણોથી સુસજ્જિત ઘણા પુરુષોને સાથે રાખીને, કોરંટ પુષ્પોની માળાઓથી વિભૂષિત છત્રને ધારણ કરી, હથિયારધારી મહાસુભટો સાથે પોતાના ઘેરથી નીકળ્યા અને રાજમાર્ગ ઉપરથી પસાર થઈને, રસ્તામાં વચ્ચે બહુ લાંબા નહીં તેવા અને સુખરૂપ રાત્રિ નિવાસ તથા શિરામણી વગેરે પ્રાતઃકાર્ય કરી શકાય, તેવા પડાવો કરતા કેકયાર્ધ દેશમાંથી કુણાલાદેશ અને તેની રાજધાની શ્રાવસ્તી નગરી સમીપે પહોંચ્યા. નગરીના રાજમાર્ગ દ્વારા શ્રાવસ્તી નગરીમાં પ્રવેશીને જિતશત્રુ રાજાના રાજમહેલની ઉપસ્થાન શાળામાં આવીને તેણે ઘોડાની લગામ ખેંચી રથને ઊભો રાખ્યો અને પોતે રથમાંથી નીચે ઉતર્યા. તે મોટી ભેટ હાથમાં લઈને, આભ્યંતર ઉપસ્થાન શાળામાં જ્યાં જિતશત્રુ રાજા બેઠા હતા ત્યાં આવીને હાથ જોડી પ્રણામ કરીને, જય-વિજયના શબ્દથી રાજાને વધાવીને તે મહામૂલ્યવાન ભેટ અર્પણ કરી.

**૯ तए णं से जियसत्तू राया चित्तस्स सारहिस्स तं महत्थं** *जाव* **पाहुडं पडिच्छइ, चित्तं सारहिं सक्कारेइ सम्माणेइ पडिविसज्जेइ रायमग्गमोगाढं च से आवासं दलयइ ।**

**ભાવાર્થ :–** જિતશત્રુ રાજાએ ચિત્ત સારથિની તે મહામૂલ્યવાન ભેટનો સ્વીકાર કરીને, તેના સત્કાર-સન્માનાદિ કર્યા અને ચિત્ત સારથિને ઉતારા માટે રાજમાર્ગ ઉપરનો એક મોટો મહેલ આપ્યો.

**૧૦ तए णं से चित्ते सारही विसज्जिए समाणे जियसत्तुस्स रण्णो अंतियाओ पडि-णिक्खमइ, जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, चाउग्घंटं आसरहं दुरुहइ, सावत्थिं णयरिं मज्झंमज्झेणं जेणेव रायमग्गमोगाढे आवासे तेणेव उवागच्छइ, तुरए णिगिण्हइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ, ण्हाए** *जाव* **सुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिए अप्पमहग्घाभरणालंकियसरीरे जिमियभुत्तुत्तरागए वि य णं समाणे पुव्वावरण्हकालसमयंसि गंधव्वेहि य णाडगेहि य उवणच्चिज्जमाणे उवणच्चिज्जमाणे, उवगाइज्जमाणे, उवगाइज्जमाणे उवलालिज्जमाणे उवलालिज्जमाणे इट्ठे सद्द-फरिस-रस-रूव-गंधे पंचविहे माणुस्सए कामभोए पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથિ જિતશત્રુ રાજા પાસેથી વિદાય લઈને, બહારની ઉપસ્થાન શાળામાં જ્યાં ચાર ઘંટાવાળો અશ્વરથ ઊભો રાખ્યો હતો ત્યાં આવ્યા અને રથમાં આરૂઢ થઈને, શ્રાવસ્તી નગરીમાંથી પસાર થતા, રાજમાર્ગ ઉપર સ્થિત પોતાના ઉતારે આવ્યા. ઉતારાનું સ્થાન આવી જતા તેણે ઘોડાની લગામ ખેંચીને રથને ઊભો રાખ્યો અને રથમાંથી નીચે ઉતરી, મહેલમાં જઈને સ્નાન કર્યુ ***યાવત્*** સ્વચ્છ માંગલિક વસ્ત્રો ધારણ કર્યા તથા અલ્પભારવાળા પણ મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું. જમીને પછી સિંહાસન ઉપર બેઠા. ત્રીજા પ્રહરે અર્થાત્ બપોરના નમતે છાંયે તેની સામે ગાંધર્વો મધુર ગીતો ગાવા લાગ્યા, કુશળ નર્તકો નૃત્ય કરવા લાગ્યા. આ રીતે વાજિંત્રોના સૂર સાંભળતાં, નૃત્યાદિને જોતાં વિલાસ કરતાં મનુષ્ય સંબંધી ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ તે પાંચ પ્રકારના માનુષિક સુખોનો અનુભવ કરતાં રહેવા લાગ્યા.

**વિવેચન :–**

સામાન્યરૂપે ખંડિયા રાજા ઉપરીરાજાને ભેટ મોકલે પણ ઉપરી રાજા ખંડિયા રાજાને ભેટ મોકલતા નથી, પરંતુ ખંડિયા રાજા બળ, સેના વધારી માથું ઊંચકવાનો પ્રયત્ન ન કરે તે માટે તે રાજ્યની ગુપ્ત માહિતીઓ, તેની સેનાદિની તપાસ કરવા, ઉપરી રાજા પોતાના વિશ્વાસુ માણસને ભેટ લઈ મોકલે છે. તે રીતે જ પ્રદેશી રાજાએ ચિત્ત સારથિને ભેટ આપવા જિતશત્રુ રાજા પાસે મોકલ્યા હતા.

**શ્રાવસ્તીમાં કેશી શ્રમણનું પદાર્પણ :–**

**११ तेणं कालेणं तेणं समएणं पासावच्चिज्जे केसी णाम कुमारसमणे जातिसंपण्णे कुलसंपण्णे बलसंपण्णे रूवसंपण्णे विणयसंपण्णे णाणसंपण्णे दंसणसंपण्णे चरित्तसंपण्णे लज्जासंपण्णे लाघवसंपण्णे लज्जालाघवसंपण्णे ओयंसी तेयंसी वच्चंसी जसंसी जियकोहे जियमाणे जियमाए जियलोहे जियणिद्दे जिइंदिए जियपरीसहे जीवियासमरणभयविप्पमुक्के;**

**तवप्पहाणे गुणप्पहाणे करणप्पहाणे चरणप्पहाणे णिग्गहप्पहाणे णिच्छयप्पहाणे अज्जवप्पहाणे मद्दवप्पहाणे लाघवप्पहाणे खंतिप्पहाणे गुत्तिप्पहाणे मुत्तिप्पहाणे विज्जप्पहाणे मंतप्पहाणे बंभप्पहाणे वेयप्पहाणे णयप्पहाणे णियमप्पहाणे सच्चप्पहाणे सोयप्पहाणे णाणप्पहाणे दंसणप्पहाणे चरित्तप्पहाणे; ओराले घोरे घोरगुणे घोरतवस्सी घोरबंभचेरवासी उच्छूढसरीरे संखित्त- विउल-तेउलेस्से चउद्दसपुव्वी चउणाणोवगए;**

**पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दुइज्जमाणे सुहंसुहेणं विहरमाणे जेणेव सावत्थी णयरी जेणेव कोट्ठए चेइए तेणेव उवागच्छइ, सावत्थी णयरीए बहिया कोट्ठए चेइए अहापडिरूवं उग्गहं उगिण्हइ, उगिण्हित्ता संजमेण तवसा अप्पाणं भावेमाणं विरहइ।**

**ભાવાર્થ :–** તે કાળે, તે સમયે પાર્શ્વનાથ ભગવાનની શિષ્ય પરંપરાના, કૌમાર્યાવસ્થામાં દીક્ષિત થયેલા કેશીકુમાર નામના શ્રમણ ગ્રામાનુગ્રામ વિહાર કરતા શ્રાવસ્તી નગરીના કોષ્ટક નામના ઉદ્યાનમાં પધાર્યા. તેઓ ઉત્તમ માતૃકુળવાળા હોવાથી જાતિ સંપન્ન હતા, ઉત્તમ પિતૃપક્ષવાળા હોવાથી કુલ સંપન્ન હતા, ઉત્તમ સંહનનવાળા હોવાથી બલસંપન્ન હતા, સર્વોત્કૃષ્ટ શારીરિક સૌંદર્યવાળા હોવાથી રૂપ સંપન્ન હતા, વિનય સંપન્ન(યુક્ત), જ્ઞાન સંપન્ન, દર્શન-શ્રદ્ધા સંપન્ન, ચારિત્ર-સંયમ સંપન્ન હતા, પાપકારી કાર્યો કરવામાં લજ્જા અનુભવતા હોવાથી લજ્જા સંપન્ન હતા, અભિમાન રહિત હોવાથી લાઘવ સંપન્ન હતા, લજ્જા-લાઘવ ઉભય સંપન્ન હતા. તેઓ મનોતેજ તથા આત્મતેજથી સંપન્ન હોવાથી ઓજસ્વી હતા, શારીરિક કાંતિથી દેદીપ્યમાન હોવાથી તેજસ્વી હતા, આદેય વચનના ધારક હોવાથી વર્ચસ્વી અને તેમની યશોગાથા ચારે બાજુ ફેલાયેલી હોવાથી યશસ્વી હતા.

ક્રોધાદિ પર જય મેળવેલો હોવાથી તેઓ જિતક્રોધી, જિતમાની, જિતમાયી, જિતલોભી હતા, નિદ્રા અને ઇંદ્રિયોને વશ કરેલા હોવાથી તેઓ જિતનિદ્ર અને જિતેન્દ્રિય હતા, પરીષહોથી ચલાયમાન ન

થવાના કારણે તેઓ જિતપરીષહી હતા, તેઓ જીવવાની આકાંક્ષા અને મૃત્યુના ભયથી રહિત હતા અર્થાત્ જીવન- મરણમાં સમભાવી હતા.

તેઓ ઉત્કૃષ્ટ તપ કરતા હોવાથી તપપ્રધાન, ઉત્કૃષ્ટ સંયમ ગુણના ધારક હોવાથી ગુણપ્રધાન હતા, પિંડવિશુદ્ધિ આદિ કરણ સિત્તેરીનું સમ્યક્ પાલન કરતા હોવાથી કરણપ્રધાન, મહાવ્રતાદિ ચરણ સિત્તેરીનું સમ્યક પાલન કરતા હોવાથી ચરણ પ્રધાન હતા, મન અને ઇંદ્રિયોને અસદાચારમાં જતી રોકતા હોવાથી નિગ્રહ પ્રધાન હતા, તત્ત્વ નિર્ણય અને સ્વીકૃત અનુષ્ઠાનોમાં દઢ મનવાળા હોવાથી નિશ્ચય પ્રધાન હતા, તેઓ ઋજુ-સરળ હોવાથી આર્જવ પ્રધાન, અભિમાન રહિત હોવાથી માર્દવ પ્રધાન, દ્રવ્ય-ભાવ રૂપે લઘુ હોવાથી લાઘવ પ્રધાન, ક્ષમાવાન હોવાથી ક્ષાંતિ પ્રધાન, મન, વચન અને કાયાને સંયમિત રાખતા હોવાથી ગુપ્તિપ્રધાન, નિર્લોભતાના કારણે તેઓ મુક્તિ પ્રધાન હતા.

રોહિણી, પ્રજ્ઞપ્તિ વગેરે દેવી અધિષ્ઠિત વિદ્યા અને દેવાધિષ્ઠિત મંત્રો સિદ્ધ કર્યા હોવાથી વિદ્યા પ્રધાન અને મંત્ર પ્રધાન હતા, તેઓ મૈથુન વિરમણ રૂપ બ્રહ્મ અને કુશળ અનુષ્ઠાનરૂપ બ્રહ્મનું આચરણ કરતા હોવાથી બ્રહ્મપ્રધાન હતા, લૌકિક-લોકોત્તર આગમોના નિષ્ણાત હોવાથી વેદ પ્રધાન, નૈગમાદિ નયોના જ્ઞાતા હોવાથી નયપ્રધાન, વિવિધ અભિગ્રહોને ધારણ કરતા હોવાથી નિયમ પ્રધાન, સર્વ પ્રાણીઓને હિતકારી વચન કહેતા હોવાથી સત્ય પ્રધાન, દ્રવ્ય-ભાવથી મમત્વ રહિત હોવાથી શૌચ પ્રધાન હતા, તેમજ જ્ઞાનપ્રધાન, દર્શન પ્રધાન અને ચારિત્ર પ્રધાન હતા.

તેઓ ઉદાર, પરીષહ તથા ઇંદ્રિય પર વિજય પ્રાપ્ત કરવામાં કઠોર અને સાતિશય દીપ્તિ યુક્ત હોવાથી ઘોર, સર્વોત્કૃષ્ટ ગુણયુક્ત હોવાથી ઘોર ગુણસંપન્ન, સામર્થ્યવાન જ આચરી શકે તેવું તપ કરતા હોવાથી ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીર સંસ્કારના સદંતર ત્યાગી હોવાથી ઉચ્છૂઢ શરીરી હતા, વિપુલ તેજોલેશ્યાને પોતાના શરીરમાં જ સમાવીને રાખનારા હોવાથી સંક્ષિપ્ત તેજોલેશી, ચૌદપૂર્વી, **ચાર જ્ઞાનના ધારક એવા કેશીકુમાર શ્રમણ** પોતાના પાંચસો શિષ્યો સાથે અનુક્રમે ગામેગામ વિચરતા, સુખપૂર્વક વિહાર કરતા શ્રાવસ્તી નગરીના કોષ્ટક નામના ઉદ્યાનમાં પધાર્યા અને યથોચિત સ્થાનમાં રહેવાની આજ્ઞા લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા ત્યાં રહ્યા.

**વિવેચન :–**

**करणप्पहाणे–चरणप्पहाणे :–** સાધુઓએ કરણના ૭૦ ગુણ અને ચરણના ૭૦ ગુણોનું નિરંતર આચરણ કરવું જોઈએ. તે ૭૦-૭૦ ગુણ કરણ સિત્તેરી અને ચરણ સિત્તેરીના નામે પ્રખ્યાત છે. યથા–

**पिंड विसोही समिइ, भावण पडिमा य इंदियणिरोहो ।**
**पडिलेहण गुत्तीओ अभिग्गहा चेव करणं तु** ॥ ઓઘનિર્યુક્તિ– ગા. ૩

પિંડવિશુદ્ધિ– આહાર, વસ્ત્ર, પાત્ર અને શય્યાની શુદ્ધ ગવેષણા, પાંચ સમિતિ, અનિત્યાદિ ૧૨ ભાવના, બારભિક્ષુ પ્રતિમા, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, પચીસ પ્રકારની પ્રતિલેખના, ત્રણ ગુપ્તિ અને ચાર પ્રકારના અભિગ્રહ (૪+૫+૧૨+૧૨+૫+૨૫+૩+૪ = ૭૦ કરણ ગુણો છે.)

**वय समणधम्म संजम, वेयावच्चं च बंभगुत्तीओ ।**
**णाणाइतियं तवं, कोहणिग्गहाई चरणमेयं** ॥૪॥

પાંચ મહાવ્રત, ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારે વૈયાવૃત્ય, નવ

બ્રહ્મચર્યની ગુપ્તિ, જ્ઞાન-દર્શન-ચારિત્ર તે ત્રણની આરાધના, બાર પ્રકારના તપ, ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ. ૫+૧૦+૧૭+૧૦+૯+૩+૧૨+૪ = ૭૦ ચરણગુણો છે.

**ચિત્ત સારથિ દ્વારા વ્રત ગ્રહણ :–**

**१२ तए णं सावत्थीए णयरीए सिंघाडग-तिय-चउक्क-चच्चर-चउमुह-महापहपहेसु महया जणसद्दे इ वा जणवूहेइ वा जणबोलेइ वा जणकलकलेइ वा जणउम्मीइ वा जणुक्कलियाइ वा जणसण्णिवाएइ वा** *जाव* **परिसा पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી(કેશી કુમાર શ્રમણના શ્રાવસ્તીમાં આગમન પછી) નગરીના ત્રણ રસ્તા ભેગા થતાં હોય તેવા ત્રિકમાં, ચાર રસ્તા ભેગા થતાં હોય તેવા ચોકમાં, ઘણા રસ્તા ભેગા થતાં હોય તેવા ચત્વરો, ચારે બાજુ દ્વાર હોય તેવા ચતુર્મુખોમાં, રાજમાર્ગોમાં અને શેરીએ શેરીઓમાં લોકો પરસ્પર વાતો કરવા લાગ્યા, એકત્રિત થયેલા લોકોનો અવ્યક્ત અવાજ થવા લાગ્યો, લોકોનો કલકલ અવાજ થવા લાગ્યો, તરંગમાંથી તરંગ ઉઠે તેમ માણસોના ટોળેટોળા નીકળવા લાગ્યા, નાના-નાના સમુદાયમાં લોકો એકઠા થવા લાગ્યા. જુદા-જુદા સ્થાનમાં લોકોની ભીડ જામવા લાગી ***યાવત્*** જનસમૂહ કેશીકુમાર શ્રમણના દર્શન કરી, તેમને વંદન, નમસ્કાર કરી, પર્યુપાસના કરવા લાગ્યો.

**१३ तए णं तस्स सारहिस्स तं महाजणसद्दं च** *जाव* **सुणेत्ता य पासेत्ता य इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– किं णं अज्ज सावत्थीए णयरीए इंदमहे इ वा, खंदमहे इ वा, रुद्दमहे इ वा, मउंदमहे इ वा, सिवमहे इ वा, वेसमणमहे इ वा, णागमहे इ वा, जक्खमहे इ वा, भूयमहे इ वा, थूभमहे इ वा, चेइयमहे इ वा, रुक्खमहे इ वा, गिरिमहे इ वा, दरिमहे इ वा, अगडमहे इ वा, णईमहे इ वा, सरमहे इ वा, सागरमहे इ वा, जं णं इमे बहवे उग्गा उग्गपुत्ता भोगा राइण्णा इक्खागा णाया कोरव्वा एवं जहा उववाइए तहेव** *जाव* **अप्पेगइया हयगया गयगया रहगया सिवियागया संदमाणियागया अप्पेगइया पायचार विहारेण महया-महया वंदावंदएहिं णिग्गच्छंति, एवं संपेहेइ, संपेहित्ता कंचुइज्जपुरिसं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–**

**किं णं देवाणुप्पिया ! अज्ज सावत्थीए णगरीए इंदमहे इ वा** *जाव* **सागरमहे इ वा जं णं इमे बहवे उग्गा भोगा** *जाव* **णिग्गच्छंति ?**

**ભાવાર્થ :–** લોકોની વાતચીતનો કોલાહલ સાંભળીને તથા જનસમૂહને જોઈને ચિત્ત સારથિને આ પ્રકારનો વિચાર આવ્યો કે આજે શ્રાવસ્તી નગરીમાં શું ઈન્દ્ર મહોત્સવ છે ? કે સ્કંદ(કાર્તિકેય) મહોત્સવ છે? કે રૂદ્ર મહોત્સવ, મુકુન્દ મહોત્સવ, શિવ મહોત્સવ, વૈશ્રમણ–કુબેર મહોત્સવ, નાગ મહોત્સવ, યક્ષ મહોત્સવ, ભૂત મહોત્સવ, સ્તૂપ મહોત્સવ, ચૈત્ય મહોત્સવ, વૃક્ષ મહોત્સવ, ગિરિ મહોત્સવ, દરિ(ગુફા) મહોત્સવ, કૂપ મહોત્સવ, નદી મહોત્સવ, સર(તળાવ) મહોત્સવ કે સાગરના નિમિત્તે મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ? કે જેથી ઘણા ઉગ્રવંશી લોકો, ઉગ્રવંશી કુમારો, ભોગવંશી લોકો, રાજન્યવંશી, ઈક્ષ્વાકુવંશી, જ્ઞાતવંશી કૌરવવંશી લોકો વગેરે વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું ***યાવત્*** કેટલાક લોકો ઘોડા પર,

હાથી પર બેસીને રથ, શિબિકા, પાલખી દ્વારા કે પગે ચાલતા લોકોના ટોળેટોળા જઈ રહ્યા છે ?

આ પ્રમાણે વિચાર કરીને ચિત્ત સારથિએ પોતાના દ્વારપાળને બોલાવીને પૂછ્યું કે હે દેવાનુપ્રિય ! આજે શ્રાવસ્તી નગરીમાં શું ઈન્દ્ર મહોત્સવ છે કે ***યાવત્*** સાગર મહોત્સવ છે કે જેથી ઘણા ઉગ્રવંશી, ભોગવંશી લોકો ***યાવત્*** જઈ રહ્યાં છે ?

**१४ तए णं से कंचुइपुरिसे केसिस्स कुमारसमणस्स आगमण-गहिय-विणिच्छए चित्तं सारहिं करयलपरिग्गहियं** *जाव* **वद्धावेत्ता एवं वयासी– णो खलु देवाणुप्पिया! अज्ज सावत्थीए इंदमहे इ वा** *जाव* **सागरमहे इ वा; जं णं इमे बहवे उग्गा भोगा** *जाव* **विंदाविंदएहिं णिग्गच्छंति । एवं खलु भो देवाणुप्पिया ! पासावचिज्जे केसी णामं कुमारसमणे जाइसंपण्णे** *जाव* **गामाणुगामं दूइज्जमाणे इहमागए** *जाव* **विहरइ, तं णं अज्ज सावत्थीए णयरीए बहवे उग्गा** *जाव* **इब्भपुत्ता अप्पेगइया वंदणवत्तियाए** *जाव* **महया वंदावंदएहिं णिग्गच्छंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કંચુકી પુરુષે તપાસ કરીને કેશીકુમાર શ્રમણ પધાર્યા છે, તેવા પાકા સમાચાર મેળવીને બંને હાથ જોડી પ્રણામ કરી, જય-વિજય શબ્દોથી વધાવીને ચિત્ત સારથિને આ પ્રમાણે કહ્યું. હે દેવાનુપ્રિય! આજે શ્રાવસ્તી નગરીમાં ઈન્દ્ર મહોત્સવ ***યાવત્*** સમુદ્ર મહોત્સવ નથી અને તે માટે આ ઘણા ઉગ્રવંશી આદિ લોકોના ટોળેટોળા જઈ રહ્યા નથી પરંતુ હે દેવાનુપ્રિય ! જાતિ સંપન્ન એવા પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના કેશીકુમાર શ્રમણ ગામેગામ વિહાર કરતાં આજે અહીં પધાર્યા છે અને કોષ્ટક ઉદ્યાનમાં બિરાજી રહ્યા છે. તેથી આજે શ્રાવસ્તી નગરીના ઘણા ઉગ્રવંશી લોકો ***યાવત્*** ઈભ્યવંશી પુત્રો આદિ વંદના કરવાના વિચારથી મોટા-મોટા સમુદાય રૂપે ભેગા મળીને પોતાના ઘરેથી નીકળી રહ્યા છે.

**१५ तए णं से चित्ते सारही कंचुइपुरिसस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठे** *जाव* **कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–खिप्पामेव भो देवाणुप्पिया ! चाउघंटं आसरहं जुत्तामेव उवट्ठवेह** *जाव* **सच्छत्तं उवट्ठवेंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથિ કંચુકી પુરુષ પાસેથી કેશીકુમાર શ્રમણના આગમનની વાત સાંભળીને, તેને અવધારીને હર્ષવિભોર થયા ***યાવત્*** કર્મચારી પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! શીઘ્ર ચાર ઘંટવાળો અશ્વરથ જોડીને હાજર કરો ***યાવત્*** કર્મચારી પુરુષો છત્ર સહિત અશ્વરથને જોડીને લાવ્યા.

**१६ तए णं से चित्ते सारही ण्हाए** *जाव* **सुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिए अप्पमहग्घाभरणालंकियसरीरे जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता चाउग्घंटं आसरहं दुरुहइ सकोरेंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं महया भडचडगर- विंदपरिखित्ते सावत्थीए णगरीए मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव कोट्ठए उज्जाणे जेणेव केसिकुमारसमणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता केसिकुमार-समणस्स अदूरसामंते तुरए णिगिण्हइ, रहं ठवेइ, ठवित्ता पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणेव केसिकुमारसमणे तेणेव उवागच्छइ,**

**उवागच्छित्ता केसिकुमार समणं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहे पंजलिउडे विणएणं पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ચિત્ત સારથિએ સ્નાન કર્યું ***યાવત્*** શુદ્ધ, સભાને યોગ્ય માંગલિક વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ બહુમૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું અને ત્યાર પછી તે ચાર ઘંટાવાળા અશ્વરથ પાસે આવીને ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થયા. કોરંટ પુષ્પોની માળાઓથી સુશોભિત છત્ર ધારણ કરીને સુભટોના વિશાળ સમુદાય સાથે શ્રાવસ્તી નગરીની મધ્યમાંથી નીકળીને કોષ્ટક ઉદ્યાનમાં કેશીકુમાર શ્રમણ બિરાજિત હતા ત્યાં આવ્યા અને કેશીકુમાર શ્રમણથી ન અતિદૂર ન અતિ નજીક એવા યોગ્ય સ્થાનમાં ઘોડાની લગામ ખેંચીને રથ ઊભો રાખ્યો. રથ ઉપરથી નીચે ઊતરીને, કેશીકુમાર શ્રમણ સમીપે આવીને કેશીકુમાર શ્રમણને ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા. તેમની ન અતિ નજીક અને ન અતિ દૂર એવા સમુચિત સ્થાન પર સન્મુખ બેસીને ધર્મ ઉપદેશ સાંભળવાની ઇચ્છાથી, નમસ્કાર કરીને વિનયપૂર્વક હાથની અંજલિ કરીને(હાથ જોડી) પર્યુપાસના કરવા લાગ્યા.

**१७ तए णं से केसिकुमार समणे चित्तस्स सारहिस्स तीसे महइमहालियाए महच्चपरिसाए चाउज्जामं धम्मं परिकहेइ। तं जहा– सव्वाओ पाणाइवायाओ वेरमणं, सव्वाओ मुसावायओ वेरमणं, सव्वाओ अदिण्णादाणाओ वेरमणं, सव्वाओ बहिद्धादाणाओ वेरमणं। तए णं सा महइमहालिया महच्चपरिसा केसिस्स कुमार समणस्स अंतिए धम्मं सोच्चा णिसम्म जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે ચિત્તસારથિ આદિ તે વિશાળ પરિષદને ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો કે– સર્વ પ્રકારના પ્રાણાતિપાત–હિંસાથી વિરક્ત થવું જોઈએ અર્થાત્ તેનો ત્યાગ કરવો જોઈએ. સર્વ પ્રકારના મૃષાવાદ–અસત્યથી વિરક્ત થવું જોઈએ. સર્વ પ્રકારના અદત્તાદાન–ચોરીથી વિરક્ત થવું જોઈએ. સર્વ પ્રકારના બહિદ્ધાદાન–મૈથુન, પરિગ્રહથી વિરક્ત થવું જોઈએ.

ત્યારપછી તે વિશાળ પરિષદ કેશીકુમાર શ્રમણ પાસેથી ધર્મદેશના સાંભળી અને હૃદયમાં ધારણ કરીને, મનન કરીને જે દિશામાંથી આવી હતી. તે દિશામાં પાછી ફરી અર્થાત્ તે આવેલ જનસમૂહ પોતપોતાના ઘરે પાછો ફર્યો.

**१८ तए णं से चित्ते सारही केसिस्स कुमार-समणस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठ *जाव* हियए उट्ठाए उट्ठेइ, उट्ठेत्ता केसिं कुमारसमणं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं, पत्तियामि णं भंते ! णिग्गंथं पावयणं, रोएमि णं भंते ! णिग्गंथं पावयणं, अब्भुट्ठेमि णं भंते! णिग्गंथं पावयणं, एवमेवं भंते! णिग्गंथं पावयणं । तहमेयं भंते! अवितहमेयं भंते! असंदिद्धमेयं भंते! इच्छियमेयं भंते ! पडिच्छियमेयं भंते ! इच्छिय-पडिच्छियमेयं भंते ! जं णं तुब्भे वयह त्ति कट्टु**

**वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– जहा णं देवाणुप्पियाणं अंतिए बहवे उग्गा** *जाव* **इब्भा इब्भपुत्ता चिच्चा हिरण्णं, चिच्चा सुवण्णं एवं धणं धण्णं बलं वाहणं कोसं कोट्ठागारं पुरं अंतेउरं, चिच्चा विउलं धण-कणग-रयण-मणि-मोत्तिय-संख-सिल-प्पवाल-संतसारसावएज्जं विच्छड्डित्ता विगोवइत्ता, दाणं दाइयाणं परिभाइत्ता, मुंडे भवित्ता णं अगाराओ अणगारियं पव्वयंति, णो खलु अहं तहा संचाएमि चिच्चा हिरण्णं तं चेव** *जाव* **पव्वइत्तए । अहं णं देवाणुप्पियाणं अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जित्तए। अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेहि।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ચિત્ત સારથિએ કેશીકુમાર શ્રમણ પાસેથી ધર્મ સાંભળીને, હૃદયમાં ધારણ કરીને, હર્ષિત થયા ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયવાળા થયા અને પોતાના આસન ઉપરથી ઊભા થઈને કેશીકુમાર શ્રમણને પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને, આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચન ઉપર હું શ્રદ્ધા રાખું છું, હે ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચન ઉપર હું પ્રતીતિ–વિશ્વાસ રાખું છું, હે ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચન ઉપર રુચિ ધરાવું છું, હે ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચનનો હું સ્વીકાર કરું છું. હે ભગવન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન યથાર્થ છે, તથ્યાર્થ છે. હે ભગવન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન ઈષ્ટ છે, પ્રતીષ્ટ છે, હે ભગવન્ ! આ નિર્ગ્રંથ પ્રવચનને હું ઇચ્છું છું, વારંવાર ઇચ્છું છું, તમે જેમ કહ્યું છે, તેવું જ આ નિર્ગ્રંથ પ્રવચન છે; આ પ્રમાણે કહીને તેમણે કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

જે રીતે આપ દેવાનુપ્રિયની પાસે ઘણા ઉગ્રવંશી, ઈભ્યવંશી લોકો, ઈભ્યવંશી પુત્રો વગેરે સોનું, ચાંદી, ધન, ધાન્ય, સેના, વાહન, કોશ, કોઠાર, નગર, અંતઃપુરનો ત્યાગ કરીને અને વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાલ(મૂંગા) આદિ વારસામાં પ્રાપ્ત સારભૂત દ્રવ્યોના મમત્વને છોડીને, દીન-દરિદ્રને દાન આપીને, પુત્રાદિમાં ભાગ પાડીને, મુંડિત થઈને, ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થાય છે. તે રીતે ચાંદી વગેરેનો ત્યાગ કરીને ***યાવત્*** પ્રવ્રજિત થવામાં હું સમર્થ નથી. હું આપની પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત મૂલક બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કરવા ઇચ્છું છું. ચિત્ત સારથિની ભાવનાને જાણીને કેશીકુમાર શ્રમણે કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઊપજે તેમ કરો, પણ વિલંબ ન કરો.

**१९ तए णं से चित्ते सारही केसिकुमार समणस्स अंतियं पंचाणुव्वइयं गिहिधम्मं उवसंपज्जित्ताणं विहरइ । तए णं से चित्ते सारही केसिकुमारसमणं वंदइ णमंसइ, वंदित्ता णमंसिता जेणेव चाउग्घंटे आसरहे तेणेव पहारेत्थ गमणाए । चाउग्घंटं आसरहं दुरुहइ, जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** ત્યારે ચિત્ત સારથિએ કેશીકુમાર શ્રમણ પાસેથી પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતરૂપ શ્રાવક ધર્મને અંગીકાર કર્યો. ત્યાર બાદ ચિત્ત સારથીએ કેશીકુમાર શ્રમણને વંદના નમસ્કાર કરીને, ચાર ઘંટા-વાળા અશ્વરથ તરફ પ્રયાણ કર્યું. ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થઈને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કેશીકુમાર શ્રમણના ચાતુર્યામ ધર્મરૂપ શ્રમણધર્મ અને ચિત્ત સારથિ દ્વારા ગ્રહણ

કરાયેલા બાર અણુવ્રતરૂપ ગૃહસ્થધર્મનું નિરૂપણ છે.

મધ્યના બાવીસ તીર્થંકરના શાસનમાં સાધુઓ માટે ચાર મહાવ્રતનું વિધાન છે. કેશીકુમાર શ્રમણ ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની પરંપરાના હોવાથી તેમણે ચાર મહાવ્રતરૂપ શ્રમણધર્મનો ઉપદેશ આપ્યો. તેઓએ મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ આ બંને મહાવ્રતોનો સમાવેશ બહિદ્ધાદાન વિરમણ નામના ચતુર્થ મહાવ્રતમાં કરી, ચાર મહાવ્રતોનું કથન કરે છે.

**सव्वाओ बहिद्धादाणाओ वेरमणं :–** સર્વ પ્રકારના બાહ્ય આદાનથી વિરતિ. ધાર્મિક ઉપકરણો સિવાયના સર્વ પદાર્થો બાહ્ય કહેવાય છે. તેના ગ્રહણને બહિદ્ધા દાન કહે છે. બાહ્ય સર્વ પદાર્થો પરિગ્રહરૂપ છે તે જ રીતે સ્ત્રી પણ બાહ્ય આદાન હોવાથી પરિગ્રહરૂપ જ છે. તેથી બહિદ્ધાદાન વિરમણ વ્રતમાં સ્ત્રી ત્યાગ–મૈથુન વિરમણ અને બાહ્ય પદાર્થોનો ત્યાગ, તે સર્વનો સમાવેશ થઈ જાય છે.

**पंचाणुव्वइयं सत्त सिक्खावयाइं :–** આ સૂત્રમાં ચિત્ત સારથિના વ્રતગ્રહણ પ્રસંગે સૂત્રકારે બાર વ્રતનું કથન કર્યું છે. તેથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ તીર્થંકરના શાસનમાં શ્રાવકો માટે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર વ્રતોનું કથન હોય છે. તેમાંથી શ્રાવક પોતાની શક્તિ સામર્થ્યનો વિચાર કરીને ઈચ્છાનુસાર વ્રત ગ્રહણ કરી શકે છે.

શાસ્ત્રોમાં ક્યાંક સાત શિક્ષાવ્રતનો પાઠ મળે અને ક્યાંક ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, એવો પણ પાઠ મળે છે. ગુણવ્રતોને કોઈ અપેક્ષાએ શિક્ષાવ્રત પણ કહી શકાય છે. **गुणव्रतानामपि निरन्तरमभ्यस्य- मानतया शिक्षाव्रतत्वेन विवक्षणात् सिक्खावयाइं त्युक्तं ।** ગુણ વ્રતો પણ નિરંતર અભ્યાસ સાધ્ય હોવાથી ત્રણ ગુણ વ્રતોને પણ આ સૂત્રમાં શિક્ષાવ્રતરૂપે વિવક્ષિત કરીને સાત શિક્ષાવ્રતો કહ્યા છે.

**ચિત્તસારથિની ધર્મશ્રદ્ધા અને આચાર શુદ્ધિ :–**

**२० तए णं से चित्ते सारही समणोवासए जाए अहिगयजीवाजीवे उवलद्ध पुण्णपावे आसव-संवर-णिज्जर-किरियाहिगरण-बंध-मोक्ख-कुसले ।**

**असहिज्जे देवासुर-णाग-सुवण्ण जक्ख-रक्खस-किण्णर-किंपुरिस-गरुल-गंधव्व- महोरगाईहिं देवगणेहिं णिग्गंथाओ पावयणाओ अणइक्कमणिज्जे । णिग्गंथे पावयणे णिस्संकिए, णिक्कंखिए णिव्वितिगिच्छे लद्धट्ठे गहियट्ठे पुच्छियट्ठे अहिगयट्ठे विणिच्छियट्ठे, अट्ठिमिंजपेम्माणुरागरत्ते; अयमाउसो! णिग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे, ऊसियफलिहे अवंगुयदुवारे।**

**चियत्तंतेउरघरप्पवेसे चाउद्दसट्ठमुद्दिट्ठ-पुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणु-पालेमाणे, समणे णिग्गंथे फासुएसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पीढ-फलग-सेज्जा- संथारेणं वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणेणं ओसह-भेसज्जेणं पडिलाभेमाणे, अहापरिग्गहेहिं तवोकम्मेहिं बहूहिं सीलव्वय गुणवय वेरमण पच्चक्खाण-पोसहोववासेहिं अप्पाणं भावेमाणे, जाइं तत्थ रायकज्जाणि य** *जाव* **रायववहाराणि**

**य ताइं जियसत्तुणा रण्णा सद्धिं सयमेव पच्चुवेक्खमाणे पच्चुवेक्खमाणे विहरइ।**

**ભાવાર્થ :–** વ્રત ગ્રહણ કર્યા પછી તે ચિત્ત સારથિ શ્રમણોપાસક થઈ ગયા. તે ચૈતન્ય સ્વરૂપી જીવતત્ત્વ અને જડસ્વરૂપી અજીવ તત્ત્વના જ્ઞાતા બની ગયા, શુભકર્મરૂપ પુણ્યતત્ત્વ અને અશુભકર્મરૂપ પાપ તત્ત્વને સમજવા લાગ્યા, કર્મબંધના કારણરૂપ આશ્રવતત્ત્વ, હિંસાદિ વિરમણરૂપ સંવર તત્ત્વ, એક દેશથી કર્મ પુદ્ગલોનું આત્મપ્રદેશથી છૂટા પડવારૂપ નિર્જરા તત્ત્વ, કાયકી આદિ ક્રિયાઓ, ક્રિયાના સાધનરૂપ અધિકરણ, આત્મપ્રદેશો સાથે દૂધપાણીની જેમ જોડાતા કર્મપુદ્ગલરૂપ બંધતત્ત્વ અને સર્વ કર્મપુદ્ગલોનું આત્મપ્રદેશોથી સર્વથા છૂટા પડવારૂપ મોક્ષતત્ત્વના સ્વરૂપને જાણવામાં કુશળ થઈ ગયા.

તેઓ કુતીર્થિકોના કુતર્કોનું ખંડન કરવામાં બીજાની સહાયની જરૂર ન રહે તેવા આત્મનિર્ભર થઈ ગયા. તેમને નિર્ગ્રંથ પ્રવચન ઉપર એવી દઢ શ્રદ્ધા થઈ ગઈ કે કોઈ દેવ, અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર દેવો, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ(દેવ), ગંધર્વ, મહોરગ કે અન્ય જાતીય કોઈપણ દેવગણ તેમને નિર્ગ્રંથ પ્રવચનથી ચલિત કરી શકે તેમ ન હતા અર્થાત્ દેવતાના ડગાવ્યા ડગે નહીં, ચલાવ્યા ચલિત થાય નહીં, તેવા દઢ થઈ ગયા.

તેઓને નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ કોઈ પણ પ્રકારની શંકા થતી ન હોવાથી નિઃશંકિત, અન્ય મત પ્રતિ કોઈ પણ પ્રકારની કાંક્ષા–ઇચ્છા ન હોવાથી નિઃકાંક્ષિત અને ધર્મક્રિયાદિના ફળ માટે સંદેહ ન હોવાથી નિર્વિચિકિત્સા ગુણથી સંપન્ન થઈ ગયા. નિર્ગ્રંથ પ્રવચનનો અર્થ જાણી લેવાથી તેઓ લબ્ધાર્થ, તે અર્થને સ્વીકારી લેવાથી ગૃહિતાર્થ, પ્રશ્નોત્તર દ્વારા સંશયો દૂર થઈ જવાથી પૃષ્ટાર્થ, સર્વ પ્રકારે અર્થ ગ્રહણથી અધિગતાર્થ અને તે અર્થને આત્મસાત્ કરી લેવાથી વિનિશ્ચિતાર્થ બની ગયા.

ચિત્ત સારથિને નિર્ગ્રંથ પ્રવચનનો રંગ હાડહાડની મજ્જાએ લાગી ગયો અર્થાત્ તેની રગેરગમાં નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ પ્રેમ અને અનુરાગ થઈ ગયો.(જેમ અસ્થિ અને મજ્જા પરસ્પર ઓતપ્રોત હોય છે, તેવી જ ઓતપ્રોતતા તેને નિર્ગ્રંથ પ્રવચનમાં થઈ ગઈ હતી.) તેમના એવા ભાવ વ્યક્ત થતા હતા કે હે આયુષ્યમાન ! આ નિર્ગ્રંથ પ્રવચન જ યથાર્થ છે, પરમાર્થરૂપ છે, બાકી બધું અનર્થરૂપ છે. પ્રવચન પ્રત્યેની આવી આસ્થાના કારણે તેનું હૃદય સ્ફટિક જેવું નિર્મળ થઈ ગયું હતું. સાધુઓ-ભિક્ષુઓ આદિ સર્વ માટે તેના ઘરના દરવાજા સદા ખુલ્લા રહેવા લાગ્યા અર્થાત્ ભિક્ષુઓ ભિક્ષા માટે સરળતાપૂર્વક પ્રવેશી શકે તે માટે તેના ઘરના દ્વાર સદા ખુલ્લા રહેવા લાગ્યા.

તેનું શીલ એટલું બધું પવિત્ર બની ગયું કે અંતઃપુરમાં તે નિઃશંકપણે પ્રવેશ કરી શકતા હતા, ચૌદસ, આઠમ, અમાસ, પૂનમના દિવસોમાં પ્રતિપૂર્ણ પૌષધનું પાલન કરવા લાગ્યા. તે શ્રમણ-નિર્ગ્રંથોને પ્રાસુક-અચિત્ત અને એષણીય–સાધુજન માટે કલ્પનીય એવા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આ ચાર પ્રકારના આહાર, પીઢ, ફલક, શય્યા-સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધ ભેષજથી પ્રતિલાભિત કરતા રહ્યા, વિધિપૂર્વક ગ્રહણ કરેલા તપથી તથા શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધાદિથી આત્માને ભાવિત કરતા રહ્યા. જિતશત્રુ રાજા સાથે રહીને રાજ્યકાર્યો તથા રાજ્ય વ્યવહારોનું અવલોકન કરતા શ્રાવસ્તી નગરીમાં રહ્યા.

**૨૧ तए णं से जियसत्तुराया अण्णया कयाइ महत्थं** *जाव* **पाहुडं सज्जेइ, सज्जेत्ता चित्तं सारहिं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–गच्छाहि णं तुमं चित्ता ! सेयवियं णयरिं पएसिस्स रण्णो इमं महत्थं** *जाव* **पाहुडं उवणेहि, मम पाउग्गं च**

**णं जहाभणियं अवितहमसंदिद्धं वयणं विण्णवेहि त्ति कट्टु विसज्जिए ।**

**ભાવાર્થ :–** આ રીતે કેટલાક દિવસો વીત્યા પછી કોઈ એક દિવસે જિતશત્રુ રાજાએ એક મહામૂલ્યવાન ભેટ તૈયાર કરાવીને ચિત્ત સારથિને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે ચિત્ત ! તમે શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશી રાજાને મારી આ ભેટ આપજો અને મારા પ્રણામ કહીને મારાવતી વિનંતી કરજો કે તેઓએ મને જે સંદેશ મોકલ્યો હતો, તે મારે મન અવિતથ–સાચો અને અસંદિગ્ધ છે. આ રીતે સૂચના આપીને રાજાએ આદરપૂર્વક ચિત્ત સારથિને વિદાય આપી.

**કેશી શ્રમણને શ્વેતાંબિકા પધારવા પ્રાર્થના :–**

**૨૨ तए णं से चित्ते सारही जियसत्तुणा रण्णा विसज्जिए समाणे तं महत्थं** *जाव* **पाहुडं गिण्हइ, गिण्हित्ता जियसत्तुस्स रण्णो अंतियाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता सावत्थी णयरीए मज्झंमज्झेणं णिग्गच्छइ, जेणेव रायमग्गमोगाढे आवासे तेणेव उवागच्छइ, तं महत्थं** *जाव* **ठवेइ, ण्हाए** *जाव* **पायचारविहारेण महया पुरिसवग्गुरा-परिक्खित्ते रायमग्ग-मोगाढाओ आवासाओ णिग्गच्छइ, सावत्थीणगरीए मज्झंमज्झेणं णिग्गच्छइ, जेणेव कोट्ठए चेइए जेणेव केसी कुमारसमणे तेणेव उवागच्छइ, केसी कुमारसमणस्स अंतिए धम्मं सोच्चा** *जाव* **एवं वयासी– एवं खलु अहं भंते ! जियसत्तुणा रण्णा पएसिस्स रण्णो इमं महत्थं** *जाव* **उवणेहि त्ति कट्टु विसज्जिए । तं गच्छामि णं अहं भंते ! सेयवियं णयरिं । पासादीया णं भंते ! सेयविया णयरी, दरिसणिज्जा णं भंते ! सेयविया णयरी, अभिरूवा णं भंते ! सेयविया णयरी, पडिरूवा णं भंते ! सेयविया णगरी, समोसरह णं भंते ! तुब्भे सेयवियं णयरिं ।**

**ભાવાર્થ :–** જિતશત્રુ રાજાએ ચિત્તસારથિને વિદાય આપી ત્યારે તેણે તે ભેટ ગ્રહણ કરી અને જિતશત્રુ રાજા પાસેથી નીકળીને, શ્રાવસ્તી નગરીમાં થઈને રાજમાર્ગ ઉપરના પોતાના ઉતારે આવીને તે ભેટને એકબાજુ મૂકી દીધી. ત્યાર પછી સ્નાન કરીને શરીરને અલંકૃત કરીને, કોરંટ પુષ્પની માળાથી યુક્ત છત્ર ધારણ કરીને વિશાળ જનસમુદાય સાથે પોતાના રાજમાર્ગ ઉપરના ઉતારેથી નીકળીને પગપાળા કેશીકુમાર શ્રમણ બિરાજમાન હતા, ત્યાં આવીને કેશીકુમાર શ્રમણ પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો. ત્યાર પછી કેશીકુમાર શ્રમણને વિનંતી કરી કે– હે ભગવાન ! જિતશત્રુ રાજાની વિદાય લઈને, પ્રદેશી રાજાને આપવાની ભેટ લઈને આજે હું શ્વેતાંબિકા નગરી જઈ રહ્યો છું. હે ભગવાન ! તમે એકવાર શ્વેતાંબિકા નગરી જરૂર પધારજો. શ્વેતાંબિકાનગરી પ્રાસાદિક છે, હે ભગવાન ! શ્વેતાંબિકાનગરી દર્શનીય છે, શ્વેતાંબિકા નગરી મનોહર છે, રમણીય છે, માટે તમે જરૂર ત્યાં પધારવા કૃપા કરશો.

**૨૩ तए णं से केसी कुमारसमणे चित्तेणं सारहिणा एवं वुत्ते समाणे चित्तस्स सारहिस्स एयमट्ठं णो आढाइ, णो परिजाणाइ तुसिणीए संचिट्ठइ । तए णं से चित्ते सारही केसी कुमारसमणं दोच्चं पि तच्चं पि एवं वयासी– एवं खलु अहं भंते ! जियसत्तुणा रण्णा पएसिस्स रण्णो इमं महत्थं** *जाव* **समोसरह णं भंते ! तुब्भे सेयवियं णयरिं ।**

**ભાવાર્થ :–** ચિત્ત સારથિએ આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથિના આ કથનનો આદર ન કર્યો, તેના તરફ ધ્યાન ન આપ્યું, માત્ર મૌન રહ્યા. ત્યારે ચિત્ત સારથિએ બીજી-ત્રીજીવાર વિનંતી કરી કે– હે ભગવન્ ! પ્રદેશી રાજા માટે મૂલ્યવાન ભેટ લઈને, રાજાની વિદાય લઈને આજે હું શ્વેતાંબિકા જઈ રહ્યો છું. આપ ત્યાં પધારવાની અવશ્ય કૃપા કરશો.

**૨૪ तए णं केसी कुमार-समणे चित्तेण सारहिणा दोच्चं पि तच्चंपि एवं वुत्ते समाणे चित्तं सारहिं एवं वयासी– चित्ता ! से जहाणामए वणसंडे सिया– किण्हे किण्होभासे** *जाव* **पडिरूवे । से णूणं चित्ता ! से वणसंडे बहूणं दुपय-चउप्पय-मिय-पसु-पक्खी-सिरीसिवाणं अभिगमणिज्जे ? हंता अभिगमणिज्जे ।**

**तंसि च णं चित्ता ! वणसंडंसि बहवे भिलुंगा णाम पावसउणा परिवसंति। जे णं तेसिं बहूणं दुपय-चउप्पय-मिय-पसु-पक्खी-सिरीसिवाणं ठियाणं चेव मंससोणियं आहारेंति। से णूणं चित्ता ! से वणसंडे तेसि णं बहूणं दुपय** *जाव* **सिरीसिवाणं अभिगमणिज्जे ? णो तिणट्ठे समट्ठे । कम्हा णं ? भंते ! सोवसग्गे।**

**एवामेव चित्ता ! तुब्भं पि सेवियाए णयरीए पएसी णामं राया परिवसइ** *जाव* **णो सम्मं करभरवित्तिं पवत्तइ । तं कहं णं अहं चित्ता ! सेयवियाए णयरीए समोसरिस्सामि ?**

**ભાવાર્થ :–** ચિત્ત સારથિએ બે-ત્રણવાર આગ્રહભરી વિનંતી કરી ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથિને પૂછ્યું કે– હે ચિત્ત ! જેમ કે કોઈ કૃષ્ણ અને કૃષ્ણછાયાવાળું અર્થાત્ હર્યું-ભર્યું, લીલુંછમ તથા રમણીય એવું વન(વનખંડ) હોય, તો તે વન મનુષ્યોને તથા ચતુષ્પદ મૃગ, પશુ, પક્ષી, સરિસર્પ વગેરે માટે શું અભિગમનીય– વિચરવા યોગ્ય કહેવાય ખરું ?

**ચિત્ત–** હા, ભગવન્ ! તે વન મનુષ્યાદિ માટે વિચરવા યોગ્ય છે.

**કેશી શ્રમણ–** હે ચિત્ત ! તે વનમાં મનુષ્ય, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરિસર્પોનો શિકાર કરનારા, તેના લોહી-માંસ ખાનારા ઘણા પાપિષ્ઠ ભીલ જાતિના શિકારીઓ રહેતા હોય, તો હે ચિત્ત ! શું તે વન મનુષ્યાદિ માટે વિચરવા યોગ્ય કહેવાય ખરું ?

**ચિત્ત–** હે ભગવન્ ! તેવું વન મનુષ્યાદિ માટે વિચરવા યોગ્ય ન કહેવાય.

**કેશી શ્રમણ–** હે ચિત્ત ! શા માટે તે વન મનુષ્યાદિ માટે વિચરવા યોગ્ય ન કહેવાય ?

**ચિત્ત–** હે ભગવન્ ! તે વન ઉપસર્ગ, વિઘ્ન, બાધા-પીડાવાળું હોવાથી મનુષ્યાદિ માટે વિચરવા યોગ્ય નથી.

**કેશી શ્રમણ–** તે જ પ્રમાણે હે ચિત્ત ! તારી શ્વેતાંબિકા નગરી ભલે ઘણી સારી હોય પરંતુ ત્યાંનો પ્રદેશી રાજા અધાર્મિક છે ***યાવત્*** કર લઈને પ્રજાનું પોષણ-રક્ષણ કરતો નથી, તેથી હે ચિત્ત ! હું શ્વેતાંબિકા નગરીમાં કેવી રીતે આવું ? તાત્પર્ય એ છે કે જે રાજ્યમાં રાજ્યવ્યવસ્થા ઉચિત ન હોય, શાસક અન્યાયી અને ક્રૂર હોય ત્યાં સાધ્વાચારના પાલનમાં મુશ્કેલીની સંભાવના હોવાથી સાધુએ ત્યાં વિચરવું યોગ્ય નથી.

**२५** **तए णं से चित्ते सारही केसिं कुमार-समणं एवं वयासी– किं णं भंते ! तुब्भं पए सिणा रण्णा कायव्वं ? अत्थि णं भंते ! सेयवियाए णयरीए अण्णे बहवे ईसर-तलवर** *जाव* **सत्थवाहपभिइओ जे णं देवाणुप्पियं वंदिस्संति णमंसिस्संति** *जाव* **पज्जुवासिस्संति विउलं असण-पाण-खाइम-साइमेण पडिलाभिस्संति, पाडिहारिएण पीढ फलग सेज्जा संथारेण उवणिमंतिस्संति ।**

**तए णं से केसी कुमारसमणे चित्तं सारहिं एवं वयासी– अवि याइं चित्ता जाणिस्सामो।**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણના આ પ્રકારના અભિપ્રાયને જાણ્યા પછી ચિત્ત સારથિએ તેમને નિવેદન કર્યું કે હે ભગવન્ ! આપને પ્રદેશી રાજા સાથે શું નિસ્બત ? શ્વેતાંબિકા નગરીમાં ઘણા ઈશ્વર, તલવર, સાર્થવાહ વગેરે બીજા ઘણા લોકો રહે છે, તેઓ આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર કરશે તથા આપની સેવા કરશે, આપને અશનાદિ ચારે પ્રકારના આહારથી પ્રતિલાભિત કરશે, પાઢીયારાં–ઉપયોગ કર્યા પછી પાછા આપવા યોગ્ય પાટ, પાટિયા, શય્યા, સંસ્તારક(પથારી માટે ઘાસ-પરાળ વગેરે)નું નિમંત્રણ કરશે.

ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથિને કહ્યું કે હે ચિત્ત ! તારી વિનંતીને હું ધ્યાનમાં રાખીશ.

**ઉદ્યાન પાલકોને ચિત્ત સારથિની આજ્ઞા :–**

**२६** **तए णं से चित्ते सारही केसि कुमार-समणं वंदइ णमंसइ, केसिस्स कुमार-समणस्स अंतियाओ कोट्ठयाओ चेइयाओ पडिणिक्खमइ, जेणेव सावत्थी णयरी जेणेव रायमग्ग-मोगाढे आवासे तेणेव उवागच्छइ, उवागच्छित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–**

**खिप्पामेव भो देवाणुप्पिया ! चाउग्घंटे आसरहं जुत्तामेव उवट्ठवेह । जहा सेयवियाए णयरीए णिग्गच्छइ, तहेव** *जाव* **वसमाणे कुणालाजणवयस्स मज्झंमज्झेणं जेणेव केइय- अद्धे जेणेव सेयविया णयरी जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ, उज्जाणपालए सद्दावेइ सद्दावित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણને વંદના-નમસ્કાર કરીને ચિત્ત સારથિ તેમની પાસેથી, કોષ્ટક ઉદ્યાનમાંથી બહાર નીકળીને, શ્રાવસ્તીના રાજમાર્ગ ઉપરના પોતાના ઉતારે આવ્યા અને કર્મચારી પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે–

હે દેવાનુપ્રિયો ! તમે જલદી ચાર ઘંટાવાળા અશ્વરથને જોડીને હાજર કરો. ત્યાર પછી તેઓએ જે રીતે શ્વેતાંબિકા નગરીથી પ્રસ્થાન કર્યું હતું, તે જ રીતે ચાર ઘંટાવાળા રથમાં બેસીને શ્રાવસ્તી નગરીથી પ્રસ્થાન કરી, અનુકૂળ પડાવ કરતાં કુણાલ દેશમાંથી નીકળીને કેકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીના મૃગવન ઉદ્યાનમાં આવ્યા અને ઉદ્યાન-પાલકોને બોલાવીને આ પ્રમાણે કહ્યું–

**२७** **जया णं देवाणुप्पिया ! पासावच्चिज्जे केसी णाम कुमारसमणे पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुगामं दूइज्जमाणे इहमागच्छिज्जा तया णं तुब्भे देवाणुप्पिया ! केसी कुमारसमणं वंदिज्जाह, णमंसिज्जाह, वंदित्ता णमंसित्ता अहापडिरूवं उग्गहं**

**अणुजाणेज्जाह, पडि- हारिएणं पीढ-फलग** *जाव* **उवणिमंतिज्जाह, एयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणेज्जाह । तए णं ते उज्जाणपालगा चित्तेणं सारहिणा एवं वुत्ता समाणा हट्ठ-तुट्ठ** *जाव* **आणाए विणएणं वयणं पडिसुणंति ।**

**ભાવાર્થ :–** હે દેવાનુપ્રિય ! જ્યારે પાર્શ્વાપત્ય, કેશી નામના કુમાર શ્રમણ અનુક્રમથી વિચરતાં-વિચરતાં, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં-કરતાં અહીં પધારે ત્યારે હે દેવાનુપ્રિય ! તમે કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરીને, તેઓને યથાપ્રતિરૂપ–સાધુના કલ્પાનુરૂપ ઉદ્યાનમાં ઉતરવાની આજ્ઞા આપજો તથા પાઢીયારા પાટ, બાજોઠ વગેરે માટે નિમંત્રણ કરજો અને ત્યાર પછી કેશીકુમાર શ્રમણના આગમનની મને તુરંત જાણ કરજો. ચિત્ત સારથિએ આ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે ઉદ્યાન પાલકોએ હર્ષિત હૃદયે તે આજ્ઞાને માથે ચડાવી.

**૨૮ तए णं चित्ते सारही जेणेव सेयविया णयरी तेणेव उवागच्छइ, उवागच्छित्ता सेयवियं णयरिं मज्झंमज्झेणं अणुपविसइ, अणुपविसित्ता जेणेव पएसी रण्णो गिहे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ, तुरए णिगिण्हइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ, तं महत्थं** *जाव* **गेण्हइ, जेणेव पएसी राया तेणेव उवागच्छइ, पएसिं रायं करयल** *जाव* **वद्धावेत्ता तं महत्थं** *जाव* **उवणेइ ।**

**तए णं से पएसी राया चित्तस्स सारहिस्स तं महत्थं** *जाव* **पडिच्छइ चित्तं सारहिं सक्कारेइ सम्माणेइ पडिविसज्जेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથિ શ્વેતાંબિકાની નજદીક આવીને, તેના રાજમાર્ગથી નગરીમાં પ્રવેશ્યા અને પ્રદેશી રાજાના રાજમહેલની બાહ્ય ઉપસ્થાન શાળામાં આવીને, ઘોડાની લગામ ખેંચીને રથને ઊભો રાખ્યો. ભેટ લઈને રથમાંથી નીચે ઉતર્યા. રાજસભામાં પ્રદેશી રાજા પાસે આવીને, હાથ જોડી પ્રણામ કરી, જય-વિજય શબ્દથી વધાવ્યા અને તે ભેટ રાજાને આપી.

પ્રદેશી રાજાએ ચિત્ત સારથિ પાસેથી તે મૂલ્યવાન ભેટ ગ્રહણ કરીને, ચિત્ત સારથિનો સત્કાર, સન્માન કરીને તેને ઘેર જવા વિદાય આપી.

**૨૯ तए णं से चित्ते सारही पएसिणा रण्णा विसज्जिए समाणे हट्ठ** *जाव* **हियए पएसिस्स रण्णो अंतियाओ पडिणिक्खमइ, जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, चाउग्घंटं आसरहं दुरुहइ, सेयवियं णगरिं मज्झंमज्झेणं जेणेव सए गिहे तेणेव उवागच्छइ, तुरए णिगिण्हइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ ण्हाए** *जाव* **उप्पिंपासायवरगए फुट्टमाणेहिं मुइंगमत्थएहिं बत्तीसइबद्धएहिं णाडएहिं वरतरुणीसंपउत्तेहिं उवणच्चिज्जमाणे उवगाइज्जमाणे उवलालिज्जमाणे इट्ठे सद्द-फरिस** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** પ્રદેશી રાજાએ ચિત્ત સારથિને ઘેર જવાની રજા આપી ત્યારે તે હર્ષિત હૃદયે પ્રદેશી રાજા પાસેથી નીકળી, પોતાના ચારઘંટવાળા રથમાં બેસીને, શ્વેતાંબિકા નગરીમાંથી પસાર થઈને પોતાના ઘેર આવ્યા, ઘોડાની લગામ ખેંચી રથ ઊભો રાખ્યો ***યાવત્*** પોતાના મહેલમાં આવી સ્નાન કરીને ***યાવત્*** પોતાના શ્રેષ્ઠ મહેલના ઉપરના માળે ઊર્ધ્વમુખી મૃદંગોના ધ્વનિને સાંભળતા, શ્રેષ્ઠ તરુણીઓના અભિનય યુક્ત બત્રીસ પ્રકારના નાટકો જોતાં, ક્રીડાઓ કરતાં, મનોજ્ઞ શબ્દ, સ્પર્શ વગેરે પાંચે ઈન્દ્રિયોના સુખો

ભોગવતા રહેવા લાગ્યા.

**કેશી શ્રમણનું શ્વેતાંબિકામાં પદાર્પણ :–**

**३० तए णं केसी कुमार-समणे अण्णया कयाइ पाडिहारियं पीढ-फलग-सेज्जासंथारगं पच्चप्पिणइ, सावत्थीओ णयरीओ कोट्ठगाओ चेइयाओ पडिणिक्खमइ पंचहिं अणगार सएहिं** *जाव* **विहरमाणे जेणेव केकइयद्धे जणवए जेणेव सेयविया णयरी जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ, अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तए णं सेयवियाए णयरीए सिंघाडग** *जाव* **महया जणसद्देइ वा** *जाव* **परिसा णिग्गच्छइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અન્ય કોઈ એક દિવસે પાઢીયારા લાવેલા પાટ, બાજોઠ, શય્યા, સંસ્તારક વગેરે ઉપકરણો જેના લાવ્યા હતા, તેને પાછા સોંપીને ૫૦૦ અણગારો સાથે કેશીકુમાર શ્રમણે શ્રાવસ્તીના કોષ્ટક ઉદ્યાનમાંથી વિહાર કર્યો અને વિચરતાં-વિચરતાં કેકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીના મૃગવન ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં આવીને ઉતરવાની આજ્ઞા લઈને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં ત્યાં રહ્યા. કેશીકુમાર શ્રમણનું શ્વેતાંબિકા નગરીમાં આગમન થતાં જ શ્વેતાંબિકા નગરીના શ્રૃંગાટકાદિ સ્થાનો પર લોકો પરસ્પર ભેગા થઈ કેશીકુમાર શ્રમણના આગમન સંબંધી વાતચીત કરવા લાગ્યા ***યાવત્*** લોકો દર્શન કરવા માટે જવા લાગ્યા.

**३१ तए णं ते उज्जाणपालगा इमीसे कहाए लद्धट्ठा समाणा हट्ठतुट्ठ** *जाव* **हियया जेणेव केसी कुमार-समणे तेणेव उवागच्छंति, केसिं कुमार-समणं वंदंति णमंसंति, अहापडिरूवं उग्गहं अणुजाणंति, पाडिहारिएणं पीढ-फलग-सेज्जा-संथारएणं उवणिमंतंति।**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણ ઉદ્યાનમાં પધાર્યા ત્યારે, તેમનું આગમન જાણીને ઉદ્યાનપાલકો ખુશ થયા અને તેમની પાસે આવીને, તેમને વંદન–નમસ્કાર કરીને તે સ્થાનમાં ઉતરવાની આજ્ઞા આપી તથા પાઢીયારાં પાટ, બાજોટ, શય્યા, સંસ્તારક વગેરે ગ્રહણ કરવા નિમંત્રણ આપ્યું.

**३२ णामं गोयं पुच्छंति, ओधारेंति, एगंतं अवक्कमंति, अण्णमण्णं एवं वयासी– जस्स णं देवाणुप्पिया ! चित्ते सारही दंसणं कंखइ, दंसणं पत्थेइ, दंसणं पीहेइ, दंसणं अभिलसइ, जस्स णं णामगोयस्स वि सवणयाए हट्ठतुट्ठ** *जाव* **हियए भवइ, से णं एस केसी कुमार-समणे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे इहमागए, इह संपत्ते, इह समोसढे इहेव सेयवियाए णयरीए बहिया मियवणे उज्जाणे अहापडिरूवं** *जाव* **विहरइ ।**

**तं गच्छामो णं देवाणुप्पिया ! चित्तस्स सारहिस्स एयमट्ठं पियं णिवेदेमो, पियं से भवउ । अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणेंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદ્યાનપાલકોએ કેશીકુમાર શ્રમણના નામ-ગોત્ર પૂછ્યાં અને હૃદયમાં ધારણ કર્યા અર્થાત્ સ્મૃતિમાં લઈ લીધા. ત્યાર પછી તેઓએ એકાંત સ્થાનમાં જઈને એક બીજા સાથે ચર્ચા-વિચારણા કરી કે ચિત્ત સારથિ જેમના દર્શનની ઈચ્છા રાખે છે(જેમની વાટ જોવે છે), જેમના દર્શન માટે પ્રાર્થના કરે

છે, જેમના દર્શનની સ્પૃહા ધરાવે છે, જેમના દર્શનની અભિલાષા સેવે છે અને જેમનું નામ ગોત્ર સાંભળતા જ ખૂબ પ્રસન્ન થાય છે, તે જ આ કેશીકુમાર શ્રમણ, અનુક્રમે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અહીં આવ્યા છે, અહીં પધાર્યા છે, અહીં બિરાજમાન થયા છે. આ શ્વેતાંબિકા નગરીની બહારના ઉદ્યાનમાં જ ઉતરવાની આજ્ઞા લઈ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રહ્યા છે.

તો હે દેવાનુપ્રિયો ! આપણે ચિત્ત સારથિ પાસે જઈએ અને તેમને પ્રિય લાગે તેવા કેશીકુમાર શ્રમણના આગમનના સમાચાર આપીએ. પરસ્પરની ચર્ચાવિચારણાના અંતે તે સર્વેએ એકમત થઈ, ઉપર પ્રમાણે નિર્ણય કર્યો.

**૩૩ जेणेव सेयविया णयरी जेणेव चित्तस्स सारहिस्स गिहे जेणेव चित्त सारही तेणेव उवागच्छंति, चित्तं सारहिं करयल** *जाव* **वद्धावेंति, वद्धावेत्ता एवं वयासी– जस्स णं देवाणुप्पिया ! दंसणं कंखंति** *जाव* **अभिलसंति जस्स णं णामगोयस्स वि सवणयाए हट्ठ** *जाव* **भवह, से णं अयं केसी कुमारसमणे पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **समोसढे** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી ઉદ્યાનપાલકો શ્વેતાંબિકા નગરીમાં, ચિત્ત સારથિના ઘેર, ચિત્તસારથિ પાસે આવ્યા. ચિત્ત સારથિને હાથ જોડી વંદન કરી, જય-વિજયના શબ્દોથી વધાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય! આપ જેના દર્શનને ઈચ્છો છો ***યાવત્*** આપ જેના દર્શનની અભિલાષા રાખો છો, જેના નામ-ગોત્રના શ્રવણથી પણ પ્રસન્ન થાઓ છો, તે કેશીકુમાર શ્રમણ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અહીં પધાર્યા છે ***યાવત્*** અહીં વિચરી રહ્યા છે.

**ચિત્તસારથિનું દર્શનાર્થે ગમન :–**

**૩૪ तए णं से चित्ते सारही तेसिं उज्जाणपालगाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **आसणाओ अब्भुट्ठेइ, पायपीढाओ पच्चोरुहइ, पाउयाओ ओमुयइ, एगसाडियं उत्तरासंगं करेइ, अंजलि-मउलियग्गहत्थे केसिकुमार-समणाभिमुहे सत्तट्ठ पयाइं अणुगच्छइ, करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–**

**णमोत्थुणं अरहंताणं भगवंताणं** *जाव* **संपत्ताणं; णमोत्थुणं केसिस्स कुमारसमणस्स मम धम्मायरियस्स धम्मोवदेसगस्स । वंदामि णं भगवंतं तत्थगयं इहगए, पासइ मे भगवं तत्थगए इहगयं त्ति कट्टु वंदइ णमंसइ ।**

**ते उज्जाणपालए विउलेणं वत्थगंधमल्लालंकारेणं सक्कारेइ सम्माणेइ, विउलं जीवियारिहं पीइदाणं दलयइ, दलइत्ता पडिविसज्जेइ ।**

**ભાવાર્થ :–** ઉદ્યાનપાલકો પાસેથી કેશીકુમાર શ્રમણના આગમનના સમાચાર સાંભળીને ઘણી ખુશી અનુભવતા ચિત્તસારથિ આસન ઉપરથી ઊભા થઈને, પાદપીઠ પર પગ મૂકીને, નીચે ઉતરી, પગમાંથી મોજડીઓ કાઢી નાંખીને, મોઢા આડો ખેસ રાખીને, હાથને અંજલીબદ્ધ કરીને(હાથ જોડીને) કેશીકુમાર શ્રમણ જે દિશામાં બિરાજમાન હતા તે દિશા સન્મુખ સાત-આઠ પગલા જઈને(ણમોત્થુણંની મુદ્રામાં

બેસીને) હાથ જોડી, મસ્તક ઉપર અંજલી સ્થાપિત કરીને શક્રસ્તવ દ્વારા સ્તુતિ કરવા લાગ્યા. સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા અરિહંત એવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો ***યાવત્*** મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક કેશીકુમાર શ્રમણને નમસ્કાર હો. ત્યાં મૃગવન ઉદ્યાનમાં સ્થિત ભગવાનને અહીંથી હું વંદન કરું છું; ત્યાં રહેલા ભગવાન અહીં રહેલ મને પોતાના જ્ઞાનથી જુએ છે; આ પ્રમાણે કહીને વંદન-નમસ્કાર કર્યા.

ત્યાર પછી તે ઉદ્યાનપાલકોને વિપુલ પ્રમાણમાં વસ્ત્ર, ગંધ, માળા, અલંકારો આપીને તેમનું સન્માન કર્યું, સત્કાર કર્યો તથા આજીવિકા યોગ્ય વિપુલ પ્રીતિદાન(પારિતોષિક) આપીને તેઓને વિદાય કર્યા.

**૩૫ कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– खिप्पामेव भो ! देवाणुप्पिया चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेह *जाव* पच्चप्पिणह । तए णं ते कोडुंबियपुरिसा तहेव पडिसुणित्ता खिप्पामेव सच्छत्तं सज्झयं *जाव* उवट्ठवित्ता तमाणत्तियं पच्चप्पिणंति। तए णं से चित्ते सारही कोडुंबियपुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठे, ण्हाए *जाव* विभूसियसरीरे *जाव* पज्जुवासइ, धम्मकहा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથિએ કર્મચારી પુરુષોને બોલાવ્યા અને ચાર ઘંટાવાળો અશ્વરથ તૈયાર કરીને, શીઘ્ર ત્યાં લાવવા આજ્ઞા કરી. ત્યાર પછી કર્મચારી પુરુષોએ તે આજ્ઞાનો સ્વીકાર કર્યો અને શીઘ્ર છત્ર અને ધ્વજા પતાકાથી શોભિત રથ ત્યાં લઈ આવ્યા અને રથ તૈયાર થઈ ગયાના સમાચાર આપ્યા. ત્યાર પછી રથ તૈયાર થઈ જવાથી હર્ષિત હૃદયવાળા ચિત્ત સારથિ સ્નાન કરી ***યાવત્*** વિભૂષિત થયા અને રથમાં બેસીને કેશીકુમાર શ્રમણ પાસે આવ્યા. વંદનાદિ કરી તેમની પર્યુપાસના કરવા લાગ્યા અને ધર્મોપદેશ સાંભળ્યો.

**પ્રદેશી રાજાને ધર્મોપદેશ આપવા વિનંતી :–**

**૩૬ तए णं से चित्ते सारही केसिस्स कुमारसमणस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे *जाव* एवं वयासी– एवं खलु भंते ! अम्हं पएसी राया अधम्मिए *जाव* सयस्स वि णं जणवयस्स णो सम्मं करभरवित्तिं पवत्तेइ, तं जइ णं देवाणुप्पिया! पएसिस्स रण्णो धम्ममाइक्खेज्जा; बहुगुणतरं खलु होज्जा पएसिस्स रण्णो, तेसिं च बहूणं दुपय-चउप्पय-मिय-पसु-पक्खी-सरीसवाणं, तेसिं च बहूणं समण- माहण- भिक्खुयाणं, तं जइ णं देवाणुप्पिया! पएसिस्स रण्णो धम्ममाइक्खेज्जा, बहुगुणत्तरं होज्जा सव्वस्स वि य णं जणवयस्स ।**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણ પાસેથી ધર્મોપદેશ સાંભળીને હર્ષિત, સંતુષ્ટિત થયેલા ચિત્ત સારથિએ કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવાન ! અમારા પ્રદેશી રાજા અધાર્મિક છે ***યાવત્*** પ્રજા પાસેથી કર લઈને તેમનું સમ્યક પાલન-પોષણ કે રક્ષણ કરતા નથી. આપ દેવાનુપ્રિય જો પ્રદેશી રાજાને ધર્મોપદેશ આપો, તો તે પ્રદેશી રાજા માટે ઘણો ગુણકારી, લાભકારી થશે, તે ધર્મોપદેશથી તેનું ઘણું ભલું થશે. સાથે ઘણા મનુષ્યો, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરિસર્પ વગેરેનું તથા શ્રમણ, બ્રાહ્મણ તથા ભિક્ષુઓનું પણ ઘણું ભલું થશે. તેથી આપ દેવાનુપ્રિય પ્રદેશી રાજાને ધર્મનો બોધ આપો તો આખા ય દેશને માટે બહુગુણકારી થશે.

**ધર્મશ્રવણ પ્રાપ્તિ-અપ્રાપ્તિના ચાર-ચાર કારણો :–**

**३७ तए णं केसी कुमारसमणे चित्तं सारहिं एवं वयासी– एवं खलु चउहिं ठाणेहिं चित्ता! जीवा केवलिपण्णत्तं धम्मं णो लभेज्जा सवणयाए, तं जहा–**

**आरामगयं वा उज्जाणगयं वा समणं वा माहणं वा णो अभिगच्छइ णो वंदइ णो णमंसइ णो सक्कारेइ णो सम्माणेइ णो कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेइ, णो अट्ठाइं हेऊइं पसिणाइं कारणाइं वागरणाइं पुच्छइ । एएणं ठाणेणं चित्ता ! जीवा केवलिपण्णत्तं धम्मं णो लभंति सवणयाए ॥१॥ उवस्सयगयं समणं वा तं चेव** *जाव* **एएण वि ठाणेणं चित्ता ! जीवा केवलिपण्णत्तं धम्मं णो लभंति सवणयाए ॥२॥ गोयरग्गगयं समणं वा माहणं वा** *जाव* **णो पज्जुवासेइ, णो विउलेणं असण-पाण- खाइम-साइमेणं पडिलाभेइ, णो अट्ठाइं** *जाव* **पुच्छइ । एएणं वि ठाणेणं चित्ता ! जीवे केवलिपण्णत्तं धम्मं णो लभइ सवणयाए ॥३॥ जत्थ वि य णं समणेण वा माहणेण वा सद्धिं अभिसमागच्छइ तत्थ वि णं हत्थेण वा वत्थेण वा छत्तेणं वा अप्पाणं आवरित्ता चिट्ठइ, णो अट्ठाइं** *जाव* **पुच्छइ । एएण वि ठाणेणं चित्ता ! जीवे णो लभइ केवलिपण्णत्तं धम्मं सवणयाए ॥४॥**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથિને કહ્યું– હે ચિત્ત ! જીવ ચાર કારણોથી કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળવાનો લાભ મેળવી શકતા નથી. તે આ પ્રમાણે છે–

(૧) જે મનુષ્યો આરામ કે ઉદ્યાનમાં પધારેલા શ્રમણ-માહણની સામે જતા નથી, તેમને વંદન, નમસ્કાર, સત્કાર, સન્માનાદિ કરતા નથી, તેમને કલ્યાણ સ્વરૂપ, મંગલસ્વરૂપ, ધર્મદેવ સ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ માનતા નથી; તેમની સેવા શુશ્રૂષા કરતા નથી; અર્થભૂત– જીવાદિ પદાર્થો વિષયક પ્રશ્નો પૂછતા નથી; મોક્ષના હેતુભૂત– મુક્તિના ઉપાયો પૂછતા નથી; જિજ્ઞાસાવશ પ્રશ્નો, સંસાર બંધના કારણો, તત્ત્વનું સ્વરૂપ જાણવા તેની વ્યાખ્યાને પૂછતા નથી; હે ચિત્ત ! તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ મેળવી શકતા નથી. અર્થાત્ જે મનુષ્યો વંદનાદિ કોઈ પણ નિમિત્તે શ્રમણ નિર્ગ્રંથોના સંપર્કમાં આવતા નથી, તેને ધર્મ શ્રવણનો લાભ મળતો નથી અને તેથી જ તેઓ ધર્મ શ્રવણથી વિમુખ રહે છે.

(૨) જે મનુષ્યો ઉપાશ્રયમાં પધારેલા શ્રમણ-માહણાદિની સામે જતાં નથી, તેમને વંદન નમસ્કારાદિ કરતા નથી ***યાવત્*** તત્ત્વસ્વરૂપ જાણવા વ્યાખ્યાદિ પૂછતા નથી તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ મેળવી શકતા નથી.

(૩) જે મનુષ્યો ગોચરીએ નીકળેલા શ્રમણ-માહણની સામે જતા નથી ***યાવત્*** તેમની સેવા-શુશ્રૂષા કરતા નથી, વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી પ્રતિલાભિત કરતા નથી(આહારાદિ વહોરાવતા નથી), જીવાદિ પદાર્થ વિષયક પ્રશ્ન પૂછતા નથી, તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ લઈ શકતા નથી.

(૪) જે મનુષ્યો શ્રમણ-માહણ સામે મળી જાય તો પણ પોતાની જાતને છૂપાવી રાખવા હાથ, છત્ર કે વસ્ત્ર વડે પોતાને ઢાંકી રાખે, જીવાદિ પદાર્થ વગેરે વિષયક કાંઈ પૂછતા નથી, શ્રમણોની પાસે આવતા નથી તે મનુષ્યોને ધર્મ શ્રવણનો લાભ મળતો નથી.

**૩૮** **चउहिं ठाणेहिं चित्ता ! जीवे केवलिपण्णत्तं धम्मं लभइ सवणयाए, तं जहा– आरामगयं वा उज्जाणगयं वा समणं वा माहणं वा अभिगच्छइ, वंदइ णमंसइ** *जाव* **पज्जुवासेइ; अट्ठाइं** *जाव* **पुच्छइ, एएणं वि ठाणेणं** *जाव* **लभइ सवणयाए । एवं उवस्सयगयं, गोयरग्गगयं, समणं वा** *जाव* **पज्जुवासेइ, विउलेणं** *जाव* **पडिलाभेइ, अट्ठाइं** *जाव* **पुच्छइ। एएण वि ठाणेणं चित्ता ! जीवे केवलिपण्णत्तं धम्मं लभइ सवणयाए । जत्थ वि य णं समणेण वा माहणेण वा सद्धिं अभिसमागच्छइ तत्थ वि य णं णो हत्थेण वा वत्थेण वा, छत्तेण वा अप्पाणं आवरेत्ताणं चिट्ठइ । एएण वि ठाणेणं चित्ता ! जीवे केवलिपण्णत्तं धम्मं लभइ सवणयाए ।**

**ભાવાર્થ :–** હે ચિત્ત ! ચાર કારણોથી જીવ કેવળી કથિત ધર્મનું શ્રવણ કરી શકે છે. તે આ પ્રમાણે છે– (૧) જે મનુષ્યો આરામ કે ઉદ્યાનમાં પધારેલા શ્રમણ-માહણની સામે જાય છે અર્થાત્ તેનો આદર કરે છે, વંદન-નમસ્કાર કરે છે ***યાવત્*** સેવા શુશ્રૂષા કરે છે, જીવાદિ પદાર્થ, મોક્ષના ઉપાય સંબંધી પૃચ્છા કરે છે, તે મનુષ્યો ધર્મ સાંભળવાનો, સમજવાનો કે મેળવવાનો લાભ મેળવી શકે છે. (૨) જે મનુષ્યો ઉપાશ્રયમાં સ્થિત શ્રમણો વગેરેની સામે જાય, તેમને ધર્મ સંબંધી પૃચ્છા કરે, તો તે મનુષ્યો ધર્મને પામી શકે છે. (૩) જે મનુષ્યો ગોચરીએ નીકળેલા શ્રમણાદિની સેવા કરે, તેમને વિપુલ પ્રમાણમાં અશનાદિથી પ્રતિલાભિત કરે, જીવાદિ પદાર્થ સંબંધી પૃચ્છા કરે, તે મનુષ્યો કેવળી કથિત ધર્મ શ્રવણનો લાભ મેળવી શકે છે. (૪) જે મનુષ્યો શ્રમણ-માહણ સામે મળી જાય તો હાથ, વસ્ત્ર, છત્રથી પોતાની જાતને છુપાવતા નથી, તે મનુષ્ય કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળવાનો લાભ મેળવી શકે છે.

**૩૯** **तुज्झं च णं चित्ता ! पएसी राया आरामगयं वा तं चेव सव्वं भाणियव्वं आइल्लएणं गमएणं** *जाव* **अप्पाणं आवरेत्ता चिट्ठइ । तं कहं णं चित्ता! पएसिस्स रण्णो धम्ममाइक्खिस्सामो ?**

**ભાવાર્થ :–** હે ચિત્ત ! તારા પ્રદેશી રાજા આરામ કે ઉદ્યાનમાં આવેલા શ્રમણાદિ પાસે જતા નથી, તેમનો સત્કાર, સન્માન કરતા નથી ***યાવત્*** પોતાને છુપાવીને રાખે છે.(તે સર્વ કથન પૂર્વવત્ કહેવું) તે અમારી પાસે આવતા જ નથી, તો હું તેને ધર્મોપદેશ કેવી રીતે આપી શકું ?

**૪૦** **तए णं से चित्ते सारही केसिकुमार-समणं एवं वयासी– एवं खलु भंते ! अण्णया कयाइ कंबोएहिं चत्तारि आसा उवायणं उवणीया, ते मए पएसिस्स रण्णो अण्णया चेव उवणेया । तं एएणं खलु भंते ! कारणेणं अहं पएसिं रायं देवाणुप्पियाणं अंतिए हव्वमाणेस्सामि । तं मा णं देवाणुप्पिया ! तुब्भे पएसिस्स रण्णो धम्ममाइक्खमाणा गिलाएज्जाह । अगिलाए णं भंते ! तुब्भे पएसिस्स रण्णो धम्माइक्खेज्जाह । छंदेणं भंते! तुब्भे पएसिस्स रण्णो धम्ममाइक्खेज्जाह। तए णं से केसी कुमारसमणे चित्तं सारहिं एवं वयासी– अवि याइं चित्ता ! जाणिस्सामो।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથિએ કેશીકુમાર શ્રમણને વિનંતી કરતાં કહ્યું– કોઈ એક સમયે કંબોજ દેશના ચારઘોડા ભેટમાં આવેલા છે. તે ઘોડા મારે રાજાને અર્પણ કરવાના છે. હે ભગવન્ ! તે ઘોડાઓના

બહાને પ્રદેશીરાજાને હું આપ દેવાનુપ્રિયની પાસે લઈ આવીશ. તો હે દેવાનુપ્રિય ! તે સમયે આપ પ્રદેશી રાજાને ધર્મોપદેશ આપવામાં ગ્લાનિ અનુભવશો નહિ, અગ્લાન ભાવે ઉપદેશ આપજો. હે ભગવન્ ! આપની ઈચ્છાનુસાર અચકાયા વિના તેમને ધર્મ કહેજો. તે સમયે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથિને કહ્યું– તે પ્રસંગે જોઈ લેશું અર્થાત્ તમારી જેમ મારી પણ તેને ધર્મોપદેશ આપવાની ભાવના વર્તે છે.

**૪૧** **तए णं से चित्ते सारही केसिं कुमारसमणं वंदइ णमंसइ, जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, चाउग्घंटं आसरहं दुरुहइ, जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથિ કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરીને, ચાર ઘંટાવાળા અશ્વ-રથમાં બેસીને, જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા અર્થાત્ પોતાના ઘેર ગયા.

**કેશી શ્રમણ અને પ્રદેશી રાજાનું મિલન :–**

**૪૨** **तए णं से चित्ते सारही कल्लं पाउप्पभायाए रयणीए फुल्लुप्पल-कमल-कोमलुम्मिलियंमि अहापंडुरे पभाए कयणियमावस्सए सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते साओ गिहाओ णिग्गच्छइ, जेणेव पएसिस्स रण्णो गिहे, जेणेव पएसी राया तेणेव उवागच्छइ, पएसिं रायं करयल** *जाव* **एवं वयासी– एवं खलु देवाणुप्पियाणं कंबोएहिं चत्तारि आसा उवणयं उवणीया, ते य मए देवाणुप्पियाणं अण्णया चेव विणइया । तं एह णं सामी ! ते आसे चिट्ठं पासह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજા દિવસે, સવારે રાત્રિ વ્યતીત થઈ ગઈ અને પરોઢ થયું, ઉત્પલ, કમળો વગેરે ફૂલો ખીલવા લાગ્યા, સોનેરી(પીત ધવલ) પ્રભાત થયું, આવશ્યક કાર્યો તથા નિયમાદિ પૂર્ણ થઈ ગયા પછી જ્યારે સૂર્ય જાજ્વલ્યમાન તેજથી પ્રકાશવા લાગ્યો અર્થાત્ સૂર્યોદય થયો ત્યારે ચિત્ત સારથિ પોતાના ઘેરથી નીકળી પ્રદેશી રાજાના મહેલે ગયો. પ્રદેશી રાજાને હાથજોડી, પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય! કંબોજ દેશના ચાર ઘોડા ભેટમાં આવ્યા હતા, તે ઘોડાને મેં આપ દેવાનુપ્રિયને માટે યોગ્ય શિક્ષા આપીને તૈયાર કર્યા છે, તો હે સ્વામી ! તમે પોતે જ તે ઘોડાઓની ગતિ, ચેષ્ટા વગેરેની પરખ કરવા ચાલો.

**૪૩** **तए णं से पएसी राया चित्तं सारहिं एवं वयासी– गच्छाहि णं तुमं चित्ता ! तेहिं चेव चउहिं आसेहिं आसरहं जुत्तामेव उवट्ठवेह एयमाणत्तियं पच्चप्पिणह । तए णं से चित्ते सारही पएसिणा रण्णा एवं वुत्ते समाणे हट्ठतुट्ठे** *जाव* **उवट्ठवेह, एयमाणत्तियं पच्चप्पिणह ।**

**तएणं से पएसी राया चित्तस्स सारहिस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठे** *जाव* **अप्पमहग्घाभरणालंकियसरीरे साओ गिहाओ णिग्गच्छइ, जेणामेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, चाउग्घंटे आसरहं दुरुहइ, सेयवियाए णयरीए मज्झंमज्झेणं णिग्गच्छइ।**

**ભાવાર્થ :–** ત્યારે પ્રદેશી રાજાએ ચિત્ત સારથિને આ પ્રમાણે કહ્યું– તું જા અને તે ચાર ઘોડાઓને રથમાં જોડીને અશ્વરથ તૈયાર કરી, તે અશ્વરથ અહીં લઈ આવ અને રથ તૈયાર થઈ જાય એટલે મને ખબર

આપજે. પ્રદેશી રાજાની આજ્ઞાથી હર્ષિત અને સંતુષ્ટિત થયેલા ચિત્ત સારથિએ અશ્વરથ તૈયાર કરી, રથ ત્યાં હાજર કર્યો અને રાજાને તેના સમાચાર આપ્યા.

ચિત્ત સારથિ પાસેથી રથ તૈયાર થઈ ગયો છે, તે સમાચાર જાણીને હર્ષિત અને સંતુષ્ટિત થયેલા પ્રદેશી રાજા ***યાવત્*** બહુમૂલ્ય અને વજનમાં હળવા આભૂષણોથી શરીરને અલંકૃત કરીને મહેલમાંથી બહાર નીકળી ચારઘંટાવાળા અશ્વરથમાં બેસી, શ્વેતાંબિકા નગરીની મધ્યમાંથી થઈને બહાર નીકળ્યા.

**૪૪ तएणं से चित्ते सारही तं रहं णेगाइं जोयणाइं अब्भामेइ । तएणं से पएसी राया उण्हेण य तण्हाए य रहवाएण य परिकिलंते समाणे चित्तं सारहिं एवं वयासी चित्ता! परिकिलंते मे सरीरे, परावत्तेहि रहं ।**

**तए णं से चित्ते सारही रहं परावत्तेइ, जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ, पएसिं रायं एवं वयासी– एस णं सामी ! मियवणे उज्जाणे, एत्थ णं आसाणं समं किलामं सम्मं अवणेमो । तए णं से पएसी राया चित्तं सारहिं एवं वदासी–एवं होउ चित्ता !**

**तए णं से चित्ते सारही जेणेव केसिस्स कुमार-समणस्स अदूरसामंते तेणेव उवागच्छइ, तुरए णिगिण्हेइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ, तुरए मोएइ, पएसिं रायं एवं वयासी– एह णं सामी ! आसाणं समं किलामं सम्मं अवणेमो ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચિત્ત સારથી તે રથને તીવ્રગતિથી અનેક યોજન સુધી લઈ ગયો. પ્રદેશી રાજા ગરમીથી, તરસથી અને રથની તીવ્ર ગતિના કારણે સામે અથડાતા પવનથી વ્યાકુળ બની ગયા. તેણે ચિત્ત સારથિને કહ્યું– હે ચિત્ત ! મારું શરીર થાકી ગયું છે માટે રથને પાછો વાળ.

પ્રદેશી રાજાએ રથને પાછો વાળવા કહ્યું ત્યારે ચિત્ત સારથિ રથને પાછો વાળીને, મૃગવન ઉદ્યાન પાસે લઈ આવ્યો અને પ્રદેશી રાજાને કહ્યું– હે સ્વામી ! આ મૃગવન ઉદ્યાન છે. અહીં રોકાઈને ઘોડાઓનો અને આપણો રસ્તાનો થાક સારી રીતે દૂર કરીએ. ત્યારે પ્રદેશી રાજાએ ચિત્ત સારથિને કહ્યું– હે ચિત્ત ! ભલે, તેમ કર.

રાજાએ ઉદ્યાનમાં જવાની વાતને સ્વીકૃતિ આપી ત્યારે ચિત્ત સારથિએ મૃગવન ઉદ્યાનમાં કેશીકુમાર શ્રમણથી ન અતિ દૂર ન અતિ નજીક એવા સ્થાને આવીને ઘોડાની લગામ ખેંચીને રથને ઊભો રાખ્યો. રથમાંથી ઘોડાને છૂટા કરીને પ્રદેશી રાજાને કહ્યું– હે સ્વામી ! આપણે અહીં ઘોડાઓનો અને આપણો થાક દૂર કરીએ.

**૪૫ तए णं से पएसी राया रहाओ पच्चोरुहइ, चित्तेण सारहिणा सद्धिं आसाणं समं किलामं सम्मं अवणेमाणे पासइ तत्थ केसीकुमारसमणं महइमहालियाए महच्चपरिसाए मज्झगए महया-महया सद्देणं धम्माइक्खमाणं, पासइत्ता इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था ।**

**जड्डा खलु भो! जड्डं पज्जुवासंति। मुंडा खलु भो ! मुंडं पज्जुवासंति । मूढा खलु भो! मूढं पज्जुवासंति। अपंडिया खलु भो! अपंडियं पज्जुवासंति । णिव्विण्णाया**

**खलु भो ! णिव्विण्णाणं पज्जुवासंति । से केस णं एस पुरिसे जड्डे मुंडे मूढे अपंडिए णिव्विण्णाणे, सिरीए हिरीए उवगए उत्तप्पसरीरे ।**

**एस णं पुरिसे किमाहारमाहारेइ ? किं परिणामेइ ? किं खाइ, किं पियइ, किं दलइ, किं पयच्छइ? जं णं एस एमहालियाए मणुस्सपरिसाए मज्झगए महया-महया सद्देणं बूयाए?**

**एवं संपेहेइ संपेहित्ता चित्तं सारहिं एवं वयासी– चित्ता ! जड्डा खलु भो ! जड्डं पज्जुवासंति** *जाव* **बूयाए, साए वि णं उज्जाणभूमीए णो संचाएमि सम्मं पवियरित्तए !**

**ભાવાર્થ :–** ચિત્ત સારથિએ આ પ્રમાણે કહ્યું ત્યારે પ્રદેશી રાજા રથમાંથી નીચે ઉતર્યા. ચિત્ત સારથિની સાથે ઘોડાઓનો અને પોતાનો થાક દૂર કરતાં–કરતાં તેમની દષ્ટિ કેશીકુમાર શ્રમણ ઉપર પડી. જ્યાં કેશીકુમાર શ્રમણ અતિ વિશાળ મોટી સભાની વચ્ચે બેસીને મોટા અવાજે ધર્મોપદેશ આપતા હતાં, તે દશ્ય જોઈને રાજાના મનમાં વિચાર આવ્યો કે–

જડ(આળસુ) લોકો જ જડની ઉપાસના કરે છે, મુંડ(નિર્લજ્જ) લોકો જ મુંડની પૂજા કરે છે, મૂઢ (અવિવેકી) લોકો જ મૂઢની સેવા કરે છે, અપંડિત(તત્ત્વજ્ઞાન રહિત) લોકો જ અપંડિતને સેવે છે, નિર્વિજ્ઞાની–અજ્ઞાની(વિશિષ્ટ જ્ઞાન રહિત) લોકો જ અજ્ઞાનીનું સન્માન કરે છે. એવો તે આ કોણ છે કે જે જડ, મુંડ, મૂઢ, અપંડિત અને અજ્ઞાની હોવા છતાં પણ શ્રી–શોભા અને હ્રીં–લજ્જા સંપન્ન છે, શારીરિક કાંતિથી સુશોભિત છે.

આ પુરુષ કેવી જાતનો આહાર કરતો હશે ? કરેલા આહારને કેવી રીતે પરિણમાવતો હશે ? શું ખાતો હશે ? શું પીતો હશે ?(શું ખાવા-પીવાથી તેનું શરીર આવું હૃષ્ટ-પુષ્ટ, કાંતિમાન દેખાય છે) આ પુરુષ શું આપતો હશે ? શું વહેંચતો હશે(કે આટલી માનવમેદની તેની પાસે ઉમટી છે) અને આવડી મોટી માનવ મેદની વચ્ચે બેઠો-બેઠો મોટેથી બરાડા પાડે છે.

આ પ્રમાણે વિચાર આવતા જ તેમણે ચિત્ત સારથિને કહ્યું– હે ચિત્ત ! જડ લોકો જ જડની ઉપાસના કરે છે ***યાવત્*** આ બરાડા પાડે છે અને તેથી જ હું મારી પોતાની જ ઉદ્યાન ભૂમિમાં સારી રીતે હરીફરી શકતો નથી અર્થાત્ વિસામો લેવા અને શાંતિ મેળવવા ઉદ્યાનમાં આવ્યો છું પણ અહીં આના બરાડા જ કાને અથડાય છે.

**૪૬ तए णं से चित्ते सारही पएसीरायं एवं वयासी– एस णं सामी ! पासवच्चिज्जे केसी णामं कुमार-समणे जाइसंपण्णे** *जाव* **चउणाणोवगए, आहोहिए, अण्णं जीवे ।**

**तए णं से पएसी राया चित्तं सारहिं एवं वयासी– आहोहियं णं वयासि चित्ता ! अण्णजीवियं णं वयासि चित्ता । हंता, सामी ! आहोहियं णं वयामि, अण्णजीवियं णं वयामि !**

**अभिगमणिज्जे णं चित्ता ! एस पुरिसे ? हंता सामी ! अभिगमणिज्जे । अभिगच्छामो णं चित्ता ! अम्हे एयं पुरिसं ? हंता सामी ! अभिगच्छामो ।**

**ભાવાર્થ :–** ત્યારે ચિત્ત સારથિએ પ્રદેશી રાજાને કહ્યું– સ્વામી ! આ પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના

કેશીકુમાર શ્રમણ છે. તેઓ જાતિસંપન્ન ***યાવત્*** મતિજ્ઞાનઆદિ ચાર જ્ઞાનના ધારક છે. તેઓ અધો અવધિજ્ઞાન– પરમાવધિથી કંઈક ન્યૂન અવધિજ્ઞાનથી સંપન્ન છે અને જીવ તથા શરીરને ભિન્ન માનનારા છે.

ત્યારે આશ્ચર્યચકિત થઈને પ્રદેશી રાજાએ ચિત્ત સારથિને કહ્યું– હે ચિત્ત ! તું શું કહે છે ? ખરેખર આ પુરુષ અધો અવધિજ્ઞાન સંપન્ન છે અને જીવ તથા શરીરને ભિન્ન માનનારા છે ?

**ચિત્ત–** હા સ્વામી ! આ અધોઅવધિજ્ઞાન સંપન્ન અને શરીર તથા જીવને ભિન્ન માનનારા છે.

**પ્રદેશી–** હે ચિત્ત ! તો શું તે પુરુષ અભિગમનીય છે અર્થાત્ આ પુરુષ ઓળખાણ કરવા યોગ્ય છે? શું તેની પાસે જઈને બેસવું જોઈએ ?

**ચિત્ત–** હા સ્વામી ! તે અભિગમનીય છે.

**પ્રદેશી–** ચિત્ત ! તો પછી શું આપણે તે પુરુષની પાસે જઈશું ?

**ચિત્ત !** હા, સ્વામી ! આપણે તે પુરુષ પાસે જઈએ.

**૪૭ तए णं से पएसी राया चित्तेण सारहिणा सद्धिं जेणेव केसी कुमार-समणे तेणेव उवागच्छइ, केसिस्स कुमारसमणस्स अदूरसामंते ठिच्चा एवं वयासी– तुब्भे णं भंते ! आहोहिया, अण्णजीविया ?**

**तए णं केसी कुमारसमणे पएसिं रायं एवं वयासी– पएसी ! से जहाणामए अंकवाणिया इ वा संखवाणिया इ वा दंतवाणिया इ वा सुंकं भंसिउंकामा णो सम्मं पंथं पुच्छइ । एवामेव पएसी ! तुब्भे वि विणयं भंसेउकामो णो सम्मं पुच्छसि । से णूणं तव पएसी ! ममं पासित्ता अयमेयारूवे अज्झत्थिए *जाव* समुप्पज्जित्था– जड्डा खलु भो ! जड्डं पज्जुवासंति *जाव* पवियरित्तए । से णूणं पएसी ! अट्ठे समत्थे ? हंता ! अत्थि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજા ચિત્ત સારથિની સાથે કેશીકુમાર શ્રમણ જ્યાં બિરાજમાન હતા ત્યાં આવ્યા અને કેશીકુમાર શ્રમણથી થોડે દૂર(ન અતિ નજીક ન અતિ દૂર) રહીને પૂછ્યું– હે ભગવાન ! શું આપ આધોવધિજ્ઞાની છો ? શું આપ અન્યજીવિક છો ?(શરીરથી જીવને ભિન્ન માનનારા છો ?)

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું– હે પ્રદેશી ! જેમ કોઈ અંકવણિક(અંકરત્નનો વેપારી), શંખવણિક, દંતવણિક, રાજ્યનો કર ન દેવાનાં વિચારથી એટલે કે રાજ્યના કરમાંથી છટકી જવા માટે કોઈને સીધો માર્ગ પૂછતા નથી પરંતુ આડાઅવળા માર્ગે ચાલે છે. એવી રીતે હે પ્રદેશી ! તમે પણ વિનય પ્રતિપત્તિ ન કરવાની ભાવનાથી પ્રેરિત થઈને મને શિષ્ટતાથી કે નમ્રતાથી પૂછતા નથી. હે પ્રદેશી ! મને જોઈને શું તને આવા વિચારો આવ્યા હતા કે આ જડ લોકો જ જડની ઉપાસના કરે છે ***યાવત્*** હું મારી જ ભૂમિમાં સ્વેચ્છાપૂર્વક ફરી શકતો નથી. હે પ્રદેશી ! શું મારું આ કથન સત્ય છે ?

પ્રદેશી– હા. આપનું આ કથન સત્ય છે અર્થાત્ મારા મનમાં એવો વિચાર આવ્યો હતો.

**૪૮ तए णं से पएसी राया केसिं कुमार-समणं एवं वयासी– से केणट्ठेणं भंते! तुज्झं णाणे वा दंसणे वा जेणं तुब्भं मम एयारूवं अज्झत्थियं *जाव* संकप्पं समुप्पण्णं जाणह पासह?**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવાન ! આપને એવું કયું જ્ઞાન

અને દર્શન છે કે જેના દ્વારા આપે મારા આ પ્રકારના અધ્યવસાય ***યાવત્*** મનોગત વિચારોને જાણી અને જોઈ લીધા છે ?

**૪૯** **तए णं से केसी कुमार-समणे पएसिं रायं एवं वयासी–एवं खलु पएसी । अम्हं समणाणं णिग्गंथाणं पंचविहे णाणे पण्णत्ते, तं जहा– आभिणिबोहियणाणे सुयणाणे ओहिणाणे मणपज्जवणाणे केवलणाणे । से किं तं आभिणिबोहियणाणे ? आभिणिबोहियणाणे चउव्विहे पण्णत्ते, तं जहा– उग्गहो ईहा अवाए धारणा । से किं तं उग्गहे ? उग्गहे दुविहे पण्णत्ते, एवं जहा णंदीए** *जाव* **से तं धारणा । से तं आभिणिबोहियणाणे ।**

**से किं तं सुयणाणे ? सुयणाणे दुविहे पण्णत्ते, तं जहा– अंगपविट्ठं च, अंगबाहिरं च सव्वं भाणियव्वं** *जाव* **दिट्ठिवाओ । ओहिणाणं भवपच्चइयं, खओवसमियं जहा णंदीए । मणपज्जवणाणे दुविहे पण्णत्ते, तं जहा– उज्जुमई य विउलमई य, तहेव केवलणाणं सव्वं भाणियव्वं ।**

**तत्थ णं जे से आभिणिबोहियणाणे, से णं ममं अत्थि । तत्थ णं जे से सुयणाणे, से वि य ममं अत्थि । तत्थ णं जे से ओहिणाणे, से वि य ममं अत्थि । तत्थ णं जे से मणपज्जवणाणे, से वि य ममं अत्थि । तत्थ णं जे से केवलणाणे, से णं ममं णत्थि, से णं अरिहंताणं भगवंताणं ।**

**इच्चेएणं पएसी ! अहं तव चउव्विहेणं छउमत्थेणं णाणेणं इमेयारूवं अज्झत्थियं** *जाव* **समुप्पण्णं जाणामि पासामि ।**

**ભાવાર્થ :–** ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશીરાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! અમારા શ્રમણ-નિર્ગ્રંથોના શાસ્ત્રોમાં જ્ઞાનના પાંચ પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) આભિનિબોધિકજ્ઞાન(મતિજ્ઞાન) (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન. **પ્રશ્ન–** તેમાં આભિનિબોધિક જ્ઞાનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** આભિનિબોધિક જ્ઞાનના ચાર પ્રકાર છે. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા. **પ્રશ્ન–** અવગ્રહના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અવગ્રહ જ્ઞાનના બે પ્રકાર છે. ઈત્યાદિ અવગ્રહથી ધારણા સુધીનું આભિનિબોધિક જ્ઞાનનું વર્ણન નંદીસૂત્ર અનુસાર જાણવું.

**પ્રશ્ન–** શ્રુતજ્ઞાનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** શ્રુતજ્ઞાનનાં બે પ્રકાર છે– અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. દષ્ટિવાદ સુધીનું શ્રુતજ્ઞાનનું સમસ્ત વર્ણન અહીં નંદીસૂત્ર અનુસાર કહેવું. અવધિજ્ઞાનના આ બે પ્રકાર છે– ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક, તેનું વિવેચન નંદીસૂત્ર અનુસાર કહેવું. મનઃપર્યવજ્ઞાનના બે પ્રકાર છે– ઋજુમતિ અને વિપુલમતિ. તેનું વર્ણન નંદીસૂત્ર અનુસાર જાણવું. તે પ્રમાણે કેવળજ્ઞાનનું પણ વર્ણન અહીં કહેવું જોઈએ.

આ પાંચ જ્ઞાનમાંથી જે આભિનિબોધિકજ્ઞાન છે, તે મને છે. શ્રુતજ્ઞાન છે, તે મને છે. અવધિજ્ઞાન છે, તે મને છે. મનઃપર્યવજ્ઞાન પણ મને પ્રાપ્ત છે પરંતુ મને કેવળજ્ઞાન પ્રાપ્ત નથી. તે કેવળજ્ઞાન અરિહંત ભગવંતોને હોય છે.

હે પ્રદેશી ! આ ચતુર્વિધ છાદ્મસ્થિક જ્ઞાન દ્વારા, તમારા તે પ્રકારના અધ્યવસાય ***યાવત્*** મનોગત વિચારોને હું જાણું છું અને જોઉં છું.

**વિવેચન :–**

કેશીકુમાર શ્રમણ ચાર જ્ઞાનના ધારક હતા. જૈનાગમોમાં શ્રી નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન છે. અહીં પણ સૂત્રકારે જ્ઞાનનું વિસ્તૃત વર્ણન નંદીસૂત્ર અનુસાર જાણવાનો સંકેત કર્યો છે. નંદીસૂત્રના તે પાંચજ્ઞાનનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે–

**મતિજ્ઞાન–** પાંચ ઇન્દ્રિય અને મનની સહાયતાથી પદાર્થનું જે જ્ઞાન થાય તેમજ ચાર પ્રકારની બુદ્ધિરૂપ જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

**શ્રુતજ્ઞાન–** શ્રુત એટલે સાંભળવું. સાંભળીને કાનથી અને ઉપલક્ષણથી સર્વ ઇન્દ્રિયો દ્વારા જે અક્ષર-અનક્ષર આદિ રૂપે જ્ઞાન થાય તેને અને લૌકિક કે લોકોત્તર શાસ્ત્રરૂપ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે.

**અવધિજ્ઞાન–** ઇન્દ્રિય કે મનની સહાયતા વિના, સાક્ષાત્ આત્માથી રૂપી પદાર્થોનું ક્ષેત્ર આદિની મર્યાદાપૂર્વક જે જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહે છે.

**મનઃપર્યવ જ્ઞાન–** સંજ્ઞી જીવોના મનોગત ભાવોને અર્થાત્ મનરૂપે પરિણત મનોવર્ગણાને જોઈને જે જ્ઞાન થાય તેને મનઃપર્યવજ્ઞાન કહે છે.

**કેવળજ્ઞાન–** સમસ્ત દ્રવ્યોને તથા ત્રણે કાળને તેમજ ત્રણે લોકને જે જાણે છે, તેને કેવળજ્ઞાન કહે છે.

પ્રથમના ચાર જ્ઞાન છદ્મસ્થ જીવોને હોય છે. તે ચારે જ્ઞાન કેશીસ્વામીને હતા. તેઓએ મનઃપર્યવ જ્ઞાનથી પ્રદેશી રાજાના મનોગત ભાવોને જાણી લીધા હતા.

**કેશીશ્રમણ અને પ્રદેશી રાજાનો સંવાદ :–**

**૫૦ तए णं से पएसी राया केसिं कुमार-समणं एवं वयासी– अहं णं भंते ! इहं उवविसामि ? पएसी ! साए उज्जाणभूमीए तुमंसि चेव जाणए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને પૂછ્યું– હે ભગવન્ ! હું અહીં આપની પાસે બેસું ? કેશીસ્વામી– હે પ્રદેશી ! આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે, અહીં બેસવું કે ન બેસવું તે તારી મરજીની વાત છે.

**૫૧ तए णं से पएसी राया चित्तेणं सारहिणा सद्धिं केसिस्स कुमारसमणस्स अदूरसामंते उवविसइ, केसिकुमारसमणं एवं वयासी– तुब्भे णं भंते ! समणाणं णिग्गंथाणं एसा सण्णा, एसा पइण्णा, एसा दिट्ठी, एसा रुई, एस हेऊ, एस उवएसे, एस संकप्पे, एसा तुला, एस माणे, एस पमाणे, एस समोसरणे, जहा अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશીરાજા ચિત્ત સારથિની સાથે કેશીકુમાર શ્રમણની પાસે બેઠા અને પછી કેશીકુમાર શ્રમણને પૂછ્યું–

હે ભગવન્ ! શું આપ શ્રમણ નિર્ગ્રંથોની એવી સંજ્ઞા—સમજ છે, એવી પ્રતિજ્ઞા છે, એવી દષ્ટિ છે, એવી રુચિ છે, એવો હેતુ છે, એવો ઉપદેશ છે, એવો સંકલ્પ છે, એવી તુલા—નિશ્ચય કરવા રૂપ કસોટી છે, એવું માન—દઢ ધારણા છે, એવું પ્રમાણ—મંતવ્ય છે અને એવું સમવસરણ—સિદ્ધાંત છે કે જીવ અને શરીર બંને જુદા-જુદા છે ? પણ જીવ અને શરીર એક નથી ?

**तए णं केसी कुमार-समणे पएसिं रायं एवं वयासी– पएसी ! अम्हं समणाणं णिग्गंथाणं एसा सण्णा** *जाव* **एस समोसरणे, जहा अण्णो जीवो, अण्णं सरीरं; णो तं जीवो तं सरीरं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું– હે પ્રદેશી ! અમારા શ્રમણ નિર્ગ્રંથોની એવી સંજ્ઞા—સમજણ છે ***યાવત્*** સિદ્ધાંત છે કે– જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે, પરંતુ જીવ અને શરીર એક રૂપ નથી.

**વિવેચન :–**

**अण्णो जीवो अण्णं सरीरं :–** જીવ અન્ય છે અને શરીર અન્ય છે એટલે કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે. શ્રમણ નિર્ગ્રંથોનો સિદ્ધાંત છે કે જીવ જુદો છે અને શરીર જુદું છે. શરીર નાશ પામે છે પણ જીવનો નાશ થતો નથી. જીવ નિત્ય અને શાશ્વત છે.

**तं जीवो तं सरीरं :–** પ્રદેશી રાજા તજ્જીવ તચ્છરીરવાદની માન્યતા ધરાવતા હતા. તેમના મતે જે શરીર છે, તે જ જીવ છે. શરીરથી ભિન આત્માનું અસ્તિત્વ નથી. શરીરની ઉત્પતિ સાથે જીવ ઉત્પન્ન થાય છે અને શરીરના નાશ સાથે જીવ નાશ પામે છે. શરીરથી ભિન્ન આત્મા ન હોવાથી તેને પુનર્જન્મ, પુણ્ય-પાપ, કર્મ સિદ્ધાંત પણ સ્વીકાર્ય ન હતો.

આ વિષયમાં પ્રદેશી રાજાએ અનેક પ્રશ્નો અને દષ્ટાંતો દ્વારા કેશીકુમાર શ્રમણ સાથે ચર્ચા કરી. તે ચર્ચામાં મુખ્ય ૧૦ પ્રશ્નોત્તર થયા છે.

**દાદાનો નરકમાંથી ન આવવાનો પહેલો તર્ક :–**

**૫૨ तए णं पएसी राया केसिं कुमारसमणं एवं वयासी– जइ णं भंते ! तुब्भं समणाणं णिग्गंथाणं एसा सण्णा** *जाव* **समोसरणे, जहा अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं ।**

**एवं खलु ममं अज्जए होत्था, इहेव जंबूदीवे दीवे सेयवियाए णयरीए अधम्मिए** *जाव* **सयस्स वि य णं जणवयस्स णो सम्मं करभरवित्तिं पवत्तेइ । से णं तुब्भं वत्तव्वयाए सुबहुं पावं कम्मं कलिकलुसं समज्जिणित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु णरएसु णेरइयत्ताए उववण्णे ।**

**तस्स णं अज्जगस्स अहं णत्तुए होत्था– इट्ठे कंते पिए मणुण्णे मणामे थेज्जे वेसासिए सम्मए बहुमए अणुमए रयणकरंडगसमाणे जीविउस्सविए हिययणंदिजणणे उंबरपुप्फंपिव दुल्लहे सवणयाए, किमंग पुण पासणयाए ? तं**

**जइ णं से अज्जए ममं आगंतुं वएज्जा–**

**एवं खलु णत्तुया ! अहं तव अज्जए होत्था, इहेव सेयवियाए णयरीए अधम्मिए** *जाव* **णो सम्मं करभरवित्तिं पवत्तेमि । तए णं अहं सुबहुं पावं कम्मं कलिकलुसं समज्जिणित्ता णरएसु उववण्णे, तं मा णं णत्तुया ! तुमं पि भवाहि अधम्मिए** *जाव* **णो सम्मं करभरवित्तिं पवत्तेहि । मा णं तुमं पि एवं चेव सुबहुं पावकम्मं** *जाव* **उववज्जिहिसि ।**

**तं जइ णं से अज्जए ममं आगंतुं वएज्जा तो णं अहं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा जहा अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं । जम्हा णं से अज्जए ममं आगंतुं णो एवं वयासी, तम्हा सुपइट्ठिया मम पइण्णा समणाउसो ! जहा तज्जीवो तं सरीरं ।**

**ભાવાર્થ :–** ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! જો આપ શ્રમણ નિર્ગ્રંથોની એવી સમજ ***યાવત્*** એવો સિદ્ધાંત છે કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે પરંતુ જીવ-શરીર એકરૂપ નથી(તો તેમાં મારો આ પ્રશ્ન છે કે–)

મારા એક દાદા હતા. તેઓ આ જંબૂદ્વીપની શ્વેતાંબિકા નગરીના અધાર્મિક રાજા હતા. તેનો કારભાર પણ બરાબર ન હતો અર્થાત્ તેઓ પ્રજા પાસેથી કર લઈ તેનું પાલન-પોષણ બરાબર કરતા ન હતા. તમારા કહેવા પ્રમાણે તો તેઓ ઘણા પાપી હતા અને અતિ કલુષિત–ઘોર પાપકર્મ કરીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને કોઈ એક નરકમાં નૈરયિક રૂપે જન્મ પામ્યા હોવા જોઈએ.

મારા તે દાદાનો હું વહાલો પૌત્ર હતો. તેમને હું ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ–અતિ પ્રિય, આધાર રૂપ અને વિશ્વાસ પાત્ર હતો. તેઓને માટે હું કાર્ય કરવામાં સમ્મત, ઘણા કાર્યમાં માન્ય અને કાર્ય કર્યા પછી અનુમત હતો. હું તેમના જીવનના ઉત્સવ રૂપ હતો. મને જોઈને તેમનું હૃદય વિશેષ આનંદ પામતું હતું. ઉંબરાના પુષ્પની જેમ જોવાની વાત તો દૂર રહી પણ મારું નામ સાંભળવું પણ દુર્લભ હતું અર્થાત્ મારું નામ સાંભળવામાં પણ તેઓ પોતાને સદ્ભાગી માનતા હતા. તે દાદાએ આવીને મને કહી જવું જોઈએ કે...

હે પૌત્ર ! હું તારો પિતામહ(દાદા) હતો. આ શ્વેતાંબિકા નગરીનો હું અધાર્મિક રાજા હતો અને મેં ઘણા પાપ આચર્યા હતા ***યાવત્*** પ્રજા પાસેથી કર લઈને તેમનું બરોબર રક્ષણ કરતો ન હતો. તેથી હું ઘણા કલુષિત પાપ કર્મોનો સંચય કરીને નરકમાં નારકીરૂપે ઉત્પન્ન થયો છું. માટે હે પૌત્ર ! તું અધાર્મિક થતો નહીં, અધર્મનું આચરણ કરતો નહીં અને પ્રામાણિકપણે દેશનો કારભાર કરજે. નરકની પીડા ભયંકર છે માટે મારી જેમ પાપાચરણ આચરી પાપ કર્મનો સંચય કરતો નહીં.

જો મારા દાદા આવીને મને આ પ્રમાણે કહે તો હું શ્રદ્ધા કરું, પ્રતીતિ–વિશ્વાસ કરું, રુચિ રાખું કે જીવ અને શરીર બંને ભિન્ન-ભિન્ન છે, એક રૂપ નથી. પરંતુ મારા દાદા આવીને તેવું કશું કહેતા નથી, તેથી હે આયુષ્યમાન શ્રમણ ! હું માનું છું કે જીવ અને શરીર એક છે.(તેમનો જીવ દેહના અગ્નિ સંસ્કાર સમયે દેહ સાથે નાશ પામ્યો છે. તેથી જ તેઓ કહેવા આવતા નથી.) તેના કારણે મારી ધારણા "જીવ અને શરીર

એક છે,'' તે સુપ્રતિષ્ઠિત છે, બરાબર જ છે.

**અપરાધી પુરુષના દષ્ટાંતે જવાબ :–**

**૫૩** **तए णं केसी कुमार-समणे पएसिं रायं एवं वयासी– अत्थि णं पएसी ! तव सूरियकंता णामं देवी ? हंता अत्थि ।**

**जए णं तुमं पएसी ! तं सूरियकंतं देविं ण्हायं** *जाव* **सव्वालंकारविभूसियं केणइ पुरिसेणं ण्हाएणं** *जाव* **सव्वालंकारविभूसिएणं सद्धिं इट्ठे सद्दे-फरिस-रस-रूव-गंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुब्भवमाणिं पासिज्जासि, तस्स णं तुमं पएसी ! पुरिसस्स कं दंडं णिव्वत्तेज्जासि ?**

**अहं णं भंते ! तं पुरिसं हत्थच्छिण्णगं वा, पायच्छिण्णगं वा, सूलाइगं वा, सूलभिण्णगं वा, एगाहच्चं कूडाहच्चं जीवियाओ ववरोवएज्जा ।**

**ભાવાર્થ :–** પ્રદેશી રાજાની યુક્તિ સાંભળ્યા પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે પૂછ્યું– હે પ્રદેશી! તારે સૂર્યકંતા નામની રાણી છે ?

**પ્રદેશી–** હા, ભગવન્ છે.

**કેશી કુમાર શ્રમણ–** તે સૂર્યકંતા રાણી સ્નાન કરીને ***યાવત્*** સર્વ અલંકારો ધારણ કરી, શણગાર સજીને, સ્નાન કરેલા અલંકારોથી વિભૂષિત થયેલા કોઈ પરપુરુષ સાથે ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ, આ પાંચ પ્રકારના મનુષ્ય યોગ્ય કામભોગોને ભોગવતી હોય, તેને તું જોઈલે, તો હે પ્રદેશી ! તે પુરુષને તું શું દંડ આપે ?

**પ્રદેશી–** હે ભગવન્ ! તે પુરુષના હાથ કાપી નાખું, પગ કાપી નાખું, શૂળીએ ચડાવી દઉં, શૂળીથી કાયા ભેદી નાખું અથવા એક જ ઘાએ તેને મારી નાખું.

**૫૪** **अह णं पएसी से पुरिसे तुमं एवं वदेज्जा– मा ताव मे सामी ! मुहुत्तगं हत्थच्छिण्णगं वा** *जाव* **जीवियाओ ववरोवेहि; जाव ताव अहं मित्त-णाइ-णियग-सयण-संबंधि-परिजणं एवं वयामि–एवं खलु देवाणुप्पिया ! पावाइं कम्माइं समायरेत्ता इमेयारूवं आवइं पाविज्जामि, तं मा णं देवाणुप्पिया ! तुब्भे वि केइ पावाइं कम्माइं समायरह, मा णं से वि एवं चेव आवइं पाविज्जिहिह जहा णं अहं ।**

**तस्स णं तुमं पएसी ! पुरिसस्स खणमवि एयमट्ठं पडिसुणेज्जासि ? णो तिणट्ठे समट्ठे । कम्हा णं ? जम्हा णं भंते ! अवराही णं से पुरिसे ।**

**ભાવાર્થ :– કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! તે પુરુષ તને એમ કહે કે હે સ્વામી ! તમે ઘડીભર થોભી જાઓ. મારા હાથ-પગ કાપો નહીં તથા મને મારી ન નાખો. હું મારા મિત્ર, જ્ઞાતિજનો, પુત્રાદિ નિજક, સ્વજનો, સંબંધીઓ, પરિચિતોને કહી આવું કે હે દેવાનુપ્રિયો ! હું કામવૃત્તિને વશ થઈ, સૂર્યકંતાના સંગમાં પડવા રૂપ પાપકર્મનું આચરણ કરીને આ પ્રકારની આપત્તિ-મરણની સજાને પામ્યો છું, માટે હે

દેવાનુપ્રિયો! તમે ભૂલે ચૂકે પણ આવું પાપકર્મ ન કરતા કે જેથી મારા જેવો દંડ તમારે ભોગવવો ન પડે. તો હે પ્રદેશી ! તે પુરુષના આવા કાકલુદી ભર્યા વચન સાંભળીને, શું તું થોડીવાર થોભી જઈશ ખરો?

**પ્રદેશી**– હે ભગવાન ! તેમ તો ન જ બનેને !

**કેશીકુમાર શ્રમણ**– શા માટે તું તે કામુક પુરુષની વાત ન સ્વીકારે ?

**પ્રદેશી**– હે ભગવાન ! તે પુરુષ મારો અપરાધી છે. તેથી જરાપણ ઢીલ કર્યા વિના તેને મારી નાખું.

**૫૫ एवामेव पएसी ! तव वि अज्जए होत्था इहेव सेयवियाए णयरीए अधम्मिए** *जाव* **णो सम्मं करभरवित्तिं पवत्तेइ । से णं अम्हं वत्तव्वयाए सुबहुं** *जाव* **उववण्णे । तस्स णं अज्जगस्स तुमं णत्तुए होत्था– इट्ठे कंते** *जाव* **पासणयाए । से णं इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।**

**ભાવાર્થ :– કેશીકુમાર શ્રમણ**– હે પ્રદેશી ! તે જ પ્રમાણે તારા પિતામહ આ શ્વેતાંબિકા નગરીમાં અધાર્મિક જીવન જીવતા હતા ***યાવત્*** કર લઈ પ્રજાનું સારી રીતે રક્ષણ કરતા ન હતા. મારા કથન અનુસાર તે ઘણા પાપ કર્મો ઉપાર્જન કરીને નરકમાં નારકીપણે ઉત્પન્ન થયા હોય. તે પિતામહનો તું ઈષ્ટ, કાંત તથા દુર્લભ એવો પૌત્ર છો. તારા તે દાદા મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પણ પરતંત્ર પણે ત્યાં દુઃખ ભોગવી રહ્યા હોવાથી તે આવી શકતા નથી.

**નૈરયિકોનાં મનુષ્યલોકમાં ન આવવાના ચાર કારણ :–**

**૫૬ चउहिं ठाणेहिं पएसी अहुणोववण्णए णरएसु णेरइए इच्छेज्ज माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए । तं जहा–**

**अहुणोववण्णए णरएसु णेरइए से णं तत्थ महब्भूयं वेयणं वेदेमाणे इच्छेज्जा माणुस्सं लोगं हव्वं आगच्छित्तए, णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।**

**अहुणोववण्णए णरएसु णेरइए णिरयपालेहिं भुज्जो-भुज्जो समहिट्ठिज्जमाणे इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।**

**अहुणोववण्णए णरएसु णेरइए णिरयवेयणिज्जंसि कम्मंसि अक्खीणंसि अवेइयंसि अणिज्जिण्णंसि इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।**

**अहुणोववण्णए णरएसु णेरइए णिरयाउयंसि कम्मंसि अक्खीणंसि अवेइयंसि अणिज्जिण्णंसि इच्छइ माणुसं लोग हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए।**

**इच्चएहिं चउहिं ठाणेहिं पएसी अहुणोववण्णे णरएसु णेरइए इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।**

**तं सद्दहाहि णं पएसी ! जहा– अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं ।**

**ભાવાર્થ :–** નરકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા નારકી ચાર કારણે શીઘ્ર મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પરંતુ આવી શકતા નથી. તે ચાર કારણ આ પ્રમાણે છે–

(૧) નરકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા નારકી ત્યાંની અત્યંત તીવ્ર વેદનાનું વેદન કરતા હોવાથી મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પણ આવી શકતા નથી. (૨) નરકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા નારકી નરકપાલો દ્વારા પીડિત થવાથી મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પણ આવી શકતા નથી. (૩) નરકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા નારકીના નરકમાં ભોગવવા યોગ્ય કર્મ હજુ ક્ષીણ થયા નથી, ભોગવાયા નથી, નિર્જીર્ણ થયા નથી. તેથી તે મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પરંતુ આવી શકતા નથી. (૪) નરકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા નારકીનું નરકાયુ કર્મ ક્ષીણ થયું નથી, ભોગવાયું નથી, નિર્જીર્ણ થયું નથી, તેથી તે મનુષ્યલોકમાં આવવા ઈચ્છે છે, તો પણ આવી શકતા નથી. માટે હે પ્રદેશી ! જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે પરંતુ જીવ અને શરીર એક નથી, તેવી તું શ્રદ્ધા રાખ.

**દાદીના દેવલોકથી ન આવવાનો બીજો તર્ક :–**

**૫૭ तए णं से पएसी राया केसिं कुमार-समणं एवं वयासी– अत्थि णं भंते ! (मम) एसा पण्णा उवमा, इमेण पुण कारणेण णो उवागच्छइ– एवं खलु भंते ! मम अज्जिया होत्था, इहेव सेयवियाए णयरीए धम्मिया** *जाव* **धम्मेणं चेव वित्तिं कप्पेमाणी समणोवासिया अभिगयजीवा सव्वो वण्णओ** *जाव* **अप्पाणं भावेमाणी विहरइ । सा णं तुज्झं वत्तव्वयाए सुबहुं पुण्णोवचयं समज्जिणित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववण्णा ।**

**ભાવાર્થ :–** ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! મારી આ ઉપરોકત માન્યતા છે, તેને પુષ્ટ કરતું આ ઉદાહરણ છે, જેના કારણે હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે આ પ્રમાણે છે–

હે ભગવન્ ! મારા એક દાદીમા હતા. તેઓ આ શ્વેતાંબિકાનગરીમાં ધાર્મિક હતા તથા ધર્મમય જીવન પસાર કરતા હતા, તેઓ શ્રમણોપાસિકા હતા. જીવ-અજીવાદિ નવ તત્ત્વોના જ્ઞાતા હતા વગેરે વર્ણન સમજી લેવું ***યાવત્*** સંયમ-તપથી આત્માને ભાવિત કરતા રહેતા હતા. તમારા કહેવા પ્રમાણે તો તેઓ ઘણા પુણ્યશાળી હતા અને ઘણા પુણ્યનો સંચય કરીને, મૃત્યુના સમયે મૃત્યુ પામીને કોઈ એક દેવલોકમાં દેવરૂપે જન્મ પામ્યા હોવા જોઈએ.

**૫૮ तीसे णं अज्जियाए अहं णत्तुए होत्था– इट्ठे कंते** *जाव* **पासणयाए, तं जइ णं सा अज्जिया मम आगंतुं एवं वएज्जा– एवं खलु णत्तुया ! अहं तव अज्जिया होत्था, इहेव सेयवियाए णयरीए धम्मिया** *जाव* **धम्मेणं चेव वित्तिं कप्पेमाणी समणोवासिया** *जाव* **अप्पाणं भावेमाणी विहरामि । तए णं सुबहुं पुण्णोवचयं समज्जिणित्ता** *जाव* **देवलोएसु देवत्ताए उववण्णा, तं तुमं पि णत्तुया ! भवाहि धम्मिए** *जाव* **विहराहि । तए णं तुमं पि एवं चेव सुबहुं पुण्णोवचयं समज्जिणित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववज्जिहिसि ।**

**ભાવાર્થ :–** મારા તે દાદીમાનો હું વ્હાલો પૌત્ર હતો. તેમને હું ઈષ્ટ, કાંત હતો તથા મારું મુખ જોવું પણ દુર્લભ હતું. મારા તે દાદીમા જો આવીને મને કહે કે– હે પૌત્ર ! હું તારી દાદીમા હતી. આ શ્વેતાંબિકા

નગરીમાં ધર્મમય જીવન જીવતી હતી, શ્રમણોપાસિકા હતી ***યાવત્*** સંયમ અને તપથી આત્માને ભાવિત કરતી હતી. ઘણા પુણ્ય કર્મોનો સંચય કરીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને હું દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈ છું. હે પૌત્ર ! તું પણ ધર્મનું આચરણ કર. તો તું પણ ઘણા પુણ્યકર્મોનો સંચય કરીને કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈશ.

**૫૯ तं जइ णं अज्जिया मम आगंतुं एवं वएज्जा तो णं अहं सद्दहेज्जा पत्तिएज्जा रोइज्जा जहा– अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं । जम्हा सा अज्जिया ममं आगंतुं णो एवं वयासी, तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा– तं जीवो तं सरीरं, णो अण्णो जीवो अण्णं सरीरं ।**

**ભાવાર્થ :–** જો મારા દાદી આવીને મને આ પ્રમાણે કહે, તો હું શ્રદ્ધા કરું, પ્રતીતિ–વિશ્વાસ કરું, રુચિ રાખું કે જીવ અને શરીર બંને ભિન્ન-ભિન્ન છે, એક રૂપ નથી, પરંતુ મારા દાદીમા આવીને તેવુ કશું કહેતા નથી. તેથી ''જીવ અને શરીર એક છે'' તેવી મારી ધારણા સુપ્રતિષ્ઠિત છે, યોગ્ય જ છે.

**શૌચાલયના દષ્ટાંતે જવાબ :–**

**૬૦ तए णं केसी कुमारसमणे पएसीरायं एवं वयासी– जइ णं तुमं पएसी ! ण्हायं** *जाव* **उल्लपडसाडगं भिंगार-कडुच्छुय-हत्थगयं देवकुलमणुपविसमाणं केइ पुरिसे वच्चघरंसि ठिच्चा एवं वएज्जा– एह ताव सामी ! इह मुहुत्तागं आसयह वा चिट्ठह वा णिसीयह वा तुयट्टह वा । तस्स णं तुमं पएसी ! पुरिसस्स खणमवि एयमट्ठं पडिसुणिज्जासि ? णो इणट्ठे समट्ठे । कम्हा णं? जम्हाणं भंते ! असुई असुइसामंतो ।**

**ભાવાર્થ :–** ત્યારપછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! તું સ્નાન કરીને ***યાવત્*** ભીના વસ્ત્ર પહેરીને, હાથમાં ઝારી અને ધૂપદાની લઈને કોઈ દેવમંદિરમાં જઈ રહ્યો હો, તે સમયે શૌચાલય(સંડાસ)માં રહેલો કોઈ પુરુષ તને બોલાવે અને કહે કે– હે સ્વામી ! તમે થોડીવાર માટે અહીં આવો, બેસો, ઊભા રહો કે સૂઓ; તો હે પ્રદેશી ! તું તે પુરુષની વાતનો સ્વીકાર કરે ખરો ?

**પ્રદેશી** – હું તેની વાત કાને પણ ન ધરું અર્થાત્ સ્વીકારું નહીં.

**કેશીકુમાર શ્રમણ**– શા માટે તું તેની વાતનો સ્વીકાર ન કરે ?

**પ્રદેશી**– તે સ્થાન અપવિત્ર છે, અપવિત્ર વસ્તુઓવાળું છે.

**૬૧ एवामेव पएसी ! तव वि अज्जिया होत्था– इहेव सेयवियाए णयरीए धम्मिया** *जाव* **विहरइ । सा णं अम्हं वत्तव्वयाए सुबहुं** *जाव* **उववण्णा । तीसे णं अज्जियाए तुमं णत्तुए होत्था– इट्ठे** *जाव* **किमंग पुण पासणयाए ? सा णं इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव संचाएइ हव्वमागच्छित्तए ।**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું– હે પ્રદેશી ! તે જ પ્રમાણે તારા દાદી આ શ્વેતાંબિકા નગરીમાં ધાર્મિક જીવન જીવતાં હતાં. અમારા કથન અનુસાર તે ઘણા પુણ્ય કર્મ કરી દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા હોય. તે દાદીનો તું ઈષ્ટ, કાંત તથા દર્શન દુર્લભ એવો પૌત્ર છો. તારા તે દાદી મનુષ્ય લોકમાં

શીઘ્ર આવવા ઈચ્છે છે પણ મનુષ્ય લોકની અપવિત્રતાને કારણે આવી શકતા નથી.

**દેવોના મનુષ્યલોકમાં ન આવવાના ચાર કારણ :–**

**૬૨** **चऊहिं ठाणेहिं पएसी ! अहुणोववण्णए देवे देवलोएसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।**

**अहुणोववण्णे देवे देवलोएसु दिव्वेहिं कामभोगेहिं मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे, से णं माणुसे भोगे णो आढाइ, णो परिजाणाइ । से णं इच्छेज्ज माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।१।**

**अहुणोववण्णए देवे देवलोएसु दिव्वेहिं कामभोगेहिं मुच्छिए, गिद्धे, गढिए, अज्झोववण्णे, तस्स णं माणुस्से पेम्मे वोच्छिण्णए भवइ, दिव्वे पेम्मे संकंते भवइ, से णं इच्छेज्जा माणुसंलोगं हव्व मागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।२।**

**अहुणोववण्णे देवे दिव्वेहिं कामभोगेहिं मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे, तस्स णं एवं भवइ–इयाणिं गच्छं, मुहुत्तं गच्छं, जाव इह अप्पाउया णरा कालधम्मुणा संजुत्ता भवंति, से णं इच्छेज्जा माणुस्संलोगं हव्वमागच्छित्तए णो चेवं संचाएइ हव्वमागच्छित्तए ।३।**

**अहुणोववण्णे देवे देवलोएसु दिव्वेहिं कामभोगेहिं मुच्छिए गिद्धे गढिए अज्जोववण्णे, तस्स माणुस्सए उराले दुग्गंधे पडिकूले पडिलोमे भवइ, उड्ढं पि य णं चत्तारि पंच जोयणसए असुभे माणुस्सए गंधे अभिसमागच्छइ, से णं इच्छेज्जा माणुसं लोगं हव्वमा- गच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए ।४।**

**इच्चेएहिं ठाणेहिं पएसी ! अहुणोववण्णे देवे देवलोएसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए । तं सद्दहाहि णं तुमं पएसि! जहा– अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं ।**

**ભાવાર્થ :–** દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા દેવ શીઘ્ર મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે પણ ચાર કારણોથી આવી શકતા નથી, તે આ પ્રમાણે છે–

(૧) દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા દેવ, દિવ્ય કામભોગમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત–બદ્ધ અને આસક્ત બની જાય છે. તેથી તે માનવીય કામભોગનો આદર કરતા નથી, તેને સારા માનતા નથી, તેમાં પ્રયોજન રાખતા નથી, તેનો નિર્ણય કરતા નથી, તે માટેનો સંકલ્પ કરતા નથી, તેથી તે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરવા છતાં આવી શકતા નથી.

(૨) દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા દેવ દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, બદ્ધ અને આસક્ત બની જાય છે, તેનો મનુષ્ય સંબંધી પ્રેમ નષ્ટ થઈ જાય છે. તે પ્રેમ દિવ્ય(દેવલોક સંબંધિત) પ્રેમમાં પરિવર્તિત થઈ જાય છે, તેથી તે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરવા છતાં આવી શકતા નથી.

(૩) દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા દેવ, દિવ્ય કામભોગમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, બદ્ધ અને આસક્ત બની જાય છે. તે દેવ "હું હમણાં જાઉં, થોડીવારમાં જાઉં", તેમ વિચારે તેટલા સમયમાં તો અલ્પ આયુવાળા મનુષ્યો મૃત્યુ પામી જાય છે. તેથી તે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરવા છતાં આવી શકતા નથી.

(૪) દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા દેવ, દિવ્ય કામભોગમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, બદ્ધ અને આસક્ત બની જાય છે, તેને મનુષ્યલોકની દુર્ગંધ પ્રતિકૂળ હોય છે, મનુષ્ય લોકની દુર્ગંધ ચારસો-પાંચસો યોજન સુધી ઉપર ફેલાયેલી રહે છે.(યુગલિક કાળમાં ચારસો યોજન અને શેષ કાળમાં પાંચસો યોજન સુધી આ દુર્ગંધ ઊંચી ફેલાય છે.) તેથી તે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરવા છતાં આવી શકતા નથી.

હે પ્રદેશી ! આ જ કારણથી દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલા દેવ મનુષ્ય લોકમાં શીઘ્ર આવવા ઈચ્છે છે પણ આવી શકતા નથી. માટે હે પ્રદેશી ! તું એવી શ્રદ્ધા રાખ કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે, પરંતુ જીવ અને શરીર એક નથી.

**લોહ કુંભીમાં છિદ્રાદિ ન પડવાનો ત્રીજો તર્ક :–**

**૬૩ तए णं पएसी राया केसिं कुमार-समणं एवं वयासी–अत्थि णं भंते ! एस पण्णा, उवमा, इमेणं पुण कारणेणं णो उवागच्छइ–एवं खलु भंते! अहं अण्णया कयाइं बाहिरियाए उवट्ठाणसालाए अणेग गणणायग-दंडणायग-रायईसर- तलवर- माडंबिय-कोडुंबिय-इब्भ- सेट्ठि-सेणावइ-सत्थवाह- मंति-महामंति- गणग- दोवारिय- अमच्च-चेड-पीढमद्द-णगर-णिगम- दूय-संधिवालेहिं सद्धिं संपरिवुडे विहरामि । तए णं मम णगरगुत्तिया ससक्खं सहोढं सगेवेज्जं अवउडबंधणबद्धं चोरं उवणेंति ।**

**ભાવાર્થ :–** ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! મારી આ ઉપરોક્ત માન્યતા છે, તેને ટેકો આપતો અન્ય પણ પુરાવો છે, જેના કારણે હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે આ પ્રમાણે છે–

હે ભગવાન ! એકવાર હું મારા ગણના મુખ્ય ગણનાયકો, દંડનું વિધાન કરનારા દંડનાયકો, રાજાઓ જાગીરદારો, ઐશ્વર્ય સંપન્ન ઈશ્વરો, રાજા દ્વારા સુવર્ણ પટથી સન્માન કરાયેલા તલવરો, પાંચસો ગામના સ્વામી એવા માડંબિકો, ઘણા કુટુંબોનું પાલન કરનારા કૌટુંબિકો, હસ્તિ પ્રમાણ દ્રવ્ય રાશિના સ્વામી ઈભ્યો, નગરના મુખ્ય વ્યાપારી-શ્રેષ્ઠીઓ, ચતુરંગી સેનાના નાયક સેનાપતિઓ, દેશાંતરમાં જઈ વ્યાપાર કરનારા સાર્થવાહો, રાજાના સલાહકાર મંત્રીઓ, મંત્રીઓના ઉપરી મહામંત્રી, જ્યોતિષ શાસ્ત્રને જાણકાર ગણકો, નગરની રક્ષા માટે દ્વાર ઉપર ઊભા રહેતા દ્વારપાળો, રાજ્યના અધિષ્ઠાયક રાજપુરુષો એવા અમાત્યો, ચેટ-સેવકો, સમવયસ્ક મિત્ર એવા પીઠમર્દકો, નગરના રહેવાસી નાગરિકો, નિગમ– વેપારીઓ, સંદેશાવાહક દૂતો, સંધિપાલો વગેરેની સાથે(હું) મારી બાહ્ય ઉપસ્થાન શાળા(સભાભવન)માં બેઠો હતો. તે સમયે મારા નગરરક્ષકો એક ચોરને મુદામાલ સાથે, ચોરાઉ વસ્તુને ગળામાં પહેરાવી, અવકોટન બંધને બાંધીને એટલે ડોક પરથી દોરડું પાછળ પીઠ ઉપર લઈ જઈ પીઠ પાછળ બંને હાથ ભેગા કરી તે દોરડાથી બાંધીને મારી સમક્ષ લઈ આવ્યા.

**૬૪ तए णं अहं तं पुरिसं जीवंतं चेव अउकुंभीए पक्खिववावेमि, अओमएणं पिहाणए णं पिहावेमि, अएण य तउएण य आयावेमि, आयपच्चइएहिं पुरिसेहिं रक्खावेमि ।**

**ભાવાર્થ :–** ત્યારપછી મેં તે પુરુષને જીવતો જ લોખંડની એક કુંભી(કોઠી)માં પૂરી દીધો અને લોખંડના ઢાંકણાથી તેને સજ્જડ બંધ કરાવીને તેના ઉપર લોઢા અને સીસાના રસથી રેણ મરાવી દીધું અર્થાત્ તે કુંભીમાં હવા પણ ન પ્રવેશી શકે તેવી રીતે તેને પેક કરાવી દીધી અને તેની ચોકી કરવા વિશ્વાસુ સૈનિકોનો ચોકી પહેરો રાખી દીધો.

**૬૫ तए णं अहं अण्णया कयाइं जेणामेव सा अउकुंभी तेणामेव उवागच्छामि, उवागच्छित्ता तं अउकुंभिं उल्लंछावेमि, उल्लंछावित्ता तं पुरिसं सयमेव पासामि, णो चेव णं तीसे अओकुंभीए केइ छिड्डे इ वा विवरे इ वा अंतरे इ वा राई वा, जओ णं से जीवे अंतोहिंतो बहिया णिग्गए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી વખત જતાં, એક દિવસ તે લોખંડની કુંભી પાસે જઈને મેં તે લોખંડની કુંભીનું રેણ કઢાવી, કુંભી ખોલાવીને જોયું, તો તે પુરુષ મૃત્યુ પામ્યો હતો પણ તે કુંભીમાં રાઈ જેવડો પણ છેદ ન હતો, છિદ્ર(કાણું) ન હતું, તિરાડ ન હતી કે વાળ જેવી બારીક રેખા(તડ) પણ ન હતી કે જેના દ્વારા તે મૃતકનો જીવ બહાર નીકળી જાય.

**૬૬ जइ णं भंते ! तीसे अओकुंभीए होज्ज केइ छिड्डे वा *जाव* राई वा, जओ णं से जीवे अंतोहिंतो बहिया णिग्गए, तो णं अहं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा जहा अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं । जम्हा णं भंते ! तीसे अओकुंभीए णत्थि केइ छिड्डे इ वा *जाव* णिग्गए, तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा– तं जीवो तं सरीरं, णो अण्णो जीवो अण्णं सरीरं ।**

**ભાવાર્થ :–** જો તે લોહકુંભીમાં રાઈ જેવડો પણ છેદ, છિદ્ર કે બારીક તિરાડ પણ થઈ હોત, તો હે ભગવન્! હું માની લેત કે તે પુરુષનો જીવ તેમાંથી બહાર નીકળી ગયો છે તેથી "જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે." આપની તે વાત પર શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ કરત.

પરંતુ તે લોહકુંભીમાં કોઈ છેદ, છિદ્ર કે બારીક તિરાડ પણ પડી નથી તેથી હું માનું છું કે તે પુરુષના મૃત્યુ સાથે તે જીવ પણ મરી ગયો છે. શરીરથી ભિન્ન જીવ હોય તો તે છિદ્રાદિ કરી બહાર નીકળી જાત. આ છિદ્રાદિ ન હોવાથી મારી ધારણા સુપ્રતિષ્ઠિત છે, યોગ્ય જ છે.

**કૂટાગાર શાળાના દૃષ્ટાંતે જવાબ :–**

**૬૭ तए णं केसी कुमारसमणे पएसिं रायं एवं वयासी– पएसी ! से जहाणामए कूडागारसाला सिया–दुहओ लित्ता गुत्ता गुत्तदुवारा णिवाया णिवायगंभीरा । अह णं केइ पुरिसे भेरिं च दंडं च गहाय कूडागारसालाए अंतो-अंतो अणुप्पविसइ, अणुपविसित्ता तीसे कूडागारसालाए सव्वओ समंता घण-निचिय-निरंतर णिच्छिड्डाइं दुवारवयणाइं पिहेइ। तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए ठिच्चा तं भेरिं दंडएणं महया-महया सद्देणं तालेज्जा। से णूणं पएसी ! से सद्दे णं अंतोहिंतो बहिया णिग्गच्छइ ? हंता णिग्गच्छइ ।**

**૬૮ अत्थि णं पएसी ! तीसे कूडागारसालाए केइ छिड्डे इ वा जाव राई वा जओ णं से सद्दे अंतोहिंतो बहिया णिग्गए ? णो तिणट्ठे समट्ठे । एवामेव पएसी! जीवे वि अप्पडिहयगई–पुढविं भिच्चा, सिलं भिच्चा पव्वयं भिच्चा अंतोहिंतो बहिया णिग्गच्छइ, तं सद्दहाहि णं तुमं पएसी ! अण्णो जीवो अण्णं सरीरं; णो तज्जीवो तं सरीरं ।**

**ભાવાર્થ :–** હે પ્રદેશી ! શિખરના આકારની ઘુમ્મટવાળી કોઈ કૂટાગાર શાળા(ભવન કે ઓરડો) હોય, તે અંદર-બહાર ચારે બાજુથી લીંપેલી હોય, તેના દ્વાર ગુપ્ત હોય અર્થાત્ એવા સજ્જડ બંધ કરેલા હોય કે દ્વાર છે તેવી ખબર જ ન પડે, નિર્વાત-ગંભીર હોય અર્થાત્ હવા પણ પ્રવેશી ન શકે તેવી નિશ્છિદ્ર હોય, તે કૂટાગાર શાળામાં કોઈ પુરુષ ભેરી અને તેને વગાડવાનો દંડો લઈ પ્રવેશે અને પછી તેના દ્વાર આદિને ચારે બાજુથી એવા સજ્જડ બંધ કરી દે કે તે બારણાઓ વચ્ચે જરાપણ અંતર કે તિરાડ ન રહે. ત્યાર પછી કૂટાગાર શાળાની વચ્ચોવચ્ચ રહીને તે પુરુષ મોટા અવાજે તે ભેરીને વગાડે, તો હે પ્રદેશી ! ભેરીનો તે અવાજ બહાર નીકળે ખરો ? **પ્રદેશી–** હા, ભગવાન ! તે અવાજ બહાર આવે છે.

**કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! શું તે કૂટાગાર શાળામાં ક્યાંય કોઈ છિદ્ર કે તિરાડ છે કે તેમાંથી તે અવાજ બહાર નીકળી શકે ? **પ્રદેશી–** હે ભગવન્ ! તેમાં ક્યાંય છિદ્રાદિ નથી.

**કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! અવાજની જેમ જીવ અપ્રતિહત ગતિવાળો છે. પૃથ્વીને ભેદીને, શિલા કે પર્વતને ભેદીને, તેમાંથી સોંસરું નીકળી જવાનું સામર્થ્ય જીવમાં છે.(કાણા વિનાની કૂટાગાર શાળામાંથી અવાજ નીકળી જાય છે, તેમ કાણા વિનાની લોહકુંભીમાંથી જીવ બહાર નીકળી જાય છે.) માટે હે પ્રદેશી તું જીવ અને શરીર ભિન્ન છે તેવી શ્રદ્ધા કર.

### લોહકુંભીમાં કૃમિ આગમનનો ચોથો તર્ક :–

**૬૯ तए णं पएसी राया केसी कुमारसमणं एवं वयासी– अत्थि णं भंते ! एस पण्णा उवमा, इमेणं पुण कारणेणं णो उवागच्छइ– एवं खलु भंते ! अहं अण्णया कयाइ बाहिरियाए उवट्ठाणसालाए *जाव* विहरामि । तए णं ममं णगरगुत्तिया ससक्खं *जाव* उवणेंति । तए णं अहं तं पुरिसं जीवियाओ ववरोवेमि, जीवियाओ ववरोवेत्ता अयोकुंभीए पक्खिवावेमि, अउमएणं पिहाणएणं पिहावेमि *जाव* पच्चइएहिं पुरिसेहिं रक्खावेमि ।**

**ભાવાર્થ :–** ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! મારી ઉપરોક્ત માન્યતાને ટેકો આપતો અન્ય પુરાવો છે, જેના કારણે હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે પુરાવો આ પ્રમાણે છે–

**પ્રદેશી–** હે ભગવાન ! એકવાર હું મારા ગણનાયકો વગેરેની સાથે મારી બાહ્ય ઉપસ્થાનશાળા (સભાભવન)માં બેઠો હતો. તે સમયે મારા નગર રક્ષકો એક ચોરને બાંધીને મારી સમક્ષ લઈ આવ્યા.

ત્યારપછી મેં તે પુરુષને મારી નાંખ્યો અને તેના મૃત શરીરને લોહ કુંભીમાં રાખીને લોખંડના ઢાંકણાથી તેને સજ્જડ બંધ કરાવી, રેણ કરાવી, તેનો ચોકી પહેરો કરવા વિશ્વાસુ સૈનિકોને ત્યાં રાખ્યા.

**૭૦ तए णं अहं अण्णया कयाइं जेणेव सा कुंभी तेणेव उवागच्छामि, तं**

**उवागच्छित्ता तं अयोकुंभिं उल्लंछावेमि, तं अयोकुंभिं किमिकुंभिं पिव पासामि, णो चेव णं तीसे अयोकुंभीए केइ छिड्डे इ वा *जाव* राई वा, जओ णं ते जीवा बहियाहिंतो अणुपविट्ठा । जइ णं तीसे अओकुंभीए होज्ज केइ छिड्डे इ वा *जाव* अणुपविट्ठा, तेणं अहं सद्दहेज्जा जहा– अण्णो जीवो तं चेव । जम्हा णं तीसे अओकुंभीए णत्थि केइ छिड्डे इ वा *जाव* अणुपविट्ठा; तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा– तं जीवो तं सरीरं; तं चेव ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેટલોક સમય પસાર થયા પછી, એક દિવસ તે લોહકુંભી પાસે જઈને મેં તે કુંભીનું રેણ ખોલાવી અને જોયું, તો તે કુંભીમાં કીડાઓ ખદબદતા હતા. તે કુંભીમાં ક્યાંય રાઈ જેવડો છેદ, છિદ્ર કે તિરાડ ન હતી કે જેના દ્વારા તે કૃમિના જીવો બહારથી તેમાં પ્રવેશી શકે. જો તે લોહકુંભીમાં છેદ, છિદ્ર કે તિરાડ થઈ હોત તો હું એમ માની લેત કે કૃમિના તે જીવો તે છિદ્રાદિ દ્વારા કુંભીમાં પ્રવેશ્યા છે અને હું શ્રદ્ધા કરી લેત કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે. પરંતુ તે કુંભીમાં કોઈ છિદ્રાદિ ન થવાથી હું સમજું છું કે તે કૃમિઓનું શરીર અને તેની સાથે તેઓના જીવ કુંભીમાંજ ઉત્પન્ન થયા છે. જો જીવ શરીરથી ભિન્ન હોય તો કુંભીમાં છિદ્ર કર્યા વિના તે જીવો તેમાં કેવી રીતે પ્રવેશી શકે ? માટે જીવ અને શરીર એક છે, તેવી મારી ધારણા સુપ્રતિષ્ઠિત છે, યોગ્ય છે.

**તપાવેલા લોખંડના દષ્ટાંતે જવાબ :–**

**૭૧ तए णं केसी कुमारसमणे पएसीं रायं एवं वयासी– अत्थि णं तुमे पएसी ! कयाइ य अए धंतपुव्वे वा धम्मावियपुव्वे वा ? हंता अत्थि ।**

**से णूणं पएसी ! अए धंते समाणे सव्वे अगणिपरिणए भवइ ? हंता भवइ । अत्थि णं पएसी! तस्स अयस्स केइ छिड्डे इ वा जेणं जोई बहियाहिंतो अंतो अणुपविट्ठे? णो इणट्ठे समट्ठे । एवामेव पएसी ! जीवो वि अप्पडिहयगई पुढविं भिच्चा सिलं भिच्चा पव्वयं भिच्चा बहियाहिंतो अणुपविसइ । तं सद्दहाहि णं तुमं पएसी ! तहेव ।**

**ભાવાર્થ :–** ત્યારપછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! તેં ક્યારે ય તપાવેલા લોઢાને જોયું છે ? કે તેં ક્યારે ય લોઢાને તપાવ્યું છે ?

**પ્રદેશી–** હા, મેં તપાવેલા લોઢાને જોયું છે અને મેં લોઢું તપાવ્યું પણ છે. **કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! તે તપાવેલું લોઢું શું અગ્નિમય લાલચોળ થઈ જાય છે, તે વાત સાચી છે ? **પ્રદેશી–** હા, ભગવાન ! તે લોઢું અગ્નિમય બની જાય છે.

**કેશીકુમારશ્રમણ–** તે લોઢામાં ક્યાં ય કોઈ છિદ્ર કે તિરાડ વગેરે હોય છે કે તે છિદ્ર દ્વારા અગ્નિ બહારથી તેની અંદર પ્રવેશી શકે ? **પ્રદેશી–** તે લોઢામાં ક્યાંય, કોઈ છિદ્રાદિ હોતા નથી.

**કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! નક્કર લોઢામાં છિદ્રાદિ ન હોવા છતાં અગ્નિ પ્રવેશે છે, તેમ લોહમય કુંભીમાં કૃમિના જીવ બહારથી પ્રવેશ કરી શકે છે, તેમ તું માન. જીવ અપ્રતિહત(કોઈથી અટકે નહીં તેવી) ગતિવાળો છે. તે પૃથ્વીને ભેદીને, શિલાને ભેદીને, પર્વતને ભેદીને બહારથી અંદર પ્રવેશી શકે છે. માટે હે પ્રદેશી તું શ્રદ્ધા કર કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે.

**બાણ છોડવાના સામર્થ્યની ભિન્નતાનો પાંચમો તર્ક :-**

**૭૨** **तए णं पएसी राया केसीकुमार समणं एवं वयासी– अत्थि णं भंते ! एस पण्णा उवमा, इमेण पुण मे कारणेणं णो उवागच्छइ– से जहाणामए केइ पुरिसे तरुणे** *जाव* **सिप्पोवगए पभू पंचकंडयं णिसिरित्तए ? हंता, पभू ।**

**जइ णं भंते ! सो चेव पुरिसे बाले** *जाव* **मंदविण्णाणे पभू होज्जा पंचकंडयं णिसि- रित्तए, तो णं अहं सद्दहेज्जा जहा– अण्णो जीवो, तं चेव ।**

**जम्हा णं भंते ! स चेव से पुरिसे** *जाव* **मंदविण्णाणे णो पभू पंचकंडयं णिसीरित्तए, तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा– तज्जीवो तं सरीरं, णो अण्णो जीवो अण्णं सरीरं ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત યુક્તિને સાંભળીને પ્રદેશીરાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવન્ ! મારી આ ઉપરોકત માન્યતા છે, તેને ટેકો આપતો અન્ય પણ પુરાવો છે, જેના કારણે હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે આ પ્રમાણે છે– **પ્રદેશી–** હે ભગવન્ ! શું કોઈ યુવાન તથા પોતાના કાર્યમાં નિપુણ પુરુષ એક સાથે પાંચ બાણો ફેંકી લક્ષ્યવેધ કરવામાં સમર્થ હોય શકે ? **કેશીકુમારશ્રમણ–** હા, પ્રદેશી ! તે તેમ કરી શકે છે.

**પ્રદેશી–** હે ભગવન્ ! તે જ યુવાન જ્યારે મંદવિજ્ઞાનવાળી બાલ્યાવસ્થામાં હોય ત્યારે એક સાથે પાંચ બાણ ફેંકી, લક્ષ્ય વેધ કરવામાં સમર્થ હોત તો હું શ્રદ્ધા કરત કે આત્મા અને શરીર ભિન્ન-ભિન્ન છે. પરંતુ હે ભગવન્ ! જ્યારે તે યુવાન પુરુષ મંદજ્ઞાનવાળો બાળક હોય છે ત્યારે તે એક સાથે પાંચ બાણ ફેંકી શકતો નથી(યુવાનનો આત્મા છે તે જ આત્મા બાળકમાં છે તેથી યુવાન જેવું જ સામર્થ્ય બાળકમાં હોવું જોઈએ. પણ જગતમાં બંનેનું સામર્થ્ય જુદું-જુદું જણાય છે. શરીર અને આત્મા એક જ હોવાથી શરીરના વિકાસ સાથે જીવનો(જીવની શક્તિનો) વિકાસ થવાથી બાલ્યાવસ્થા અને યુવાવસ્થાના સામર્થ્યમાં ભિન્નતા દેખાય છે.) તેથી જીવ અને શરીર એક છે, તેવી મારી માન્યતા સુસંગત જ છે.

**અપર્યાપ્ત ઉપકરણના દષ્ટાંતે જવાબ :-**

**૭૩** **तए णं केसी कुमारसमणे पएसिं रायं एवं वयासी– से जहाणामए केइ पुरिसे तरुणे** *जाव* **सिप्पोवगए णवएणं धणुणा णवियाए जीवाए णवएणं इसुणा पभू पंचकंडगं णिसिरित्तए । हंता, पभू । सो चेव णं पुरिसे तरुणे** *जाव* **णिउणसिप्पोवगए कोरिल्लए णं धणुणा कोरिल्लयाए जीवाए कोरिल्लएणं इसुणा पभू पंचकंडगं णिसिरित्तए ? णो तिणट्ठे समट्ठे ।**

**कम्हा णं ? भंते ! तस्स पुरिसस्स अपज्जत्ताइं उवगरणाइं हवंति । एवामेव पएसी ! सो चेव पुरिसे बाले** *जाव* **मंदविण्णाणे अपज्जत्तोवगरणे, णो पभू पंचकंडयं णिसिरित्तए, तं सद्दहाहि ण तुमं पएसी ! जहा अण्णो जीवो, तं चेव ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– જેમ કોઈ યુવાન તથા કાર્ય કરવામાં નિપુણ પુરુષ નવા ધનુષ્ય, નવી પ્રત્યંચા(જીવા, દોરી), તથા નવા બાણથી શું એક સાથે પાંચ બાણ છોડવા સમર્થ છે ? **પ્રદેશી–** હા ભગવાન ! તે સમર્થ છે.

**કેશીકુમારશ્રમણ–** તે જ યુવાન તથા પોતાના કાર્યમાં નિપુણ પુરુષ જૂના, ખવાઈ ગયેલા ધનુષ્ય, જૂની પ્રત્યંચા અને જૂના-બૂઠા બાણથી શું એક સાથે પાંચ બાણ ફેંકી શકે ? **પ્રદેશી–** ના, તે તેવા જૂના ધનુષ્યથી એક સાથે પાંચ બાણ ફેંકી શકતો નથી.

**કેશીકુમારશ્રમણ–** તેનું શું કારણ છે ? **પ્રદેશી–** તેની પાસે અપર્યાપ્ત ઉપકરણો છે. ઉપકરણની ન્યૂનતાના(જીર્ણતાના) કારણે તે પોતાનું સામર્થ્ય બતાવી શકતો નથી.

**કેશીકુમારશ્રમણ–** તે જ પ્રમાણે હે પ્રદેશી ! તે યુવાન પુરુષ જ્યારે મંદજ્ઞાનવાળી બાળક અવસ્થામાં હોય છે, ત્યારે તેનામાં આવડતરૂપ ઉપકરણની ખામી હોય છે, તેથી તે એક સાથે પાંચ બાણ ફેંકવામાં સમર્થ નથી, માટે હે પ્રદેશી તું શ્રદ્ધા કર કે જીવ અને શરીર બંને જુદા-જુદા છે.

**ભારવાહકના સામર્થ્યની ભિન્નતાનો છઠ્ઠો તર્ક :–**

**૭૪ तए णं पएसी राया केसीकुमार-समणं एवं वयासी– अत्थि णं भंते ! एस पण्णा उवमा, इमेणं पुण कारणेणं णो उवागच्छइ–से जहाणामए केइ पुरिसे तरुणे** *जाव* **सिप्पोवगए पभू एगं महं अयभारगं वा तउयभारगं वा सीसगभारगं वा परिवहित्तए ? हंता पभू ।**

**सो चेव णं भंते ! पुरिसे जुण्णे जराजज्जरियदेहे सिढिलवलियावणद्धगत्ते दंड- परिग्गहियग्गहत्थे पविरलपरिसडियदंतसेढी आउरे किसिए पिवासिए दुब्बले किलंते णो पभू एगं महं अयभारगं वा** *जाव* **परिवहित्तए ।**

**जइ णं भंते ! सच्चेव पुरिसे जुण्णे जराजज्जरियदेहे** *जाव* **परिकिलंते पभू एगं महं अयभारं वा** *जाव* **परिवहित्तए तो णं अहं सद्दहेज्जा, तहेव ।**

**जम्हा णं भंते ! से चेव पुरिसे जुण्णे** *जाव* **किलंते णो पभू एगं महं अयभारं वा** *जाव* **परिवहित्तए, तम्हा सुपइट्ठिया मे पइण्णा, तहेव ।**

**ભાવાર્થ :–** આ ઉત્તર સાંભળીને પ્રદેશી રાજાએ ફરી કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવન્ ! મારી આ ઉપરોકત માન્યતા છે, તેને ટેકો આપતો અન્ય પણ પુરાવો છે, જેના કારણે હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે આ પ્રમાણે છે–

**પ્રદેશી–** હે ભગવન્ ! કોઈ એક યુવાન તથા પોતાના કાર્યમાં નિપુણ પુરુષ શું એક મોટા, વજનદાર લોખંડના ભારને, સીસા અને જસતના ભારને ઉપાડવા સમર્થ છે ? **કેશીકુમારશ્રમણ–** હા, તે પુરુષ ભાર ઉપાડવામાં સમર્થ છે.

**પ્રદેશી–** હે ભગવન્ ! તે યુવાન પુરુષ વૃદ્ધ થઈ જાય, શરીર જર્જરિત, શિથિલ, કરચલીવાળું થઈ જાય, ગાત્ર ઢીલા પડી જાય, ચાલવામાં લાકડીનો ટેકો લેવો પડે, દાંત પડી જાય, રોગાદિથી પીડિત, કૃશ, દુર્બળ,

ભૂખ–તરસથી વ્યાકુળ થઈ જાય, ત્યારે તે લોખંડ વગેરેના ભારને ઉપાડવામાં સમર્થ રહેતો નથી.

જો તે યુવાન પુરુષ જ વૃદ્ધ, જર્જરિત કાયાવાળો તથા ભૂખ-તરસથી વ્યાકુળ થઈ જાય ત્યારે પણ મોટા વજનદાર લોખંડાદિના ભારને ઉપાડવામાં સમર્થ રહે તો હું શ્રદ્ધા કરું કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે. પરંતુ તે યુવાન પુરુષ વૃદ્ધ તથા ક્લાન્ત થાય ત્યારે મોટા વજનદાર લોખંડના ભારને ઉપાડવામાં સમર્થ રહેતો નથી,(શરીર અને આત્મા એક હોય તો યુવાન અને વૃદ્ધના આત્મામાં એકસરખું સામર્થ્ય રહેવું જોઈએ. યુવાન શરીર(આત્મા) ભાર ઉપાડવામાં સમર્થ છે અને વૃદ્ધ શરીર કે આત્મા ભાર ઉપાડવામાં સમર્થ નથી.) માટે મારી માન્યતા સુસંગત જ છે.

**જીર્ણ ઉપકરણના દષ્ટાંતે જવાબ :–**

**૭૫ तए णं केसी कुमार-समणे पएसिं रायं एवं वयासी– से जहाणामए केइ पुरिसे तरुणे *जाव* सिप्पोवगए णवियाए विहंगियाए, णवएहिं सिक्कएहिं, णवएहिं पच्छियापिडएहिं पहू एगं महं अयभारं *जाव* परिवहित्तए ? हंता पभू ।**

**पएसी ! से चेव णं पुरिसे तरुणे *जाव* सिप्पोवगए जुण्णियाए दुब्बलियाए घुणक्खइयाए विहंगियाए जुण्णएहिं दुब्बलएहिं घुणक्खइएहिं सिढिल-तया-पिणद्धएहिं सिक्कएहिं, जुण्णएहिं, दुब्बलिएहिं घुणखइएहिं पच्छियापिंडएहिं पभू एगं महं अयभारं वा *जाव* परिवहित्तए ? णो तिणट्ठे समट्ठे । कम्हा णं ? भंते ! तस्स पुरिसस्स जुण्णाइं उवगरणाइं भवंति ।**

**एवामेव पएसी ! से चेव णं पुरिसे जुण्णे *जाव* किलंते जुण्णोवगरणे णो पभू एगं महं अयभारं वा *जाव* परिवहित्तए, तं सद्दहाहि णं तुमं पएसी ! जहा– अण्णो जीवो अण्णं सरीरं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને દષ્ટાંત આપતાં આ પ્રમાણે કહ્યું– કોઈ યુવાન તથા પોતાના કાર્યમાં નિપુણ પુરુષ નવી કાવડ, નવા શીકા કે નવા ટોપલાદિ દ્વારા શું લોખંડાદિના વજનદાર ભારને ઉપાડવામાં સમર્થ હોય છે ? **પ્રદેશી–** હા, તે ભાર ઉપાડવામાં સમર્થ છે.

**કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! તે જ યુવાન તથા કાર્યમાં નિપુણ તે પુરુષ જૂની, ઘસાઈ ગયેલી અને ઊધઈ દ્વારા ખવાઈ ગયેલી કાવડ, જીર્ણ-શીર્ણ, ઘસાઈ ગયેલા, ખવાઈ ગયેલા તથા સડી ગયેલા શીકા અને જૂના, ઘસાઈ ગયેલા, ખવાઈ ગયેલા ટોપલાદિ દ્વારા શું વજનદાર લોખંડાદિના મોટા ભારને ઉપાડવામાં સમર્થ છે? **પ્રદેશી–** ના, તે પુરુષ જીર્ણ-શીર્ણ કાવડાદિ દ્વારા લોખંડાદિના મોટા ભારને લઈ જવામાં સમર્થ થતો નથી.

**કેશીકુમારશ્રમણ–** તેનું શું કારણ છે ? **પ્રદેશી–** તે પુરુષના ઉપકરણો જીર્ણ છે, તેથી તે જીર્ણ ઉપકરણ-સાધન દ્વારા ભાર વહન કરી શકતો નથી.

**કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! તે જ પ્રમાણે તે વૃદ્ધ તથા ક્લાન્ત પુરુષનું શરીરરૂપી ઉપકરણ જીર્ણ થઈ ગયું છે. જીર્ણ શરીર રૂપી સાધનના કારણે તે લોખંડાદિના ભારને વહન કરવા સમર્થ થતો નથી. માટે હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અને શરીર જુદા-જુદા છે.

**મૃત અને જીવિત ચોરના વજનનો સાતમો તર્ક :–**

**૭૬ तए णं से पएसी केसीकुमारसमणं एवं वयासी– अत्थि णं भंते ! एस पण्णा उवमा इमेण पुण कारणेणं णो उवागच्छइ–एवं खलु भंते! *जाव* विहरामि । तए णं मम णगरगुत्तिया चोरं उवणेंति । तए णं अहं तं पुरिसं जीवंतगं चेव तुलेमि, तुलेत्ता छविच्छेयं अकुव्वमाणे जीवियाओ ववरोवेमि, मयं तुलेमि, णो चेव णं तस्स पुरिसस्स जीवंतस्स वा तुलियस्स, मुयस्स वा तुलियस्स केइ अण्णत्ते वा, णाणत्ते वा, ओमत्ते वा, तुच्छत्ते वा गरुयत्ते वा लहुयत्ते वा ।**

**जइ णं भंते ! तस्स पुरिसस्स जीवंतस्स वा तुलियस्स, मुयस्स वा तुलियस्स केइ अण्णत्ते वा *जाव* लहुयत्ते वा तो णं अहं सद्दहेज्जा, तं चेव । जम्हा णं भंते ! तस्स पुरिसस्स जीवंतस्स वा तुलियस्स, मुयस्स वा तुलियस्स णत्थि केइ अण्णत्ते वा *जाव* लहुयत्ते वा, तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा– तं जीवो; तं चेव ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું કે– હે ભગવન્ ! મારી આ ઉપરોકત માન્યતા છે, તેને ટેકો આપતો અન્ય પણ પુરાવો છે, જેના કારણે આપની વાત મને સમજાતી નથી અર્થાત્ હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે આ પ્રમાણે છે–

હે ભગવન્ ! એક વાર હું મારા ગણનાયકો વગેરેની સાથે બહારની ઉપસ્થાન શાળા(સભાભવન)માં બેઠો હતો. તે સમયે નગરરક્ષકો એક ચોરને પકડીને લઈ આવ્યા. મેં તે જીવતા ચોરનું વજન કર્યું અને પછી તેના એક પણ અંગોપાંગનું છેદન ન થાય તે રીતે મેં તેને મારી નાંખ્યો. તે મરી ગયો ત્યારે તેના મૃત શરીર (શબ)નું વજન કર્યું. તે પુરુષનું જીવતા જે વજન હતું, તેટલું જ વજન તેના મૃત શરીરનું થયું. તે બંનેના વજનમાં ન્યૂનાધિકતા ન હતી, ન વજન વધ્યું કે ન ઘટ્યું, ન વજનદાર લાગ્યો કે ન હળવો અર્થાત્ તે બંનેના વજનમાં અંશ માત્ર ફેર પડ્યો નહીં.

જીવ અને શરીર જુદા-જુદા હોય અને જીવ શરીરમાંથી નીકળી જાય તો મૃત શરીરનું વજન ઘટવું જોઈએ. હે ભગવાન ! જો તે પુરુષના જીવિતાવસ્થાના વજન કરતાં મૃતાવસ્થાના વજનમાં ન્યૂનાધિકતાદિ થઈ હોત, તો હું શ્રદ્ધા કરત કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે. હે ભગવાન ! જીવતા અને મરેલા તે પુરુષના વજનમાં જરા પણ વધ-ઘટ થઈ નથી, તેથી મારી માન્યતા જ સુસંગત છે.

**ધમણના દૃષ્ટાંતે જવાબ :–**

**૭૭ तए णं केसी कुमारसमणे पएसिं रायं एवं वयासी– अत्थि णं पएसी ! तुमे कयाइ वत्थी धंतपुव्वे वा धमावियपुव्वे वा ? हंता अत्थि ।**

**अत्थि णं पएसी ! तस्स वत्थिस्स पुण्णस्स वा तुलियस्स, अपुण्णस्स वा तुलियस्स केइ अण्णत्ते वा *जाव* लहुयत्ते वा ? णो तिणट्ठे समट्ठे । एवामेव पएसी ! जीवस्स अगुरुलहुयत्तं पडुच्च जीवंतस्स वा तुलियस्स, मुयस्स वा तुलियस्स णत्थि केइ अण्णत्ते वा *जाव* लहुयत्ते वा, तं सद्दहाहि णं तुमं पएसी ! तं चेव ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! તેં ક્યારેય ધમણ (મશક)માં હવા ભરી છે કે ભરાવી છે ખરી ? **પ્રદેશી–** હે ભગવન્ ! મેં મશકમાં હવા ભરી પણ છે અને ભરાવી પણ છે.

**કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! શું વાયુથી ભરેલી ધમણ અને વાયુ રહિત ધમણના વજનમાં ન્યૂનાધિકતા– અંશ માત્ર ફેરફાર જણાય છે ખરો ? **પ્રદેશી–** હે ભગવન્ ! તેમાં ન્યૂનાધિકતા જણાતી નથી.

**કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! જીવમાં અગુરુલઘુ નામનો ગુણ છે. જીવ અરૂપી છે. તેથી તે હળવો નથી અને ભારે પણ નથી. તેથી જીવતા અને મરેલા ચોરના વજનમાં ન્યૂનાધિકતા થતી નથી. માટે હે પ્રદેશી તું શ્રદ્ધા કર કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે.

**શરીરમાં જીવ ન દેખાવાનો આઠમો તર્ક :–**

**૭૮ तए णं पएसी राया केसीकुमारसमणं एवं वयासी– अत्थि णं भंते ! एसा** *जाव* **णो उवागच्छइ– एवं खलु भंते ! अहं अण्णया** *जाव* **चोरं उवणेइ । तए णं अहं तं पुरिसं सव्वओ समंता समभिलोएइ, णो चेव णं तत्थं जीवं पासामि ।**

**तए णं अहं तं पुरिसं दुहा फालियं करेमि, करित्ता सव्वतो समंता समभिलोएमि, णो चेव णं तत्थ जीवं पासामि, एवं तिहा चउहा संखेज्ज-फालियं करेमि, णो चेव णं तत्थ जीवं पासामि ।**

**जइ णं भंते ! अहं तं पुरिसं दुहा वा, तिहा वा, चउहा वा, संखेज्जहा वा फालियम्मि जीवं पासंतो तो णं अहं सद्दहेज्जा तं चेव । जम्हा णं भंते ! अहं तेसिं दुहा वा तिहा वा चउहा वा संखिज्जहा वा फालियंसि वा जीवं ण पासामि; तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा– तं जीवो तं सरीरं, तं चेव ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! મારી આ ઉપરોક્ત માન્યતા છે, તેને ટેકો આપતો અન્ય પણ પુરાવો છે, જેના કારણે હું આપના કથનનો સ્વીકાર કરતો નથી, તે આ પ્રમાણે છે–

હે ભગવન્ ! એકવાર હું મારા ગણનાયકોની સાથે બહારની ઉપસ્થાન શાળા(સભાભવન)માં બેઠો હતો. તે સમયે નગરરક્ષકો એક ચોરને પકડીને લઈ આવ્યા. તે પુરુષમાં જીવ છે કે નહીં તે જોવા મેં ચારે બાજુથી તેનું નિરીક્ષણ કર્યું. પણ ક્યાંય જીવ દેખાયો નહીં.

ત્યાર પછી તે પુરુષને મેં ઊભો ચીરી નાંખીને, બે ટુકડા કરી, તેનું ચારેકોરથી નિરીક્ષણ કર્યું પણ મને જીવ દેખાયો નહીં. આ જ રીતે મેં તે પુરુષના ત્રણ, ચાર, સંખ્યાત નાના-નાના ટુકડાઓ કરી તેમાં જીવને ગોતવા પ્રયત્ન કર્યો પણ મને જીવ દેખાયો નહીં.

હે ભગવન્ ! તે પુરુષના બે, ત્રણ, ચાર, સંખ્યાત ટુકડાઓમાં જો જીવ દેખાયો હોત તો હું શ્રદ્ધા કરત કે જીવ અને શરીર જુદા-જુદા છે.

હે ભગવન્ ! તે પુરુષમાં કે તેના બે, ત્રણ, ચાર, સંખ્યાત ટુકડાઓમાં ક્યાંય જીવ દેખાયો નથી.

માટે મારી 'જીવ અને શરીર એક છે', તે માન્યતા સુસંગત જ છે.

**કઠિયારાના દષ્ટાંતે જવાબ :–**

**૭૯ तए णं केसिकुमारसमणे पएसिं रायं एवं वयासी– मूढतराए णं तुमं पएसी ! ताओ तुच्छतराओ । के णं भंते ! तुच्छतराए ?**

**पएसी ! से जहाणामए केइ पुरिसे वणत्थी वणोवजीवी वणगवेसणयाए जोइं च जोइभायणं च गहाय कट्ठाणं अडविं अणुपविट्ठा । तए णं ते पुरिसा तीसे अगामियाए *जाव* कंचि देसं अणुप्पत्ता समाणा एगं पुरिसं एवं वयासी– अम्हे णं देवाणुप्पिया ! कट्ठाणं अडविं पविसामो, एत्तो णं तुम जोइभायणाओ जोइं गहाय अम्हं असणं साहेज्जासि । अह तं जोइभायाणे जोई विज्झवेज्जा तो णं तुमं कट्ठाओ जोइं गहाय अम्हं असणं साहेज्जासि त्ति कट्टु कट्ठाणं अडविं अणुपविट्ठा ।**

**ભાવાર્થ :–** ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું– હે પ્રદેશી ! તું પેલા અક્કલહીન પુરુષની જેમ મૂઢ છે. પ્રદેશીએ પૂછ્યું– તે અક્કલ હીન પુરુષ કોણ છે ?

**કેશીકુમારશ્રમણ–** હે પ્રદેશી ! કેટલાક વનાર્થી, વનોપજીવી કઠિયારાઓ અગ્નિપાત્ર સાથે લઈ વનમાં નીકળી પડ્યા અને ઘણા લાકડા મળી રહે તેવી નિર્જન અટવીમાં પ્રવેશ્યા. અટવીનો કેટલોક પ્રદેશ પાર કર્યા પછી અર્થાત્ અટવીમાં અંદર ગયા પછી તેઓએ પોતાના એક સાથીદારને કહ્યું– હે દેવાનુપ્રિય! અમે વધુ લાકડા માટે અટવીના ઊંડાણમાં જઈએ છીએ. તું આ સળગતી સગડી તારી પાસે રાખ અને અમે પાછા આવીએ ત્યાં સુધીમાં અમારે માટે રસોઈ બનાવી રાખજે. કદાચ કોઈ કારણથી સગડીની આગ ઓલવાઈ જાય, તો આ લાકડામાંથી અગ્નિ મેળવીને ભોજન બનાવજે. આ પ્રમાણે કહીને તેઓ લાકડા લેવા માટે અટવીમાં આગળ વધ્યા.

**૮૦ तए णं से पुरिसे तओ मुहुत्तंतरस्स तेसिं पुरिसाणं असणं साहेमि त्ति कट्टु जेणेव जोइभायणे तेणेव उवागच्छइ । जोइभायणे जोइं विज्झायमेव पासइ । तए णं से पुरिसे जेणेव से कट्ठे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं कट्ठं सव्वओ समंता समभिलोएइ, णो चेव णं तत्थ जोइं पासइ । तए णं से पुरिसे परियरं बंधइ, फरसु गिण्हइ, तं कट्ठं दुहा फालियं करेइ, सव्वतो समंता समभिलोएइ, णो चेव णं तत्थ जोइं पासइ । एवं *जाव* संखेज्जफालियं करेइ, सव्वतो समंता समभिलोएइ, णो चेव णं तत्थ जोइं पासइ ।**

**ભાવાર્થ :–** તેઓના ગયા પછી થોડીવારે 'હવે રસોઈ બનાવું,' તેમ વિચારીને તે પુરુષ સગડી પાસે આવ્યો, ત્યાં તેણે સગડીમાં અગ્નિ બુઝાઈ ગયેલો જોયો. ત્યારે તેણે પોતાના સાથીની ભલામણ પ્રમાણે લાકડામાંથી અગ્નિ મેળવવા, તે લાકડાને હાથમાં લઈ ચારેબાજુ ફેરવી-ફેરવીને તપાસ્યું પણ તેમાં ક્યાંય અગ્નિ દેખાયો નહીં. ત્યાર પછી તે પુરુષે કમર કસીને, કુહાડો લઈ તેના દ્વારા લાકડાના બે ટુકડા કર્યા અને બંને ટુકડાને ચારેબાજુથી તપાસ્યા પણ તેમાં ક્યાંય આગ દેખાણી નહીં. ત્યારે તેણે લાકડાના ટુકડે ટુકડા

કરી નાંખ્યા અને તે બધા ટુકડાને બરાબર જોયા પણ એકે ય ટુકડામાં આગ જોઈ નહીં.

**૮૧ तए णं से पुरिसे तंसि कट्ठंसि दुहाफालिए वा** *जाव* **संखेज्जफालिए वा जोइं अपासमाणे संते तंते परिसंते णिव्विण्णे समाणे परसुं एगंते एडेइ, परियरं मुयइ एवं वयासी– अहो ! मए तेसिं पुरिसाणं असणे णो साहिए त्ति कट्टु ओहयमणसंकप्पे चिंता- सोगसागरसंपविट्ठे करयलपल्हत्थमुहे अट्टज्झाणोवगए भूमिगयदिट्ठिए झियाइ ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે તે લાકડાના બે, ત્રણ તથા સંખ્યાત ટુકડાઓમાંથી એક પણ ટુકડામાંથી આગ જોવા ન મળી ત્યારે તે પુરુષ થાકી ગયો, કંટાળી ગયો, ખિન્ન બની ગયો અને દુઃખિત થઈને તેણે કુહાડી એક બાજુ મૂકી દીધી, કમરનું બંધન ખોલી નાંખ્યું અને વિચારવા લાગ્યો કે મારા સાથીઓ માટે હું ભોજન બનાવી શક્યો નથી તો હવે શું કરું ? આવા વિચારોથી તે ઉદાસ, ચિંતિત, શોકાતુર થઈને નીચી નજરે લમણે હાથ દઈને બેસી ગયો અને આર્તધ્યાન(અફસોસ) કરવા લાગ્યો.

**૮૨ तए णं ते पुरिसा कट्ठाइं छिंदंति, जेणेव से पुरिसे तेणेव उवागच्छंति । तं पुरिसं ओहयमणसंकप्पं** *जाव* **झियायमाणं पासंति एवं वयासी– किं णं तुमं देवाणुप्पिया ! ओहयमणसंकप्पे** *जाव* **झियायसि ?**

**तए णं से पुरिसे एवं वयासी– तुज्झे णं देवाणुप्पिया ! कट्ठाणं अडविं अणुपविसमाणा ममं एवं वयासी– अम्हे णं देवाणुप्पिया ! कट्ठाणं अडविं** *जाव* **पविट्ठा, तए णं अहं तत्तो मुहुत्तंतरस्स तुज्झं असणं साहेमि त्ति कट्टु जेणेव जोइभायणे** *जाव* **झियामि ।**

**ભાવાર્થ :–** એટલામાં લાકડાના ભારા લેવા ગયેલા તે કઠિયારાઓ લાકડા કાપી, ભારા લઈને આવ્યા અને તે પુરુષને ઉદાસ, ચિંતાતુર તથા આર્તધ્યાન કરતો જોઈને પૂછ્યું– હે દેવાનુપ્રિય ! શા માટે તું ઉદાસ, ચિંતાતુર તથા આર્તધ્યાન કરતો બેઠો છે ?(અમારા માટે રસોઈ કેમ બનાવી રાખી નથી ?)

ત્યારે તે પુરુષે કહ્યું– તમે લાકડા લેવા અટવીમાં ગયા પછી થોડીવારે હું રસોઈ બનાવવા ગયો. ત્યાં તો અગ્નિ ઓલવાઈ ગયેલો જોયો. અગ્નિ મેળવવા માટે મેં લાકડના ટુકડે ટુકડા કરીને તેને જોયા પણ અગ્નિ ક્યાંય દેખાયો નહીં. અગ્નિ વિના રસોઈ ક્યાંથી બનાવું ? તેથી ઉદાસ, ચિંતાતુર તથા આર્તધ્યાન કરતો બેઠો છું.

**૮૩ तए णं तेसिं पुरिसाणं एगे पुरिसे छेए, दक्खे, पत्तट्ठे** *जाव* **उवएसलद्धे, ते पुरिसे वयासी– गच्छह णं तुज्झे देवाणुप्पिया ! ण्हाया** *जाव* **हव्वमागच्छेह, जा णं अहं असणं साहेमि त्ति कट्टु परियरं बंधइ, परसुं गिण्हइ, सरं करेइ, सरेण अरणिं महेइ, जोइं पाडेइ, जोइं संधुक्खेइ, तेसिं पुरिसाणं असणं साहेइ ।**

**ભાવાર્થ :–** ત્યારે તેઓમાંથી સમયજ્ઞ, દક્ષ અને પોતાની કુશળતાથી કાર્ય સિદ્ધ કરનાર તથા ગુરુના ઉપદેશને પ્રાપ્ત એક પુરુષે અન્ય પુરુષોને કહ્યું કે– હે દેવાનુપ્રિયો ! તમે નાહી ધોઈને, તૈયાર થઈને આવો. ત્યાં સુધીમાં હું રસોઈ બનાવી લઉં છું, તેમ કહીને તેણે કમર કસી, કુહાડી લઈને લાકડાને છોલીને બાણ જેવી અણીયાળી શલાકા(શર) બનાવી, તેનાથી અરણીના લાકડાનું મથન કરીને(અરણીના લાકડા ઉપર શરની લાકડીને ઘસીને) અગ્નિ ઉત્પન્ન કર્યો, પવનથી ફૂંકીને અગ્નિને પ્રજવલિત કર્યો અને તે પુરુષો માટે રસોઈ બનાવી.

**૮૪** **तए णं ते पुरिसा ण्हाया** *जाव* **जेणेव से पुरिसे तेणेव उवागच्छंति, तए णं से पुरिसे तेसिं पुरिसाणं सुहासणवरगयाणं तं विउलं असणं पाणं खाइमं साइमं उवणेइ । तए णं ते पुरिसा तं विउलं असणं पाणं खाइमं साइमं आसाएमाणा वीसाएमाणा** *जाव* **विहरंति। जिमियभुत्तुत्तरागया वि य णं समाणा आयंता चोक्खा परमसुइभूया तं पुरिसं एवं वयासी– अहो ! णं तुमं देवाणुप्पिया। जड्डे-मूढे-अपंडिए-णिव्विण्णाणे- अणुवए सलद्धे, जे णं तुमं इच्छसि कट्ठंसि दुहाफालियंसि वा** *जाव* **जोइं पासित्तए । से एएणट्ठेणं पएसी ! एवं वुच्चइ मूढतराए णं तुमं पएसी ! ताओ तुच्छतराओ ।**

**ભાવાર્થ :–** એટલામાં નાહવા-ધોવા ગયેલા બધા સાથીઓ ત્યાં આવી ગયા અને સુખાસને બેઠા. પેલા દક્ષ પુરુષે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ચારે પ્રકારના આહારને પીરસ્યો અને તેઓએ અશનાદિ ચારે પ્રકારના આહારનો સ્વાદ લેતા ભોજન કર્યું. તેઓ સૌ સાથે જમ્યા. પછી કોગળા વગેરે કરી ચોક્ખા, સ્વચ્છ થયા અને ત્યાર પછી પેલા ઉદાસ થયેલા સાથીને કહ્યું કે હે દેવાનુપ્રિય ! અગ્નિને શોધવા માટે તેં લાકડાં ફાડી-ફાડીને જોવાનો પ્રયાસ કર્યો તેથી એમ જણાય છે કે, તું જડ, મૂઢ, અપંડિત, અજ્ઞાની, અકુશળ અને ગુરુના ઉપદેશથી રહિત છો.

હે પ્રદેશી ! અગ્નિશોધક તે કઠિયારાની જેમ તેં પણ જીવને જોવા માટે શરીરના ટુકડે-ટુકડા કરીને જોવાનો પ્રયત્ન કર્યો છે. તેથી જ હે પ્રદેશી ! મેં તને કહ્યું કે તું પેલા અક્કલહીન કઠિયારાની જેમ મૂઢ છે.

**પરસ્પર ઉપાલંભપૂર્વકનો વાર્તાલાપ :–**

**૮૫** **तए णं पएसी राया केसीकुमारसमणं एवं वयासी– जुत्तए णं भंते ! तुब्भं इय छेयाणं दक्खाणं बुद्धाणं कुसलाणं महामईणं विणीयाणं विण्णाणपत्ताणं उवएसलद्धाणं अहं एरिसाए महालियाए महच्च परिसाए मज्झे उच्चावएहिं आउसेहिं आउसित्तए ? उच्चावयाहिं उद्धंसणाहिं उद्धंसित्तए ? उच्चावयाहिं णिब्भंछणाहिं णिब्भंछित्तए ? उच्चावयाहिं णिच्छोडणाहिं णिच्छोडित्तए ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! તમારા જેવા સમયજ્ઞ, દક્ષ, બુદ્ધ, કુશળ, મહામતિ, વિનીત, વિજ્ઞાની, ઉપદેશલબ્ધ પુરુષને આ આવડી મોટી મહાસભા વચ્ચે મારો અનેક પ્રકારના આક્રોશપૂર્ણ વચનોથી આક્રોશ કરવો, અનાદર સૂચક વચનોથી અનાદર કરવો, અવહેલનાના શબ્દોથી અવહેલના કરવી અને કઠોર વચનથી(મને) ગમે તેમ કહેવું શું ઠીક કહેવાય ?

**૮૬** **तए णं केसी कुमारसमणे पएसिं रायं एवं वयासी– जाणासि णं तुमं पएसी ! कइ परिसाओ पण्णत्ताओ ?**

**भंते ! जाणामि, चत्तारि परिसाओ पण्णत्ताओ, तं जहा– खत्तियपरिसा, गाहावइपरिसा, माहणपरिसा, इसिपरिसा ।**

**जाणामि णं तुमं पएसी ! एयासिं चउण्हं परिसाणं कस्स का दंडणीई पण्णत्ता ? हंता ! जाणामि । जे णं खत्तियपरिसाए अवरज्झइ से णं हत्थच्छिण्णए**

**वा, पायच्छिण्णए वा, सीसच्छिण्णए वा, सूलाइए वा एगाहच्चे कूडाहच्चे जीवीयाओ ववरोविज्जइ । जे णं गाहावइपरिसाए अवरज्झइ से णं तएण वा, वेढेण वा, पलालेण वा, वेढेत्ता अगणिकाएणं झामिज्जइ । जे णं माहणपरिसाए अवरज्झइ से णं अणिट्ठाहिं अकंताहिं** *जाव* **अमणामाहिं वग्गूहि उवालंभित्ता कुंडियालंछणए वा सूणगलंछणए वा कीरइ, णिव्विसए वा आणविज्जइ। जे णं इसिपरिसाए अवरज्झइ से णं णाइअणिट्ठाहिं** *जाव* **णाइअमणामाहिं वग्गूहिं उवालब्भइ ।**

**एवं च ताव पएसी ! तुमं जाणासि तहा वि णं तुमं ममं वामं वामेणं, दंडं दंडेणं, पडिकूलं पडिकूलेणं, पडिलोमं पडिलोमेणं, विविच्चासं विविच्चासेणं वट्टसि ।**

**ભાવાર્થ :–** પ્રદેશી રાજાનો ઉપાલંભ સાંભળ્યા પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! તું જાણે છે પરિષદા કેટલી હોય છે ? પ્રદેશી– જી હા. હું જાણુ છું. ચાર પ્રકારની પરિષદા હોય છે– (૧) ક્ષત્રિય પરિષદા (૨) ગાથાપતિ પરિષદા (૩) બ્રાહ્મણ પરિષદા (૪) ઋષિ પરિષદા.

**કેશીકુમાર શ્રમણ–** પ્રદેશી ! તું એ પણ જાણે છે કે આ ચાર પરિષદાઓના અપરાધીઓને માટે કઈ દંડનીતિ છે ? **પ્રદેશી–** હા, જાણું છું. ક્ષત્રિય પરિષદાના અપરાધીના હાથ, પગ, માથું કાપી નાખવામાં આવે, શૂળી પર ચઢાવવામાં આવે, એક જ તીક્ષ્ણ પ્રહારથી તેને મારી નાખવામાં આવે છે.

ગાથાપતિ પરિષદાના અપરાધીને ઝાડની છાલ, તૃણાદિના દોરડા કે પલાલમાં લપેટીને(બાંધીને) અગ્નિમાં સળગાવી દેવામાં આવે છે. બ્રાહ્મણ પરિષદના અપરાધીને અનિષ્ટ, અપ્રિય તથા અમનોહર શબ્દોથી ઉપાલંભ આપીને, તપાવેલા લોખંડના સળીયાથી ડામ આપીને અથવા અપરાધી-પાપીના લક્ષણથી ચિહ્નિત કરીને અર્થાત્ કાળા કપડા પહેરાવીને દેશનિકાલની આજ્ઞા આપવામાં આવે છે. ઋષિ પરિષદના અપરાધીને ન અતિ અનિષ્ટ ***યાવત્*** ન અતિ અમનોજ્ઞ શબ્દો દ્વારા ઉપાલંભ આપવામાં આવે છે.

**કેશીકુમાર શ્રમણ–** પૂર્વોક્ત દંડનીતિ જાણવા છતાં પણ હે પ્રદેશી ! તું મારી સાથે વિરુદ્ધમાં વિરુદ્ધ રીતે, ઉદંડમાં ઉદંડ રીતે, પ્રતિકૂળમાં પ્રતિકૂળ અને વિપરીતમાં વિપરીત રીતે વર્તી રહ્યો છે.

**૮૭ तए णं पएसी राया केसिं कुमारसमणं एवं वयासी– एवं खलु अहं देवाणुप्पिए हिं पढमिल्लुएणं चेव वागरणेणं संलत्ते, तए णं ममं इमेयारूवे अज्झत्थिए** *जाव* **संकप्पे समुपज्जित्था– जहा जहा णं एयस्स पुरिसस्स वामं वामेणं** *जाव* **विवच्चासं विवच्चासेणं वट्टिस्सामि तहा तहा णं अहं णाणं च णाणोवलंभं च करणं च करणोवलंभं च दंसणं च दंसणोवलंभं च जीवं च जीवोवलंभं च उवलभिस्सामि । तं एएणं कारणेणं अहं देवाणुप्पियाणं वामं वामेणं** *जाव* **विवच्चासं विवच्चासेणं वट्टिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ પોતાના મનોગત ભાવોને વ્યક્ત કરતાં કેશી કુમારશ્રમણને કહ્યું કે હે ભગવન્ ! આપની સાથેના પ્રથમ વાર્તાલાપ સમયે જ મારા મનમાં વિચાર આવ્યો હતો કે આ પુરુષ સાથે હું જેમ-જેમ વિરુદ્ધમાં વિરુદ્ધ તથા વિપરીતમાં વિપરીત રીતે વર્તીશ, તેમ-તેમ હું વધુમાં વધુ સારી રીતે જ્ઞાનના સ્વરૂપને સમજીશ તથા જ્ઞાનના લાભને પ્રાપ્ત કરીશ, તે જ રીતે કરણ–ચારિત્ર તથા ચારિત્રના લાભને, દર્શન તથા દર્શનના લાભને, જીવના સ્વરૂપને તથા જીવના સ્વરૂપની પ્રાપ્તિના લાભને

પ્રાપ્ત કરીશ. હે દેવાનુપ્રિય ! તેથી જ હું તમારી સાથે વિરુદ્ધ તથા વિપરીત રીતે વર્ત્યો છું.

**૮૮** **तए णं केसी कुमारसमणे पएसीरायं एवं वयासी– जाणासि णं तुमं पएसी ! कइ ववहारगा पण्णत्ता ? हंता जाणामि। चत्तारि ववहारगा पण्णत्ता–देइ णामेगे णो सण्णवेइ। सण्णवेइ णामेगे णो देइ । एगे देइ वि सण्णवेइ वि । एगे णो देइ णो सण्णवेइ ।**

**जाणासि णं तुमं पएसी! एएसिं चउण्हं पुरिसाणं के ववहारी के अव्ववहारी? हंता जाणामि ! तत्थ णं जे से पुरिसे देइ णो सण्णवेइ, से णं पुरिसे ववहारी । तत्थ णं जे से पुरिसे णो देइ सण्णवेइ, से णं पुरिसे ववहारी । तत्थ णं जे से पुरिसे देइ वि सण्णवेइ वि से पुरिसे ववहारी । तत्थं णं जे से पुरिसे णो देइ णो सण्णवेइ से णं अव्ववहारी । एवामेव तुमं पि ववहारी, णो चेव णं तुमं पएसी अव्ववहारी ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! શું તું જાણે છે કે વ્યવહાર કરનારના કેટલા પ્રકાર હોય છે ?

**પ્રદેશી–** હા, હું જાણું છું કે વ્યવહાર કરનાર ચાર પ્રકારના હોય છે. યથા– (૧) કેટલાક લોકો અન્યને કાંઈક આપે છે પણ મીઠી ભાષા બોલી સંતોષકારક વ્યવહાર કરતા નથી. (૨) કેટલાક લોકો મીઠી ભાષા બોલી, સંતોષકારક વ્યવહાર કરે છે પણ તેને કશું આપતા નથી. (૩) કેટલાક લોકો અન્યને કાંઈક આપે છે અને મીઠી ભાષા બોલી, સંતોષકારક વ્યવહાર પણ કરે છે. (૪) કેટલાક લોકો અન્યને કશું આપતા પણ નથી અને મીઠી ભાષા બોલી સંતોષકારક વ્યવહાર પણ કરતા નથી.

**કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! તું જાણે છે કે આ ચાર પ્રકારના પુરુષોમાંથી વ્યવહારી(વ્યવહાર કુશળ) કોણ કહેવાય ? અને અવ્યવહારી(વ્યવહાર શૂન્ય) કોણ કહેવાય ?

**પ્રદેશી–** હા ભગવાન ! હું જાણું છુ કે તેમાંથી (૧) જે આપે છે પણ મીઠી વાણી બોલતા નથી, તે વ્યવહારી છે. (૨) જે આપતા નથી પણ મીઠી વાણીથી બોલે છે તે પણ વ્યવહારી છે (૩) જે આપે પણ છે અને મીઠી વાણી બોલે પણ છે તે વ્યવહારી છે. આ ત્રણ વ્યવહાર કુશળ છે અને જે આપતા પણ નથી અને મીઠી વાણી બોલી સંતોષકારક વ્યવહાર કરતા નથી, તે અવ્યવહારી છે.

**કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! તું વ્યવહારી છો, અવ્યવહારી નથી અર્થાત્ હે પ્રદેશી ! તું સારી રીતે બોલીને મને સંતોષ આપતો નથી તો પણ તને મારા પ્રત્યે ભક્તિ–બહુમાન છે માટે પ્રથમ ભંગના પુરુષની જેમ તું વ્યવહારી છે.(કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને પહેલાં કઠિયારાના દષ્ટાંતે મૂર્ખ કહ્યો હતો અને પછી જ્યારે રાજાએ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનો હેતુ પ્રકટ કર્યો ત્યારે શુદ્ધભાવોના કારણે તેને વ્યવહારી કહ્યો છે.)

### જીવને કાઢી બતાવવાનો નવમો તર્ક :–

**૮૯** **तए णं पएसी राया केसीकुमारसमणं एवं वयासी– तुज्झे णं भंते ! इय छेया दक्खा *जाव* उवएसलद्धा, समत्था णं भंते! ममं करयलंसि व्व आमलयं, जीवं सरीराओ अभिणिवट्टित्ताणं उवदंसित्तए ?**

**ભાવાર્થ :–** ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવન્ ! તમો સમયજ્ઞ, દક્ષ

***યાવત્*** ઉપદેશ લબ્ધ છે, તો હે ભગવન્ ! શું તમે મને હથેળીમાં રાખેલા આમળાની જેમ જીવને શરીરમાંથી બહાર કાઢીને પ્રત્યક્ષ બતાવી શકશો ?

**હવાના દષ્ટાંતે જવાબ :–**

**૯૦** **तेणं कालेणं तेणं समएणं पएसिस्स रण्णो अदूरसामंते वाउयाए संवुत्ते, तणवणस्सइकाए एयइ वेयइ चलइ फंदइ घट्टइ उदीरइ, तं तं भावं परिणमइ ।**

**तए णं केसी कुमारसमणे पएसीरायं एवं वयासी–पाससी णं तुमं पएसी राया! एयं तणवणस्सइं एयंतं** *जाव* **तं तं भावं परिणमंतं ? हंता पासामि ।**

**जाणासि णं तुमं पएसी ! एयं तणवणस्सइकायं किं देवो चालेइ, असुरो वा चालेइ, णागो वा, किण्णरो वा चालेइ, किंपुरिसो वा चालेइ, महोरगो वा चालेइ, गंधव्वो वा चालेइ ? हंता जाणामि– णो देवो चालेइ** *जाव* **णो गंधव्वो चालेइ, वाउयाए चालेइ ।**

**पाससि णं तुमं पएसी ! एयस्स वाउकायस्स सरूविस्स सकम्मस्स सरागस्स समोहस्स सवेयस्स सलेसस्स ससरीरस्स रूवं ? णो तिणट्ठे समट्ठे ।**

**जइ णं तुमं पएसी राया ! एयस्स वाउकायस्स सरूविस्स** *जाव* **ससरीरस्स रूवं ण पाससि तं कहं णं पएसी ! तव करयलंसि व्व आमलगं जीवं उवदंसिस्सामि ?**

**ભાવાર્થ :–** પ્રદેશી રાજા ત્યાં બેઠા હતા જે સમયે તેણે જીવ બતાવવાનું કહ્યું તે સમયે અર્થાત્ પ્રદેશીએ પ્રશ્ન કર્યો તેટલામાં જ તેની નજીક જોરથી પવન વાવા લાગ્યો, તેથી તૃણ, વનસ્પતિ હલવા લાગી, કંપવા લાગી, ડોલવા લાગી, ફરફરવા લાગી, પરસ્પર અથડાવા લાગી, નમવા લાગી અને નવા નવા આકારે ઊડવા લાગી.

તે સમયે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું– પ્રદેશી ! તૃણ, વનસ્પતિ હલવા લાગી છે ***યાવત્*** નવા નવા આકારે ઉડવા લાગી છે, તે તને દેખાય છે ?

**પ્રદેશી**– હા, હું ભગવન્ ! તે મને દેખાય છે.

**કેશીકુમાર શ્રમણ**– હે પ્રદેશી ! આ તૃણ વનસ્પતિને દેવ, અસુર, નાગકુમાર, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ કોણ હલાવે છે ? તે તું જાણે છે ?

**પ્રદેશી**– હા, હું જાણું છું. તેને કોઈ દેવાદિ હલાવતા નથી પણ વાયુ(પવન) હલાવે છે.

**કેશીકુમાર શ્રમણ**– હે પ્રદેશી ! સરૂપી, મૂર્ત, સકર્મ, સરાગી, સમોહી, સવેદી, સલેશી અને સશરીરી એવા વાયુકાયના રૂપને શું તું જોઈ શકે છે ?

**પ્રદેશી**– હે ભગવન્ ! તેમ શક્ય નથી અર્થાત્ હું તેને જોઈ શકતો નથી.

**કેશીકુમાર શ્રમણ**– હે પ્રદેશી રાજા ! જો તું સરૂપી ***યાવત્*** સશરીરી એવા વાયુકાયના રૂપને જોઈ શકતો નથી, તો હે પ્રદેશી ! ઇન્દ્રિયાતીત અને અમૂર્ત જીવને હું હાથમાં રહેલા આંબળાની જેમ તને કેવી રીતે દેખાડી શકું ?

**૯૧** **एवं खलु पएसी ! दस ट्ठाणाइं छउमत्थे मणुस्से सव्वभावेणं ण जाणइ ण**

**पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीरबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं, वायं, अयं जिणे भविस्सइ वा, णो वा भविस्सइ, अयं सव्वदुक्खाणं अंतं करिस्सइ वा णो वा करिस्सइ । एयाणि चेव उपण्णणाणदंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ तं जहा– धम्मत्थिकायं** *जाव* **णो वा करिस्सइ । तं सद्दहाहि णं तुमं पएसी ! जहा– अण्णो जीवो, तं चेव ।**

**ભાવાર્થ :–** હે પ્રદેશી ! છદ્મસ્થ જીવ દશ સ્થાનને સંપૂર્ણપણે જાણતા નથી અને જોતા નથી. તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય (૪) જીવ(શરીર રહિત જીવ) (૫) પરમાણુ પુદ્ગલ, (૬) શબ્દ, (૭) ગંધ, (૮) વાયુ, (૯) આ જીવ જિન થશે કે નહીં ? (૧૦) આ જીવ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં ? સંપૂર્ણ જ્ઞાન-દર્શનના ધારક એવા અર્હંત, જિન, કેવળી ધર્માસ્તિકાય ***યાવત્*** આ જીવ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં વગેરે દસ પદાર્થોને જાણે અને જુએ છે. માટે હે પ્રદેશી ! તું શ્રદ્ધા રાખ કે જીવ અને શરીર બંને જુદા-જુદા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વાયુના દષ્ટાંતથી આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરી છે.

છ દ્રવ્યમાંથી એક પુદ્ગલ દ્રવ્ય જ રૂપી છે. પુદ્ગલ દ્રવ્યરૂપી હોવા છતાં કેટલાક સૂક્ષ્મ પુદ્ગલસ્કંધો છદ્મસ્થોને પ્રત્યક્ષ થતાં નથી. જેમ કે વાયુકાયિક જીવોનું શરીરરૂપી પૌદ્ગલિક અને આઠસ્પર્શી છે. તેમ છતાં તે ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય નથી.

આત્મા તો અરૂપી દ્રવ્ય છે. તેથી તે કોઈ પણ ઇન્દ્રિય દ્વારા જાણી શકાતો નથી. છદ્મસ્થોના ઇન્દ્રિયજન્ય જ્ઞાનની મર્યાદા હોવાથી સૂત્રોક્ત દશ પદાર્થોને તે પ્રત્યક્ષ જાણી શકતા નથી.

**હાથી–કંથવાની અસમાનતાનો દસમો તર્ક :–**

**૬૨ तए णं से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी– से णूणं भंते ! हत्थिस्स कुंथुस्स य समे चेव जीवे ? हंता पएसी ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे ?**

**से णूणं भंते ! हत्थीओ कुंथू अप्पकम्मतराए चेव अप्पकिरियतराए चेव अप्पासवतराए चेव एवं आहार-णीहार-उस्सास-णीसास-इड्ढी-मह-ज्जुइए अप्पतराए चेव, एवं च कुंथुओ हत्थी महाकम्मतराए चेव महाकिरियतराए** *जाव* **महाजुइयतराए चेव ?**

**हंता पएसी ! हत्थीओ कुंथू अप्पकम्मतराए चेव** *जाव* **अप्पजुइयतराए चेव कुंथुओ वा हत्थी महा कम्मतराए चेव** *जाव* **महज्जुइयतराए चेव । कम्हा णं भंते ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવન્ ! શું હાથી અને કંથવાનો જીવ એક સમાન છે ?

**કેશીકુમાર શ્રમણ–** હા, પ્રદેશી ! હાથી અને કંથવાનો જીવ એક સમાન છે.

**પ્રદેશી–** હે ભગવન્ ! શું હાથી કરતાં કંથવો અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પ આશ્રવવાળો છે ? તે જ રીતે

તેના આહાર, નિહાર, શ્વાસોશ્વાસ, ઋદ્ધિ–શારીરિક બળ, દ્યુતિ આદિ પણ અલ્પ છે અને તે જ રીતે શું કંથવા કરતા હાથી મહાકર્મ, મહાક્રિયાવાળો ***યાવત્*** અધિક દ્યુતિ સંપન્ન છે ?

**કેશીકુમાર શ્રમણ–** હા પ્રદેશી ! તેમ જ છે. હાથી કરતા કંથવો અલ્પ કર્મવાળો અને કંથવાથી હાથી મહાકર્મવાળો છે. **પ્રદેશી–** તો પછી હે ભગવન્ ! હાથી અને કંથવાનો જીવ એક સમાન કેવી રીતે હોઈ શકે ? (જો હાથી અને કંથવાના જીવ એક સમાન હોય તો નાના-મોટા શરીરમાં કેમ સમાઈ શકે ?)

**દીપ-પ્રકાશના દૃષ્ટાંતે જવાબ :–**

**९३ पएसी ! जहाणामए कूडागारसाला सिया** *जाव* **गंभीरा, अह णं केइ पुरिसे जोइं च दीवं च गहाय तं कूडागारसालं अंतो-अंतो अणुपविसइ, तीसे कूडागारसालए सव्वओ समंता घणणिचियणिरंतराणि णिच्छिड्डाइं दुवारवयणाइं पिहेइ, तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए तं पईवं पलीवेज्जा, तए णं से पईवे तं कूडागारसालं अंतो-अंतो ओभासइ उज्जोवेइ तवइ पभासेइ, णो चेव णं बाहिं ।**

**अह णं पुरिसे तं पईवं इड्डरएणं पिहेज्जा, तए णं से पईवे तं इड्डरयं अंतो ओभासेइ, णो चेव णं इड्डरगस्स बाहिं, णो चेव णं कूडागारसालाए बाहिं । एवं गोकिलिंजेणं, पच्छिपिडएणं गंडमाणियाए, आढएणं, अद्धाढएणं, पत्थएणं, अद्धपत्थएणं, कुलवेणं, अद्धकुलवेणं, चाउब्भाइयाए, अट्ठभाइयाए, सोलसियाए, बत्तीसियाए, चउसट्ठियाए । अह णं से पुरिसे तं पदीवं दीवचंपएणं पिहेज्जा तए णं से पदीवे दीवचंपगस्स अंतो ओभासइ, णो चेव णं दीवचंपगस्स बाहिं, णो चेव णं चउसट्ठियाए बाहिं** *जाव* **णो चेव णं कूडागारसालाए बाहिं।**

**एवामेव पएसी ! जीवे वि जं जारिसयं पुव्वकम्मणिबद्धं बोंदिं णिव्वत्तेइ तं असंखेज्जेहिं जीवपएसेहि सचित्तं करेइ खुड्डियं वा महालियं वा । तं सद्दहाहि णं तुमं पएसी ! जहा– अण्णो जीवो अण्णं सरीरे, णो तज्जीवो तं सरीरं ।**

**ભાવાર્થ :–** હે પ્રદેશી ! કોઈ પુરુષ હાથમાં દીપક લઈને શિખરના આકારવાળી ઊંડી એવી કૂટાગાર શાળામાં પ્રવેશીને, ચારેબાજુથી ક્યાંય અંતર ન રહે, છિદ્ર ન રહે, તેમ સઘન રીતે દરવાજા બંધ કરી દે. ત્યાર પછી કૂટાગાર શાળાની મધ્યમાં દીપક મૂકે અને તેને પ્રગટાવે, તો તે દીપક કૂટાગાર શાળાના અંદરના ભાગને પ્રકાશિત કરે છે, ઉદ્યોતિત, તાપિત અને પ્રભાસિત કરે છે, પરંતુ કૂટાગારની બહાર તેનો પ્રકાશ જતો નથી.

હવે કોઈ પુરુષ તે દીપકને મોટા ટોપલાથી ઢાંકી દે, તો તે દીપક ટોપલાની અંદરના ભાગને પ્રકાશિત કરશે પરંતુ બહાર પ્રકાશ આવશે નહીં. તે જ રીતે ગોકિલીંજ–ગાયને ખાણ આપવાનો સુંડલો, પક્ષિપિટક–પક્ષીના પીંજરાના આકારવાળું પાત્ર, ગંડમણિકા, આઢક, અર્ધાઢક, પ્રસ્થક, અર્ધપ્રસ્થક, કુડવ, અર્ધકુડવ(આ સાત નામ અનાજ માપવાના પાત્ર વિશેષના છે.) ચતુર્ભાગિકા, અષ્ટભાગિકા, ષોડશિકા, દ્વાત્રિંશતિકા, ચતુષ્ષટિકા(આ પાંચ નામ પ્રવાહી–તરલ પદાર્થો માપવાના પાત્ર વિશેષના છે.) અને દીપ ચંપક– દીપકના ઢાંકણાથી તે દીપકને ઢાંકી દેવામાં આવે, તો જે-જે પાત્ર ઢાંક્યા હોય તેની

અંદરના ભાગમાં જ તે પ્રકાશ રહે છે અને તે પ્રકાશ ઢાંકેલા પાત્રની બહાર આવતો નથી. અર્થાત્ દીપક ઉપર મોટું પાત્ર ઢાંક્યું હોય તો તે મોટા પાત્ર જેવડા મોટા ક્ષેત્રમાં પ્રકાશ સમાઈ જાય છે અને નાનું વાસણ ઢાંક્યું હોય તો નાના પાત્ર જેવડા નાના ક્ષેત્રમાં પણ તે પ્રકાશ સમાય જાય છે.

તે જ પ્રમાણે હે પ્રદેશી ! પૂર્વકર્મના આધારે જીવને જે શરીર મળે તેમાં જીવના અસંખ્યાત પ્રદેશો સંકોચાઈને કે વિસ્તૃત થઈને સમાય જાય છે. નાનું શરીર હોય તો આત્મપ્રદેશો સંકોચાઈ જાય, મોટું શરીર હોય તો આત્મપ્રદેશો ફેલાઈ જાય છે. માટે હે પ્રદેશી ! તું શ્રદ્ધા રાખ કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે પરંતુ જીવ અને શરીર એક નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કેશીસ્વામીએ હાથી અને કુંથવામાં અલ્પકર્મ-મહાકર્મ આદિ ભિન્નતા હોવા છતાં આત્માની સમાનતાની સિદ્ધિ કરી છે.

હાથી અને કુંથવા બંને આત્મા એક સમાન છે. તેમ છતાં તે બંને જીવોમાં ઇન્દ્રિયની ભિન્નતા છે. કુંથવા તેઇન્દ્રિય અને મનરહિત છે પરંતુ હાથી પંચેન્દ્રિય અને મનસહિત છે. સર્વ જીવો આત્મપ્રદેશોની અપેક્ષાએ એક સમાન હોવા છતાં તેની પાસે પાપ કરવા માટેના સાધનરૂપ ઇન્દ્રિય, મન, શરીર આદિ અધિક હોય તો તે વધુ કર્મ બાંધે છે, વધુ ક્રિયા કરે છે. તેથી જ કુંથવા કરતા હાથીનો જીવ મહાકર્મ, મહાક્રિયા અને મહાશ્રવવાળો હોય છે અને હાથી કરતા કુંથવાનો જીવ અલ્પક્રિયા, અલ્પકર્મ, અલ્પાશ્રવવાળો હોય છે.

આ રીતે ક્રિયા અને કર્મબંધનનો આધાર જીવની અવગાહના હોય, તે સામાન્ય વાત છે પરંતુ તેને પ્રાપ્ત થયેલી ઇન્દ્રિય અને મન આદિના આધારનો મહત્ત્વ વધુ હોય છે. તેથી જ શ્રી ભગવતીસૂત્ર શતક–૨૪ અનુસાર અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિય જીવ મનરૂપ સાધનના સંયોગે મહાન કર્મબંધ કરીને સાતમી નરકમાં ચાલ્યા જાય છે. આજ કારણે કથાગ્રંથોમાં તંદુલમત્સ્ય દ્વારા સાતમી નરક યોગ્ય કર્મ બંધ કરવાનો દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

આજ રીતે કેશીશ્રમણે હવાના દૃષ્ટાંતથી એ સ્પષ્ટ કર્યું કે જેમ હવાને પ્રત્યક્ષ આંખોથી જોઈ શકાતી નથી, છતાં તેને અનુભવથી સ્વીકાર કરવામાં આવે છે. તેમજ આત્મ તત્ત્વ હવાથી પણ અતિ સૂક્ષ્મ છે અર્થાત્ હવાને તો સૂક્ષ્મપણે રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ હોય જ છે પરંતુ જીવાત્માને તો રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ હોતા નથી. તે તો અરૂપી અને ગંધ, રસ, સ્પર્શ આદિથી રહિત, નિરંજન, નિરાકાર હોય છે માટે તેને પ્રત્યક્ષ જોવાનો આગ્રહ સ્પષ્ટપણે અયોગ્ય છે. આમળાની જેમ હથેળીમાં જોવાનું સંકલ્પ પણ ઉચિત નથી. તેમજ તે અરૂપી આત્માને જોવા માટે કોઈના શરીરના ટુકડે ટુકડા કરી તેમાં આત્માને શોધવું એ પણ મૂર્ખ કઠિયારાની અનુભવ હીનતાની સમાન નાદાની છે. આ રીતે આ સૂત્રમાં પ્રદેશી રાજાના દૃષ્ટાંત દ્વારા સમસ્ત નાસ્તિક વિચાર ધારાવાળાઓને સરળ અને વિસ્તૃત સમાધાનોના માધ્યમે સુંદર અને સત્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પાઠકગણ આ સંવાદના માધ્યમે પોતાની આસ્તિકતાને દૃઢ કરીને અન્ય અનેક જિજ્ઞાસુઓને પણ આસ્તિકતાનું સુંદર માર્ગદર્શન આપી શકે છે.

**પરંપરાગત માન્યતા નહીં છોડવાનો આગ્રહ :–**

**૯૪ तए णं पएसी राया केसिं कुमारसमणं एवं वयासी– एव खलु भंते ! मम अज्जगस्स एस सण्णा** *जाव* **समोसरणे जहा– तज्जीवो तं सरीरं, णो अण्णो जीवो अण्णं**

**सरीरं । तयाणंतरं च णं मम पिउणो वि एस सण्णा, तयाणंतरं मम वि एसा सण्णा** *जाव* **समोसरणं, तं णो खलु अहं बहुपुरिसपरंपरागयं कुलणिस्सियं दिट्ठिं छंडेस्सामि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું– હે ભગવન્ ! મારા પિતામહના એવા જ વિચાર, એવોજ સિદ્ધાંત અને એવી જ માન્યતા હતી કે જે જીવ છે તે જ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે. જીવ શરીરથી ભિન્ન નથી અને શરીર જીવથી ભિન્ન નથી. ત્યાર પછી મારા પિતાના પણ એવા જ વિચાર અને એવી જ માન્યતા હતી અને મારા પણ એવા જ વિચાર અને એવી જ માન્યતા છે. અનેક પેઢીઓની કુળ પરંપરાથી ચાલી આવતી આ માન્યતાને હું છોડીશ નહીં.

**લોહવણિકના દષ્ટાંત દ્વારા પ્રદેશીને સદ્બોધ :–**

**૯૫ तए णं केसी कुमारसमणे पएसिरायं एवं वयासी– मा णं तुमं पएसी ! पच्छाणुताविए भवेज्जासि, जहा व से पुरिसे अयहारए । के णं भंते । से अयहारए ?**

**पएसी ! से जहाणामए केई पुरिसा अत्थत्थी, अत्थगवेसी, अत्थलुद्धगा, अत्थकंखिया, अत्थपिवासिया अत्थगवेसणयाए विउलं पणियभंडमायाए सुबहुं भत्तपाणपत्थयणं गहाय एगं महं अगामियं छिण्णावायं दीहमद्धं अडविं अणुपविट्ठा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– હે પ્રદેશી ! પેલા લોખંડના ભારને વહન કરનાર લોહવણિકની જેમ તારે પસ્તાવું ન પડે, તેનું તું ધ્યાન રાખજે. **પ્રદેશી–** હે ભગવન્ ! તે લોહવણિક કોણ હતો ? તેને શા માટે પસ્તાવું પડ્યું ?

**કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! કેટલાક ધનના અર્થી, ધનના ગવેષક, ધનના લોભી, ધનની આકાંક્ષાવાળા, ધનપિપાસુ પુરુષો ધનની શોધમાં(ધન કમાવા) વિપુલ પ્રમાણમાં કરિયાણું ભરીને, સાથે ઘણું ભાતું લઈને નીકળ્યા અને નિર્જન નિરાપદ, લાંબી અટવીમાં જઈ ચડ્યા.

**૯૬ तए णं ते पुरिसा तीसे अगामियाए अडवीए कंचि देसं अणुप्पत्ता समाणा एगमहं अयागरं पासंति, अएणं सव्वओ समंता आइण्णं विच्छिण्णं सच्छडं उवच्छडं फुडं गाढ पासंति हट्ठतुट्ठ** *जाव* **हियया अण्णमण्णं सद्दावेंति एवं वयासी– एस णं देवाणुप्पिया ! अयभंडे इट्ठे कंते** *जाव* **मणामे तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं अयभारयं बंधित्तए त्ति कट्टु अण्णमण्णस्स एयमट्ठं पडिसुणेंति अयभारं बंधंति बंधित्ता अहाणुपुव्वीए संपत्थिया।**

**ભાવાર્થ :–** તે અટવીમાં આગળ વધતા તેઓએ ત્યાં ચારે બાજુ ઘણું લોઢું દટાયેલું હોય તેવી વિશાળ, ઊંડી, પૂંજીભૂત અને સ્પષ્ટ દેખાતી એક લોખંડની ખાણ જોઈ. ખાણ જોતા જ હર્ષિત હૃદયે તેઓએ એકબીજાને કહ્યું– આ લોઢું આપણા માટે ઈષ્ટ, પ્રિય તથા મનોજ્ઞ છે અર્થાત્ વિશેષ ઉપયોગી છે, માટે હે દેવાનુપ્રિય ! આ લોખંડને અહીંથી લઈ જવું શ્રેયકારી છે. આ પ્રમાણે પરસ્પર વિચાર વિનિમય કરીને તેઓએ ત્યાંથી લોખંડ લઈ લીધું અને ક્રમશઃ આગળ ચાલવા લાગ્યા.

**૯૭ तए णं ते पुरिसा अगामियाए** *जाव* **अडवीए किंचि देसं अणुपत्ता समाणा एगं महं तउआगरं पासंति, तउएणं आइण्णं तं चेव** *जाव* **सद्दावेत्ता एवं वयासी–**

**एस णं देवाणुप्पिया! तउयभंडे** *जाव* **मणामे, अप्पेणं चेव तउएणं सुबहुं अए लब्भइ, तं सेयं खलु देवाणुप्पिया! अयभारए छड्डेत्ता तउय भारए बंधित्तए ति कट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणेंति, अयभारं छड्डेंति तउयभारं बंधंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી નિર્જન એવી તે અટવીમાં આગળ વધતા તે પુરુષોએ ઘણું સીસું દટાયેલું હોય તેવી એક મોટી સીસાની ખાણ જોઈ– પહેલાની જેમ જ તેઓએ પરસ્પર મળીને વિચાર કર્યો કે આ સીસું આપણા માટે ઈષ્ટ છે તથા વધુ ઉપયોગી છે. થોડા સીસાના બદલામાં ઘણું લોઢું મળે, લોઢા કરતાં સીસું બહુમૂલ્ય છે, માટે આપણે લોઢું અહીં મૂકી દઈએ અને સીસું લઈ લઈએ. આ પ્રમાણે વિચાર વિનિમય કરીને તેઓએ લોખંડને ત્યાં મૂકી દીધું અને સીસાના ભારને લઈ લીધા.

**९८ तत्थ णं एगे पुरिसे णो संचाएइ अयभारं छड्डेत्तए तउयभारं बंधित्तए । तए णं से पुरिसा तं पुरिसं एवं वयासी– एस णं देवाणुप्पिया ! तउयभंडे** *जाव* **सुबहुं अए लब्भति, तं छड्डेहि णं देवाणुप्पिया ! अयभारगं, तउयभारगं बंधाहि ।**

**तए से पुरिसे एवं वयासी–दूराहडे मे देवाणुप्पिया! अए, चिराहडे मे देवाणुप्पिया! अए, अइगाढबंधणबद्धे मे देवाणुप्पिया! अए, असिढिलबंधणबद्धे मे देवाणुप्पिया! अए, धणियबंधणबद्धे मे देवाणुप्पिया! अए, णो संचाएमि अयभारगं छड्डेत्ता तउयभारगं बंधित्तए । तए णं ते पुरिसा तं पुरिसं जाहे णो संचायंति बहूहिं आघवणाहि य पण्णवणाहि य आघवित्तए वा पण्णवित्तए वा तया अहाणुपुव्वीए संपत्थिया, तंबागरं, रुप्पागरं सुवण्णागरं रयणागरं वइरागरं ।**

**ભાવાર્થ :–** તે બધામાંથી એક પુરુષ લોઢાના ભારને છોડી સીસાના ભારને બાંધવા તૈયાર થતો ન હતો. ત્યારે તે પુરુષોએ તેને કહ્યું– હે દેવાનુપ્રિય ! થોડા સીસાથી ઘણું લોખંડ મળે છે, લોખંડ કરતાં સીસું બહુમૂલ્ય છે, માટે હે દેવાનુપ્રિય આ લોખંડને અહીં મૂકી દે અને સીસાના ભારને બાંધી લે.

ત્યારે તે પુરુષે કહ્યું– હે દેવાનુપ્રિયો ! આ લોખંડને હું ઘણે દૂરથી ઉપાડીને લાવ્યો છું, આ લોખંડને ઘણા લાંબા સમયથી મેં ઉપાડ્યું છે. હે દેવાનુપ્રિયો ! આ લોખંડના ભારને અતિગાઢ બંધનથી બાંધ્યો છે, હે દેવાનુપ્રિયો ! અશિથિલ બંધનથી બાંધ્યો છે અર્થાત્ ખુલી ન જાય તેમ કસીને બાંધ્યો છે, તેથી આ લોખંડના ભારને મૂકી સીસાના ભારને બાંધવાનું મારાથી શક્ય નથી.

ત્યાર પછી તે પુરુષોએ તેને આખ્યાનની વાણીથી(ઘણા દષ્ટાંતોથી) અને પ્રજ્ઞાપની વાણીથી(સારા નરસાના વિવેકથી) સમજાવ્યો પણ તે માન્યો નહીં, ત્યારે તેઓ ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. ક્રમશઃ આગળ વધતાં-વધતાં તેઓએ તાંબાની ખાણો, ચાંદીની ખાણો, સોનાની ખાણો, રત્નની ખાણો અને વજ્ર (હીરા)ની ખાણો જોઈ.(તેઓ જેમ-જેમ મૂલ્યવાન વસ્તુઓ મળતી ગઈ, તેમ-તેમ અલ્પ કિંમતવાળી વસ્તુઓ છોડી મૂલ્યવાન વસ્તુ લેતા ગયા અને અંતે વજ્ર(હીરા)ને લઈ ચાલ્યા. બધી ખાણો પર પેલા કદાગ્રહી સાથીને સમજાવ્યો પણ તે સમજ્યો નહીં અને લોખંડ લઈને જ ચાલ્યો).

**९९ तए णं ते पुरिसा जेणेव सया जणवया, जेणेव साइं साइं णगराइं, तेणेव उवागच्छंति वइरविक्किणणं करेंति, सुबहुदासीदासगोमहिसगवेलगं गिण्हंति,**

**अट्टतलमूसियवर्डेसगे कारावेंति, ण्हाया** *जाव* **उप्पिं पासायवरगया फुट्टमाणेहिं मुइंगमत्थएहिं बत्तीसइबद्धएहिं णाडएहिं वरतरुणीसंपउत्तेहिं उवणच्चिज्जमाणा उवलालिज्जमाणा इट्ठे सद्द-फरिस** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે પુરુષોએ પોતપોતાના દેશ અને નગરમાં પહોંચીને તે હીરાને વેચ્યા અને ઘણા દાસ, દાસી, ગાય, ભેંસ અને ઘેટાદિને ખરીદયા. આઠ-આઠ માળથી શોભિત શ્રેષ્ઠ મહેલો બંધાવ્યા અને તે મહેલોમાં, સ્નાન કરી ***યાવત્*** મૃદંગાદિ વાદ્યોના સૂરોને સાંભળતા, શ્રેષ્ઠ તરુણીઓ દ્વારા ભજવાતા બત્રીસ પ્રકારના નાટકોને જોતા, ઈષ્ટ શબ્દ, સ્પર્શ વગેરે મનુષ્ય સંબંધી સુખોને ભોગવતા રહેવા લાગ્યા.

**१०० तए णं से पुरिसे अयभारेण जेणेव सए णगरे तेणेव उवागच्छइ, अयभारेणं गहाय अयविक्किणणं करेइ, तंसि अप्पमोल्लंसि णिहियंसि झीणपरिव्वए, ते पुरिसे उप्पिं पासायवरगए** *जाव* **विहरमाणे पासइ, पासित्ता एवं वयासी– अहो ! णं अहं अधण्णो अपुण्णो अकयत्थो अकयलक्खणो हिरिसिरिवज्जिए हीणपुण्णचाउद्दसे दुरंतपंतलक्खणे । जइ णं अहं मित्ताण वा णाईण वा णियगाण वा सुणेंतओ तो णं अहं पि एवं चेव उप्पिं पासायवरगए** *जाव* **विहरंतो ।**

**से तेणट्ठेणं पएसी ! एवं वुच्चइ– मा तुमं पएसी ! पच्छाणुताविए भविज्जासि, जहा व से पुरिसे अयभारिए ।**

**ભાવાર્થ :–** લોખંડને ઉપાડીને લાવનાર તે પુરુષે પણ પોતાના નગરમાં જઈ લોખંડ વેચ્યું અને અલ્પ મૂલ્ય પ્રાપ્ત થવાથી થોડા આહાર, વસ્ત્રાદિની ખરીદીમાં તે ધન પૂરું થઈ ગયું. ત્યાર પછી તેણે પોતાના સાથીઓને શ્રેષ્ઠ મહેલોમાં રહેતા જોયા, તેમનો વૈભવ જોઈને તે પોતાની જાતને નીંદવા લાગ્યો(મનોમન વિચારવા લાગ્યો) કે હું અધન્ય છું, પુણ્યહીન છું, અકૃતાર્થ છું, શુભલક્ષણથી હીન છું, હ્રી–શ્રીથી રહિત છું, હીનપુણ્ય ચૌદશનો જન્મેલો છું, કુલક્ષણી છું કે મિત્ર, જ્ઞાતિજનો અને હિતેચ્છકોની વાત પણ મેં માની નહીં.

હે પ્રદેશી ! તેથી જ મેં કહ્યું પેલા લોખંડના ભારને વહન કરનાર લોહવણિકની જેમ તારે પસ્તાવું ન પડે, તેનું ધ્યાન રાખજે. અર્થાત્ હે પ્રદેશી ! તું તારો દુરાગ્રહ નહીં છોડે, તો તારે પેલા લોહવણિકની જેમ પસ્તાવું પડશે અને દીન હીન થવું પડશે.

**ધર્મોપદેશ શ્રવણ અને વ્રત ગ્રહણ :–**

**१०१ एत्थ णं से पएसी राया संबुद्धे, केसिकुमारसमणं वंदइ** *जाव* **एवं वयासी– णो खलु भंते! अहं पच्छाणुताविए भविस्सामि जहा व से पुरिसे अयभारिए, तं इच्छामि णं देवाणुप्पियाणं अंतिए केवलिपण्णत्तं धम्मं णिसामित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह । धम्मकहा जहा चित्तस्स । तहेव गिहिधम्मं पडिवज्जइ । जेणेव सेयविया णगरी तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણના આ પ્રમાણે સમજાવવાથી આખરે પ્રદેશી રાજા સત્ય સમજી ગયો

અને કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! પેલા લોહવણિકની જેમ મારે પસ્તાવું પડે, તેવું હું નહીં કરું. હું આપ દેવાનુપ્રિય પાસેથી કેવળી પ્રરૂપિત ધર્મ સાંભળવા ઇચ્છું છું.

**કેશીકુમાર શ્રમણ–** હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો પણ વિલંબ ન કરો. આ પ્રમાણે કહીને કેશીકુમાર શ્રમણે ચિત્તની જેમ અહીં પ્રદેશી રાજા વગેરેને મુનિધર્મ અને ગૃહસ્થ ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યાર પછી પ્રદેશી રાજાએ પણ ચિત્ત સારથિની જેમ શ્રાવકના બારવ્રતને અંગીકાર કર્યા અને શ્વેતાંબિકા નગર તરફ જવા તત્પર થયો.

**પ્રદેશી રાજાને વિનય ધર્મ માટે પ્રેરણા :–**

**१०२ तए णं केसी कुमारसमणे पएसिं ! रायं एवं वयासी– जाणासि तुमं पएसी ! कइ आयरिया पण्णत्ता? हंता जाणामि, तओ आयरिआ पण्णत्ता, तंजहा–कलायरिए, सिप्पायरिए, धम्मायरिए । जाणासि णं तुमं पएसी ! तेसिं तिण्हं आयरियाणं कस्स का विणयपडिवत्ती पउंजियव्वा ?**

**हंता जाणामि, कलायरियस्स सिप्पायरिस्स उवलेवणं संमज्जणं वा करेज्जा, पुरओ पुप्फाणि वा आणवेज्जा, मज्जावेज्जा, मंडावेज्जा, भोयावेज्जा वा विउलं जीवियारिहं पीइदाणं दलएज्जा, पुत्ताणुपुत्तियं वित्तिं कप्पेज्जा ।**

**जत्थेव धम्मायरियं पासिज्जा तत्थेव वंदेज्जा णमंसेज्जा सक्कारेज्जा सम्माणेज्जा, कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेज्जा, फासुएसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेज्जा, पाडिहारिएणं पीढ-फलग-सिज्जा संथारएणं उवणिमंतेज्जा ।**

**एवं च ताव तुमं पएसी ! एवं जाणासि तहावि णं तुमं ममं वामेणं** *जाव* **वट्टित्ता ममं एयमट्ठं अखामित्ता जेणेव सेयविया णगरी तेणेव पहारेत्थ गमणाए ?**

**ભાવાર્થ :–** ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું– હે પ્રદેશી ! આચાર્ય કેટલા પ્રકારના હોય, તે શું તું જાણે છે ? **પ્રદેશી–** હા ભગવન્ ! જાણું છું. આચાર્યના ત્રણ પ્રકાર હોય છે– (૧) કલાચાર્ય (૨) શિલ્પાચાર્ય (૩) ધર્માચાર્ય. **કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! આ ત્રણે આચાર્યોમાંથી કોની, કેવી રીતે વિનય પ્રતિપત્તિ કરવી જોઈએ તે શું તું જાણે છે ?

**પ્રદેશી–** હા ભગવન્ ! જાણું છું. કલાચાર્ય અને શિલ્પાચાર્યના શરીર પર ચંદન આદિનો લેપ અને તેલ આદિનું માલિશ કરવું, સ્નાન કરાવવું, પુષ્પ આદિ ભેટ રૂપે ધરવા, કપડાં આદિને સુરભિગંધથી સુગંધિત કરવા, આભૂષણો આદિથી શણગારવા, આદરપૂર્વક જમાડવા, આજીવિકાને યોગ્ય વિપુલ પ્રીતિદાન દેવું અને પુત્રોના પુત્રોનું ભરણપોષણ થઈ શકે તેવી આજીવિકાની વ્યવસ્થા કરવી જોઈએ. ૭૨ કલાનું જ્ઞાન આપનાર કલાચાર્યની અને શિલ્પનું શિક્ષણ આપનાર શિલ્પાચાર્યની આ વિનય પ્રતિપત્તિ છે.

ધર્માચાર્યને જોતાં જ તેમને વંદન-નમસ્કાર કરવા, સત્કાર કરવો, સન્માન કરવું, કલ્યાણ–મંગલ–દેવ સ્વરૂપી તેમની પર્યુપાસના કરવી તથા અચિત્ત અને નિર્દોષ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, આ ચાર પ્રકારના આહારથી પ્રતિલાભિત કરવા, પાઢીયારાં પીઠ, ફલક, શય્યા, સંસ્તારક આદિ ગ્રહણ કરવા

માટે ભાવના ભાવવી જોઈએ. આ ધર્માચાર્યની વિનયપ્રતિપત્તિ છે.

**કેશીકુમાર શ્રમણ–** પ્રદેશી ! તું આ પ્રકારની વિનય પ્રતિપત્તિ જાણતો હોવા છતાં પણ અત્યાર સુધી મારી સાથે જે પ્રતિકૂળ વ્યવહાર તથા પ્રવૃત્તિ કર્યા છે તેની ક્ષમા માગ્યા વિના જ શ્વેતાંબિકા નગરી તરફ જવા માટે કેમ ઉતાવળો થાય છે ?

### સર્વ ઋદ્ધિ સાથે પ્રદેશીનું વંદનાર્થ આગમન :–

**१०३ तए णं से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी– एवं खलु भंते ! मम एयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं देवाणुप्पियाणं वामं वामेणं** *जाव* **वट्टिए, तं सेयं खलु मे कल्लं पाउप्पभाए रयणीए फुल्लुप्पलकमलकोमलुम्मिलियम्मि अहापंडुरे पभाए रत्तासोगकिंसुयं सुयमुह-गुंजद्धरागसरिसे कमलागरणलिणिसंडबोहए, उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते अंतेउरपरियालसद्धिं संपरिवुडस्स देवाणुप्पिए वंदित्तए णमंसित्तए एयमट्ठं भुज्जो-भुज्जो सम्मं विणएणं खामित्तए त्ति कट्टु जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**तए णं से पएसी राया कल्लं पाउप्पभायाए रयणीए** *जाव* **तेयसा जलंते हट्ठतुट्ठ** *जाव* **हियए जहेव कूणिए तहेव णिग्गच्छइ अंतेउरपरियालसद्धिं संपरिवुडे पंचविहेणं अभिगमेणं वंदइ णमंसइ एयमट्ठं भुज्जो भुज्जो सम्मं विणएणं खामेइ ।**

**ભાવાર્થ :–** કેશીકુમાર શ્રમણની આવી ટકોર સાંભળ્યા પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું કે હે ભગવન્ ! અત્યાર સુધી હું આપની સાથે પ્રતિકૂળ વર્ત્યો છું, તે સાચું પરંતુ મારા મનમાં એવો વિચાર ઉદ્‌ભવ્યો છે કે કાલે સવારે રાત્રિ વ્યતીત થાય, પ્રભાતકાલીન કિંચિત્માત્ર પ્રકાશ થાય(પ્રભાતની પ્રથમ અવસ્થા વ્યતીત થઈને), વધુ સ્ફુટ પ્રકાશ થાય અર્થાત્ પ્હો ફાટે, કમળોને વિકસિત કરતું અને મૃગના નયનોને ઈષદ્ ઉન્મીલિત કરતું સોનેરી ઝાંયવાળું શ્વેતવર્ણયુક્ત પ્રભાત થાય ત્યારે તથા રક્ત અશોકવૃક્ષ, પલાશપુષ્પ, પોપટની ચાંચ, ચણોઠીના અર્ધભાગ જેવો લાલ તથા સરોવરવર્તી કમળવનોને વિકસિત કરનાર, પોતાના હજારો કિરણોથી દિવસ વિધાયક, તેજથી દેદીપ્યમાન સૂર્ય ઉદિત થશે ત્યારે અંતઃપુરના પરિવાર સાથે આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર કરવા માટે અને પૂર્વોક્ત અપરાધની વિનયપૂર્વક વારંવાર ક્ષમાપના કરવા માટે આવીશ. આ પ્રમાણે કહીને પ્રદેશી રાજા જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા. ત્યાર પછી બીજે દિવસે, રાત્રિ વ્યતીત થઈ, સૂર્ય પ્રકાશિત થયો ત્યારે અંતઃપુરના પરિવાર સાથે હર્ષિત હૃદયે કોણિક રાજાની જેમ પોતાના ઘરેથી નીકળ્યો. ***યાવત્*** પરિવાર સહિત પાંચ અભિગમપૂર્વક વંદન-નમસ્કાર કરીને, પોતાના અપરાધની(અવિનયની) સમ્યક પ્રકારે વિનયપૂર્વક વારંવાર ક્ષમા યાચના કરી.

**१०४ तए णं केसि कुमारसमणे पएसिस्स रण्णो सूरियकंतप्पमुहाणं देवीणं तीसे य महइमहालियाए महच्चपरिसाए** *जाव* **धम्मं परिकहेइ ।**

**तए णं से पएसी राया धम्मं सोच्चा णिसम्म उट्ठाए उट्ठेइ, केसिकुमारसमणं वंदइ णमंसइ जेणेव सेयविया णगरी तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજા, સૂર્યકન્તા આદિ રાણીઓ અને તે અતિ વિશાળ પરિષદને ***યાવત્*** ધર્મકથા સંભળાવી.

પ્રદેશી રાજા ધર્મદેશના સાંભળીને, હૃદયમાં ધારણ કરી પોતાના આસનથી ઊઠયા અને કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરીને શ્વેતાંબિકા નગરી તરફ જવા માટે તૈયાર થયા.

**વિવેચન :–**

કેશીશ્રમણ દ્વારા નિર્દેશ પ્રાપ્ત થવા છતાં પણ પ્રદેશી રાજાને પોતાનું જીવન પરિવર્તન કરનાર ગુરુની મહત્તા પ્રગટ કરવા પોતાના અપરાધની ક્ષમાયાચના સભાની ઉપસ્થિતિમાં કરવી હતી. તેથી બીજા દિવસે રાજકીય વૈભવ સાથે કેશીશ્રમણ સમક્ષ આવીને ક્ષમાયાચના કરી.

**પ્રદેશીને ધર્મામાં સ્થિર રહેવાનો ઉપદેશ :–**

**૧૦૫ तए णं केसी कुमारसमणे पएसिरायं एवं वयासी– मा णं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविज्जासि, जहा से वणसंडे इ वा, णट्टसाला इ वा इक्खुवाडए इ वा, खलवाडए इ वा । कहं णं भंते ?**

**पएसी ! जयाणं वणसंडे पत्तिए पुप्फिए फलिए हरियगरेरिज्जमाणे सिरीए अईव-अईव उवसोभेमाणे चिट्ठइ, तया णं वणसंडे रमणिज्जे भवइ । जया णं वणसंडे णो पत्तिए, णो पुप्फिए, णो फलिए णो हरियगरेरिज्जमाणे णो सिरीए अईव-अईव उवसोभेमाणे चिट्ठइ। तया णं जुण्णे झडे परिसडिय पंडुपत्ते सुक्करुक्खे इव मिलायमाणे चिट्ठइ, तया णं वणसंडे णो रमणिज्जे भवइ ।**

**ભાવાર્થ :–** ધર્મદેશના સાંભળીને પોતાના સ્થાને જતાં પ્રદેશી રાજાને કેશીકુમાર શ્રમણે કહ્યું– હે પ્રદેશી! વનખંડ, નૃત્યશાળા, શેરડીનો વાઢ અને ખળાના વાડાની જેમ તું પહેલા રમણીય થઈને પછી અરમણીય ન બની જતો.

**પ્રદેશી–** હે ભગવન્ ! વનખંડ વગેરે પહેલા રમણીય થઈને પછી અરમણીય કેવી રીતે થઈ જાય છે ?

**કેશીકુમાર શ્રમણ–** હે પ્રદેશી ! વનખંડ જ્યાં સુધી પાંદડા, ફૂલો, ફળો અને લીલોતરીવાળું હોય, લીલુંછમ અને અતિ શોભાયમાન હોય ત્યાં સુધી રમણીય લાગે છે.

જ્યારે તે વનખંડના વૃક્ષોના પાંદડા ખરી પડે, ફૂલો કરમાઈ જાય, ફળોથી રહિત થઈ જાય, લીલોતરી સુકાય જાય અને શોભારહિત બની જાય ત્યારે ભયાનક ભાસે છે. જીર્ણ-શીર્ણ, ખરી ગયેલા, સડી ગયેલા અને પીળા પડી ગયેલા પાંદડાવાળા સૂકાવૃક્ષ(ઠૂંઠા)ની જેમ તે વન મ્લાન થઈ જાય છે, ત્યારે તે અરમણીય બની જાય છે.

**૧૦૬ जया णं णट्टसाला वि गिज्जइ वाइज्जइ णिच्चिज्जइ हसिज्जइ रमिज्जइ तया णं णट्टसाला रमणिज्जा भवइ । जया णं णट्टसाला णो गिज्जइ** *जाव* **णो रमिज्जइ तया णं णट्टसाला अरमणिज्जा भवइ ।**

**ભાવાર્થ :–** જ્યાં સુધી નૃત્યશાળા ગીતથી ગાજતી હોય, વાંજિત્રો વાગતા હોય(સંગીતના સૂર રેલાતા

હોય) નૃત્ય થતું હોય, હાસ્ય રેલાતું હોય, ક્રીડાઓ થતી હોય, ત્યાં સુધી નૃત્યશાળા રમણીય લાગે છે. તે નૃત્યશાળામાં જ્યારે ગીત બંધ થઈ જાય તથા ક્રીડાઓથી શૂન્ય થઈ જાય ત્યારે તે અરમણીય થઈ જાય છે.

**१०७ जया णं इक्खुवाडे छिज्जइ भिज्जइ सिज्जइ पिज्जइ दिज्जइ तया णं इक्खुवाडे रमणिज्जे भवइ । जया णं इक्खुवाडे णो छिज्जइ** *जाव* **णो दिज्जइ तया णं इक्खुवाडे अरमणिज्जे भवइ ।**

**ભાવાર્થ :–** શેરડીના વાઢ(ખેતર)માં જ્યાં સુધી શેરડી વઢાતી(છેદાતી-ભેદાતી) હોય, ચિચોડામાં પીલાતી હોય, તાજો ગોળ ખવાતો હોય, પસાર થતા લોકો દ્વારા શેરડીનો રસ પીવાતો હોય, મળવા આવનાર લોકોને શેરડી અપાતી હોય ત્યાં સુધી શેરડીનું ખેતર રમણીય લાગે છે. જ્યારે શેરડીના ખેતરમાં ચિચોડો બંધ થાય તથા શેરડી વઢાતી ન હોય ત્યારે તે શેરડીનો વાઢ અરમણીય બની જાય છે.

**१०८ जया णं खलवाडे उच्छुब्भइ उडुइज्जइ मलइज्जइ मुणिज्जइ खज्जइ पिज्जइ दिज्जइ तया णं खलवाडे रमणिज्जे भवइ । जया णं खलवाडे णो उच्छुब्भइ** *जाव* **अरमणिज्जे भवइ ।**

**से तेणट्ठेणं पएसी ! एवं वुच्चइ– मा णं तुमे पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविज्जासि जहा वणसंडे इ वा ।**

**ભાવાર્થ :–** જ્યાં સુધી ખળામાં અનાજના ઢગલાઓ હોય, દાણા છૂટા કરવા કણસલા મસળાતા(ગૂંદાતા) હોય, અનાજ ઉપણાતું હોય(ભૂસું-ફોતરા ઉડાવાતા હોય), પોંકાદિ ખવાતા હોય, લોકોને પોંકાદિ અપાતા હોય ત્યાં સુધી તે ખળું રમણીય લાગે છે.

જ્યારે તે ખળામાંથી ધાન્યાદિના ઢગલા ઉપડી જાય, નવા અનાજ સંબંધી ખાણી-પીણી બંધ થઈ જાય અર્થાત્ લોકોની અવરજવર ન રહે ત્યારે તે ખળું અરમણીય થઈ જાય છે.

હે પ્રદેશી ! તેથી જ મેં તને કહ્યું છે કે પહેલા રમણીય બની પછી અરમણીય ન થઈ જતો અર્થાત્ ધર્મ પ્રવચન પરની શ્રદ્ધાને ટકાવી રાખજે.

**દાનશાળા અને રાજ્ય સંચાલન :–**

**१०९ तए णं पएसी केसिं कुमारसमणं एवं वयासी– णो खलु भंते ! अहं पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविस्सामि, जहा वणसंडे इ वा** *जाव* **खलवाडे इ वा । अहं णं सेयवियाणगरीपमुक्खाइं सत्तगामसहस्साइं चत्तारि भागे करिस्सामि, एगं भागं बलवाहणस्स दलइस्सामि, एगं भागं कुट्ठागारे छुभिस्सामि, एगं भागं अंतेउरस्स दलइस्सामि, एगेणं भागेणं महतिमहालयं कूडागारसालं करिस्सामि, तत्थ णं बहूहिं पुरिसेहिं दिण्णभइभत्तवेयणेहिं विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेत्ता बहूणं समण-माहण-भिक्खुयाणं पंथियपहियाणं परिभाएमाणे बहूहिं सीलव्वयगुणव्वयवेरमणपच्चक्खाणपोसहोववासेहिं अप्पाणं भावेमाणे विहरिस्सामि त्ति कट्टु जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! વનખંડ તથા ખળાની જેમ હું પહેલાં રમણીય થઈને પછી અરમણીય બનીશ નહીં. હું મારા તાબામાં રહેલા શ્વેતાંબિકા નગરી આદિ સાત હજાર ગામોના અર્થાત્ સાત હજાર ગામો દ્વારા પ્રાપ્ત સંપતિના ચાર વિભાગ કરીશ. તેમાંથી એક ભાગ સેના અને વાહનને માટે રાખીશ, એકભાગ અનાજના કોઠારો માટે રાખીશ, એકભાગ મારા અંતઃપુરાદિ પરિવારના નિર્વાહ માટે અને શેષ એક ભાગમાંથી વિશાળ કૂટાગારશાળા બનાવીશ અને પછી ઘણા પુરુષોને દૈનિક મજૂરી, ભોજન અને વેતન પર નિયુક્ત કરીને, પ્રતિદિન વિપુલ માત્રામાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવીને અનેક શ્રમણો-માહણો, ભિક્ષુઓ, યાત્રીઓ, મુસાફરોને તે આહારાદિ આપતા, શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ તથા તપ દ્વારા આત્માને ભાવિત કરતાં મારું જીવન યાપન કરીશ. એમ કહીને પ્રદેશી રાજા જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા અર્થાત્ સ્વસ્થાને ગયા.

**११० तए णं पएसी राया कल्लं** *जाव* **तेयसा जलंते सेयवियापामोक्खाइं सत्त गामसहस्साइं चत्तारि भाए करेइ, एगं भागं बलवाहणस्स दलइ** *जाव* **कूडागारसालं करेइ, तत्थ णं बहूहिं पुरिसेहिं** *जाव* **उवक्खडावेत्ता बहूणं समणं** *जाव* **परिभाएमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશીરાજાએ બીજા દિવસે તેજથી દેદીપ્યમાન સૂર્ય ઉદિત થયો ત્યારે શ્વેતાંબિકા પ્રમુખ સાત હજાર ગામના ચાર ભાગ કર્યા. તેમાંથી એકભાગ સેના અને વાહનોને આપ્યો ***યાવત્*** ચોથા ભાગમાંથી કૂટાગારશાળાનું નિર્માણ કરાવ્યું. તેમાં ઘણાં પુરુષોને કામે રાખીને ભોજન તૈયાર કરાવીને ઘણા શ્રમણો તથા પથિકોને આપતા રહ્યા.

**१११ तए णं से पएसी राया समणोवासए जाए अभिगयजीवाजीवे** *जाव* **विहरइ । जप्पभिइं च णं पएसी राया समणोवासए जाए तप्पभिइं च णं रज्जं च रट्ठं च बलं च वाहणं च कोसं च कोट्ठागारं च पुरं च अंतेउरं च जणवयं च अणाढायमाणे यावि विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રદેશી રાજા શ્રમણોપાસક થઈ ગયા અને જીવ-અજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા થઈ ગયા તથા ધાર્મિક આચાર-વિચારપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યા.

પ્રદેશીરાજા જ્યારથી શ્રમણોપાસક થયા ત્યારથી તે રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન, ભંડાર, કોઠાર, નગર, અંતઃપુર અને જનપદ તરફ ઉદાસીન રહેવા લાગ્યા.

**સૂર્યકંતા રાણીનું ષડયંત્ર :–**

**११२ तए णं तीसे सूरियकंताए देवीए इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था-जप्पभिइं च णं पएसी राया समणोवासए जाए तप्पभिइं च णं रज्जं च रट्ठं** *जाव* **अंतेउरं च ममं च जणवयं च अणाढामाणे विहरइ; तं सेयं खलु मे पएसिं रायं केणवि सत्थप्पओएण वा अग्गिप्पओएण वा मंतप्पओगेण वा विसप्पओगेण वा उद्दवेत्ता सूरियकंतं कुमारं रज्जे ठवित्ता सयमेव रज्जसिरिं कारेमाणीए पालेमाणीए विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता, सूरियकंतं कुमारं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** તે સમયે (પ્રદેશી રાજાનું રાજ્યકારભાર આદિ તરફ ધ્યાન ઓછું થવા લાગ્યું ત્યારે) સૂર્યકંતા રાણીને મનોમન વિચાર ઉત્પન્ન થયો કે પ્રદેશી રાજા જ્યારથી શ્રમણોપાસક થયા છે ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર અંતઃપુર, જનપદ અને મારાથી પણ ઉદાસીન થઈ ગયા છે, તો હવે કોઈ પણ પ્રકારના શસ્ત્રપ્રયોગ, અગ્નિપ્રયોગ, મંત્રપ્રયોગ કે વિષપ્રયોગ દ્વારા પ્રદેશી રાજાને ઠેકાણે પાડી, સૂર્યકંત રાજકુમારને રાજગાદી સોંપી, મારે રાજલક્ષ્મીનો ઉપભોગ કરતા અને પ્રજાનું પાલન કરતા રહેવું જોઈએ. આ પ્રમાણે વિચારીને તેણે સૂર્યકંત રાજકુમારને બોલાવ્યો અને પોતાના મનોગત ભાવોને વ્યક્ત કરતા કહ્યું–

**૧૧૩ जप्पभिइं च णं पएसी राया समणोवासए जाए तप्पभिइं च णं रज्जं च** *जाव* **अंतेउरं च ममं च जणवयं च माणुस्सए य कामभोगे अणाढायमाणे विहरइ, तं सेयं खलु तव पुत्ता! पएसिं रायं केणइ सत्थप्पओगेण वा** *जाव* **उद्दवित्ता सयमेव रज्जसिरिं कारेमाणे पालेमाणे विहरित्तए ।**

**तए णं सूरियकंते कुमारे सूरियकंताए देवीए एवं वुत्ते समाणे सूरियकंताए देवीए एयमट्ठं णो आढाइ णो परियाणाइ, तुसिणीए संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** હે પુત્ર ! પ્રદેશી રાજા જ્યારથી શ્રમણોપાસક થયા છે ત્યારથી રાજ્ય ***યાવત્*** અંતઃપુરથી, મારાથી અને જનપદ તથા મનુષ્ય સંબંધી કામભોગોથી વિમુખ(ઉદાસીન) બની ગયા છે, તેથી શસ્ત્રપ્રયોગાદિ કોઈ પણ ઉપાયે તેમને મારી નાંખીને, તારો રાજ્યાભિષેક કરીને, રાજલક્ષ્મીનો ઉપભોગ કરતા તથા પ્રજાનું પાલન કરતા રહેવું જ ઉચિત છે.

સૂર્યકંતા રાણીએ આ પ્રમાણે કહ્યું ત્યારે સૂર્યકંત રાજકુમાર પોતાની માતાના આવા ક્રૂર વિચાર સાથે સંમત ન થયો, તે બાબતમાં કાંઈ ઉત્તર ન આપતા તે મૌન રહ્યો.

**૧૧૪ तए णं तीसे सूरियकंताए देवीए इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– मा णं सूरियकंते कुमारे पएसिस्स रण्णो इमं रहस्सभेयं करिस्सइ त्ति कट्टु पएसिस्स रण्णो छिद्दाणि य मम्माणि य रहस्साणि य विवराणि य अंतराणि य पडिजागरमाणी–पडिजागरमाणी विहरइ ।**

**ભાવાર્થ :–** પોતાના વિચારમાં રાજકુમારની અસંમતિ જાણીને સૂર્યકંતા રાણીને આ પ્રમાણે વિચાર આવ્યો કે પ્રદેશી રાજા આગળ સૂર્યકંતકુમાર ક્યાંક મારા રહસ્ય, ભેદને ખુલ્લો કરી દેશે તો ? (તે કહે, તે પહેલાં જ હું રાજાને મારી નાંખું) આમ વિચારી તેણી પ્રદેશી રાજાને મારવા માટે લાગ, છિદ્ર–દોષો, મર્મ, રહસ્યો, એકાંત અને મોકાને શોધવા લાગી અર્થાત્ રાજાની હિલચાલ ઉપર દષ્ટિ રાખીને રાજાને મારવાની તક શોધવા લાગી.

**૧૧૫ तए णं सूरियकंता देवी अण्णया कयाइ पएसिस्स रण्णो अंतरं जाणइ, असणं** *जाव* **साइमं सव्वं तत्थ-गंध-मल्लालंकारं विसप्पजोगं पउंजइ । पएसिस्स रण्णो ण्हायस्स** *जाव* **सुहासणवरगयस्स तं विससंजुत्तं असणं** *जाव* **अलंकारं णिसिरेइ ।**

**तए णं तस्स पएसिस्स रण्णो तं विससंजुत्तं असणं** *जाव* **आहारेमाणस्स सरीरगंसि वेयणा पाउब्भूया उज्जला विउला पगाढा कक्कसा कडुया फरुसा णिट्ठुरा चंडा**

**तिव्वा दुक्खा दुग्गा दुरहियासा पित्तजरपरिगयसरीरे दाहवक्कंतिए यावि विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એક દિવસે લાગ જોઈને સૂર્યકંતા રાણીએ પ્રદેશીરાજાના અશન, પાન આદિ ભોજનને, પહેરવાના વસ્ત્રોને, સૂંઘવા યોગ્ય સુગંધિત વસ્તુને, પુષ્પમાળાને અને આભૂષણોને વિષયુક્ત કરી દીધા.

ત્યાર પછી પ્રદેશી રાજા સ્નાન ***યાવત્*** ભોજન કરવા માટે સુખપૂર્વક શ્રેષ્ઠ આસન પર બેઠા ત્યારે તેણીએ વિષમિશ્રિત ઘાતક ભોજન પીરસ્યું અને વિષમય વસ્તુ, અત્તર-ફૂલ, માળા વગેરે સામગ્રી ત્યાં રાખી હતી, તે તેને આપી.

તે વિષયુક્ત ભોજન કરતાં જ પ્રદેશી રાજાના શરીરમાં ઉજ્જવલ– સુખનું નામનિશાન ન રહે તેવી દુઃખદ, વિપુલ– આખા શરીરમાં વ્યાપ્ત, પ્રગાઢ–તીવ્ર, કર્કશ–શરીરના સાંધેસાંધા તોડી નાંખતી, કટુક–અપ્રીતિજનક, પરુષ–દારૂણ, નિષ્ઠુર–મટાડવી અશક્ય, રૌદ્ર, તીક્ષ્ણ, દુર્ગ– દુઃસાધ્ય વેદના ઉત્પન્ન થઈ ગઈ. શરીરમાં પિતજ્વર વ્યાપ્ત થતાં આખા શરીરમાં બળતરા થવા લાગી.

**સમતાભાવ અને અનશન આરાધના :–**

**૧૧૬ तए णं से पएसी राया सूरियकंताए देवीए अत्ताणं संपलद्धं जाणित्ता सूरियकंताए देवीए मणसा वि अप्पदुस्समाणे जेणेव पोसहसाला तेणेव उवागच्छइ, पोसहसालं पमज्जइ, उच्चारपासवणभूमिं पडिलेहेइ, दब्भसंथारगं संथरेइ, दब्भसंथारगं दुरुहइ, पुरत्थाभिमुहे संपलियंकणिसण्णे करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–**

**ભાવાર્થ :–** શરીરમાં વેદના ઉત્પન્ન થતાં જ પ્રદેશી રાજા, સૂર્યકંતા રાણીના કાવતરાને જાણી ગયા, છતાં પણ સૂર્યકંતા રાણી પ્રત્યે મનથી પણ દ્વેષ ન કરતાં, પોતાની પૌષધશાળામાં જઈને તેમણે પૌષધ શાળાનું પ્રમાર્જન કર્યું; પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કર્યું, દર્ભનું આસન પાથર્યું. દર્ભાસન ઉપર તેઓ પૂર્વાભિમુખ પર્યંકાસને બેસીને બંને હાથ જોડી, આવર્તનપૂર્વક મસ્તક ઉપર અંજલિ કરીને, આ પ્રમાણે બોલ્યા–

**૧૧૭ णमोत्थुणं अरहंताणं भगवंताणं** *जाव* **संपत्ताणं । णमोत्थुणं केसिस्स कुमारसमणस्स मम धम्मोवदेसगस्स धम्मायरियस्स, वंदामि णं भगवंतं तत्थ गयं इह गए, पासउ मे भगवं तत्थ गए इह गयं ति कट्टु वंदइ णमंसइ । पुव्विं पि णं मए केसिस्स कुमारसमणस्स अंतिए थूलपाणाइवाए पच्चक्खाए** *जाव* **परिग्गहे पच्चक्खाए, तं इयाणिं पि णं तस्सेव भगवओ अंतिए सव्वं पाणाइवायं पच्चक्खामि** *जाव* **परिग्गहं पच्चक्खामि, सव्वं कोहं** *जाव* **मिच्छादंसणसल्लं, अकरणिज्जं जोगं पच्चक्खामि, सव्वं असणं** *जाव* **चउव्विहं पि आहारं जावज्जीवाए पच्चक्खामि ।**

**जं पि य मे सरीरं इट्ठं** *जाव* **फुसंतु त्ति एयं पि य णं चरिमेहिं ऊसासणिस्सासेहिं वोसिरामि त्ति कट्टु आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सूरियाभे विमाणे उववायसभाए देवसयणिज्जंसि** *जाव* **सूरियाभ देवत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** સિદ્ધગતિને પ્રાપ્ત સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો. મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશીકુમાર શ્રમણને નમસ્કાર હો. અહીં રહેલો હું, ત્યાં બિરાજમાન ભગવાન કેશીકુમાર શ્રમણને વંદન

કરું છું. ત્યાં બિરાજિત ભગવાન અહીંથી કરાતા મારા વંદનને સ્વીકારે. પહેલાં પણ મેં કેશીકુમાર શ્રમણ પાસે સ્થૂલ પ્રાણાતિપાત ***યાવત્*** સ્થૂલ પરિગ્રહના પ્રત્યાખ્યાન કર્યા હતા અને અત્યારે પણ હું તે ભગવંતની સાક્ષીએ જીવન પર્યંત સુધી સર્વ પ્રકારના પ્રાણાતિપાત ***યાવત્*** સર્વ પ્રકારના પરિગ્રહ, ક્રોધ, માન ***યાવત્*** મિથ્યા- દર્શનશલ્ય પર્યંતના અઢારે પાપસ્થાન અને અકરણીય-અનાચરણીય કાર્યોના પ્રત્યાખ્યાન કરું છું તથા જીવન પર્યંત સર્વ પ્રકારના આહાર-પાણી, મીઠાઈ તથા મેવા અને મુખવાસ આદિ ચારે ય આહારનો ત્યાગ કરું છું.

વળી આ શરીર કે જે મને અતિ વહાલું છે, તેમાં કોઈ રોગાદિ ન થાય તેમ તેનું રક્ષણ કર્યું છે, તેવા આ શરીરનો પણ અંતિમ શ્વાસોશ્વાસ સુધી પરિત્યાગ કરું છું.

આ રીતે અનશન ધારણ કરીને, પોતાના અતિચાર-દોષોની આલોચના કરીને તેનાથી પણ નિવૃત્ત થઈને, મૃત્યુના સમયે સમાધિપૂર્વક મૃત્યુ પામીને પ્રદેશી રાજા સૌધર્મ કલ્પના સૂર્યાભવિમાનની ઉપપાત સભાની દેવ શય્યામાં ***યાવત્*** સૂર્યાભદેવરૂપે ઉત્પન્ન થયા.

**સૂર્યાભ દેવરૂપે ઉપપાત અને સ્થિતિ :–**

**११८ तए णं से सूरियाभे देवे अहुणोववण्णए चेव समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छइ तं जहा– आहारपज्जत्तीए सरीरपज्जत्तीए इंदियपज्जत्तीए आणपाणपज्जत्तीए भास-मणपज्जत्तीए। तं एवं खलु गोयमा ! सूरियाभेणं देवेणं दिव्वा देविड्ढी दिव्वा देवजुई दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमण्णागए।**

**सूरियाभस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता । गोयमा ! चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તત્કાલ ઉત્પન્ન થયેલા તે સૂર્યાભદેવ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ અને પાંચમી ભાષા-મન, આ પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત થયા. આ રીતે હે ગૌતમ ! તે સૂર્યાભદેવે આ દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવ દ્યુતિ અને દિવ્ય દેવ પ્રભાવ ઉપાર્જિત કર્યા છે, પ્રાપ્ત કર્યા છે, સ્વાધીન કર્યા છે.

ગૌતમ– હે ભગવન્ ! તે સૂર્યાભદેવની સ્થિતિ કેટલી છે ? ભગવન્– હે ગૌતમ ! તેમની સ્થિતિ ચાર પલ્યોપમની છે.

**સૂર્યાભદેવનો આગામી ભવ : દઢ પ્રતિજ્ઞ :–**

**११९ से णं भंते ! सूरियाभे देवे ताओ लोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गमिहिइ कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे जाणि इमाणि कुलाणि भवंति, तं जहा–अड्ढाइं दित्ताइं विउलाइं विच्छिण्णविपुलभवण-सयणासण-जाण-वाहणाइं बहुधण-बहुजायरूवरययाइं आओगपओगसंपउत्ताइं विच्छड्डियपउरभत्तपाणाइं बहुदासी-दास-गो-महिस गवेलगप्पभूयाइं बहुजणस्स अपरिभूयाइं, तत्थ अण्णयरेसु कुलेसु पुत्तत्ताए पच्चाइस्सइ।**

**ભાવાર્થ :–** ગૌતમ– હે ભગવન્ ! તે સૂર્યાભદેવ આયુષ્યક્ષય, ભવક્ષય, સ્થિતિક્ષય કરીને, દેવલોકથી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાન– હે ગૌતમ ! તે સૂર્યાભદેવ મહાવિદેહ ક્ષેત્રમાં સમૃદ્ધ અને પ્રભાવક, વિપુલ–મોટા

કુટુંબ પરિવારવાળા, ઘણા ભવનો, શય્યાઓ, આસનો, યાન-વાહનો, ધન, સોનું, ચાંદીવાળા, અર્થોપાર્જનના વ્યાપારમાં કુશળ, ગરીબોને વિપુલ પ્રમાણમાં ભોજન-પાણી આદિ આપનારા, સેવા માટે ઘણા દાસદાસીઓવાળા, વિશાળ સંખ્યામાં ગાય, ભેંસ, ઘેટા વગેરે પશુધનવાળા અને ઘણા લોકોના આદર્શભૂત એવા કોઈ એક પ્રસિદ્ધકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે.

**દઢપ્રતિજ્ઞનો જન્મ અને નામકરણ :–**

**१२० तए णं तंसि दारगंसि गब्भगयंसि चेव समाणंसि अम्मापिऊणं धम्मे दढा पइण्णा भविस्सइ । तए णं तस्स दारयस्स णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं वीइक्कंताणं सुकुमालपाणिपायं अहीणपडिपुण्णपंचिंदियसरीरं लक्खणवंजण-गुणोववेयं माणुम्माणपमाण-पडिपुण्णसुजायसव्वंगसुंदरंगं ससिसोमाकारं कंतं पियदंसणं सुरूवं दारयं पयाहिसि ।**

**ભાવાર્થ :–** તે બાળક ગર્ભમાં આવતા જ માતા-પિતા ધર્મમાં દઢપ્રતિજ્ઞાવાન-શ્રદ્ધાવાન થશે. ત્યાર પછી નવમાસ અને સાડાસાત રાત્રિ દિવસ વ્યતીત થશે ત્યારે માતા અત્યંત સુકોમળ હાથ-પગવાળા, પરિપૂર્ણ પાંચ ઇન્દ્રિય અને સંપૂર્ણ અંગોપાંગવાળા, શારીરિક શુભ લક્ષણો, તલ વગેરે વ્યંજન અને ગુણોથી યુક્ત, પ્રમાણોપેત શરીરવાળા, સુજાત, સર્વાંગસુંદર, ચંદ્રતુલ્ય સૌમ્ય આકારવાળા, નમણા, પ્રિયદર્શની, અને સ્વરૂપવાન પુત્રને જન્મ આપશે.

**१२१ तए णं तस्स दारगस्स अम्मापियरो पढमे दिवसे ठिइवडियं करेहिंति, ततियदिवसे चंदसूरदंसणियं करिस्संति, छट्ठे दिवसे जागरियं जागरिस्संति, एक्कारसमे दिवसे वीइक्कंते संपत्ते बारसाहे दिवसे णिव्वित्ते असुइजायकम्मकरणे चोक्खे सम्मज्जिओवलित्ते विउलं असणपाणखाइमसाइमं उवक्खडावेस्संति, मित्तणाइणियगसयणसंबंधिपरिजणं आमंतेत्ता ण्हाया** *जाव* **अलंकिया भोयणमंडवंसि सुहासणवरगया ते मित्तणाइं** *जाव* **परिजणेण सद्धिं विउलं असणं पाणं** *जाव* **परिभुंजेमाणा परिभाएमाणा एवं च णं विहरिस्संति, जिमियभुत्तुत्तरागया वि य णं समाणा आयंता चोक्खा परमसुइभूया तं मित्तणाइ** *जाव* **परिजणं विउलेणं वत्थगंधमल्लालंकारेणं सक्कारेस्संति सम्माणिस्संति तस्सेव मित्त** *जाव* **परिजणस्स पुरओ एवं वइस्संति–**

**जम्हा णं देवाणुप्पिया ! इमंसि दारगंसि गब्भगयंसि चेव समाणंसि धम्मे दढा पइण्णा जाया, तं होउ णं अम्हं एयस्स दारयस्स दढपइण्णे णामेणं । तए णं तस्स दढ-पइण्णस्स दारगस्स अम्मापियरो णामधेज्जं करिस्संति– दढपइण्णो य दढपइण्णो य ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બાળકના માતા-પિતા પ્રથમ દિવસે કુળ પરંપરા પ્રમાણે બાળકનો જન્મોત્સવ કરશે, ત્રીજા દિવસે ચંદ્રદર્શન-સૂર્યદર્શન કરાવશે, છટ્ઠા દિવસે રાત્રિ જાગરણ કરશે, અગિયાર દિવસ પૂર્ણ થશે એટલે બારમા દિવસે અશુચિ જાતકર્મ કરશે અર્થાત્ સૂતકથી નિવૃત થશે, ઘરને સાફ કરી, લીંપીને શુદ્ધ કરશે અને ત્યાર પછી વિપુલ માત્રામાં આહાર, પાણી, મીઠાઈ, મુખવાસ વગેરે ચારે પ્રકારની ભોજન સામગ્રી બનાવશે અને મિત્રજનો, બંધુ આદિ જ્ઞાતિજનો, પુત્રાદિ નિજકજનો, કાકાદિ સ્વજનો,

શ્વસુરાદિ સંબંધીજનો અને દાસ-દાસાદિ પરિજનોને ભોજન માટે આમંત્રિત કરીને, સ્નાન કરી ***યાવત્*** અલંકૃત થઈને ભોજન મંડપમાં શ્રેષ્ઠ આસન પર સુખપૂર્વક બેસીને, મિત્રો ***યાવત્*** પરિજનો સાથે વિપુલ આહાર-પાણી ***યાવત્*** સ્વયં ભોજન કરતાં અને અન્યને કરાવતાં આ રીતે જન્મોત્સવનો આનંદ માણશે. ત્યાર પછી ભોજનથી નિવૃત્ત થઈને કોગળા કરીને, હાથ-મોઢું ધોઈને સ્વચ્છ, પરમશૂચિભૂત થઈને તે મિત્રો, જ્ઞાતિજનો તથા પરિજનોને વિપુલ માત્રામાં વસ્ત્ર, ગંધ, માળા, અલંકારાદિ આપીને સત્કાર, સન્માન કરશે અને ત્યાર પછી મિત્રો તથા પરિજનો વગેરેને આ પ્રમાણે કહેશે–

હે દેવાનુપ્રિયો ! અમારો આ પુત્ર જ્યારથી ગર્ભમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દઢપ્રતિજ્ઞા– શ્રદ્ધાવાળા થયા છીએ, તેથી અમે આ બાળકનું નામ દઢપ્રતિજ્ઞ રાખીએ છીએ. આ પ્રમાણે કહીને માતા-પિતા તે બાળકનું 'દઢપ્રતિજ્ઞ', એવું નામકરણ કરશે.

**१२२ तए णं तस्स अम्मापियरो आणुपुव्वेणं ठिइवडियं च चंदसूरियदरिसणं च जागरियं च णामधिज्जकरणं च पजेमणगं च पडिवद्धावणगं च पचंकमणगं च कण्णवेहणं च संवच्छरपडिलेहणगं च चूलोवणयं च अण्णाणि य बहूणि गब्भाहाण-जम्मणाइयाइं महया इड्ढीसक्कारसमुदएणं करिस्संति ।**

**ભાવાર્થ :–** તે બાળકના માતા–પિતા (૧) સ્થિતિપતિત (૨) ચંદ્ર–સૂર્યદર્શન (૩) રાત્રિ જાગરણ (૪) નામકરણ સંસ્કાર કરીને પછી અનુક્રમે (૫) પ્રજેમણક– અન્નપ્રાશાન– બાળકને પ્રથમ વાર અન્ન ચખાડવું (૬) પ્રતિવર્ધાપન– આશીર્વાદ આપનારને દ્રવ્યાદિ આપવા (૭) પ્રચંક્રમણ– સ્વતઃભ્રમણ – બાળક પ્રથમ ડગભરે (૮) કર્ણવેધન– કાન વીંધવા (૯) સંવત્સર પ્રતિલેખ– વર્ષગાંઠ, પ્રથમ વર્ષનો જન્મદિન (૧૦) ચૂડાપનયન– બાળમોવાળા ઉતરાવવા વગેરે અન્ય અનેક ગર્ભાધાન અને જન્માદિ સંબંધી ઉત્સવ મહાન સમારોહપૂર્વક ભવ્ય રીતે ઉજવશે.

**१२३ तए णं दढपइण्णे दारगे पंचधाईपरिक्खित्ते– खीरधाईए मंडणधाईए मज्जावणधाईए अंकधाईए कीलावणधाईए, अण्णाहि बहूहिं खुज्जाहिं** *जाव* **पारसीहिं, णाणादेसी-विदेस- परिमंडियाहिं इंगियचिंतिय-पत्थियवियाणाहिं सदेस- णेवत्थ-गहियवेसाहिं णिउणकुसलाहिं विणीयाहिं चेडिया-चक्कवालतरुणिवंदपरियालपरिवुडे वरिसधरकंचुइमहत्तरगविंद- परिक्खित्ते हत्थाओ हत्थं साहरिज्जमाणे** *जाव* **परिचुंबिज्जमाणे रम्मेसु मणिकोट्टिमतलेसु परंगमाणे गिरिकंदरमल्लीणे विव चंपगवरपायवे णिव्वाघायंसि सुहंसुहेण परिवड्ढिस्सइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દઢપ્રતિજ્ઞ બાળકના લાલન પાલન માટે પાંચ ધાવમાતાઓ નિયુક્ત કરવામાં આવશે. યથા– (૧) ક્ષીરધાત્રી– દૂધ પીવડાવનારી (૨) મંડનધાત્રી– શણગારનારી (૩) મજ્જનધાત્રી– સ્નાન કરાવનારી (૪) અંકધાત્રી– ખોળામાં લેનારી (૫) ક્રીડાપનધાત્રી– રમાડનારી. અન્ય અનેક કુબ્જા દાસીઓ ***યાવત્*** પારસ દેશની દાસીઓ. આ વિવિધ દેશોની દાસીઓ, વિદેશી વેશભૂષામાં સુસજ્જ, ઈંગિત– ચેષ્ટાઓ, ચિંતિત–કાર્ય સમયના વિચારો અને પ્રાર્થિત– અંગ મરોડાદિના અભિપ્રાયોને જાણનારી, પોત-પોતાના દેશના વેશને ધારણ કરનારી, સ્વકાર્યમાં નિપુણ, કુશળ અને વિનયવાન આ સર્વ દાસી પરિવારના સમૂહથી પરિવૃત્ત તથા અંતઃપુરની રક્ષા માટે નિયુક્ત વર્ષધરો, રાણીવાસમાં રહેતા

કંચુકી– વૃદ્ધ પુરુષો અને અંતઃપુરના કાર્યની દેખરેખ કરનારા મહત્તરકોથી વીંટળાયેલો તે દઢપ્રતિજ્ઞ બાળક એક હાથથી બીજા હાથમાં ફરશે ***યાવત્*** ચુંબિત કરાતો અને રમણીય મણિજડિત ભૂમિ પર રમતો તે વાયુ-ઠંડી વગેરેના વ્યાઘાતથી રહિત એવી પર્વતની ગુફામાં રહેલા ચંપક વૃક્ષની જેમ સુખપૂર્વક વૃદ્ધિ પામશે.

**દઢ પ્રતિજ્ઞનું કલા શિક્ષણ :–**

**१२४ तए णं तं दढपइण्णं दारगं अम्मापियरो साइरेगअट्ठवासजायगं जाणित्ता सोभणंसि तिहिकरणणक्खत्तमुहुत्तंसि ण्हायं** *जाव* **सव्वालंकारविभूसियं करेत्ता महया इड्ढीसक्कार-समुदएणं कलायरियस्स उवणेहिंति ।**

**तए णं से कलायरिए तं दढपइण्णं दारगं लेहाइयाओ गणियप्पहाणाओ सउणरुय-पज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओ अत्थओ य गंथओ य करणओ य सेहावेहि य पसिक्खावेहि य ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી દઢપ્રતિજ્ઞ જ્યારે સાધિક આઠ વર્ષનો થશે ત્યારે માતા-પિતા શુભ તિથિ, કરણ, નક્ષત્ર અને મુર્હૂતમાં સ્નાન કરાવીને ***યાવત્*** અલંકારોથી વિભૂષિત કરીને ૠદ્ધિ-વૈભવ, સત્કાર સમારોહપૂર્વક કલાચાર્યની પાસે ભણવા બેસાડશે.

ત્યારે કલાચાર્ય તે દઢ પ્રતિજ્ઞ બાળકને લેખન, ગણિત આદિ શકુનિરુત પર્યંતની ૭૨ કળાઓ સૂત્રથી, અર્થથી, ગ્રંથથી(વ્યાખ્યાથી) અને પ્રયોગથી સિદ્ધ કરાવશે, અભ્યાસ કરાવશે.

**કલાચાર્યનું સન્માન :–**

**१२५ तए णं से कलायरिए तं दढपइण्णं दारगं लेहाइयाओ गणियप्पहाणाओ सउणरुय-पज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओ य अत्थओ य गंथओ य करणओ य सिक्खावेत्ता सेहावेत्ता अम्मापिऊणं उवणेहिंति ।**

**तए णं तस्स दढपइण्णस्स दारगस्स अम्मापियरो तं कलायरियं विउलेणं असण-पाणखाइमसाइमेणं वत्थगंधमल्लालंकारेणं सक्कारिस्संति सम्माणिस्संति विउलं जीवीयारिहं पीइदाणं दलइस्संति दलइत्ता पडिविसज्जेहिंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કલાચાર્ય તે દઢ પ્રતિજ્ઞ બાળકને લેખન, ગણિત આદિ શકુનિરુત પર્યંતની ૭૨ કળાઓ સૂત્રથી, અર્થથી, વ્યાખ્યાથી તથા પ્રયોગથી શીખવાડીને, સિદ્ધ કરાવીને માતા-પિતા પાસે લઈ જશે.

ત્યારે તે દઢપ્રતિજ્ઞ બાળકના માતા-પિતા વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય રૂપ ચતુર્વિધ આહાર, વસ્ત્ર, ગંધ, માલા અને અલંકારોથી કલાચાર્યનો સત્કાર-સન્માન કરશે; જીવિકાને યોગ્ય વિપુલ પ્રીતિદાન આપીને ત્યાર પછી વિદાય કરશે.

**દઢપ્રતિજ્ઞ દ્વારા સંયમ ગ્રહણ :–**

**१२६ तए णं से दढपइण्णे दारए उम्मुक्कबालभावे विण्णायपरिणयमित्ते जोव्वणगमणुपत्ते बावत्तरिकलापंडिए णवंगसुत्तपडिबोहए**

**अट्ठारसविहदेसिप्पगारभासाविसारए गीयरई गंधव्वणट्टकुसले सिंगारागारचारुवेसे संगयगयहसियभणियचिट्ठियविलासणिउणजुत्तोवयार-कुसले हयजोही गयजोही रहजोही बाहुजोही बाहुप्पमद्दी अलंभोगसमत्थे साहस्सीए वियालचारी यावि भविस्सइ ।**

**भावार्थ :–** ત્યાર પછી તે દઢપ્રતિજ્ઞ બાલ્યભાવથી મુક્ત થઈ પરિપક્વ વિજ્ઞાનયુક્ત યુવાવસ્થાને પ્રાપ્ત કરશે. તે ૭૨ કળાઓમાં નિપુણ થશે. બાલ્યવસ્થાના કારણે બે કાન, બે નેત્ર, બે નાસિકા, જીભ, ત્વચા અને મન આ નવ અંગ જે સુપ્ત જેવા અર્થાત્ અવ્યક્ત ચેતનવાળા હોય તે જાગૃત થઈ જશે. અઢાર દેશની ભાષામાં વિશારદ થઈ જશે. તે ગીત રસિક, ગીત અને નૃત્યમાં કુશળ થઈ જશે. પોતાના સુંદર વેશથી શૃંગારના આગાર જેવો પ્રતીત થશે. તેની ચાલ, હાસ્ય, ભાષણ, શારીરિક તથા નેત્રોની ચેષ્ટાઓ આદિ સુસંગત થઈ જશે. તે પરસ્પરના વ્યવહારમાં કુશળ થઈ જશે. તે અશ્વયુદ્ધ, ગજયુદ્ધ, રથયુદ્ધ, બાહુયુદ્ધ કરવામાં તેમજ પોતાની ભુજાઓથી વિપક્ષીનું મર્દન કરવામાં સક્ષમ, ભોગ સામર્થ્યથી સંપન્ન, સાહસિક (હિંમતવાન), વિકાલચારી (મધ્યરાત્રીએ પણ નિર્ભય બની વિચરણ કરનાર) થઈ જશે.

**१२७ तए णं तं दढपइण्णं दारणं अम्मापियरो उम्मुक्कबालभावं** *जाव* **वियालचारिं च वियाणित्ता विउलेहिं अण्णभोगेहि य पाणभोगेहि य लेणभोगेहि य वत्थभोगेहि च सयणभोगेहि य उवणिमंतेहिंति ।**

**भावार्थ :–** દઢપ્રતિજ્ઞને બાલ્યાવસ્થાથી મુક્ત તથા વિકાલચારી થયેલો જાણીને અર્થાત્ તે યૌવનને પ્રાપ્ત થયો છે, તેમ જાણીને માતા-પિતા તેને વિપુલ અન્ન, પાન, પ્રાસાદ, વસ્ત્ર અને શય્યા આદિનો ઉપભોગ કરવા માટે આમંત્રિત કરશે.

**१२८ तए णं दढपइण्णे दारए तेहिं विउलेहिं अण्णभोएहिं** *जाव* **सयणभोगेहिं णो सज्जिहिइ, णो गिज्झिहिइ, णो मुच्छिहिइ, णो अज्झोववज्जिहिइ, से जहा णामए पउमुप्पले ति वा पउमे इ वा** *जाव* **सयसहस्सपत्तेइ वा पंके जाए जले संवुड्ढे णोवलिप्पइ पंकरएणं णोवलिप्पइ जलरएणं, एवामेव दढपइण्णे वि दारए कामेहिं जाए भोगेहिं संवड्ढिए णोवलिप्पिहिइ** *जाव* **मित्तणाइणियगसयण-संबंधिपरिजणेणं ।**

**भावार्थ :–** ત્યારે દઢપ્રતિજ્ઞ તે વિપુલ અન્ન, પાણી તથા શયનાદિ રૂપ ભોગ્ય પદાર્થોમાં આસક્ત થશે નહીં; ગૃદ્ધ, મૂર્ચ્છિત કે અનુરક્ત થશે નહીં. નીલકમળ, પદ્મ, ઉત્પલ કે હજાર પાંખડીવાળા કમળ જેમ કાદવમાં ઉત્પન્ન થાય છે અને પાણીથી વધે છે છતાં પણ કાદવ અને પાણીથી લેપાતા નથી, તેમ દઢ પ્રતિજ્ઞ કામથી ઉત્પન્ન થવા છતાં અને ભોગો વચ્ચે પાલન-પોષણ પામવા છતાં કામભોગોમાં ***યાવત્*** મિત્ર, જ્ઞાતિજન, નિજક, સ્વજન, સંબંધી અને પરિજનોમાં અનુરક્ત થશે નહીં.

**१२९ से णं तहारूवाणं थेराणं अंतिए केवलं बोहिं बुज्झिहिइ, मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सइ, से णं अणगारे भविस्सइ ईरियासमिए** *जाव* **सुहुयहुयासणे इव तेयसा जलंते ।**

**भावार्थ :–** ત્યાર પછી તથારૂપના સ્થવિરો પાસેથી તે બોધિજ્ઞાનને(કેવલિપ્રરુપિત ધર્મને) પ્રાપ્ત

કરશે અને મુંડિત થઈને, ગૃહ ત્યાગ કરીને અણગારપણાને–પ્રવ્રજ્યાને અંગીકાર કરશે. તે દઢપ્રતિજ્ઞ અણગાર ધર્મનું પાલન કરીને, ઈર્યાસમિતિ આદિ અણગાર ગુણોથી સંપન્ન અને અનેક ઉપમાઓને યોગ્ય બનશે ***યાવત્*** પ્રજ્વલિત અગ્નિની જેમ પોતાના તેજથી ચમકવા લાગશે.

**કેવળજ્ઞાન અને મુક્તિ :–**

**૧૩૦ तस्स णं भगवओ अणुत्तरेणं णाणेणं एवं दंसणेणं चरित्तेणं आलएणं विहारेण अज्जवेणं मद्दवेणं लाघवेणं खंतीए गुत्तीए मुत्तीए अणुत्तरेणं सव्वसंजमसुचरियतव-फलणिव्वाणमग्गेण अप्पाणं भावेमाणस्स अणंते अणुत्तरे कसिणे पडिपुण्णे णिरावरणे णिव्वाघाए केवलवरणाणदंसणे समुप्पज्जिहिइ ।**

**ભાવાર્થ :–** તે દઢપ્રતિજ્ઞ અણગાર, સર્વોત્તમ એવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, અપ્રતિબદ્ધવિહાર, સરળ તા, નિરભિમાનતા, લઘુતા, ક્ષમા, ગુપ્તિ, નિર્લોભતા તથા સુઆચરિત સંયમ અને તપના ફળ સ્વરૂપી નિર્વાણ માર્ગ(મોક્ષમાર્ગ)માં આત્માને ભાવિત કરતા અનંત, અનુત્તર, સકલ, પરિપૂર્ણ, નિરાવરણ, નિર્વ્યાઘાત– અપ્રતિહત એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરશે.

**૧૩૧ तए णं से भगवं अरहा जिणे केवली भविस्सइ सदेवमणुयासुरस्स लोगस्स परियायं जाणिहिइ तं जहा– आगइं गइं ठिइं चवणं उववायं तक्कं कडं मणोमाणसियं खइयं भुत्तं पडिसेवियं आवीकम्मं रहोकम्मं अरहा अरहस्सभागी तं तं मणवयकायजोगे वट्टमाणाणं सव्वलोए सव्वजीवाणं सव्वभावे जाणमाणे पासमाणे विहरिस्सइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દઢપ્રતિજ્ઞ અણગાર ભગવંત અર્હંત જિન અને કેવળી બની જશે. તેઓ દેવ, મનુષ્ય તથા અસુરાદિ સહિત સમસ્ત લોકને અને તેની સર્વ પર્યાયોને જાણવા લાગશે અર્થાત્ તે પ્રાણી માત્રની અન્ય ગતિમાંથી આવવા રૂપ આગતિ, અન્યગતિમાં જવા રૂપ ગતિ, તે તે ગતિમાં રહેવા રૂપ સ્થિતિ, દેવોનું આયુષ્ય પૂર્ણ થવા રૂપ ચ્યવન, દેવ-નારકીમાં ઉત્પન્ન થવા રૂપ ઉપપાત; તર્ક, ક્રિયા, મનોભાવ, તેઓના પ્રગટકર્મ કે ગુપ્તકર્મ તથા ખાધેલું, પીધેલું અને ભોગવેલું વગેરે સર્વ પર્યાયોને જાણશે. જેમને માટે કોઈ વસ્તુ રહસ્યભૂત(ગુપ્ત) નથી તેવા તે દઢપ્રતિજ્ઞ અર્હંત મન, વચન, કાયાના યોગમાં વર્તતા સર્વ લોકના સર્વ જીવોના સર્વભાવોને જાણતાં, જોતાં વિચરશે.

**૧૩૨ तए णं दढपइण्णे केवली एयारूवेणं विहारेणं विहरमाणे बहूइं वासाइं केवलिपरियागं पाउणित्ता अप्पणो आउसेसं आभोएत्ता बहूइं भत्ताइं पच्चक्खाइस्सइ, बहूइं भत्ताइं अणसणाए छेइस्सइ, जस्सट्ठाए कीरइ णग्गभावे मुंडभावे केसलोए बंभचेरवासे अण्हाणगं अदंतवणं अणुवहाणगं भूमिसेज्जाओ फलहसेज्जाओ परघरपवेसो लद्धावलद्धाइं माणावमाणाइं परेसिं हीलणाओ णिंदणाओ खिंसणाओ तज्जणाओ ताडणाओ गरहणाओ उच्चावया विरूवरूवा बावीसं परीसहोवसग्गा गामकंटगा अहियासिज्जंति तमट्ठं आराहेइ, चरिमेहिं उस्सास- णिस्सासेहिं सिज्झिहिइ**

*जाव* **सव्वदुक्खाणमंतं करेहिइ ।**

**ભાવાર્થ :–** આ રીતે દઢપ્રતિજ્ઞ કેવળી ઘણા વર્ષો સુધી વિચરીને, ઘણા વર્ષો સુધી કેવળી પર્યાયનું પાલન કરીને, પોતાના આયુષ્યનો અંત નિકટવર્તી જાણીને, અનેક ભક્ત(ભોજન)નો ત્યાગ કરીને ઘણા ભક્ત– દિવસનું અનશન-સંથારો લઈને, જે સાધ્યની સિદ્ધિ માટે નગ્નભાવ–પરિમિત વસ્ત્ર ધારણ કરવા, મુંડભાવ, કેશલુંચન, બ્રહ્મચર્ય ધારણ, અસ્નાન, દાંત ધોવા-રંગવાનો ત્યાગ, ઉપાનહ– પગરખાનો ત્યાગ, ભૂમિ પર શયન કરવું, પાટિયા પર સૂવું, ભિક્ષા માટે પરગૃહ પ્રવેશ, લાભ-અલાભ, માન-અપમાનમાં સમ રહેવું, અન્ય દ્વારા થતી હિલના, નિંદા, ખિંસના-તિરસ્કાર, તર્જના આંગળી ચીંધી-ચીંધીને કરાતો તિરસ્કાર, તાડના, ગર્હા–ઘૃણા, અનુકૂળ પ્રતિકૂળ બાવીસ પરિષહો, કઠોર વચનો સહન કરાય છે, તે સાધ્યની સાધના કરીને ચરમ શ્વાસોચ્છ્શ્વાસે સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**ઉપસંહાર :–**

**१३३ सेवं भंते ! सेवं भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે સૂર્યાભદેવના અતીત, અનાગત અને વર્તમાન જીવનપ્રસંગોને સાંભળ્યા પછી ગૌતમસ્વામીએ કહ્યું– હે ભગવન્ ! તે એમ જ છે, આપે પ્રતિપાદન કર્યું છે– તેમ જ છે. આ પ્રમાણે કહીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને ગૌતમસ્વામી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત આગમમાં પ્રદેશીરાજાના ત્રણ ભવોનું વર્ણન છે. પ્રદેશી રાજાએ શ્રાવકવ્રતને સ્વીકાર્યા પછી કેટલો સમય ધર્મરાધના કરતા રહ્યા અને કેટલા સમયે તેમનું આયુષ્ય પૂર્ણ થયું ? તે સંબંધી કોઈ ઉલ્લેખ આગમમાં નથી તથા કેવી અને તેણે કેટલી તપશ્ચર્યા કરી તે પણ ઉલ્લેખ નથી. પરંપરાગત માન્યતા એવી છે કે પ્રદેશી રાજાએ શ્રમણોપાસક બન્યા ત્યારથી નિરંતર છઠના પારણે છઠ કર્યા અને સર્વ મળી તેર છઠ થયા. આ માન્યતા પ્રમાણે વ્રણ ગ્રહણ પછી ૩૯ દિવસનું આયુષ્ય પૂર્ણ કરી, સમાધિ મરણે મૃત્યુ પામી સૂર્યાભદેવરૂપે ઉત્પન્ન થયા.

**॥ રાયપસેણીય સૂત્ર સંપૂર્ણ ॥**

## પરિશિષ્ટ-૧

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | अण्णो जीवो अण्णं सरीरं | ૧૩૫ | | पंचाणुव्वइयं सत्त सिक्खावयाइं | ૧૧૯ |
| | અવધિજ્ઞાન | ૧૩૪ | | पंचविहाए पज्जत्तीए | ૮૫ |
| | અષ્ટગુણ | ૬૬ | બ | बिंटट्ठाइस्स | ૧૫ |
| | अहापडिरूवं उग्गहं | ૧૨ | ભ | भत्तिपुव्वगं | ૪૦ |
| | अंतेवासी जियसत्तु | ૧૧૦ | | भवसिद्धिए-अभवसिद्धिए | ૩૭ |
| આ | આભિયોગિક દેવ | ૧૫ | મ | મતિજ્ઞાન | ૧૩૪ |
| ઈ | इंदाभिसेयं | ૯૧ | | મનઃ પર્યવજ્ઞાન | ૧૩૪ |
| ક | करणप्पहाणे-चरणप्पहाणे | ૧૧૪ | શ | શુકલપાક્ષિક-કૃષ્ણપાક્ષિક | ૩૮ |
| | केयइ अद्धे - કેકયાર્ધ | ૧૦૮ | | શ્રુતજ્ઞાન | ૧૩૪ |
| | કેવળજ્ઞાન | ૧૩૫ | ષ | ષડ્દોષ | ૬૬ |
| ચ | चरिम-अचरिम | ૩૯ | સ | સપ્તસ્વર | ૬૪ |
| જ | जाणविमाण | ૨૨ | | सम्मदिट्ठिए-मिच्छादिट्ठिए | ૩૮ |
| ણ | णो आढाइ णो परिजाणइ | ૪૦ | | सुलभबोहिए-दुल्लभबोहिए | ૩૮ |
| પ | परित्तसंसारिए-अणंतसंसारिए | ૩૮ | | सव्वओ बहिद्धादाणाओ वेरमणं | ૧૧૮ |
| | પરોક્ષદર્શન વિધિ | ૧૨ | | संपत्थिया | ૩૪ |
| | પિંડવિશુદ્ધિ | ૧૧૪ | | | |

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

| | |
|---|---|
| • શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી, શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે | આકોલા |
| • શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી | આકોલા |
| • માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા | કોલ્હાપુર |
| • શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા | મુંબઈ |
| • માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા | મુંબઈ |
| • શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ | કલકત્તા |

## શ્રુત સદસ્ય

| | |
|---|---|
| • શ્રી પારિતોષ આર. શાહ | મુંબઈ |
| • શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ | મુંબઈ |
| • જૈન જાગૃતિ સેન્ટર | વાશી (મુંબઈ) |
| • શ્રી મુકુન્દ આર. શેઠ | મુંબઈ |
| • શ્રી કેતનભાઈ શાહ | મુંબઈ |
| • શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા | મુંબઈ |
| • શ્રી સુધીરભાઈ પી. શાહ | મુંબઈ |
| • શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા | મુંબઈ |
| • શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી | કલકત્તા |


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org